દિનકરરાય સી. પાઠક.

# વૃત્તિ વિહાર

લેખક : સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ

સ્વામીશ્રી સ્વયંજ્યોતિ તીર્થ
ષોડશી દિન તા. ૨૮-૧૨-૭૩.
મુકુન્દપુર. (ભરૂચ)

[illegible]

ગુરુકૃપાન્વિત

# વૃત્તિવિહાર

લેખક

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક :

સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમપુર (જિ. ભરૂચ)

૧લી આવૃત્તિ
પ્રત ૧૦૦૦
મૂલ્ય : રૂ. ૪-૦૦
વિ. સં. ૨૦૨૧
ઇ. સ. ૧૯૬૫

મુદ્રક:
ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ,
મુંબઈ-૨.

# પ્રવેશક

પ. પૂ. સ્વા. શ્રી સ્વયંજ્યોતિ તીર્થના સાધનકાળ દરમ્યાનના અંગત અનુભવોની, આત્મજ્ઞાનની દૃષ્ટિએ જેમાં છણાવટ કરવામાં આવી છે, એ "યાત્રાવિહાર" પછી લગભગ એ જ શ્રેણીનું આ બીજું પુસ્તક "વૃત્તિવિહાર" બહાર પડે છે. છોટાઉદયપુરમાં આશ્રમની સ્થાપના કર્યા પછી આશ્રમ તેમજ "ઉત્થાન" માસિક પત્રનાં સંચાલન દરમ્યાન વ્યવહારપક્ષે જે જે પ્રસંગો ઉપસ્થિત થયા, તે બધા નિમિત્તરૂપ બની એમની જીવનદૃષ્ટિને કયી રીતે ખીલવી રહ્યા, એ ખ્યાલ અહીં જુદા જુદા લેખો દ્વારા રજૂ કર્યો છે.

પોતાના અંગત પરિચયમાં આવેલા એવા મુમુક્ષુ–સાધકવર્ગને માટે આ લેખો લખાયા હોઈ, સાધકવૃંદને પદે પદે પથપ્રદર્શક બની રહે, એ દૃષ્ટિનું આમાં પ્રાધાન્ય રખાયું છે. શાસ્ત્રનું કેવળ શ્રવણ કે વાચન બુદ્ધિનાં સંશયો શાંત કરી શકે, શુદ્ધ તર્કની સહાયતાથી પરમતત્ત્વનું પ્રસ્થાપન થઈ શકે, એમ માનવા છતાં પણ ચિદાકાશમાં વિહરતી અસંખ્ય વૈવિધ્યપૂર્ણ વૃત્તિઓના ચંચળ સ્વૈરવિહારને યોગ્ય માર્ગે વાળી એનો બ્રહ્મભાવમાં લય કરવાની કલા કેટલી દુરારાધ્ય હોઈ કેવળ ગુરુગમ્ય છે, તેનો સહજ ખ્યાલ વાચકને આ પુસ્તક દ્વારા આવશે. પ્રસંગે પ્રસંગે વ્યવહારમાર્ગે દ્વન્દ્વનો સામનો કરતાં છતાં તત્ત્વનિષ્ઠા કેમ નિભાવી

શકાય, તે અત્યન્ત રસમય એવી એમની લાક્ષણિક શૈલીમાં પૂ. સ્વામીજી 'ઉત્થાન'ની ઈતિહાસકથા દ્વારા આલેખી જાય છે.

જન્મજન્માંતરનાં સંસ્કારપડળ ઉકેલવાં અને સંકેલવાં સરલ નથી. આત્મસંશોધન કરતાં કરતાં સંતો, દ્રષ્ટાઓ અને મુક્તાત્માઓએ દર્શાવેલા અને ગુરુપરંપરાએ મળેલા માર્ગે સાધક કયી રીતે વિવેકશુદ્ધ વૃત્તિવિહાર કરી શકે, તે સ્વાનુભવ દ્વારા પૂ. સ્વામીજીએ સમજાવ્યું છે. બાહ્ય દૃષ્ટિએ સરલ લાગવા છતાં પ્રત્યેક પ્રકરણ ખૂબ એકાગ્રતા અને ઊંડું ચિન્તન માગી લે છે. વિચારની ગહનતા રજૂ કરતાં છતાં સ્વાનુભવ કેટલો આનંદસભર અને સૌંદર્યપૂર્ણ હોય છે, તેની પ્રતીતિ એમની પ્રાસાદિક શૈલી જ કરાવે છે. એટલા જ માટે એકવાર વાંચવા લીધા પછી પુસ્તક પૂરું કરવાનું પ્રલોભન રોકી શકાતું નથી. મુમુક્ષુ સાધકને આ સ્વાધ્યાય-ગ્રંથ યોગ્ય દિશામાં પુરુષાર્થ કરવાનું બળ આપશે એવી અમને દૃઢ શ્રદ્ધા છે.

ગુજરાતની જનતાને વિવેકજાગૃત કરવા અર્થે 'ઉત્થાન'નો એમણે આરંભ કર્યો. સત્ સંગ કે સંત-સમાગમ મુમુક્ષુના જીવનમાં કેટલો ઉપકારક નીવડે છે; એ એમના ગુરુપૂર્ણિમાના પ્રસંગે લખાયેલાં જુદાં જુદાં પ્રકરણોમાંથી જાણી શકાશે. 'ઉત્થાન' પણ સત્સંગનો જ એક પ્રકાર છે, એમ જણાવતાં પૂ. સ્વા. લખે છે, "સત્સંગથી માનવહૃદયમાં સત્‌નો આવિર્ભાવ થવો જોઈએ. સત્ પોતાનું પરમચિત (પ્રકાશ) ન પાથરે, અંતર ન અજવાળે, તો એ સતનો સંગ ન કહી શકાય. સત્‌ની શોધમાં અસત્‌નું પહેલું ભાન થાય, તોજ સત્ દ્વારા અસતને નિવારવાનું ભાન આવે, અને ચિત પોતાનો પ્રકાશ પાથરી શકે."

'ઉત્થાન' ચાર વર્ષે બંધ થાય છે" તેની સમીક્ષા કરતાં પૂ. સ્વામીજી લખે છે, "દ્વંદ્વની ભીંસમાં મુમુક્ષુ-સાધકનું જીવન

ઊર્ધ્વગામી બને છે; " અહીં કર્મયોગીની ઊંડી આત્મનિરીક્ષણની પદ્ધતિ અને સાધનાની કલાની પ્રતીતિ થાય છે.

'ઉત્થાન'ના મૂળમાં જ પૂ. સ્વામીજીની દૃષ્ટિ એ છે, કે અત્યારે ગંભીર વિચારણાની અત્યંત આવશ્યકતા છે. " છેલ્લી પચ્ચીસીએ પાશ્ચાત્ય કેળવણી પામેલાઓમાં તત્ત્વજિજ્ઞાસા ઉઘાડી છે, પરન્તુ એમને હજુ સાચી દિશા સાંપડી નથી. વિવેકવિનાનું નિરીક્ષણ આંધળાના ગોળીબાર જેવું છે. અત્યારનો જિજ્ઞાસુ પોતાની જ ભ્રાન્તિથી દુ:ખી થાય છે અને દોષારોપણ કરે છે બાહ્ય વાતાવરણ ઉપર, જે ભૂલ સુધારવા જેવી છે. તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોનો અભ્યાસ કર્યા વિના બજાણિઆની ડુગડુગી પાછળ રમતિયાળ છોકરાં દોડે, તેમ આમતેમ, આ સંત કે પેલા સંતની પાછળ પોતાની જાતને તપાસ્યા વિના, કશા આન્તર-અભ્યાસ વિના દોડધામ કરવાની જે વૃત્તિ વધી પડી છે, એ ભક્તિ નહીં પણ ભ્રાન્તિ છે. "

'ઉત્થાનને' અનુલક્ષીને એ કહે છે, " પ્રત્યેક કાર્યને કંઈ કારણો હોય છે જ; આરંભ અને અંતનાં કારણો કોઈ પણ કાર્યમાં એક જ હોય, તો તે કેવળ નિષ્કામ અને સહજ કર્મમાં જ. ... ...પરમાર્થદૃષ્ટાને કર્મોના આદિઅન્તમાં વ્યાવહારિક હાનિ લાભનો નહીં, પણ આત્મલાભનો જ ઉદ્દેશ હોય છે, તેથી પ્રત્યેક કર્મ એને આત્મજ્ઞાનનું પોષક અને દ્વૈતનિવર્તક જ નીવડે છે. "

ગુરુભક્તિ પ્રેરતો તૈત્તિરીય ઉપનિષદનો શ્લોક त्वमेव प्रत्यक्षं ब्रह्मासि વગેરે ટાંકતાં એ લખે છે: " બ્રહ્મમાં તો કશું 'ભવ' એટલે 'થવાપણું' નથી, માત્ર હોવાપણું " સત્ " જ છે એને બદલે જે કંઈ 'થયું છે' એમ લાગે છે એ 'ભવ,' એ જ જીવભાવ અને એ જ જગતભાવ, જડભાવ કે ચેતનભાવ. "

ગુરુપૂર્ણિમાના પ્રસંગે લખાયેલાં પ્રકરણોમાં ગુરુભક્તિનું સાચું રહસ્ય આલેખતાં પૂ. સ્વામીજી વેદાન્તના ગૂઢ રહસ્યોને સ્ફુટ કરે છે. સ્વાનુભવને વાણીમાં વહેતો મૂકી સાધકને એનું સુધાપાન કરાવે છે. શ્રદ્ધા અને વિચારનો સુમેળ થાય તો જ શાંતિ પ્રાપ્ત થાય, એ સત્ય પ્રત્યક્ષ વાર્તાલાપ દ્વારા એ સ્પષ્ટ કરે છે.

અધ્યાત્મમાર્ગે ભાવશુદ્ધિનું મહત્ત્વ સમજાવતાં એ લખે છે, " અધ્યાત્મવિદ્યા વાણીનો નહીં, પણ વર્તનનો વિષય છે, જીવન બનાવવાની વિદ્યા છે, જીવનનું દર્શનશાસ્ત્ર છે. બાહ્ય જગતમાં ક્રિયાઓ બદલાય, તેમ ભાવ બદલાય અને ભાવનાં રૂપાન્તર સાથે કર્મક્ષેત્રમાં પરિવર્તન થાય એનું નામ જ 'સંસાર.' આત્મા એક હોવાથી એમાં ભાવ કે કર્મ નથી, તેથી એ ભાવાતીત છે. એ ભાવાતીત તત્ત્વ ભાવદ્વૈતમાં ઊતરે; અને વધારે નીચે ઊતરીને સ્થૂલ બને ત્યારે દ્વૈતાદ્વૈતમાં સરી પડે એવો એનો સ્વ–ભાવ છે. એની જે પ્રવૃત્તિ એ જ છે સંસાર, એની નિવૃત્તિ એટલે મુક્તિગામી સાધના. "

" આત્મા, ભાવ અને શરીર આ ત્રણ પગથિયાંને ચડતાં ઉતરતાં કલ્પી જુઓ, એટલે સાધનાનો આરોહ અવરોહ ક્રમ સમજાશે. મકાનના માળ ઉપર ચડવા માટે એક, અને ઊતરવા માટે બીજી, એમ બે જુદી નિસરણીની જરૂર નથી. તેમ આત્મામાંથી ઊતરીને ક્રિયાના સ્થૂલ પ્રદેશમાં ઊતર્યા પછી ને દ્વૈતનાં દ્વંદ્વ સતાવતાં હોય, તો એ જ નિસરણીને પગથિયે ઊંચે ચડો એટલે આત્મામાંથી જેમ ક્રિયામાં ઊતર્યા છો, તેવી જ રીતે ક્રિયામાંથી આત્માના દિવ્ય પ્રદેશમાં ચડી જવાશે; ક્રિયા, ભાવ અને ભાવાતીત આત્મા. ...આંતરમનની શુદ્ધિ એ ભાવશુદ્ધિ છે; અને ક્રિયાભેદમાં સ્વ-પરહિતનું લક્ષ્ય રાખવું એ છે કર્મશુદ્ધિ...'ઉત્થાન'નું લક્ષ્ય છે ભાવાતીત પ્રદેશમાં ભાવાવેશી ચિત્તને પ્રવેશ કરાવવાનું. ભગવાન

શંકરાચાર્યની સાધન પ્રણાલિકા એ અનુભવ માટે અલૌકિક અને અદ્વિતીય છે. ક્રિયાક્ષેત્રમાં નિષ્કામ કર્મ અને ભાવશુદ્ધિ માટે નિષ્કામ ઈશ્વરભકિતની એ સાધના ગોઠવી આપે છે. ”

પ્રત્યેક સાધનામાં વિવેકની પ્રથમ આવશ્યકતા છે, એ માટે અધિકારપરીક્ષા પણ એટલી જ આવશ્યક છે. એને અનુલક્ષીને પૂ. સ્વામીજી લખે છે, “ તત્ત્વજ્ઞાન કેવળ બુદ્ધિવિલાસ નથી, એ તો છે અન્તઃકરણની સમસ્ત ભૂમિકામાં ઊતારવાનો આત્માનો સચ્ચિદાનંદમય ગંગાપ્રવાહ. જ્ઞાનગંગાને વિનવવી, ઉતારવી સહેલી છે; પણ એને ઝીલવા માટે દેવાધિદેવ શંકરનું બ્રહ્મરન્ધ્ર જોઈએ. વળી વ્યવહારનો નિરાદર એટલે ત્યાગ નહીં; વ્યવહારમાં અકુશળતા એટલે વૈરાગ્ય નહીં; જડબુદ્ધિ કે નિશ્ચેષ્ટ શરીર એટલે નિવૃત્તિ નહીં; એ ખાસ સમજવાનું છે. જેમ ડાંગરમાંથી ચોખા લઈ લીધા પછી જ છોડાં છોતરાં ફેંકી દેવાનાં છે; ડાંગર એમને એમ ફેંકી દેવાની નથી, એવી જ રીતે સંસારમાંથી વિશુદ્ધ ચારિત્રરૂપ સાર ખેંચી લીધા પછી જ ભોગવાસના રૂપ અસારભાગનો ત્યાગ કરવાનો છે. આમ કેવલાદ્વૈતના સિદ્ધાન્તમાં પરમાર્થ અને વ્યવહાર બન્ને ભૂમિકામાં જે વિવેકી હોય, તે જ જ્ઞાની કે જીવનમુકત કહેવાય. ભગવદ્‌ગીતામાં આત્મજ્ઞાનનો અધિકાર આ પ્રમાણે બતાવ્યો છે. “ જેની કાયા તપસ્વી નથી, જે ભકત નથી, જેણે શુશ્રૂષા કરી નથી, જે મારી ( પરમતત્ત્વની ) અસૂયા કરે છે તેને કદી પણ ભગવદ્‌ગીતા વિષે કહેવા કરવા જેવું નથી....તપથી, ભકિતથી, સેવાથી અને અનસૂયાથી ભાવશુદ્ધિ તથા ક્રિયાશુદ્ધિ થાય ત્યારે જ ભાવાતીત આત્મબ્રહ્મજ્ઞાનની નિસરણી ચણાય. નિસરણી વિના આત્માની અગાસી ઉપર દેહભાવરૂપ જમીન ઉપરથી કુદકો મારનારના હાથ-પગ ભાંગે કે મૃત્યુ થાય. આથી જ શ્રોતાવર્ગની અધિકારનાડી તપાસ્યા વિના અહં-બ્રહ્મનો ઉપદેશ આપે, એ ઊંટવૈદ્ય જ કહેવાય.

સંતસમાગમનો મહિમા વર્ણવતાં પૂ. સ્વા. લખે છે, "આત્મજ્ઞાન બ્રહ્મવિદ્‌નાં સંગ તથા કૃપાગ્રાહ્ય છે" કારણકે—

"પારસમેં અરુ સન્તમેં બડો અંતરો જાન,
વહ લોહા કાંચન કરે, યહ કરે આપ સમાન."

—(વિચારમાળા)

આમ અનુભવી સંતો કહી ગયા છે. સતને ઓળખે એનું નામ સન્ત. દેહવાસના શાન્ત થયા પછી પણ શાસ્ત્રવાસના કે લોકવાસના માનવીને કેવાં જકડી રાખે છે, એ પૂ. સ્વામીજી સ્વાનુભવ દ્વારા સમજાવે છે. આત્મવિદ્‌ માટે તો એ સર્વ નકામું છે, વળી આત્માથી જ આત્માની પ્રાપ્તિ કેમ થાય છે, તે પૂ. સ્વામી રામતીર્થજીના જીવનસારમાંથી એમણે સમજાવ્યું છે.

ગુરુપૂર્ણિમાના પ્રકરણમાં ગુરુતત્ત્વને સમજાવતાં અતિ પ્રાસાદિક શૈલીમાં રસરૂપ બ્રહ્મની રાસલીલાનું વર્ણન કરવામાં આવ્યું છે, અનુભવના આનન્દાબ્ધિની તરંગમાળાઓ સમું એ વર્ણન સાગરસ્નાનનો આનન્દ વાચકને પણ આપી જાય છે. ગુરુપૂર્ણિમાના મંગલ પ્રસંગે અનુભવેલા અહોભાવમાંથી સહેજે સરી પડતા ઉદ્‌ગારો ઉચ્ચકોટિનું તત્ત્વજ્ઞાન પણ પીરસી જાય છે, એટલું જ નહીં. પણ પ્રત્યેક પ્રસંગે અવનવા સ્વરૂપે તે વ્યકત થાય છે. આજનો વિજ્ઞાનપ્રેમી સમાજ સ્થૂલનોજ ભોગી હોવાથી અજ્ઞાત સૂક્ષ્મ પ્રદેશનું સૌંદર્ય એને માટે અગોચર રહે છે. એ સૌંદર્યને શબ્દદેહ આપી જિજ્ઞાસુને તત્ત્વનું અપૂર્વ દર્શન અહીં પૂ. સ્વા. એ ગોચર કરાવ્યું છે. એવા એક પ્રસંગે પૂ. સ્વા. કહે છે, "રસરૂપ બ્રહ્મની રાસલીલા માણવાનું મહદ્‌ભાગ્ય તો બ્રહ્મરસમાં નિમગ્ન થનારને જ પ્રાપ્ત થઈ શકે, કિન્તુ સિંહનાં ટોળાં હોય તો તત્ત્વવિદ્‌નાં જૂથ જોવા મળે. તત્ત્વાનુભવ વાણીનો વિલાસ નથી પણ

અધિકારી તત્ત્વ છે. ગુરુપૂર્ણિમાને પ્રસંગે એ તત્ત્વસ્મરણ વિશેષભાવે થાય છે."

અત્યારના ટીકાકારો ગુરુસેવાના સિદ્ધાન્ત વિષે આક્ષેપો કરે છે. વર્તમાનયુગમાં અનધિકાર ચેષ્ટા થતી હશે; પરન્તુ સાધન-માર્ગનો જે સિદ્ધાન્ત છે એ અટલ અને સનાતન છે. પ્રાચીન રહેણીકરણીનાં રહસ્યો ભૂસાઈ ગયાં છે, તેથી જ એ ભવ્ય અને દિવ્ય એવી સેવા પદ્ધતિની ભાગ્યે જ ઝાંખી થાય એમ છે. આજની પ્રજા પરા અને અપરા વિદ્યાનો ભેદ જાણતી નથી. પરા-વિદ્યા એટલે અધ્યાત્મમાર્ગની બ્રહ્મવિદ્યા. એ માર્ગે સાધના કરવી હોય એણે તો ગુરુશિષ્યના સંબંધનો ભક્તિભર્યો સેવાભાવ સ્વીકારવો જ પડશે.

અદ્વૈતજ્ઞાન માટેની ઉપાસનાના સાધનમાં દેવદેવતાની નિષ્કામ ઉપાસનાનો વિધિ છે ખરો, પણ આત્મજ્ઞાનના સર્વોત્તમ સાધન તરીકે તો બધે 'બ્રહ્મવિદ્'ની ઉપાસનાને જ મહત્ત્વ અપાયું છે. મિથ્યા હોવા છતાં જીવભાવ એક માન્યતા, ભાવના જ છે અને ભાવનાનો નાશ ભાવનાથી જ થઈ શકે એ ન્યાયે જીવભાવ નાશ કરવા માટે આત્મભાવ જાગૃત કરીને સ્થાયી કરવાનો છે. એ દૃષ્ટિએ જે જીવાત્મા વાસનાક્ષય, મનોનાશ અને તત્ત્વજ્ઞાન વડે બ્રહ્મભાવમાં સદોદિત રહે એ જ બ્રહ્મ છે, એમ ઉપનિષદ્ કહે છે. આત્મવિદ્ એટલે જ બ્રહ્મવિદ્. અને " ब्रह्मविद् ब्रह्मैव भवति । એ શ્રુતિપ્રમાણના આધારે આપણા ગુરુદેવ સશરીર હોવાથી વિશેષભાવે બ્રહ્મ છે. આપણે બ્રહ્મજિજ્ઞાસાની કામના રાખીને એમની સેવા કરીએ, એ છે આપણો નિષ્કામ કર્મયોગ. બ્રહ્મસાક્ષા-ત્કારની એકમાત્ર શુભેચ્છા રાખીને એમની ભક્તિ, ઉપાસના કે ધ્યાન કરીએ એ છે નિષ્કામ ભક્તિયોગ, અને એમના અને આપણા

ઉપાધિમુક્ત સ્વરૂપનો અનુભવ કરીએ એ છે આપણો જ્ઞાનયોગ. ”

ત્રણેય ઋતુની પૃથ્વી ઉપરની લીલા તપાસતાં શાસ્ત્રાનુસાર ઋતુઋતુનાં ખાનપાન, વિધિવિધાન પ્રમાણેની રૂઢિગત કર્મકાંડ-શ્રેણિને અનુલક્ષીને એ કહે છે, “ આપણાં સાધન, સાધ્ય અને સિદ્ધાન્તની પરંપરાનાં કર્મકાંડ સંપ્રદાય, પ્રાન્ત અને ભાષા પ્રમાણે ભિન્ન હોય; પણ ઉત્સવની વાસ્તવિકતાનો એમાં મુખ્ય હેતુ સમાન છે. વ્યાસપૂર્ણિમાનું રહસ્ય સમજાવતાં તેઓ લખે છે. “કથા કરનારાઓ વ્યાસ, ઉપદેશ શ્રવણ કરાવનારા આચાર્ય અને અનુભવ કરાવનાર ગુરુ, ” એવો પ્રચલિત અર્થ થાય છે.

ગુરુભક્તિ દ્વારા આત્મપ્રાપ્તિના સ્વાનુભવમાંથી પ્રસંગો ટાંકતાં પૂ. સ્વા. લખે છે, ” ગુરુદેવ ! કોઈવાર આપ ખૂબ જ ક્રૂર કઠોર લાગેલા પણ અત્યારે એનો મર્મ સમજાય છે. તિતિક્ષા તો જ્યારે દ્વંદ્વો સતાવે ત્યારે જ કેળવાય, વ્યાધિ સતાવે ત્યારે જ ધૃતિની દૃઢતા થાય; અગવડો પડે ત્યારે જ સંબંધત્યાગ શીખી શકાય. કઠોરતા ! કરુણા ! બન્નેની મૂશળધાર વર્ષા કરીને મને ઘડવાનો આપે પ્રયત્ન કર્યો છે. એકમાં શસ્ત્રક્રિયાની વેદના હતી, તો બીજામાં મલમપટ્ટીની સારવારનાં સુખચેન હતાં....... ગુરુદેવે અહંસર્પને બધીય દિશામાંથી દોડતો અટકાવીને એનું સંસારવિષ ઉતાર્યું, એમાં સદ્દગુરુરૂપ બ્રહ્મામૃત ભર્યું. હવે જે છે, તે અમૃતના ઓડકાર ! ॐ. ”

જીવનપ્રસંગોને અનુલક્ષીને એ કહે છે. “ જીવનનો પ્રત્યેક પ્રસંગ જીવનમંદિરની એક એક ઇંટ છે; એકેય નકામી નથી. બધાંય દ્વંદ્વો બે બાજુથી ધક્કા મારી મારીને જીવનપશુને સીધો, વચ્ચોવચ્ચ, રાજમાર્ગે દોરી જાય છે. દુઃખ કે સુખ કલ્પના માત્ર છે. બન્ને જીવનમાં એકસરખાં ઉપયોગી છે. દ્વંદ્વોથી જ આંતરબાહ્ય

ઘડતર ઘડાય છે અને સળંગ જીવન જ સાધનારૂપ હોઈ એકે ય પ્રસંગ વ્યર્થ જતો નથી. ”

ગુરુદેવની અસીમ કૃપાએ “ અહંસર્વસ્વ લઈને બ્રહ્મસર્વસ્વ આપી દીધું. ”

ગુજરાતના ચિંતનસાહિત્યમાં આ પુસ્તક અગત્યનો ઉમેરો કરે છે. આજે જ્યારે આખાય સમાજમાં એક બાજુ ભયંકર નાસ્તિક તથા વિષયી વર્ગ અને બીજી બાજુ પોતાને આસ્તિક ઓળખાવતો જડ, અંધ અને વિવેકહીન ધર્મઘેલો વર્ગ જોવામાં આવે છે; વર્તમાન શિક્ષણપ્રણાલિ ભારતની વેદવેદાન્ત કાલની સંસ્કૃતિથી સાવ વિમુખ બની છે, ત્યારે એક નવો વિવેકી વર્ગ ભારતની પ્રજાને સંસ્કૃતિની સાચી દિશાનું ભાન કરે અને કરાવે, એ હેતુથી આ પુસ્તક બહાર પડે છે. અમને શ્રદ્ધા છે કે સાચી દિશાના પ્રત્યેક સાધકને આ ધ્રુવતારક બ્રહ્માનુભવની સાધનાનો સાચો માર્ગ ચીંધશે અને ગુરુપ્રસાદીનાં સ્વાદુ ભોજનનો આસ્વાદ આપી જશે. ॐ तस्मै श्री गुरवे नमः ।

સૌ. તારાબ્હેન પી. ત્રિવેદી
પુરુષોત્તમ એમ. ત્રિવેદી

તા. ૨૦-૭-૬૫
અમદાવાદ

# લેખાનુક્રમ


| સંખ્યા | લેખ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | છોટાઉદયપુરનો આશ્રમ અને 'ઉત્થાન' | ૧ |
| ૨ | 'ઉત્થાન' ચાર વર્ષે બંધ થાય છે. | ૧૨ |
| ૩ | ગુરુપૂર્ણિમા અને પ્રાર્થના | ૨૧ |
| ૪ | ભાવશુદ્ધિ | ૪૦ |
| ૫ | સત્સંગ અને સન્તસંગ | ૫૫ |
| ૬ | ઉત્થાનસંચાલન અને વિવેકવિચાર | ૭૦ |
| ૭ | મહાગુજરાત સાધુસંઘ | ૮૫ |
| ૮ | आचार्यदेवो भव । | ૧૦૩ |
| ૯ | ખાસ અંગત | ૧૩૩ |
| ૧૦ | શ્રદ્ધાની કસોટી | ૧૫૨ |
| ૧૧ | ગુરુપૂર્ણિમા | ૧૬૬ |
| ૧૨ | ગુરુપૂજનને પ્રસંગે | ૧૮૩ |
| ૧૩ | ખાસ જરૂરી | ૧૯૯ |
| ૧૪ | પ્રાસંગિક તત્ત્વચર્ચા | ૨૦૬ |
| ૧૫ | આવાહન ગુરુદેવને | ૨૨૭ |
| ૧૬ | પરમગુરુ રામતીર્થ | ૨૩૮ |
| ૧૭ | સાધનશોધન | ૨૫૭ |
| ૧૮ | વર્તમાન ધર્મજાગ્રતિ | ૨૭૯ |

# વૃત્તિવિહાર

# છોટાઉદયપુરનો આશ્રમ અને ઉત્થાન

'ઉત્થાન' ત્રીજું વર્ષ પૂરું કરે છે. ત્રણ ત્રણ વર્ષમાં એણે ગુજરાતી તત્ત્વજિજ્ઞાસુઓની કેટલી અધ્યાત્મસેવા કરી એની તો ગ્રાહકોનાં હૃદય સાક્ષી પૂરે તે સાચી; ઘણાએ વણમાગ્યા અભિપ્રાય એને માટે આપ્યા છે, ચાલુ જ રાખવું જોઇએ અને તે પણ ગમે તેટલા આર્થિક ભોગે, એવા પત્રોની સંખ્યા ઉત્સાહ આપે છે. અસ્તુ.

ગુજરાતની ધર્મપરાયણ જનતાની આવી તાલાવેલી માટે ખરે જ ધન્યવાદ ઘટે છે! ગુજરાત ધનપ્રાણ પ્રજા છે એ તો સામાન્ય અને જગજાહેર વાત છે. "વેપાર અને કમાવું" એ એની નસો છે. તીજોરીઓનો ખડખડાટ એમની નસોમાં વહેતું ધગધગતું લોહી છે. છતાં છેલ્લી પચ્ચીસીની વાતો સંભારીએ તો ગુજરાતના આદ્ય આચાર્યોએ એમાં જે ધર્મપ્રાણ પૂર્યા છે, તે અત્યાર સુધી ચાલુ છે. નવીન ભાષા અને આધુનિક વિચારશ્રેણીનાં આંદોલન જાગ્રત કરનારામાં વડોદરાના શ્રેયસ્સાધક વર્ગના આદ્ય આચાર્ય શ્રી નૃસિંહાચાર્ય; ભીલખા-આનંદ આશ્રમના આચાર્ય શ્રી. નથ્થુરામ શર્મા; 'પ્રિયંવદા' અને 'સુદર્શન'ના તંત્રી શ્રી. મણિલાલ ન. દ્વિવેદી, 'પ્રાર્થના-સમાજ'ના સંસ્થાપક શ્રી. ભોળાનાથ સારાભાઇ, આ સંસ્થાપકોએ ધર્મપ્રદેશમાં નવું વાતાવરણ ઊભું કર્યું અને એમાંથી ઉદ્ભવ્યા આચાર્ય આનંદશંકર, શ્રી નર્મદાશંકર દે. મહેતા, પ્રો. જે. જે. કણીઆ, વગેરે વિદ્વાન ઉહાપોહવિચક્ષણ વિવેચકો અને લેખકો. ત્યાર પછી મહાત્મા ગાંધીજીનો નવયુગ

શરૂ થયો, અને એમની પ્રેરણાએ ઘણા વિદ્વાનોને એ વિષયમાં રસ લેતા અને લેખનકાર્યમાં પ્રવૃત્તિ કરતા ઘપાવ્યા છે.

થોડાં વર્ષથી ચતુર્થાશ્રમી સન્તોએ પણ ગુજરાત–કાઠિયાવાડને પોતાની વિદ્વત્તાથી ઠીક ઠીક પરિચિત કરવા માંડયાં છે. અમદાવાદમાં સંન્યાસ આશ્રમ સ્થાપિત થયો છે. એ આશ્રમના વિદ્વાન સંન્યાસીઓ અત્રતત્ર કથાવાર્તાથી સંત્સંગની રેલમછેલ કરે છે. ભગવદ્‌ગીતાને મૂર્તિમાન કરનાર સ્વા. શ્રી વિદ્યાનંદજીએ પોતાની જૂદી જ ભાત પાડતી પ્રવૃત્તિથી આમવર્ગને ગીતા સંભળાવીને ગીતાજીની પ્રતિમા પણ સ્થાપી આપી છે. બીજા પણ મંડળેશ્વરો, મહન્તો અને પરમહંસો ગુજરાતી જનતાને પોતાનો આદેશ ઉપદેશ સંભળાવે છે. થોડાં માસિકો પણ એમાં પોતાનો સૂર પૂરાવે છે. અને આ રીતે ધર્મભૂખ વધતી હોય, એ દિશામાં કૈંક અવશ્ય કરવું જોઇએ, એવી વૃત્તિ બધે ઉત્તેજિત થાય છે. એ બધાં શુભચિહ્ન છે. આ બધું યોગ્ય અને સાચી દિશામાં આગળ ધપે એટલી જ સર્વેશ્વર, સર્વજ્ઞ, પરમાત્મા પાસે પ્રાર્થના !

'સત્સંગ' ચારે તરફ રેલાઇ–ફેલાઇ રહ્યો છે એમાં શક નથી. પણ સત્સંગથી જેટલો સત્‌નો આવિર્ભાવ થવો જોઇએ તેટલો માનવી હૃદયમાં થાય ત્યારે ખરો સંતોષ પમાય. મહાયુદ્ધની પ્રચંડ જ્વાલાએ જીવનમાં દોડધામ કરી મૂકી છે; જીવનનિર્વાહની કપરામાં કપરી પળો સાથે સૌને લડવું પડે છે ! "કાળાં બજાર"ની કાળપ જાણે સૌના અંતરમાં ઊતરી પડી હોય, તેમ બધે અંધકાર જ દેખાય છે ! ત્યારે આ સત્‌ પોતાનું પરમ चित् ( પ્રકાશ ) ન પાથરે, અંતર ન અજવાળે તો એ સત્‌નો સંગ છે કે અસત્‌નો, એ પ્રશ્નનો શો ઉત્તર આપવો ? પરમાત્મા શંકાકુશંકામાંથી બચાવે એવી પ્રાર્થના સાથે કહીએ છીએ કે સતની શોધમાં અસતનું

પહેલું ભાન થાય તોજ સત્ દ્વારા અસત્‌ને નિવારવાનું ભાન આવે અને ચિત્ પોતાના પ્રકાશ પાથરી શકે એ સ્વાભાવિક છે.

'ઉત્થાન' આવે વિપરીત સમયે ઊભું થયું છે એ એની આકરી કસોટી છે. મોંઘવારી અને અછત વધી પડયાં છે! કાગળ માટે 'કાળાબજાર'નો આશ્રય લેવો પડે છે. છાપકામના ભાવ વધ્યા છે, પણ સંતોષની વાત એ છે કે એના ગ્રાહકો સાચા શુભેચ્છકો અને સેવકો છે અને ગમે તે ભોગે પણ એને અત્યારે નિભાવવું જ જોઇએ એવી એમની પ્રેરણા છે! સૌને એ માટે ધન્યવાદ!

'ઉત્થાન'ને સ્પર્શ કરે એટલી થોડી આશ્રમની વાત સાથે સાથે કરી લઉં, કારણ કે અહીંનો આશ્રમ બંધ થાય છે. 'ઉત્થાન' ત્રીજું વર્ષ પૂરું કરે છે. એને ચાલુ રાખવું જ જોઇએ એવો મિત્રોનો આગ્રહ છે; તેમાં ગ્રાહકોની ઇચ્છા તથા આર્થિક સહાયતા કરનારની શુભેચ્છાનો સાથ છે. બાકી રહે કેવળ મારો જાતનો પરિશ્રમ, તો એ પરિશ્રમ મારે શા માટે ન કરવો? भुंक्ते स्तेन एवयो सः એ ગીતા વાકય પ્રમાણે જાતચોરીનું પાપ ન વહોરવું એ દષ્ટિએ એ પરિશ્રમ મારે કરવો જોઇએ, એ સ્વધર્મ ઠરે છે. यहच्छाचोपन्नम् (ભ. ગીતા) જેવો આ પ્રસંગ વધાવી લેવો જોઇએ; એમ મને લાગ્યું અને 'ઉત્થાન' ચાલુ રાખું છું.

સંયોગવશાત્ અહીંનો આશ્રમ બંધ થાય છે. ઇ. સ. ૧૯૩૨ ના ઓગસ્ટ માસની તા. ૧૪મી ને રવિવારે હું છોટાઉદેપુર આવ્યો. મિત્રોના ભાવપૂર્વક સહકાર સહાયતાથી નિવાસસ્થાનની યોજના થઇ. ઘણા સંતોએ આવી મને તથા આશ્રમને પાવન

કર્યાં છે; જિજ્ઞાસુઓ, મિત્રો અને ભાવુક સત્સંગીઓએ આવીને લાભ લીધો છે. મકાન થયાં, નાનું એવું પુસ્તકાલય થયું, તન–મનને સુયોગ્ય પોષણ મળે એવી સામગ્રી ગોઠવાઇ, અને સજ્જનોની આવજા વધી પડી.

એ બધામાં સ્થાયી કામ કરનાર હું એકલો અને અટૂલો! મારા જેવા **અવ્યવહારુને અકસ્માત માથે પડેલો આવો વ્યવહાર મને પોતાને આશ્ચર્ય પમાડતો હતો કે આ કેમ ચાલે છે!** વ્યવહારમાં શૂન્ય, કટુભાષી અને લાગણીવશ જીવનથી ઘણાને દુઃખ થયું હશે! કેટલાઓને શાંતિ મળી હશે એ તો સાક્ષીરૂપે શ્રી ઇશ્વર જાણે! પણ નિન્દાસ્તુતિ, હાનિલાભ અને હર્ષશોકનાં દ્વંદ્વો જેમ જેમ આવતાં ગયાં, તેમ તેમ એને ઝીલીને અજ્ઞાનના પ્રદેશમાં હુતાશન પ્રકટાવી, હોમી દીધાં જ્ઞાનસમયમાં પરમાત્મસ્વરૂપ ગુરુદેવે મને જે જ્ઞાનપ્રદેશમાં સ્થિર રાખીને બધી ધન્યપળોએ મારી જ્ઞાનનિષ્ઠામાં, શ્રદ્ધાભક્તિમાં, અને શરીરને કર્તવ્ય–પરાયણ રાખ- વામાં તત્પર રાખ્યો છે, ત્યારે શ્રદ્ધા સચોટ બને છે કે–ભગવાનનું योगक्षेमंवहा म्यहम् વાક્ય સોળે સોળ આના યથાર્થ છે. ગુરુદેવ ખરે જ ધન્ય છે!

અહીં તો ‘ઉત્થાન’ની હકીકત જ આપવાની છે તેથી એને સ્પર્શ કરે એટલી જ વાત કહી દઉં. હકીકત એવી બની છે કે ત્રણેક વર્ષ પહેલાં ‘ઉત્થાન’ની યોજના ઘડાઇ ત્યારથી કામનો ભાર વધી પડયો હતો. એકલે હાથે ‘આશ્રમ’ તથા ઉત્થાનનું કામ કરવાનું રહ્યું. ત્યારથી એ પ્રશ્ન ઊભો થયો કે શું ચાલુ રાખવું? આશ્રમ કે ઉત્થાન?

‘આશ્રમ’નો લાભ લેનારાંની સંખ્યા વધવા માંડી તેની

સાથે સૌના નિવાસ, ભોજન અને અભ્યાસનો ભાર વધી પડયો. 'ઉત્થાને' એ કામમાં ઉમેરો કર્યો; ઉપરાન્ત આશ્રમનો નિર્વાહ જેમ આકાશવૃત્તિથી ચાલતો હતો તેવી જ અવસ્થા 'ઉત્થાન'ની થતી ગઇ. પગારદાર નોકરો રાખી કામ કરાવી લેવાની અગવડ તો ઊભી જ હતી! પગારદાર નોકરોમાં સેવાભાવનો તો પ્રત્યક્ષ વિરોધાભાસ. તેથી એક જ શરીરથી જેટલું બને તેટલું કરી લેવાની વૃત્તિમાં બન્ને કાર્યમાં વિક્ષેપ થવા માંડયો. પ્રશ્ન ઉપસ્થિત થયો કે શું ચાલુ રાખયું? આશ્રમ કે ઉત્થાન?

તા. ૧૪-૮-૩૨થી આજ સુધીમાં લગભગ બાર વર્ષનો એક સાધનાયુગ આશ્રમને અંગે મારે માટે ઊભો થયો. એને અંગે વિશેષ લખવું અતિપ્રશ્ન છે, કારણ કે એ આખો પ્રસંગ અંગત છે. સંક્ષેપમાં ઉપર કહ્યું છે તેમ એટલું તો સંતોષપૂર્વક કહું છું કે પરમાત્માની અપાર દયા અનુભવી છે! અને ગુરુદેવે આવો અપૂર્વ પ્રસંગ પાડી મારા જીવન-હૃદયને ઘડવાની જે સુંદર તક મને મેળવી આપી તે માટે ખરેખર હૃદય દ્રવે છે, ભાવથી મસ્તક નમી પડે છે, અને સાષ્ટાંગ પ્રણામે હૈયું કબૂલ કરે છે કે, જીવનનાં પ્રત્યેક પ્રસંગમાં દ્વંદ્વની બન્ને બાજુની ભીંસમાં જીવન ઉર્ધ્વગામી રહ્યું છે. ગુરુદેવ! नमोनमः

આશ્રમ અને ઉત્થાનના પ્રશ્નમાં અત્યારે તો 'ઉત્થાન' જીતીને જીવી ગયું છે. એણે આશ્રમનો ભોગ લીધો છે, તે જીવવા વધવા અને વિકસિત થવા માટે કે કેમ એ પ્રશ્ન તો ભાવીના ગર્ભમાં છે, એટલે સર્વજ્ઞ સર્વેશ્વર પરમાત્મા જ જાણે! પણ આશ્રમ બંધ થાય છે, 'ઉત્થાન' કાર્યાલય અત્યારે તો વડોદરા જાય છે. ત્યાં રહી મારાથી બનતી તન-મન સેવા બજાવીશ, અને એવી આશા છે કે થોડા જ વખતમાં એનો વ્યવસ્થા ભાર ઉપાડી લેવા

કોઈ સેવાભાવી સજ્જન જરૂર નીકળી આવશે. ગુરુદેવ એમાં સફલતા પૂરે અને ઉત્થાનપ્રેમીઓની પ્રાર્થના અવશ્ય સાંભળે!

કાગળની મોંઘવારી અને મેળવવાની અગવડ વધી છે. છાપ-કામના ભાવ ચઢયા છે. અને ઉત્થાનને નિભાવી પોષવું છે, સમૃદ્ધ કરવું છે, એ માટે સૌ કટિબદ્ધ થાય એવી વિનંતિ કરું છું. થોડાં સારાં પુસ્તકો સાથે સાથે પ્રકટ થાય તો એ દિશામાં પણ કૈંક અધ્યાત્મ સેવા વધે એવી આશા છે. પરમાત્મા આપણને સૌને વિશેષ શ્રદ્ધા, ભક્તિ અને સેવાશક્તિ આપે એટલી પ્રાર્થના! લવાજમ ઘટાડયું છે તે એવી આશાથી કે ગ્રાહક સંખ્યા વધે. આશ્રમના કામકાજમાં એટલો બધો વખત જતો હતો કે 'ઉત્થાન' માટે ઘણીવાર હું કશું લખી શકયો નથી. બહારથી પણ ધારી લેખસામગ્રી મેળવી શકયો નથી. ગ્રાહકોને અસંતોષ રહ્યો હશે અને અંગત મિત્રોના પત્રો પણ નિરુત્તર રહ્યા હશે, એ બદલ સૌએ ક્ષમા આપી છે; એ માટે પણ પરમાત્માની દયા સમજું છું.

વડોદરામાં કાર્યાલય જાય છે. હું કેવળ કાર્યાલયનો અતિથિ છું. ત્યાં બને તેટલો સમય કાર્યાલયમાં રહી 'ઉત્થાન'ને સમૃદ્ધ બનાવવાની ઈચ્છા છે. આશ્રમ કહાડી નાખવાનું સાહસ એટલા માટે કર્યું છે કે 'ઉત્થાન' સમૃદ્ધ થાય. એને માટે ઘણું કરવાનું બાકી છે એ હું જાણું છું. મારી અપૂર્ણતાનું મને ભાન રહે અને એ માટે વિદ્વાન લેખકો, સજ્જનો અને શુભેચ્છક ગ્રાહકો સહકાર આપી મને કૃતાર્થ કરે એવી હૃદયપૂર્વકની મારી વિનંતિ પર સૌ યોગ્ય વિચાર કરે.

છેલ્લા ત્રણેક માસથી આશ્રમને સમેટવાના કામકાજમાં હું

હતો તેથી કશું લખી શક્યો નથી; આ અંકમાં પણ આટલું નિવેદન કરીને જ વિરમું છું, તે એવી શ્રદ્ધાથી કે ભવિષ્યમાં એનો બદલો વાળવાનું સામર્થ્ય આવે! પરમાત્મા આપણને 'ઉત્થાન'ને વિશેષ સમૃદ્ધ કરવામાં ઉત્સાહી બનાવે!

× × × ×

ઉપર કહ્યું તેમ ધર્મજાગૃતિનો ઉછાળો ગુજરાતમાં આવ્યો છે તેની સાથે ધનસંચયની ભરતી પણ ટોચે ચડી છે. ધનપ્રિય જનતા ધર્મપ્રિય હોય કે થાય, એ તો પરમ પુણ્યની વાત છે! આપણે આશા રાખીએ કે એ ધર્મપ્રાણ બને! ધર્મની સાચી દિશા એમને સૂઝે!

અત્યારે આવશ્યકતા છે ગંભીર વિચારણાની! ભાવના આવેશમાં, ભકિતના ઉછાળામાં, ધર્મ કે તત્વ અહીં મળશે કે ત્યાં, આ સંત પાસે કે પેલા સંતના ચરણમાં, ગુજરાતના આશ્રમમાં કે અન્ય પ્રાન્તમાં; એકાન્ત હિમાલયનિવાસમાં શાન્તિ મળશે કે જનતાની સેવા કરવામાં, પરમાત્માનું દર્શન દશ્યમાં કરવું કે દ્રષ્ટાના સ્વરૂપમાં, શરીરની નિશ્ચેષ્ટ અવસ્થા એટલે સમાધિ કે ઉદ્દંડ નૃત્યકીર્તન અથવા શાંતમૂક પ્રાર્થના એ બેમાં કઇ ભક્તિ સાચી? કયું સાધન સાચું? આવા આવા વિકટ પ્રશ્નો ગુજરાતની ધર્મપ્રાણ જનતાની સમક્ષ ઊભા થયા છે; છેલ્લી પચ્ચીસીએ પાશ્ચાત્ય કેળવણી પામેલામાં તત્ત્વ જિજ્ઞાસા ઉઘાડી છે, પરંતુ એમને હજુ સાચી દિશા સાંપડી નથી. સંતોની પાછળ દોડધામ મચી રહી છે. નિરીક્ષા-પરીક્ષા ચાલુ છે પણ ધીરગંભીર વિવેકભરી વિચારણા હજી ઊઘડી નથી, અને વિવેક વિનાનું નિરીક્ષણ આંધળાના ગોળીબાર જેવું છે. અત્યારનો જિજ્ઞાસુ પોતાના જ અજ્ઞાનથી, પોતાની જ ભ્રાન્તિથી દુઃખી થાય છે અને દોષારોપણ કરે છે

બાહ્ય વાતાવરણુ ઉપર ! આ ભૂલ સુધારવા જેવી છે. આન્તરચક્ષુ ઉઘડે, પોતાનો અધિકાર જોવાનું સામર્થ્ય કેળવે, ચમત્કાર અને સિધ્ધિનો મોહ છોડે, વૈભવ અને વિલાસવાસનાનો તિલાંજલિ આપે, સકામ વાસનાઓને નિષ્કામ યજ્ઞમાં હોમે. અધ્યાત્મશાસ્ત્રોનું શ્રવણ મનન કરે, દોડધામ મૂકીને જનની ગુર્જરભૂમિનું જ જૂનું–નવું સાહિત્ય તપાસી જુએ, ગુજરાતના જ જૂના–નવા તત્ત્વજ્ઞોનો સત્સંગ સેવે, એ વિશેષ ઉપકારક છે. પ્રાન્તીય અસ્મિતા જેવું ગુજરાતમાં કશું નથી અને તેથી પરપ્રાન્તીય મોહમાં ઊતરી, પરપ્રાન્તીય સંસ્કૃતિ અને ધર્મ તત્ત્વની લગનીમાં જ્યાં ત્યાં દોડધામ કરી, ગુજરાતને “ગાંડી ગુજરાત” તરીકેની વગોવણીમાં ઉમેરો કર્યે જાય છે, તેમાં થોડો સંયમ કેળવે અને એ લાંછન ધોઇ નાંખે તો બહુ સારું!!! કેટલું બધું સારું ?

ગુજરાતને આંગણે નરસિંહથી માંડી અખો, પ્રીતમ, દયારામ જેવા સંતો પકટયા છે, એમનું અપ્રતિમ પ્રાસાદિક સાહિત્ય સૌએ વાંચવું વિચારવું જોઈઓ વિદ્વાન વિવેચકોનાં પુસ્તકો તૈયાર છે એ સમજવાં જોઈએ. ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર, ભગવદ્ ગીતા, પંચદશી, ભગવાન શંકરાચાર્યના ગ્રંથો ઉપરાંત તત્ત્વજ્ઞાનનાં અસંખ્ય ગુજરાતી પુસ્તકો અનુવાદ સાથે તૈયાર છે; એનો અભ્યાસ કર્યા વિના, બજાણીઆની ડુગડુગી પાછળ રમતિઆળ છોકરાં દોડે તેમ આમ તેમ આ સંત કે પેલા સંતની પાછળ પોતાની જાતને તપાસ્યા વિના, કશા આન્તર અભ્યાસ વિના દોડધામ કરવાની જે વૃત્તિ વધી પડી છે, એ ભક્તિ નહિ પણ ભ્રાન્તિ છે, શ્રદ્ધા નહિ પણ બુદ્ધિની જડાંધ અવસ્થા છે, જ્ઞાન-પિપાસા નહિ પણ અન્તરની કોઇ તમોગુણી અશકિત છે. એમાં નથી વ્યવસ્થિત બુધ્ધ, કે નથી સ્થિરતા દાખવતો શ્રધ્ધા ભક્તિનો

પ્રવાહ! પ્રાર્થના છે કે ગુજરાતની જનતા! તારું વ્યક્તિત્વ કેળવ! અને ગાંડપણ કે વેવલાપણાનું મહેણું ફેડવા કટિબધ્ધ થા.

ગુજરાતે એક અજોડ સાહિત્યભિક્ષુ આપ્યો! ગુજરાતી શાળામાં ચાર પાંચ પગથીઆં ચડેલા એ ભિક્ષુએ ભરજવાનીમાં ભેખ લીધો! એ અખંડાનંદે અખંડ સાહિત્ય સેવા સ્વીકારી! ધર્મનાં પુસ્તકોની મોંઘવારી અને અપ્રચાર એને સાલ્યાં! હૃષીકેશના નિવાસ દરમ્યાન એમણે પ. શ્રી. સ્વા. રામતીર્થનું નામ સાંભળ્યું! એમનો સંયુકતપ્રાન્તના પ્રવાસ દરમ્યાન સત્સંગ સેવ્યો! હૃષીકેશ અને ઉત્તર કાશીમાં તપશ્ચર્યા કરીને આત્મસંતોષ કેળવી લીધા પછી એ પુનઃ સ્વશરીરની માતૃભૂમિમાં ઊતર્યા. અને ગુજરાતનાં સદ્‌ભાગ્યે 'સસ્તું સાહિત્ય'ના વટવૃક્ષનાં બીજ એમના પુણ્ય હસ્તે રોપાયાં. અખંડ વાચન, અખંડ પરિશ્રમ, અને અખંડ ઉત્સાહથી એ અખંડાનંદે સાહિત્યના ભિક્ષુ બની ધર્મ અને નીતિનાં પુસ્તકોની એવી તો ગ્રન્થમાલા ફેરવી કે ભારતવર્ષની અન્ય ભાષાઓમાં પણ કેટલીએ ગ્રન્થમાળાઓ ફરવા માંડી. ગુજરાતને એણે જાગ્રતિ આપી! સાહિત્યમાં સસ્તાપણું લાવી, જીવનમાં ધર્મસમૃદ્ધિ ભરવાના એના કોડ ફળ્યા, અને ગુજરાતને જે ધર્મ પ્રવાહોએ સચેત કર્યું હતું, એમાં 'સસ્તું સાહિત્ય'નો વડલો રોપ્યો; એ ફાલ્યો અને હજુ વધતો જ જાય છે! એમના ઉત્તરાધિકારીઓ એને વધતો રાખવામાં જે અવિરત પરિશ્રમ કરી રહ્યા છે એ ખરે જ ધન્યવાદને પાત્ર છે!

'ઉત્થાન' તો જ્ઞાનયજ્ઞની સામગ્રીમાં એક રાઇના દાણા જેવડું છે. એને માટે વાતો કરવી એ મિથ્યાડંબર જેવું થઇ જાય એવો ભય રહે છે છતાં ધર્મ-તત્ત્વનું સાહિત્ય તપાસવા બેસીએ ત્યારે, નવલકથા વાર્તા કે બીજા બધા સાહિત્યની સામે

ગુજરાતનું ધર્મસાહિત્ય હજુ બહુ થોડું લાગે છે. એ દિશામાં નાના મોટા બધા પ્રયત્નો વધાવી લેવા જેવા છે. સંભાળ રાખવાની છે કેવળ વિશુધ્ધ અને વિચારશીલ સાહિત્ય પીરસવાની. એમાં દૃષ્ટિ રાખવી જોઇએ પવિત્રતાની. કાર્ય જેવું પવિત્ર છે, એવો જ પવિત્ર ભાવ એના સાહિત્ય ઉપર રખાય તો જ એ સેવા શુધ્ધ અને સત્ત્વ-શીલ કહેવાય.

ઘણું કરવાનું છે! 'ઉત્થાન' દ્વારા કેટલું થશે, કેવું થશે, એ બધું ભાવિના હાથમાં છે. અત્યારે તો એટલું જ કહીને વિરમું છું કે વિદ્વાન લેખકો સહાયતા કરે! ગ્રાહકો સેવા ચાલુ રાખે, શુભેચ્છકો 'ઉત્થાન' અને એનાં પુસ્તકોના પ્રચાર માટે પ્રયત્ન-શીલ રહે અને મારી ઉણપોનું મને ભાન કરાવી કર્તવ્ય પરાયણ રાખે! આટલું થાય તો યે ઘણું છે!

આશ્રમ બંધ થાય છે. વડોદરામાં આશ્રમ નહિ પણ "ઉત્થાન"નું કાર્યાલય છે. મારા અંગત સત્સંગનો લાભ લેનારાઓને વિનંતિ છે કે ત્યાં કશી રહેવા કરવાની સગવડ નથી. હું જાતે જ ઘણોખરો વખત પર્યટનમાં ગાળીશ; વખતોવખત આપનાં નિમંત્રણને શિરોધાર્ય માની આપની સાથે જ્ઞાનચર્ચાનો લાભ લેવા આવી ચડીશ; પત્રોથી બને તેટલી સેવા કરીશ; અને એ રીતે શ્રવણ-મનનમાં જે અનુકૂળતા જોઈશે તે કરી આપવામાં તત્પર રહીશ.

પરંતુ વડોદરામાં આવીને જેઓને સ્વતંત્ર રહેવાની સગવડ હોય તેઓ કેવળ સત્સંગ માટે આવી શકે છે. તેઓને પણ આગ-ળથી પત્રવ્યવહાર કરી મારી હાજરીની ખાતરી કરી લેવાની વિનંતિ છે. પત્રવ્યવહાર બધો 'ઉત્થાન' કાર્યાલયની મારફત કરવાનો છે. આટલું અંગત મિત્રોને માટે લખીને વિનવું છું કે સૌ પોતાનું

સામર્થ્ય 'ઉત્થાન'ને સમૃદ્ધ કરવામાં વાપરે! પરમાત્માએ મને આશ્રમના ભારમાંથી અત્યારે તો મુક્ત કર્યો છે. તે 'ઉત્થાન'ની એકાદ વર્ષ એકાન્ત ભાવે સેવા કરી લેવા માટે! એ જરા વ્યવસ્થિતપણે પગભર થાય, એટલે સૌ મિત્રોને સત્સંગ–સહવાસનો પ્રસંગ પડશે, અવશ્ય મળશે, એટલું ધૈર્ય બધા કેળવી લે! અસ્તુ! ૐ!

પરમાત્મા આપણને સૌને 'ઉત્થાન' દ્વારા જાગ્રત રાખે; જાગ્રતિ દ્વારા મહાપુરુષોનું શરણ લેવરાવે, અને એ શરણ દ્વારા આત્મજ્ઞાન અપાવે એ જ પ્રાર્થના! ૐ ૐ

(જુન, ૧૯૪૪)

# ઉત્થાન ચાર વર્ષે બંધ થાય છે!

'ઉત્થાન' માસિક પત્ર અને એનું કાર્યાલય બંધ થાય છે! ઉત્થાનને હું પ્રથમથી જ સાહસ કહેતો આવ્યો છું. તેથી જ કદાચ એ સહસા બંધ થતું હોય!

પ્રત્યેક કાર્યને કૈં ને કૈં કારણો હોય છે જ. આરંભ અને અંતનાં કારણો કોઇ પણ કાર્યમાં એક જ હોય તો તે કેવળ નિષ્કામ અને સહજ કર્મમાં જ; એ કારણ હોય છે જે સ્વાત્માનન્દમાંથી સહજ સ્વભાવે એ ઉદ્‌ભવે છે તે આનન્દમાં એની પૂર્ણાહૂતિ થાય છે તે. એમાં મુખ્ય ઉપદેશ ત્રિગુણાત્મક વ્યવહારમાં गुणाः गुणेषु वर्तन्त इतिमत्वा न सज्जते। (ભ. ગી.)ના સિદ્ધાંત પ્રમાણે ગુણો ગુણોની સાથે રમતા હોય ત્યારે તત્ત્વજિજ્ઞાસુ તત્ત્વમાં રમતો હોય છે. જિજ્ઞાસુની પ્રત્યેક શુભ પ્રવૃત્તિ, નિવૃત્તિ તરફ જ વલણ વધારનારી હોય છે. વર્ણાશ્રમની વ્યવસ્થા અંગેનાં કર્મ, ઉપાસના, તીર્થભ્રમણ, જપ, તપ, કથાશ્રવણ, વ્યાખ્યાન, લેખનકાર્ય, ઉપદેશ. વ્યવસાય, સત્સંગ, શાસ્ત્રચર્ચા, સ્વાધ્યાય, અધ્યયન, અધ્યાપન, મઠમંદિર કે આશ્રમ સંચાલન કે એવાં જ બીજાં લોકહિતનાં અસંખ્યવિધ કાર્યોમાં જિજ્ઞાસુ કે જ્ઞાનીનું અન્તર તો તત્ત્વનું જ સ્મરણ રાખ્યા કરે છે. કર્મોની વિવિધ પરંપરામાં તત્ત્વદર્શન થવા કે વધવા માંડે છે, તેમ તેમ કર્મ શૃંખલાના આંકડા તો સુકાં પાંદડાની પેઠે આપોઆપ તૂટી ખરી પડવા માંડે છે. પરમાર્થદૃષ્ટાને કર્મોના આદિઅન્તમાં વ્યાવહારિક હાનિલાભનો નહિ, પણ આત્મલાભનો જ ઉદ્દેશ હોય

છે, તેથી પ્રત્યેક કર્મ એને આત્મજ્ઞાનનાં પોષક અને દ્વૈતનિવર્ત્તક જ નીવડે છે.

'જ્ઞાન સાધન આશ્રમ,' 'ઉત્થાન' કે એવી કોઇ પ્રવૃત્તિઓ અરે એટલું જ કેમ ! દેહધારણથી માંડી દેહલય સુધીનાં બધાં પરિવર્તનો અને પ્રવૃત્તિઓ મારા પોતાના જ્ઞાનસાધન માટે હતાં અને છે. હું એ પ્રવૃત્તિઓને વળગીને એમાં ખપી જવા માટે નથી. આદિઅંતવાળાં કર્મોનો ઉપયોગ તો ચિત્તને નિર્વેદ અપાવીને તત્ત્વ તરફ વાળવાનો હોય છે. અત્યારે ઉત્થાનને બંધ કરવામાં, સભાન બંધ કરવામાં, બાહ્ય દૃષ્ટિએ કોઇને ગમે તેવાં કારણો કે વિઘ્નોનું અનુમાન થાય પરંતુ મારે માટે મુખ્ય કારણ તો છે મારી અત્યારની મનોવૃત્તિ, નિવૃત્તિપરાયણ વલણ, દ્વંદ્વો કે વિઘ્નોનોનો ભય નહિ, પણ આંતરિક વૃત્તિઓની વિશ્રાંતિ જ છે. અને તેથી જ ઉત્થાન બંધ થાય છે.

બાહ્ય કારણ તો જેટલી અને જેવી જેની દૃષ્ટિ તેટલાં અસંખ્ય નીકળી આવે. કાલબળે રજોતમોગુણી વાતાવરણને ખુબ જ ઉભરાવી છલકાવી મૂકયું છે; માનવ પ્રજા લોહીતરસી બની છે; ક્ષુદ્ર વાસના અને વિલાસનાં મૂળ જેવાં કામ, ક્રોધ, લોભ, મોહ તથા મદાંધતાને પોષવા માટે અસત્ય, દંભ, દર્પ અને દૂષિત અહંકાર જેવાં રાક્ષસી તત્ત્વો ભરેલાં માનવ શરીરમાં આસુરી વૃત્તિઓના જીવાત્માઓ ઘૂમતા હોય એવો આભાસ થાય છે ! પરોપકારનાં કાર્યો એકાદ સુગંધિત પુષ્પ જેવાં છૂટાં છવાયાં નજરે પડે છે, પણ તે બધાં કેટકેટલાં નિઃસ્વાર્થ તન-મન-ધનના ભોગે કે જેનો હિસાબ તો એ કાર્યકર્તાઓ પણ નહિ જાણતા હોય !. સત્ત્વભક્ષી રાક્ષસી વાતાવરણ શુભ કર્મોને સ્વાહા કરી જાય છે ! અસંખ્ય સંસ્થાઓ સ્થપાઇ હશે ! અસંખ્ય ખંડેરો ભારતવર્ષમાં સ્થળે સ્થળે દૃષ્ટિ-ગોચર થાય છે ! ગુજરાતમાં યે સર્વમાન્ય વિદ્વાનોને હાથે ચાલતાં

સુદર્શન, જ્ઞાન-સુધા, વસન્ત, મહાકાળ, પ્રાતઃકાળ, વિશ્વજયોતિ અને બીજાં અસંખ્ય માસિકો અત્યારે તંત્રપરંપરાને અભાવે સ્મરણશેષ રહ્યાં છે. એમના ઉદયાસ્ત થઇ ગયા, એ જ ઉદયાસ્ત બીજાના પણ થાય એમાં આશ્ચર્ય નથી. પ્રકૃતિ એટલે જ સદ્ભાવ અભાવનું પ્રદર્શન ક્ષેત્ર. એમાં કશું આશ્ચર્ય નથી; કશી નવીનતા નથી. દેશકાલભેદે જુદાં જુદાં કારણો સંભવે પણ કાર્યોનો ઉદયાસ્ત તો પ્રકૃતિનો અટલ નિયમ છે. "ઉત્થાન" પણ એ જ નિયમને વશ બનીને બંધ થાય છે. કશા શોકમોહને અધીન થઇને નહિ. તેમાં યે વેદાન્ત જેવા ગહન વિષયના અધિકારી જ ગણ્યાંગાઠયાં! તત્વ-જ્ઞાનના વિષયને બુદ્ધિગમ્ય કરી, અનુભવને પંથે પડનારા જિજ્ઞાસુઓ જ વિરલ! ભગવાન શ્રીકૃષ્ણ કહે છે તેમ मनुष्याणां सहस्रेषु कश्चित् मां वेत्ति तत्त्वत: હજારોમાંથી કોઇક જ પ્રયત્ન કરે અને પ્રયત્ન કરનારાઓમાંથી કોઇ વિરલો જ પરમતત્ત્વનો યથાર્થ અનુભવ કરી શકે. આ દૃષ્ટિએ મૂલમાં જ આવા સાહિત્યના ગ્રાહકો ઓછા અને એમાં યે આ રાગદ્વેષના અટપટા જમાનામાં, આ ક્ષેત્રમાં સરળતાને બદલે એક બાજુ પ્રપંચના ખાડા નડે; તેમ બીજી બાજુ ગ્રાહકોની ઓછી સંખ્યાને લીધે છેવટે આર્થિક નુકસાન જ ઉગરે. વેદાન્તગ્રન્થોના વાંચકોની સંખ્યા એટલી તો થોડી હોય છે કે એમાં રોકેલી રકમ પણ પાછી આવવાનો સંભવ હોતો નથી. સંચાલકોમાં ઘણે ભાગે એકદેશીય બુદ્ધિવાળા, અતિશ્રદ્ધાળુ અને કાર્યદક્ષતાના અભાવવાળા હોવાથી, જે વણિક બુદ્ધિ એ વ્યવ-સ્થામાં રાખવી પડે તેનો છાંટો પણ એમનામાં હોતો નથી; પ્રયત્નો નિષ્ફળ જાય છે; પુસ્તકો લખવાં, છપાવવાં, લખાવવાં, વેચવાં કે પ્રચાર કરવો એ બધામાં યોગ્ય સહાયકોને અભાવે ,પરિણામ શૂન્યમાં આવે છે, કેટલાંએ પુસ્તકો પ્રકાશકો કે લોખકોને ત્યાં ગાંસડાં પોટલાંમાં બંધાઇને ઉધઇની રાહ જોતાં હશે એ તો

પરમાત્મા જાણે ! અત્યારે પણ વસ્તુસ્થિતિ વિકટ છે એ વાત સર્વમાન્ય છે. તે ઉપરાંત મારા પોતાના સ્વભાવમાં કેટલીએક વ્યાવહારિક ઊણપો છે; કાર્યદક્ષતાનો અભાવ, સંસર્ગીઓમાં અતિવિશ્વાસ, બધાને પોતાનાં અને સારાં માનવાની ટેવ, હિસાબી દેખરેખની ઊણપ, અને એવાં ઝીણાં ઝીણાં અણુઆવડતનાં લક્ષણોને લીધે વ્યવહારમાં અવારનવાર વિઘ્નો આવે તેથી કાર્યમાં નિષ્ફળતા જ આવીને ડોકિયાં કર્યા કરે એમાં કશું આશ્ચર્ય નથી. મુખ્ય સાધન–વ્યવસાય શ્રવણ, મનન અને નિદિધ્યાસનનો હોવાથી કાર્યકૌશલ્ય હોય નહિ, અને તેથી એવા કૌશલ્યની ઊણપને લીધે પણ ઉત્થાન બંધ થાય છે.

સ્વભાવમાં પૂર્ણતાનો કે નિર્દોષ હોવાનો હું દાવો કરતો નથી; અને એનો દાવો કયો માનવ દેહધારી કરી શકે ? निर्दोषं हि समं ब्रह्म સમસ્વરૂપ બ્રહ્મ જ નિર્દોષ છે; અને सर्वारंभाहि दोषेण धूमेनाग्निरिवावृता સર્વ સમારંભો ધૂમાડાથી અગ્નિ ઢંકાએલો હોય તેમ દોષ વડે ઢંકાયેલા જ છે. માત્ર નિર્ધૂમ અગ્નિ સ્વરૂપ આત્મા જ સદા સ્વરૂપે નિર્દોષ છે; આવા ત્રિગુણાત્મક દોષ જ્ઞાનસાધનમાં વૈરાગ્ય પોષક હોવા છતાં પણ વ્યવહાર પક્ષે કાર્ય સિધ્ધિમાં બાધક નીવડે છે; જેમ કે ગુણદોષ જોવા, તપાસવા, વીણવા, નાના મોટાના અને સત્યાસત્યના ભેદ વધારવા વગેરે. ગુણાત્મક દૃષ્ટિ કરવી, એ તો સાધન માર્ગે પણ વિપરીત છે, એટલે એમાં નિરુપાય થવું પડે છે. વ્યવહારમાં જયાં વ્યક્તિ વ્યકિતને તપાસીને જોવી પડે છે ત્યાં આત્મદર્શીને તો બધે ગુણદોષ દૃષ્ટિને ભસ્મીભૂત કરી, લાભહાનિ જેવાં દ્વંદ્વોની વિસ્મૃતિ કરી. નિર્દોષ બ્રહ્મદર્શન કરવાનું હોય છે; એવી રીતે નિર્દોષ બ્રહ્મદર્શન કરવા જતાં શ્રધ્ધાને બદલે અતિશ્રધ્ધા, સાવધાનતાને બદલે પ્રપંચદર્શન, અને પરિણામે કાર્યક્ષતિ થવાના સંભવ ઊભા

થાય છે. વ્યવહારમાં અણુધાર્યાં દ્વંદ્વ આવીને ડોકિયાં કરે છે. અકારણ પ્રાપ્ત થતાં દ્વંદ્વોને ચિત્ત ઉપર તો ન લાવીએ, પણ કાર્યની સિદ્ધિ વિના લોકસેવા થાય નહિ, એટલે અનિચ્છાએ પણ એવાં કાર્યોનો અંત આવે છે. અને જ્યાં એવાં કાર્યની અસિદ્ધિ કે અવ્યવસ્થા ઊભી થઇ કે સેવાના દ્વંદ્વાભાસને બદલે વૈરાગ્ય જ આવીને આદેશ કરે કે किमिच्छन् कस्यकामाय આ મિથ્યા પ્રપંચના દ્વૈતાભાસમાં કઈ ઇચ્છા કે વાસનાને માટે આ બધો ઘટાટોપ નિભાવવો? આથી પણ ઉત્થાન બંધ કરવું પડે છે.

મારા સ્વભાવની ઊણપ હું બતાવી ગયો; એ રહી વ્યવહારપક્ષે માનસિક અપૂર્ણતા કે દોષ; જેમાં શારીરિક અનારોગ્યે પણ મેળ સાધવા માંડયો છે. બાહ્ય કારણોમાં સૌથી મહત્વનું કારણ શરીર છે. માથાની ગરમી તો ઘણાં વર્ષોથી રહ્યા કરતી હતી, તેમાં છેલ્લાં ત્રણેક વર્ષથી આંખમાં ગરમી અને ઝાંખ વધવા માંડયાં; લાગલાગટ બે કલાકનું વાચન-લેખન કરવા જતાં આંખોને ત્રાસ થાય છે; આ કાર્ય રહ્યું મુખ્યત્વે માથાને અને આંખોને જ પરિશ્રમ પડે એવું; એને લીધે પણ ઉત્થાન બંધ થાય છે.

આશ્રમ બંધ કરીને ઉત્થાન તથા એની સાથેના પ્રકાશન કાર્યને વેગ આપવાના મનોરથો સેવીને કેટલુંએક સાહસ કર્યું; ઉપરાંત હું લગભગ સત્સંગ પ્રસંગે બહાર રહેવા માંડયો; સાથે સાથે જ કાગળનિયમનનો સરકારી કાયદો તૂટી પડયો; ઉત્થાનનાં પાનાં ઘટયાં; પુસ્તકો પ્રગટ કરવામાં ધારી સફલતા ન મળી: ત્રણેક મહિને બધા પ્રયત્નોને તપાસી જોતાં એમાં પુષ્કળ આર્થિક 'નુકસાન' નજરે પડયું એટલે ત્યાંથી જ કાર્યની ઈતિશ્રી કરવા

ન કરવા’ ઉપર ધારણા ફેરવવા માંડી. અંતે એ નિશ્ચય થયો કે જાત-દેખરેખ વિના કાર્યસિદ્ધિ સાધી શકાય એમ નથી, તેથી ઉત્થાન બંધ કરવું અને બધી પ્રવૃત્તિ ગમે તે ભોગે સંકેલી લેવી.

ઉત્થાનને ચલાવવામાં કશી ઊણપ નથી રાખી એ પરમ-સંતોષની વાત છે; એની લેખસામગ્રીમાં વિદ્વાન લેખકોનો ઉચિત સહકાર હતો અને જે સંસ્કારી વાચન આપવાનો ઉદ્દેશ હતો તે સચવાઇ રહ્યો તેથી એ બધાનો મુખ્ય ધન્યવાદ એમને ફાળે જાય છે. ઉત્થાનના ઘણા ગ્રાહકોએ ગ્રાહકો મેળવીને અને મારા અંગત મિત્રો તથા શુભેચ્છકોએ સર્વ દિશામાં સહાયતા આપીને જે નિષ્કામ સેવા કરી છે, એ બધું એમની ચિત્તશુદ્ધિ અને આત્મલક્ષ્યમાં અવશ્ય નિમિત્તભૂત બને એવી ઈશ્વરપ્રાર્થના છે. એકંદરે સહકાર હોવા છતાં ઉત્થાન બંધ થાય છે.

પાર્થિવ જીવનનાં એ અનિવાર્ય પાસાં છે અને તે છે સંસારચક્રને ત્રિગુણાત્મક રીતે ચલાવનારાં દ્વંદ્વો. એ તો આવી ગયાં, આવે છે અને હજુ પણ આવશે જ, એનાથી ડરીને ન્હાસી છૂટવાના નિમિત્ત તરીકે ઉત્થાન બંધ થતું નથી. જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી દશ્યરૂપે પણ એ કર્મ નિહાળવાનું છે; કર્મ છે ત્યાં સુધી દ્વંદ્વોનો આભાસ પણ છે જ, અને એ દૃષ્ટિએ તો એની કશી કીમત જ નથી. મૂલમાં જ જ્યાં અજ્ઞાન, અવિદ્યા અને એના કાર્ય જેવો આ સંસાર મિથ્યા-તુચ્છ છે, ત્યાં તત્ત્વજિજ્ઞાસુ એનાં ડાળ પાંખડાં જેવાં દ્વંદ્વોનો વિચાર કરે એ અવાસ્તવિક છે. સર્વત્ર શુભદર્શન, મારાતારાનો અભાવ, અપરિગ્રહવૃત્તિ, ક્ષમા અને ઉદારતા જેવાં સાધનો આત્મ-દર્શીને સ્વભાવમાં ઉતારવાં જ્યાં ભૂષણ ગણાતાં હોય, ત્યાં

આ વ્યવહારની ધારી સિદ્ધિમાં તો પ્રત્યેકના ગુણદોષ જોવા, મારાતારાના ભેદ સાચવવા, વસ્તુઓના વિનિમયમાં મમત્વનું ભાન રાખવું, ત્રિપુટીને સત્ય માનવી, ક્ષમા ન રાખતાં ગુણ પ્રમાણે કાર્યનો બદલો લેવો, ત્યાગને બદલે હિસાબી મનોધોરણ પાળવું અને આવી વ્યવહારને પોષતી વૃત્તિઓ સેવતાં ન આવડે, એટલે વ્યાવહારિક કુનેહનો અભાવ ગણાય, કાર્યસિદ્ધિ ન થાય, અને એ રીતે કર્મયોગનો અધિકાર જ મારા પોતાના સ્વભાવમાં રહેતો નથી–ઉતરતો નથી. જગતનાં ડાહ્યાં લોકોનો ઉપદેશ સ્વીકારી શકતો નથી તેથી ઉત્થાન બંધ થાય છે.

સૌ પોતપોતાની દૃષ્ટિમર્યાદામાં રમે છે; હું મારી પોતાની સાધનમર્યાદામાં રહીને રમું એમાં કશું આશ્ચર્ય નથી; વિશ્રાન્તિ ઇચ્છતી મનોવૃત્તિ અને સ્વાસ્થ્ય ઇચ્છતું શરીર એ બે મુખ્ય કારણોમાં કર્મોનાં આદિઅંત તો કેવળ નિમિત્ત માત્ર છે. મનોવૃત્તિ ઉપરામ થાય એટલે એના ઉપર જ અવલંબન રાખવા જતાં બાહ્ય કર્મોમાં શિથિલતા કે કર્મસંન્યાસ આવે એ સ્વાભાવિક છે. આવા તન–મનના અસહકારને લીધે ઉત્થાન બંધ થાય છે.

અંગત મિત્રોના ઉત્સાહ, દાનધર્મ અને સેવાસિદ્ધિમાંથી આવેલી રકમ નુકસાન માટે જ હતી, એવી આશંકા સાચી પડી છે. કર્મયોગીને હાનિલાભ જેવાં દ્વંદ્વો અશાંતિનું કારણ બને તો આખો કર્મયોગ નિષ્ફળ થાય છે; શાન્તિસ્વરૂપ પરમાત્માને બદલે અશાંતિ અને અજ્ઞાન જેવાં દ્વંદ્વોનાં જૂથ એના મનોદેશમાં ભૂતની પેઠે ઘૂમ્યા કરે છે. કર્તવ્યમાં કેવળ એ ત્યાગનિષ્ઠ રહ્યો છે એ જ એની મહાસિદ્ધિ છે; એ જ આત્માનંદ છે; હિસાબી નુકસાનનો પ્રશ્ન આ દૃષ્ટિએ કેવલ

તુચ્છ હોવા છતાં વ્યવહારની દૃષ્ટિએ એનો આટલો ઉલ્લેખ ખસ છે.

ગ્રાહકોને વાચનની ખોટ આવવા દીધી નથી. ચાર વર્ષમાં ત્રણ સુંદર પુસ્તકો ભેટ આપ્યાં છે. અત્યાર સુધીના ભાવ-શુદ્ધ પ્રયત્નોમાં મને પોતાને સંતોષ છે. આરંભ અને અંત આત્માનંદની દૃષ્ટિએ સુંદર અને શ્રેયસ્કર રહ્યાં છે. પ્રત્યેક પ્રવૃત્તિ આનંદમાંથી ઉદ્‌ભવતી હોય ત્યાં પર્યવસાન પણ આનંદમાં જ આવે છે; પ્રકૃતિ પ્રત્યેક ક્ષણે અસંખ્ય કોટિ દ્રવ્યો ફલા-શાથી મુક્ત રહી, જીવાત્માઓ માટે ખર્ચે છે. લોકસેવાના કાર્યોમાં દાનસેવકો ધનની નદીઓ વહેરાવે છે, એમાં ઈશ્વરેચ્છાથી આવતા ઉદયાસ્ત જેવા ઉત્થાનના પ્રસંગમાં ધનહાનિનો પ્રશ્ન તુચ્છ છે. ચાર ચાર વર્ષના ગાળામાં આત્માના પ્રચંડ જ્ઞાન-ભાસ્કરનું એકાદ કિરણ પણ ઉત્થાનના વાચકોના હૃદયમાં પડયું હશે, લેખસામગ્રીમાંથી જિજ્ઞાસુઓના અંતઃકરણમાં ચૈતન્યનો ચમકારો જાગ્યો હશે, જીવનમાં કંઈક કૃતાર્થતા અનુભવવાની એકાદ ધન્ય પલ પણ ઉદ્‌ભવી હશે, અને અંતે ઉત્થાન પોતાનાં મધુર શ્રેયસ્કર સંસ્કરણો રાખી જશે, તો આ માટીના જ રૂપાન્તર જેવાં, ચંચલ લક્ષ્મીના ચિહ્ન જેવાં નાણાં તો અનન્ત કાલગર્તમાં હતાં નહોતાં થવાનાં હતાં તે થયાં, એ પ્રશ્ન અત્યંત તુચ્છ છે! જીવનમાં આત્માનાં અજવાળાં ઉતર્યાં હશે કે ઉતરશે તો એ ભવોભવનાં અજ્ઞાનાંધકારને છિન્નભિન્ન કરવામાં નિત્ય નિમિત્ત બનશે જ બનશે. એવી અચલ શ્રદ્ધા સાથે ઉત્થાન બંધ થાય છે.

સહૃદય વાચક વર્ગ! જે પરમતત્વના સાધન રૂપે આપણે આટલા પરિચયમાં આવ્યા, એ જ આપણું લક્ષ્ય રહે અને

એમાં જ આપણે અભેદ અને એકભાવે દ્વંદ્વમુક્ત હતા, છીએ ને રહીશું એ નિષ્ઠા સાથે આટલું નિવેદન કરીને વિરમું છું.

આ નિવેદનમાં કોઇ સંસારડાહ્યાને મારી ઊણપનું લક્ષ્ણ બચાવનામું લાગશે; જિજ્ઞાસુને નિર્વેદ આપશે, તત્ત્વવિદ્‌ને નિવૃત્તિ-પરાયણ વૃત્તિમાં બલ આવશે, સાચા કર્મયોગીને ઉત્સાહ અને સાવધાનતા શીખવશે. સૌને પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે અર્થ સૂઝશે; મને જે સૂઝ્યું છે તે તો ભગવાન શ્રી શંકરાચાર્યના આદેશ પ્રમાણે આવું છે.

जातं मय्येव सर्वं पुनरपि मयि तत्संस्थितं चैव विश्वं,
सर्वं मय्येव याति प्रविलयमिति तद् ब्रह्म चैवाहमस्मि ।
यस्य स्मृत्याच यज्ञाद्यखिल शुभ विधौ सुप्रयातीह कार्यम्
न्यूनं संपूर्णतांवै तमहमतिमुदैवाच्युतं सन्नतोस्मि ॥
शतश्लोकी ॥१०१॥

આહા! આ જગત તો મારા શુધ્ધ સ્વરૂપમાંથી ઉપજ્યું છે અને ત્યાર પછી મારામાં જ સ્થિરતા ભોગવે છે; પાછું અંતે મારામાં જ લય પામે છે. આવી રીતે આ સમસ્ત વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયનો એક માત્ર આધાર પરબ્રહ્મ નામનું તત્ત્વ છે, તે જ હુ છું. જે બ્રહ્માત્માના સ્મરણ માત્રથી સંપૂર્ણ શુભ કર્મોની ન્યૂનતા પણ પૂર્ણ થઈ જાય છે, તે અવિનાશી આત્માને બ્રહ્માનંદવર્ધિની અખંડવૃત્તિ વડે પ્રસન્નતા પૂર્વક હું કેવળ પ્રણામ કરું છું. ૐ ૐ જુન ૧૯૪૫

## ગુરુપૂર્ણિમા અને પ્રાર્થના !

ગુરુદેવ ! પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપ ! આજે તો આપને હૈયું ઠાલવીને રીઝવવાનું મન થાય છે! પેલા તૈત્તિરીય ઉપનિષદ્‌નો શિક્ષાધ્યાય હૃદયમાં અકસ્માત્ સ્ફૂરે છે; આપે ભણાવેલું મેં યત્કિંચિત્ સાંભળેલું, સંતોએ સમજાવેલું, બુદ્ધિએ વાગોળેલું અને હૃદયના ભાવાગ્નિમાં આહુતિ બનેલું એ પ્રત્યક્ષ થતું હોય એવી ઊર્મિ જાગે છે:

ॐ नमो ब्रह्मणे। नमस्ते वायो। त्वमेव प्रत्यक्षं ब्रह्मासि। त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि। ऋतं वदिष्यामि। सत्यं वदिष्यामि। तन्मामवतु तद्वक्तारमवतु अवतु माम्। अवतु वक्तारम्। ॐ शान्तिः। शान्तिः। शान्तिः॥

અર્થ તો આ પ્રમાણે છે: અને તે પણ શબ્દોમાં; "ॐ બ્રહ્મને નમસ્કાર ! વાયુદેવ તમને નમસ્કાર! તમે જ પ્રત્યક્ષ બ્રહ્મ છો! તમને જ હું પ્રત્યક્ષ બ્રહ્મ કહીશ. તમને જ ઋત કહીશ; અને સત્ય પણ તમને જ કહીશ. તમે મારી રક્ષા કરો ! વક્તાની રક્ષા કરો ! મારી રક્ષા કરો ! વક્તાની રક્ષા કરો ! ॐ શાન્તિ ! શાન્તિ ! શાન્તિ !"

ગુરુદેવે ભણાવેલા અને શિષ્યે અનુભવી–પચાવીને ફરહાડેલા આ બ્રહ્મોદ્‌ગાર ! ગુરુદેવ ! આપ જ બ્રહ્મ છો. એમ પરાપૂર્વના ઋષિઓએ જોયું, જાણ્યું અને માણ્યું ! એવું જ આપે પ્રત્યક્ષ થઈ ને મને કહ્યું: ખરે જ આપને નમસ્કાર ! આઠે અંગોને ઢાળી દઇને નમસ્કાર ! ઢાળવા જેટલી પણ બુધ્ધિ રાખું એય મારી કચાશ ! આપની બ્રહ્મ-

મૂર્તિ સામે તો આ શરીર આઠે અંગે સહજ સ્વભાવે ઢળી પડે એટલી બધી કૃપા આપે તો કરી છે !

હું તો જીવભાવ પામેલો, માનવી શરીરવાસી, શરીરને જ 'હું પણું' માનીને અંદરનાં બુદ્ધિ, સ્મૃતિ, ધૃતિ, કલ્પના, જ્ઞાન, દયા, ક્ષમા, ઉદારતા, પ્રેમ, એવા બધા સદ્‌ભાવને મારા માનીને અહંકારી બનેલો ફૂલેલો–ફાલેલો જાણે કોઇ હવાઇ ફુગ્ગો !

અને આશ્ચર્ય તો એ થાય છે કે વર્તન થાય છે અજ્ઞાનીનું પણ અભિમાન જ્ઞાનીનું ચડે છે: કામ અને ક્રોધ, લોભ તથા મોહ, મદ અને મત્સર, શોક, હાનિ, અપમાન, નિન્દા,–એવાં એવાં અમાનુષી કે અ–દૈવી વર્તનોમાં પણ મને જાણે એમ જ થાય છે કે–

મારા જેવો કોઇ ડાહ્યો નથી, મારામાં એકેય ભૂલ છે જ નહિ ! હું કરું છું એ બધું યોગ્ય જ હોય ! મારી સમજણ સાચી, મારું આચરણ ધન્ય, મારી રીતભાત અપૂર્વ, અને મારી સમસ્ત જીવનશૈલી સત્યના સંભારથી ભરેલી કોઈ અલૌકિક દિવ્ય ડંકા વગાડતી, દશે દિશામાં ગર્જના કરી મૂકતી મહામાતા સરસ્વતીની જ કૃપાપાત્ર બક્ષીસ !

આપ બ્રહ્મ છો એમ આપે પૂર્વાચાર્યોનાં પ્રમાણ આપી આપીને સમજાવ્યું. બ્રહ્મ એટલે તો સત્–ચિત્–આનંદ; જીવ એટલે એનાથી વિરુદ્ધ અસત્–જડ--અને દુ:ખ; અને જગત બધુ પણ જીવનભાવમાં જ રાચે–નાચે છે, એટલે એ પણ અનિત્ય–અચેતન અને અસુખનો જાણે વનવગડો. શાસ્ત્રોએ એને કહ્યું છે ભવાટવી; બ્રહ્મમાં તો કશું 'ભવ' એટલે "થવાપણું" નથી, માત્ર હોવાપણું (સત્) જ છે, એને બદલે જે કાંઇ "થયું છે" એમ લાગે એ "ભવ." એ જ જીવભાવ અને એ જ જગતભાવ; જડભાવ કે

ચેતનભાવ, હર્ષ કે શોક જેવાં, જન્મ કે મૃત્યુ જેવાં અસંખ્ય માન્યતાનાં ઝાંખરાં જેમાં ભરેલાં છે, એવું જે થયું લાગે છે એ જગત એટલે જ જાણે ભવ; અને એનો શંભુમેળો આ ભવાટવી! આ અટવીમાં અટવાઇ પડે એ છે જીવ અને જીવભાવના આડા-અવળા મારા–તારા–તેના–ના ગૂંથાઈ ગૂંચાઇ ગયેલા અસંખ્ય શાખા–પ્રશાખાઓ સાથેના વેલાઓ.

આ ભવાટવી! એમાં અસંખ્ય જીવવૃક્ષ, એમાંયે કેટલીએ ભવભાવની કોમળ અને કઠોર, સુંદર કે કદ્રૂપ, સુધામય કે વિષધર એવી ભાતભાતની–જાતજાતની વેલીઓ અને એને આવતાં સુગંધ –દુર્ગંધ ફેંકતાં ફૂલોની સુખદુઃખ આપતી રમણીય સ્મરણીય લાગતી માળાઓની જાળ–જંજાળ.

*　　*　　*　　*

પ્રભો! ગુરુદેવ! બ્રહ્મમૂર્તિ! અત્યારે તો આપ સદેહે વિરા-જતા નથી! પણ જ્યારે આપે સદેહે દર્શન દીધાં, સગુણ રૂપે મને આકર્ષ્યો, પ્રેમમૂર્તિ બનીને આ જડ જીવભાવમાં ચેતનપ્રાણ પૂર્યા, દુઃખમાંથી છોડાવી સુખની ઝાંખી કરાવી, સાન્તમાંથી અનન્તમાં અને અભાવમાંથી ભાવમાં ખેંચી લાવીને દિવ્ય પ્રદેશનાં અજવાળાં દેખાડયાં હતાં–અહો એ ધન્યપળ!

હું હતો સંસારમુગ્ધ અને સંસારમય માનવદેહી! હૃદયમાં એક વાત તો જરૂર હતી, કે મને આ ભવાટવીમાં કશુંયે જાણે ગમતું જ નહોતું! અને એને જ આપે મહામૂલો અધિકાર માન્યો હોય તો એ પણ આપની જ દયા ને!

મને આ વનવગડાના તડકાછાંયા નહોતા ગમતા; મનમાની મોજ અને ઈંદ્રિયભૂખ્યા આરામની ગતાગમ નહોતી એથી જ્યાં

ત્યાં અથડાયો, ટીચાયો, રીબાયો. સુખની આશાથી જે જે જોયું, જાણ્યું, ભોગવ્યું, એ બધું તો નીકળ્યું દુઃખનાં કંટકવૃક્ષોનાં બીજનું જાણે બ્રહ્માંડ જેવડું મહાક્ષેત્ર; જ્યાં વાવું ત્યાં ઊગે નર્યાં બાવળ અને બોરડીનાં ઝાડઝાંખરાં:–પણ આ ઉપમાયે સાચી નથી. બાવળબોરડીને પણ ફળફૂલ હોય છે: એનાંયે લાકડાં –કાંટાનો ઉપયોગ થાય છે-પણ અસંખ્ય જન્મોની મારી આશાતૃષ્ણા, મારી વાસનાઝંખના, મારાં એ અવિચારી કર્મો અને વિષયભોગ માટેની અદૃષ્ટ ઈશ્વર પાસેની પ્રાર્થનાઓ, બધું હતું તદ્દન નિરર્થક. નિરર્થક જ નહિ, સમસ્ત સામર્થ્યને નીચોવીને મને તો એ બધાંયે બનાવ્યો શુષ્ક અને નીરસ; તેને લીધે જડ અને પ્રમાદી, મુગ્ધ અને મૂઢ દિશાભ્રમ થયો; કાલક્રમ સૂઝે નહીં; નિમિત્તની ગતાગમ નહીં; એકલો અને અટૂલો હું રડું રડું અને પસ્તાઉં; હારીને હેઠે પડેલો, થાકીપાકીને લોથપોથ જેવો મારો હૈયાપોકાર હતો સાચી દિશાભાન માટે !

આપ દયાળુ છો ! મારી આર્તભાવની, આર્દ્ર રડારોળ કે આક્રંદભરી દીનવાણી સાંભળીને સદેહે દર્શન દીધાં. સગુણરૂપે કૃપા કરી; માનવમૂર્તિ બનીને કૃપાળુ હાથથી મને પંપાળ્યો, આળસમાંથી બેઠો કર્યો, પ્રમાદમાંથી ઊભો કર્યો, જડમાંથી ચેતન બનાવ્યો.

બ્રહ્મ એટલે તો એક, પરિપૂર્ણ, અખંડ, અજોડ ચૈતન્યઘન આનંદ ! અને એ જ બધે છે, બધુંયે એ જ છે, તો પછી મારું અસ્તિત્વ જ ક્યાં રહ્યું ! સાચી વાત છે; આપ છો; હું નથી.

જાગીને જોઉં છું તો ભાતભાતનાં જડ, ચેતન બીબાં નાચેકૂદે છે; બ્રહ્માંડભરમાં હરેફરે છે, આકાશમાં તેજના ગોળા થઈને

એકની આસપાસ બીજા અસંખ્ય રાસ રમે છે; જલતત્ત્વના જલધિ જોતાં તો એના ઉછાળા મારતાં મોજાં પૃથ્વીને નવરાવીને ચોકખી કરવા મથતાં હોય તેવી રમત રમે છે; અને આ પૃથ્વી —એની સપાટી ઉપર તો જાણે હે બ્રહ્મદેવ! આપની રમતની ગમ્મત જાણે પરાપારમાંથી ઊતરી આવી હોય તેવી!

સમુદ્રનું જ પાણી ખેંચીને ઊંચે ચડાવનાર પેલા સવિતા-નારાયણની તો કોઇ અગાધ લીલા છે! પાણીને ઉપર ઉપાડીને, આકાશમાં આમતેમ ફેરવીને પાછું પૃથ્વી ઉપર ફેંકે છે: બ્રહ્માંડના અસંખ્ય જીવસમૂહની જેમ પૃથ્વીના પેટાળમાં પણ ઘાસપાન અને ઝાડવેલાનો અવ્યકત બીજનો મહાભંડાર છે. એમાંથી ઊગી-ફૂટીને પૃથ્વી લીલીછમ બની રહે છે, વચ્ચે વચ્ચે આ મનસ્વી ચંદ્ર રઢિયાળી રાતો પાડી પાડીને અજવાળાં અંધારાની સંતાકૂકડી રમાડી વનસ્પતિમાં રસ રેડે છે; આટલી તો વનસ્પતિ-વર્ગની ભાતભાતની છાંટણાંવાળી નવવધુએ ચૂંદડી ઓઢી હોય એવી, પૃથ્વીદેવીની ઘૂંઘટઘેરી રીતરસમ.

કીડીથી માંડીને કુંજર જેવાં, પતંગથી માંડી ગરુડ જેવાં, સસલાથી ગણીને સિંહ જેવાં, વાનરથી શરૂ કરીને નરદેવ જેવાં અસંખ્ય પ્રાણીઓ—હિંસક અને દયાળુ, બધાંય બધાંયને નહિ, પણ પરંપરાએ બધાંય બધે જ ઉપયોગી છે. એકબીજાને આધારે જીવન ટકાવીને—જીવતાં રહેવાની કાયાકૂટ કરીને એ બધાયે જ આ પૃથ્વીને વસુન્ધરા બનાવી છે. ના—ના, પૃથ્વી પોતે જ વસુન્ધરા બની બેઠી છે, એના વિશાળ પટ ઉપર તો, હે, બ્રહ્મદેવ! તમે બધાં ચિત્ર ચિતર્યાં છે; હે ચિત્રગુપ્ત! આપનો આ નકશો, આ માપવાળું પણ અમાપ લાગતું વિશ્વ કે પૃથ્વીપટ બધુંય એક વિશાળ, વ્યાપક, ચિત્રપટ છે. એમાં ત્રણ ગુણના રંગ છે;

જાગતા ઊંઘતાના થાક ઉતાર છે; રાગદ્વેષનાં યુદ્ધ દેખાય છે, મોહ અને પ્રેમનાં સ્વાર્પણ તો હિંસા અને તિરસ્કારનાં નિકંદન—નાશ છે.

સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી એ ત્રણ; ઉપરાંત આકાશમાં રોજ રાત્રે દેખાતી અસંખ્ય જ્યોતિર્મંડળની ઝગમગાટ કરતી ભાત-ભાતની ફેરફૂદડી ફરતી રાત્રિલીલા! અને એટલેથીય ક્યાં પૂરું થાય એમ છે?! એ બધાંયની ઉથલપાથલ કરતો હોય તેવો માતરિશ્વા તો જાણે અદ્ધર તેજના ગોળા ફેરવ્યા જ કરે છે. જડને ચેતન કરવાનું કામ જાણે એનું એકલાનું જ! એ વાયુદેવ ઘૂમતા જ રહે, એક ક્ષણનો પણ વિરામ લે તો એ વાયુદેવ જ શેના? અવિરત ગતિ એ એનો સ્વભાવ અને સ્વરૂપ; એ હાથની તાળી પાડીને મનુષ્ય જેમ આનંદ લૂંટે છે, તેમ દશે દિશામાંથી સામસામી આવજા કરીને એય અસંખ્ય હાથતાળીના ખેલ રમે છે! આકાશના જ્યોતિર્મંડળને આમતેમ ઊથલાવવા, સ્થાનભ્રષ્ટ કરવા, નાનામોટા કરવા, એમને અવનવીન રૂપ આપવાં, એ બધાં એ વાયુદેવનાં જ પરાક્રમ! એના વિના ગતિ નથી; ગતિ નથી તો જગત્ નથી; અને ગતિ હમેશાં ગતિમાન્ રહે છે એથી તો એમાં પ્રાણ છે! પ્રાણ એટલે જ ગતિ; આકાશમાં હોય ત્યારે વાયુદેવ, માનવપિંડમાં ચેતનભર્યા હોય ત્યારે પ્રાણ! આ છે વાયુદેવની લીલા!

*　　*　　*　　*

ગુરુદેવ! જાગ્રતની દ્રષ્ટા-દ્રશ્યની રમતમાં જેમ દ્વંદ્વ ભર્યાં છે, તેવાં જ સ્વપ્નવિહારીની લીલામાં દર્શનનૃત્યો છે. દ્રષ્ટાને લીધે દ્રશ્ય કે દ્રશ્યને લીધે દ્રષ્ટા એનો નિર્ણય કોઇ કરી શકે એમ નથી. કારણ કે એકની અપેક્ષાએ બીજું હાજર જ હોય છે: લખતી વખતે હું દ્રષ્ટા છું તો મારી બુદ્ધિ તથા નજર સામે કાગળ, શાહી કલમ વગેરે બધાં દ્રશ્યો છે; પણ એમાંયે

ચેતન સભર ભર્યું છે—માત્ર અવ્યક્ત છે એટલું જ; પણ મારી દૃષ્ટિએ એ બધાં દ્રષ્ટા હોય તો મને એ દૃશ્ય શા માટે ન માને?

દ્રષ્ટા અને દૃશ્યનાં દ્વંદ્વનું સમાધાન કોઇ એક જ રીતે થઇ શકે એમ નથી. અદ્વૈતના અનુભવીઓ, આચાર્યો અને સંતો તો એમ જ કહે છે કે દ્રષ્ટા અને દૃશ્યની રચના તો પંચભૂતાત્મક જ ને? છેવટે તો એ ત્રિગુણાત્મક બનીને દ્વંદ્વનો આભાસ કરાવે છે ને? ત્યારે સાચું શું? સાચું એ બન્નેનું અધિષ્ઠાન કે જે સ્વપ્ન અને જાગ્રતના ખેલ ખલાસ થાય, સુષુપ્તિની અવ્યક્ત દશામાં બધું લય થાય; અરે, નિદ્રા, લય, કે વિક્ષેપ, વગેરેને દૂર કરીને જ્યાં દ્વૈત કે દ્વંદ્વ, દ્રષ્ટા, દૃશ્ય, દર્શન વગેરેની ત્રિપુટીઓ શાંત થાય ત્યાં જે કૈં રહે—એ જ અધિષ્ઠાન; મૂલ પરમતત્ત્વ! સૌથી મહાન્, વ્યાપક અને વિશાલ હોવાથી એને જ બ્રહ્મ કહ્યું છે.

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; સ્થૂલ જગત્, સૂક્ષ્મ જગત અને કારણ (અવ્યક્ત) જગત્‌ના અધિષ્ઠાનમાં—એ એક અદ્વિતીય ત્યાં કોણ કોની સાક્ષી પુરે? અંતઃકરણ નહીં, ઇન્દ્રિયો નહીં અને તેથી દ્રષ્ટા દૃશ્ય દર્શનની ત્રિપુટિ પણ નહીં. માનવપ્રાણી જો અંતઃકરણ તથા ઇન્દ્રિયોને શાન્ત કરે, નિદ્રાનો નાશ કરે, અને અદ્વિતીય ભાવે, નિર્વિકલ્પ અવસ્થાએ પોતે પોતાનો અનુભવ કરે ત્યારે કેવો રહે?! એનો વિચાર જ કોણ કરે?!

ચિત્તનો વિરોધ કરે ત્યારે યોગસમાધિ અને વિચાર દ્વારા ચિત્ત તથા ઇન્દ્રિયોના ચૈતન્યને સ્વરૂપમાં ઉતારે,—પાછું ધકેલી મૂકે ત્યારે ઇન્દ્રિયોનાં બંધ કે ખુલ્લાં દ્વારે પણ મૌન સ્વરૂપ થવાય એ જ્ઞાનસમાધિ! આ મૌનસ્વરૂપનો આનંદ તે જ બ્રહ્માનંદ! બધા ભાવથી પર, ત્રણેય ગુણોથી અતીત, સમસ્ત પરિચ્છેદથી

મુક્ત! એ જ છે ગુરુદેવ આપનો મૌન ઉપદેશ! એ જ મૌનવ્યાખ્યા!

જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, સમાધિ (તુર્યા) આ ચારેય અવસ્થાઓ, જેમાંની ત્રણ તો જયારથી બ્રહ્મમાં જીવનો અધ્યાસભાવ થયો ત્યારથી અનાયાસ ચાલુ છે, કારણ કે અનાદિ અવિદ્યાનો એ સ્વભાવ છે; એ ત્રણેય અવસ્થામાં જીવભાવે કર્મો થયા કરે; ઇશ્વરની આરાધના ઉપાસના થાય, બધાયમાં જીવ ત્રિગુણાત્મક અહંકાર જાળવી રાખે અને મનમાન્યા લોકલોકાન્તરમાં રખડે આથડે, અને થાકે:—

થાકે ત્યારે વિદ્યાના પ્રદેશમાં આવે; એમાં આયાસ-પ્રયત્ન કરે; પોતાનું, જગત્‌નું અને ઇશ્વરનું માની રાખેલું જે જે હોય એના સ્વરૂપભૂત પ્રશ્નો એના મનમાં ઊઠે અને ત્રણેયનું પૃથક્કરણ કરવા માંડે ત્યાં તો એ બધાં હતાં નહોતાં થઇ જાય, અવિદ્યાએ જે સ્થાપેલું તે બધાનું વિદ્યા ઉત્થાપન કરે! સમસ્ત અધ્યારોપનો અપવાદ થાય! ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

* + * *

અવિદ્યા, અને વિદ્યા, અજ્ઞાન અને જ્ઞાન, માયા અને એનો બાધ, અધ્યારોપ અને અપવાદ, અવ્યક્ત અને વ્યક્ત, પ્રવૃત્તિ અને નિવૃત્તિ, આવાં આવાં જે જે ઝાંખરામાં જીવ અટવાઇ વીંટાઇ પડચો છે એમાંથી છૂટે એટલે જ શાન્તિ!

અને ગુરુદેવ! શી આપની કૃપા! જે સમયે જે સાધનની જરૂરત હતી તે તે વખતે તેની પ્રશંસા કરીને મને માર્ગે ચડાવ્યો! એમ કરતાં બીજાં સાધનની ઉપેક્ષા-ઉવેખ પણ આપે કર્યાં હશે, પણ

પરમ સત્ય સમજ્યા વિના તો આ વેદભંડારનાં, પુરાણપોથીઓનાં, દર્શનવાદોનાં, તંત્રજાળનાં તેમ જ મંત્રમહાજલનાં અટપટાં, ત્રૈગુણ્ય-વિષયી, વ્યામોહ ઉપજાવે એવાં અને વ્યામિશ્ર વાકયોથી ભ્રાન્ત થયેલી બુદ્ધિમાંથી ઊગારી લેનાર પ્રભો ! આપની દયાનું સ્મરણ કરતાં જ આપના વિના બીજું કશું શેષ રહેતું નથી! આપ-આપ અને આપનો જ આ વ્યાપ છે; હે ! નારાયણ !

કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત શુદ્ધાદ્વૈત જેવા તત્ત્વ માટેના વાદો, વિવર્તવાદ, પરિણામવાદ અને આરંભવાદ જેવા દ્વૈતનિરસન માટેના વાદો, તે ઉપરાન્ત સકામ અને નિષ્કામ કર્મકાંડ, સગુણ અને નિર્ગુણ ઉપાસના કાંડ, પરોક્ષ અને અપરોક્ષ અનુભવનો જ્ઞાનકાંડ—આવા આવા કાંડભેદોની જાળમાં માનવબુધ્ધિ એવી તો ગૂંચાઇ-ગૂંથાઇને કે વણાઇહણાઇ જાય છે, કે અધ્યાત્મ માર્ગના પ્રદેશમાંયે પ્રવૃત્તિ ક્ષેત્રના કરતાં વિશેષ ભાવે અહંભાવ દૃઢ થઇ જાય એવો ભય રહે છેઃ કીર્તિની વાસના, વિદ્વત્તાની વાસના, શરીરની વાસના, ઉપરાંત ધનવૈભવની એષણા, પુત્રસંતતિની એષણા અને ગૃહસ્થાશ્રમી રહીને સ્રીસુખની એષણા પણ કયાં ઓછી ભયંકર છે ! ? એષણાત્યાગ, વાસનાશુધ્ધિ. મનોનાશ, આત્મસાક્ષાત્કાર, બ્રહ્માનુભવ, જીવન્મુક્તિ, વિદેહમુક્તિ, ભૂમિકાઓ પ્રમાણેની આંતર બાહ્યદશા, વર્ણભેદ અને આશ્રમવિવેક, આવાં આવાં અસંખ્ય ગોખી-શીખી શકાય એવાં શાસ્રવાકયો, શબ્દો, પરિભાષાઓ, અને વિવેચનોની સમજણ પામવા પ્રયત્નો કર્યા; તર્કની મથામણ કરી જોઈ; ભાવને ઉછાળા આપી જોયા, બાહ્ય ત્યાગના અખતરા કર્યા, વૈરાગ્યની વ્યાખ્યાઓ અને વર્ણનો વાંચ્યાંવિચાર્યાં, મંત્રયોગીઓ, અનુષ્ઠાનપ્રિયો, હઠ-યોગીઓ, ધ્યાનયોગીઓ, ભકતો, જ્ઞાનીઓ, ફકીરો, સ્થાયી સંત-મહન્તો, વ્યવહારરત જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ, મઠાધીશો અને

અનિકેતન વિચરનારાઓ, આહારવિહારના વ્રતધારીઓ, એકાંત-પ્રેમી ગિરિકંદરાવાસીઓ, ઔષધિસેવનથી પુષ્ટ થયેલા દેહવાદીઓ, વગેરેનાં દર્શનસત્સંગ સેવ્યાં, પ્રસિદ્ધિ પામેલાં તીર્થસ્થાનોની યાત્રા કરીને દર્શન સ્પર્શન કર્યાં; ઋષિઓ અવતારવિભૂતિઓ. આચાર્યો, સન્તો વગેરેથી પાવન થયેલી આ ભારતભૂમિનાં તીર્થોના ખૂણાખાંચા જોવા, હૃદયમાં પૂણ્યસંસ્કારો કેળવવા પ્રયત્નો કર્યા—અને—અને

આપનાં દર્શન થયાં; બધુંય જાણે ફલીભૂત થયું; અહા એ શારીરિક કષ્ટ અને માનસિક ઉદ્વેગ; દેહના વ્યાધિઓ અને મનની ઉપાધિઓ, સાંભરતાં વેંત જાણે તન-મન કાંપી ઊઠે ! શી ઉગ્રતા ! કેટલી વેદના ! કેવી કેવી વિડંબણા ! ક્યાંય શાન્તિ નહોતી; જરાયે સ્થિરતા નહોતી ! ભ્રાન્તિ અને ભ્રમણમાં જ જીવન જશે કે શું એવી સતત્ રહેતી ભયપ્રદ ચિન્તાઓનો અગ્નિ હૃદયમાં એવો ઉકળાટ મચાવતો કે એની સરખામણી ન થઈ શકે !

* * * *

ગુરુદેવ ! જુઓને અત્યારેય હજુ આ શાસ્ત્રડહાપણ જતું નથી ! બધું ભુલાય અને ઈષ્ટરૂપે તો આપ જ સ્મરણમાં રમ્યા કરો, એવી મહત્ત્વાકાંક્ષામાં અપૂર્ણતા હોય તો પૂરી કરજો, પ્રભુ!

સાચી જ વાત છે કે "સુખ" હોય તો સંપૂર્ણ જ હોય ! સંપૂર્ણ હોય તે સર્વવ્યાપક હોય એટલે જે કાંઈ મનસા-વાચા ગોચર-અગોચર હોય તે બધું એ "સુખ" જ હોય ! સર્વ-વ્યાપક હોય એટલે નિત્ય હોય, અદ્વિતીય હોય, એક જ હોય, એને નામ ન હોય, એને રૂપ-આકાર ન હોય, એવું કશું ન હોય એટલે ગુણ-કર્મ ન હોય, લિંગભેદ, જાતિભેદ વગેરે ભેદો પણ શાના જ હોય ! અને એ જ બધું-બધે હોય તો એ સૌથી

મહાન્, બૃહત્ હોય એટલે જ એ પરિપૂર્ણ બ્રહ્મ

એ જ સૌનું સાચું સ્વરૂપ છે એટલે આત્મા કહેવાય છે.

જ્યારે બ્રહ્મસ્વરૂપ જ બધું છે, ત્યારે બધે બધાયને એનો અનુભવ કેમ નથી થતો! શા માટે સૌ પોતાને દુઃખી, વિષય-લાલચુ, લોભી, આપત્તિગ્રસ્ત, સ્વાર્થી, દેહઇંદ્રિયપરાયણ, હિંસક, અથવા એનાથી વિરુદ્ધ સુખી, વિષયસંપન્ન, ઉદાર, હર્ષમગ્ન, પરોપકારી, ત્યાગીતપસ્વી, દયાળુ વગેરે ભાવોવાળા અને હું દેહ છું એવી પરિચ્છિન્ન શારીરિક ભાવનામાં જ રહે છે, અને હમેશાં "છીએ" એના કરતાં હરેક રીતે વધારે સંપન્ન થવાની વાસનાવાળાં એ બધાંને જોઇએ છીએ?

શા માટે સૌ પોતાના સ્વરૂપસુખમાં જ નિમગ્ન નથી રહેતાં? રહેવાનો પ્રયત્ન નથી કરતાં? પોતાની મેળે એમને એ વાત સૂઝતી નથી? સાચી ગમ પડતી નથી?

એ વાત નક્કી થાય છે કે બ્રહ્મ પોતે તો સુખસ્વરૂપ છે એટલું જ જ્ઞાનસ્વરૂપ છે. એના જ્ઞાનની ઝાંખી ચેતન પ્રાણીઓમાં વિષયજ્ઞાન રૂપે દેખાય છે; એટલે એમ સમજાય કે આ જીવભાવ, પરિચ્છિન્ન પૃથક્ ભાવ, આ દેહદષ્ટિ આ ભોગવૃત્તિ એ બધું કૈંક ન સમજાય, નિર્ણય ન કરી શકાય, આમ, આવી રીતે, આટલા માટે જ એ બધું થાય-બને છે એવું કૈંક વિચિત્ર પ્રકારનું અજ્ઞાન છે; એ અજ્ઞાન બ્રહ્મભાવમાં નહિ પણ જીવભાવમાં જણાય છે. ત્યારે એમ જ કહોને કે જે પોતાને બ્રહ્મ જાણે, માને અને એ રીતે જીવે તે બ્રહ્મસ્વરૂપ અને એમ ન જાણી વિષયબધ્ધ રીતે જીવે એ અજ્ઞાની અને બ્રહ્મસ્વરૂપ નહિ.

ખરી વાત લાગે છે, કારણ કે ઉપનિષદ્ પણ એમ જ કહે છે કે

ब्रह्मविद् ब्रह्म एव भवति । **જે બ્રહ્મ છું એમ જાણે છે એ જ બ્રહ્મ છે.** આમાં भवतिનો અર્થ 'બ્રહ્મ બને છે" એમ નહીં, પણ બ્રહ્મ જ છે તે યથાર્થ છે. જ્યાં જ્યાં જીવ કે જગત્ જેવો પરિચ્છિન્ન ભાવ અધ્યસ્ત હોય ત્યાં બ્રહ્મભાવ રાખે એ જ બ્રહ્મસ્વરૂપ છે.

ગુરુદેવ ! આપ બ્રહ્મભાવે અને શરીરરૂપે વિરાજ્યા ! અને બ્રહ્મ તો એક, અખંડ, વ્યાપક, અને પરિપૂર્ણ એટલે આપને તો બધુંય બ્રહ્મસ્વરૂપ; દૃષ્ટા, દર્શન કે દૃશ્યની ત્રિપુટી પણ નહિ, નહિ અને નહિ જ.

આવું ભણી-જાણી-ઓળખી-અનુભવીને દેહ છતાં વિદેહી જેવા ઓ ગુરુદેવ ! આપનો એ મહિમા તો બ્રહ્મ જ-જો એને મન અને વાચા હોય તો વર્ણવી શકે ! બીજાનું ગજું નહીં.

આપ સગુણ બ્રહ્મરુપે વિરાજતા; હું વસ્તુભૂખ્યો પણ વસ્તુના અજ્ઞાનભૂલ્યો આપની સમક્ષ હાજર થયો; મેં તે વખતે તો શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે જ આપને સંબોધ્યા હતા :

"હે ગુરુદેવ ! બ્રહ્મસ્વરૂપ ! આપ કૃપા કરો" મેં કહ્યું :

"નારાયણ !" એટલું ટૂંકું સંબોધન આપના બ્રહ્મમુખથી સરી પડ્યું હતું. પ્રત્યેક નરમાં અયન કરનારા-વસીને વસાવનારા પ્રત્યક્ષ બ્રહ્મદેવ-નારાયણ.

"કંઈક" જોઈએ છીએ એ સંસારમાં મળતું નથી, બીજું કૈં ગમતું નથી; જીવન અકારું લાગે છે; કરવું શું ?" સહેજે હું આમ બોલ્યો.

"સ્વાભાવિક છે; કૈંક જોઈએ છીએ એમ ના ? ખાનપાન, સગાંસંબંધી,—એ સગવડો તો છે ના ?" એમણે પ્રશ્ન કર્યો.

"ભગવન્!" મારી મહાવાચા ઊઘડી પડી; "ઈન્દ્રિયોના વિષયો મેળવવાનું સામર્થ્ય તો છે, પણ એમાં તો મેં મારો નાશ જોયો; શક્તિ નષ્ટ થાય છે; મન વિષયોમાંથી ખસતું નથી. બુદ્ધિમાં કેંક એટલો વિવેક પેઠો છે કે "આની આ પરંપરા, વિષયોની પ્રાપ્તિ વિષયભોગ અને વિષયભૂખ—એનો અંત જ આવે એમ નથી. આ વિષયાગ્નિ અંદર જ્યાં સુધી પ્રજ્વલિત રહે, અને વિષયોનાં ઇન્ધન એમાં હોમ્યાં કરું, એથી એ શાંત ન થતાં હજારગણા ભડકે બળે છે." આટલી મૂઝવણ કહીને હું શાંત બેઠો; મુખમુદ્રા ગંભીર બની. બ્રહ્માનંદનો જાણે નિર્વિષયી મહાસાગર!

"સાવ સાચી વાત છે! જોઈએ છીએ સુખ અને શાન્તિ, પણ ઉપાય થાય છે અસુખ અને અશાંતિના; કાંઈ વાંચ્યું વિચાર્યું છે? સંત સાધુઓનો સંગ સેવ્યો છે?" પ્રાથમિક તૈયારીનો પ્રશ્ન પૂછ્યો.

"થોડું વાંચ્યું છે; ભગવદ્‌ગીતા વાંચી છે, સંધ્યાવંદન, વ્રતઉપવાસ, મંત્રનાં અનુષ્ઠાન કર્યાં છે; ઉપરાંત એક બે ભાષાજ્ઞાનની સહાયતાથી બીજું પણ ઘણું વાંચ્યું છે; બીજું આ વિષયમાં વાચ્યું નથી પણ જપ તથા ધ્યાન થોડાં થોડાં કર્યાં છે; એથી થોડી શાન્તિ લાગે છે, પણ અંદરથી મન ઉછાળા મારી મારીને ખળભળાટ મચાવે છે; કં સમજાતું નથી." હતું તેવું બોલાઈ જવાયું.

"બધું ઠીક થયું છે; એટલું સમજ્યા વગર પણ કર્યું એથી શાંતિઅશાંતિની તો ખબર પડી; એટલું વાંચ્યું વિચાર્યું એથી સુખશાંતિનો વિવેક તો સૂઝ્યો;" એમણે ફલસાર કહી બતાવ્યો મને શ્રધ્ધાળુ બનાવવા.

"હાજી! વાત તો ખરી; પણ સાચું સાધન શું? એચાર સંતોનાં દર્શન કર્યાં, થોડાં એમનાં જીવનચરિત્ર વાંચ્યાં, એમાં તો એમ દેખાયું કે સાર માત્ર છે પરમાત્મા; જેને સંસાર કહે છે એ તો તદ્દન નિઃસાર છે." સાંભળેલી વાત કહી સંભળાવી.

"એ પણ સાચું: હવે થોડો લાંબો વિચાર કરી જુઓ; વધારે શાસ્ત્રશ્રવણ કરો અને ભગવદ્દગીતાના બીજા જ અધ્યાયમાં આત્મા અને દેહ બે જુદાં કહ્યાં છે, એ પ્રમાણે "હું શુદ્ધ આત્મા છું અને દેહ નથી" એવો ભાવ કેળવીને પછી કંઈક સાધન કરો." ભગવાન્ શંકરાચાર્યની સાધનપ્રણાલિકાના પ્રથમ સાધન વિવેકનું મને ભાન કરાવ્યું.

વાત સીધી અંતરમાં ઊતરી પડી "પણ એ ભાવ કાયમ ટકી ન રહે તેનું શું?" મેં મૂંઝવણ રજૂ કરી.

"જુઓ ત્યારે; એ ભાવ સતત્ જાગ્રત રહે એ માટે મનોબળ જોઇએ; એ ભાવ તો મનમાં જ હોય ને! શરીરનો ભાવ પણ મનમાં જ છે ને?"

"હાજી!" મેં ટૂંકો જવાબ આપ્યો, મને યુક્તિ ગમી.

"અંતરમાં દેહભાવ છે એટલે દેહને ઉપલક્ષીને જે જે વાસના, કર્મ કે ભોગ ભોગવાય છે, એનાથી ચંચલતા વધે છે, ચંચલ મનમાં દેહભાવ પણ ક્યાં કાયમ ટકે છે? હમેશાં વિષયભાવ જ રહે છે ને? એ વિષય ચિંતવન કરનારું ચિત્ત પહેલાં વિષય વૃત્તિથી શુધ્ધ થવુ જોઇએ. એમાં આત્મભાવ ભરાવો જોઇએ." એમણે ચિત્તની શુધ્ધિની વાત સમજાવી. વગર સમજ્યે ઇશ્વરનું સ્વરૂપ-જ્ઞાન મેળવ્યા વગર પણ અદૃષ્ટ ઈશ્વરની પ્રાર્થના તથા દેવદેવતા

સાથેનાં અનુસંધાન કેળવી અંતઃકરણને શુદ્ધ તથા સબળ બનાવવાનાં કર્મ તથા ઉપાસનાઓનાં વિધિવિધાનો આત્મજ્ઞાન માટેનો અધિકાર પ્રાપ્ત કરવામાં સાચાં અને સરલ સાધન છે, એવું કહેવાનો ભાવાર્થ એ ઉત્તરમાં હતો. મેં આગળ પૂછયું:–

"પ્રાથમિક સાધન માટે–એ પ્રમાણેની સાધના માટે કાંઇ એક જ રાજમાર્ગ ખરો ?"

"ના; જેવું જેનું ચિત્ત. એ પ્રમાણે એને માટે સાધન; બધાયનો અધિકાર એક સરખો હોતો નથી; પણ સામાન્ય વાત ચોકખી દીવા જેવી છે કે ચિત્તમાં આત્મભાવ ભરવા માટે વિષયભાવથી ચિત્ત ખાલી કરવું જોઇએ. એ છે ચિત્તની શુદ્ધિ.

વિષયચિંત્વનથી ચંચલ બનેલા ચિત્તમાં આત્મભાવ ટકી ન શકે, સ્થિર ન રહી શકે એટલા માટે સગુણ ઇશ્વરને ધ્યેય માનીને એની ભક્તિ દ્વારા નિરોધ કરવાનો પ્રયત્ન કરવો એ છે ચિત્તને ભગવાન બનાવવાનો સરલ રાજમાર્ગ.

શુદ્ધ ચિત્ત માટે શુદ્ધ વ્યવહાર તથા નિષ્કામ કર્મકાંડ, અને દુર્બલ ચિત્ત માટે વિરકતભાવે કોઈ ઇષ્ટદેવની ધ્યાનદ્વારા થતી જે ઉપાસના છે એ ચિત્તમાં સામર્થ્ય પૂરવાનો રાજયોગ." એમણે કર્મ ઉપાસનાનો માર્ગ કહ્યો એમાં તો પરિચ્છિન્ન ભાવ ટકી રહે એવું મને લાગ્યું. પરંતુ એમની ઉપદેશધારા આગળ વધી.

"જો ભાઇ ! અદ્વૈતજ્ઞાનના અનુભવ માટે કર્મ ઉપાસના નથી, પણ જિજ્ઞાસુ કે મુમુક્ષુ પર્યંતનો અધિકાર કેળવવા માટે એ થાય, એમાં ભગવાન્ શંકરાચાર્યને વાંધો નથી. આટલી તૈયારી થયા પછી દ્વૈત અદ્વૈતની તત્ત્વચર્ચા માટે બુદ્ધિ સૂક્ષ્મ,

શુદ્ધ અને વિવેકી બને છે, અને ત્યારે જ અદ્વૈત-બ્રહ્મજ્ઞાન સફલ નિવડે છે.

આત્મભાવ ક્ષણભર કદાચ શાસ્ત્ર કે સંતના ઉપદેશથી વણ-સમજ્યો માની લેવાય, પણ મલિન અને ચંચળ ચિત્તમાં એ નથી પ્રવેશ કરતો કે નથી કાયમ ટકી શકતો. અધિકાર વિનાનું સાધન સાધકને સાંપડે તો પણ તાત્કાલિક લાભ આપી શકતું નથી."

એ વધારે ગંભીર બન્યા; જાણે આગળ બોલવાનું બંધ કરવા ઈચ્છતા હોય !

હું નીચે નજર નાંખીને એક ચિત્તે સાંભળતો હતો. મને થોડી દ્વૈત-અદ્વૈતની ભાંજગડ હતી. અદ્વૈત જ્ઞાન તથા વેદાન્ત વિષે વાંચ્યું હતું. કર્મ-ઉપાસના કરવાથી અવિદ્યાનો બાધ થતો નથી. એથી તો ઉલટું દ્વૈતની ત્રિપુટીની સત્યતા વિષેનું અજ્ઞાન વધતું જાય છે; પરન્તુ ઉપર્યુક્ત વિધાન સાંભળી હું વિચારમાં પડચો. તરત જ એમણે કહ્યું:—

"ઊતાવળ ન કરવી; દ્વૈતઅદ્વૈતની, આત્મજ્ઞાન અને અવિદ્યાની, માયા, અધ્યાસ વગેરેની તાર્કિક ભાંજગડથી તો શરૂઆતમાં ચિત્ત ચંચલ બનશે અને એ ચંચલતાને લીધે આત્મ-ભાવ ટકી નહિ શકે એટલું જ નહિ પણ ઉલટું એનાથી વિવેક વૈરાગ્ય વગેરે સાધન કેળવવામાં વિઘ્ન આવશે.

માટે વિવેકાદિ સાધન સંપત્તિમાં ઉપકારક થાય એવાં ધ્યાનધારણાદિ કે જપતપ શ્રદ્ધાપૂર્વક ચાલુ કરવાં અને વેદાન્ત-શાસ્ત્રોનું શ્રવણ-મનન વધારવું, શ્રદ્ધા અને વિચારનો સુમેળ થશે તો જ શાંતિ મળી શકશે; શાસ્ત્રોનો વાણીવિલાસ ન થાય, વિવેક

વૈરાગ્ય વગેરેમાં ભૂલ ન પડે એની ખાસ સાવચેતી રાખવી જોઈએ! સાધનમાં સાવધાન થઇને સાધના કરો."

અમે બન્ને અપૂર્વ મૌન ધારીને બેસી રહ્યા. એમનું મૌન તોડવું વ્યર્થ હતું. મારા હૃદયમાં શબ્દેશબ્દ કોતરાઇ જતા હતા. એ બધાને બ્રહ્મવાક્ય માનીને જીવન ઘડવાનું વિચારતાં મૌન બનીને થોડી વાર મેં એમના શાંત સાંનિધ્યનું અમૃત પીધું.

*　　*　　*　　*

ગુરુદેવ! આવા અસંખ્ય પ્રસંગો આપે આપ્યા અને આપની કૃપાથી મેં જીવનમાં વણવાના પ્રયત્નો કર્યા અને હજુએ કરું છું. આપનું વાક્ય એ જ બ્રહ્મવાક્ય! આપ બ્રહ્મવિદ્ છો માટે જ બ્રહ્મસ્વરૂપ છો: મને બ્રહ્મભાવ કેળવવા અને દૃઢ કરાવવા સમજણ, પ્રેરણા, અને સામર્થ્ય આપો છો! હૃદયના સંપૂર્ણ ભાવથી, પૂરી કૃપાથી વાત્સલ્યભાવે સંબોધો છો કે:—

"બધું બ્રહ્મ જ છે; सर्वं खलु इदम् ब्रह्म। એ સચ્ચિદાનંદ છે सत्यम् ज्ञानम् अनन्तम् ब्रह्म। એ હું છું. अहम् ब्रह्मास्मि। એ 'હું'માં હું-તું-તે એવા ભેદ નથી કારણ કે એક અખંડ છે. नेह नानास्ति किंचन। બધું ય બ્રહ્મ જ છે તો તું પણ બ્રહ્મ જ છે: तत् त्वम् असि। એમાં થવાપણું નથી; હોવાપણું છે. એ જ્ઞાન-સ્વરૂપ છે; प्रज्ञानम् ब्रह्म। તેથી જે એમ જાણે અનુભવે કે હું બ્રહ્મ છું, એ જ બ્રહ્મ છે; એની સદેહ દૃષ્ટિ પણ બ્રહ્મમયી છે. એ બધાનું પોતાપણું-પોત છે, તેથી એ બ્રહ્મ જ આત્મા છે; अयमात्मा ब्रह्म। આવી બ્રહ્મભાવના કેળવવા માટે:

(૧) અંતઃકરણને બધા વિષયભાવથી નિર્મૂળ કરવું, અંતઃકરણમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ, ઇશ્વર કે આત્મા એ ત્રણેયનો અભેદ

ઊતારવા માટે પ્રથમ ઈશ્વરને બ્રહ્મસ્વરૂપ માનીને એનાં ભજન ધ્યાન કરવાં.

(૨) એ ઇશ્વરને લક્ષ્ય કરીને પ્રત્યેક શુભકર્મ એને અર્પણ કરવાં.

(૩) જ્યાં સુધી બ્રહ્મ, માયા, અવિદ્યા, અધ્યાસ, ભ્રાન્તિ એનાં સાચાં લક્ષણ ન સમજાય ત્યાં સુધી ત્રણ ગુણનો વિચાર કરીને જીવનમાં સત્ત્વગુણનો વિકાસ કરવો.

(૪) સત્ત્વગુણની વૃદ્ધિ થાય એવાં સાત્ત્વિક વૃત્તિઓનાં લક્ષણો ભ. ગી. પ્રમાણે સમજીને સ્મરણમાં ભરવાં.

(૫) જીવનમાં પળે પળે શ્રી ગુરુદેવની અસીમ કૃપાનું સ્મરણ રાખવું. કારણ કે એ જ બ્રહ્મભાવનું સ્મરણ છે. એ બ્રહ્મસ્વરૂપ સાક્ષાત્ સંબોધે છે કે તું પણ બ્રહ્મ જ છે. तत्वमसि ।

* * * *

અંતર્યામી બ્રહ્મસ્વરૂપ છે; ગુરુદેવ બ્રહ્મવિદ્ છે માટે સાક્ષાત્ બ્રહ્મ છે; એ જ બ્રહ્મ પોતાની અચિંત્ય અનિર્વચનીય માયાશક્તિ વડે પોતપોતાને સ્વરૂપે નિર્વિકારી રહીને આ દશ્યપ્રપંચવિશ્વનો વિસ્તાર કરે છે, એમાં પ્રવેશ કરીને સૌમાં મતિગતિ ભરે છે એટલે એ ઇશ્વરનો લક્ષ્યાર્થ પણ નિર્વિકાર બ્રહ્મ છે; આમ ત્રણેયનો અભેદ ખરો, છતાં ત્વમ્પદ વાચ્ય જીવાત્મા અને તત્–પદવાચ્ય ઈશ્વરનો ભાગ–ત્યાગ લક્ષણા વડે અભેદ ન સમજાય ત્યાં સુધી તો—

હે ગુરુદેવ ! આપ જ પ્રત્યક્ષ, સાક્ષાત્ બ્રહ્મ છો ! આપનાં દર્શન એ જ બ્રહ્મદર્શન ! આપ અને મારા અંતર્યામી એક જ હોવાથી આપની કૃપામાં, (૧) આત્મકૃપા (૨) ઈશ્વરકૃપા અને (૩) શાસ્ત્રકૃપાનો સમાવેશ થઇ જાય છે એમાં કશો વાદવિવાદ નથી; નથી

સંવાદ કે વિસંવાદ–પણ આપ એક જ નિર્વિવાદ પરમબ્રહ્મ છો!

આપને જ હું તો પ્રત્યક્ષ બ્રહ્મ કહીશ! સત્ય જ કહું છું, પ્રતિજ્ઞા કરું છું, આપ જ બ્રહ્મ છો, મારા આત્મા, પ્રાણ, મન, બુદ્ધિ અને સમસ્ત ચેષ્ટામાં ચૈતન્ય સ્વરૂપ છો! આપે એ બધાંને આપના તરફ વાળ્યાં છે, આપના સ્વરૂપાનંદનું અમૃત પાઇ પાઈને અહોનિશ તૃપ્ત કરો છો; એ બધાં મુક્ત થયાં છે–વિષયી અને વિષયનાં દ્વંદ્વ બંધનમાંથી!

શરીરના છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી એ મારા જ્ઞાનની રક્ષા કરો; तत् माम् अवतु। એ જ બ્રહ્મવેત્તા બ્રહ્મવક્તાની રક્ષા કરો! तद् वक्तारम् अवतु। પુનઃ પુનઃ પ્રાર્થું છું કે મારી–મારા બ્રહ્મભાવની રક્ષા કરો. अवतु माम्। શ્રોતા વકતાની રક્ષા કરો. अवतु वक्तारम्।

ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ: (જુલાઇ–૧૯૫૧)

# ભાવશુદ્ધિ

આ અંકમાં હું વિશેષ નથી લખી શક્યો; અને કોઈવાર એમ પણ થાય છે કે લખવાનું વિશેષ છે પણ શું ?

છાપવાની કળા શરૂ થઈ ત્યારથી અસંખ્ય પુસ્તકો છપાયાં; અને લેખક-પ્રકાશનની આટલી છૂટથી પરિણામ સારું આવ્યું કે નહિ, એની સમીક્ષા-પરીક્ષા કરવાનો વખત નથી આવ્યો ?-ખાસ કરીને અધ્યાત્મવિદ્યાના ક્ષેત્રમાં ?

અધ્યાત્મવિદ્યા વાણીનો નહિ પણ વર્તનનો વિષય છે, બોલીને નહિ પણ જીવી બતાવવાની વિદ્યા છે, અનુભવની કસોટી પર ચડી ચૂકેલા જીવનનું એ દર્શનશાસ્ત્ર છે એવી સમજણ બધાયની હોવા છતાં પણ લખાય છે, છપાય છે, વંચાય છે અને બોલાય છે ! આ છે આત્માનો અદ્ભુત મહિમા ! આત્મછાયારૂપ માયાનો વિચિત્ર વિલાસ ! સ્વ-ભાવનો એ અવિરત આનંદક્રમ ! ૐ !

યુગેયુગે ભાષા બદલાય છે, પણ ભાવમાં રૂપાન્તર થયું લાગતું નથી. "ભૂખ લાગી છે" એ ગુજરાતી ભાષાના વાકયના સંસ્કૃત, પ્રાકૃત, માગધી, પાલી, વ. પૂર્વની તેમ જ દેશવિદેશની કે ખંડ-ખંડની ભાષામાં જુદી જુદી રીતે ઉચ્ચાર થતા થશે, પરંતુ "ભૂખની લાગણી, આંતરિક મનોભાવ, ક્ષુધાનું સંવેદન" તો અનાદિકાલથી એક જ પ્રકારનું ચાલ્યું આવે છે.

એવું જ છે ત્રણ ગુણના પરિણામ જેવા મનોભાવનું; સત્ત્વ,

રજસ અને તમસ્‌ના ભાવવિકારો માનવીય અંતઃકરણો જે અનુભવાય છે, એમાં કશો ફેરફાર થયો નથી. સત્ત્વગુણી ઋષિઓ અને સન્તો, રજોગુણી રાજ્યકર્તાઓ અને તમોગુણી સંહારકોની સંખ્યા જેવી ને તેવી અનાદિકાલથી ચાલી આવે છે. એ બધાનાં ભાવભૂખ્યાં હૃદયો તો જેવાં પહેલાં હતાં તેવાં જ અત્યારે છે, અને એથી જ ભાવી માટે અનુમાન બાંધી શકાય કે સતત્ એવું જ પરિવર્તન થયા કરે છે અને થશે.

* * * *

બાહ્ય જગતમાં થતી ક્રિયાઓની પાછળ આ મનોભાવ મુખ્ય ભાગ ભજવે છે. ક્રિયાઓ બદલાય તેમ ભાવ બદલાય અને ભાવના રૂપાન્તર સાથે કર્મક્ષેત્રમાં પરિવર્તન થાય એનું નામ જ સંસાર !

આત્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર જેવી વાતો બહુ વહેતી થઈ ગઈ છે; વેદાન્તનો ‘ શૉખ ’ વધી ગયો છે, પરંતુ આત્મા તો સર્વનું સર્વસ્વ છે, સર્વનું સ્વ–રૂપ છે; સર્વનું સંસારવર્જિત ‘ પોતાપણું ’ છે; એનું જ્ઞાન મેળવવામાં જે આડે આવે છે તે તો જીવભાવ અને કર્મનો પરિવર્તનશીલ સંસાર છે. આત્માને ઓળખવો હોય તો એની આડે આવતા, ક્ષણેક્ષણે બદલાતા આ ભાવકર્મસંસારને કેવી રીતે ગોઠવવો કે જેથી આત્માનું ભાન–જ્ઞાન થાય. એ જ છે અત્યારનો તેમ જ નિત્યનો અને મહત્ત્વનો અતિ વિકટ મૂઝવણનો પ્રશ્ન !

બધા ધર્મોનો એ જ છે એક મહાપ્રશ્ન અને એ જ છે સૌએ પોતપોતાની દૃષ્ટિએ શોધી–તારવી કહાડેલું સુખદ સમાધાન ! (૧) કર્મક્ષેત્ર એટલે બાહ્યસંસાર, (૨) ભાવભૂમિકારૂપ આંતરિક મનોદેશ અને (૩) તરંગમય ક્ષણેક્ષણે બદલાતા આ ભાવકર્મના

અધિષ્ઠાનરૂપ એકરસ આત્મચૈતન્ય. આ જે ત્રિપુટી છે એનું યથાર્થજ્ઞાન થવા માટે કેટકેટલાં સંશોધનો થયાં છે ?! આશ્ચર્યમય છે આ વિશ્વલીલા ! અદ્‌ભુત છે એ સર્વેશ્વરની સર્વમયતા અને અલૌકિક છે સર્વજ્ઞ તથા સર્વવિદ્ મહાશક્તિની ચૈતન્યમયી વિલાસક્રીડા !

* * * *

આત્મા એક છે; ચૈતન્ય છે; એની ઉપર ઉઠતા આ ભાવતરંગો સૂક્ષ્મ અને મનોમય છે; ભાવ પ્રમાણે થતી ક્રિયાઓ સ્થૂલ અને શરીરધર્મી છે; ભાવ અને કર્મો વિવિધ, અસંખ્ય અને ગુણાત્મક હોવાથી એમાં દ્વંદ્વો છે, દ્વંદ્વોમાં રાગદ્વેષ છે; એ રાગદ્વેષ એટલે જ ભાવમય પ્રદેશનાં બંધન; એ બંધન એટલે જ ભાવસાગર કે ભવ-સાગર. બંધનનું જ્ઞાન થાય, એનું સ્વરૂપ સમજાય, કારણો તપાસી જોવાય, મૂળ પારખી લેવાય, ત્યારે જે સમજણ આવે એ છે બુદ્ધિમાં ઊતરેલું, અનુભવની અપેક્ષા રાખતું આશામય તથા મોક્ષની આકાંક્ષાવાળું વૈરાગ્યમય અંતઃકરણ; બંધન તોડવાના ભાવ અને કર્મનું જ્ઞાન પણ એમાંથી જ ઉદ્‌ભવે છે; જયાં જયાં દ્વૈત ત્યાં ત્યાં બંધન; જયાં જયાં જીવભાવ ત્યાં ત્યાં રાગદ્વેષ, જયાં જયાં કર્મ ત્યાં ત્યાં યુધ્ધ, એ જ છે આ અટપટી માયાશક્તિનું વિહાર–વિલાસ ક્ષેત્ર.

(૧) આત્મા એક હોવાથી એમાં ભાવ કે કર્મ નથી તેથી એ ભાવાતીત છે.

એ ભાઘાતીત તત્ત્વ પોતાની કોઇ અગમ્ય પણ ન સમજાય એવી ભાવાશક્તિ વડે દ્વૈતમાં ઊતરે ત્યારે પ્રથમ ભાવદ્વૈત ઊતરે અને વધારે નીચે ઊતરીને સ્થૂલ બને ત્યારે સક્રિયપણે ક્રિયાદ્વૈતમાં ધસી પડે એવો એનો સ્વ–ભાવ છે. એની જે પ્રવૃત્તિ છે એ જ છે સંસાર; એની નિવૃત્તિ એટલે મુક્તિગામી સાધના.

(૨) ભાવમાં દ્વૈત છે; ત્રણ ગુણ છે; રાગદ્વેષની અથડામણો છે; સૂક્ષ્મ હોવાથી આંતરપ્રદેશને એ હચમચાવી મૂકે છે; મનોમંથનનાં પરિણામો એમાં ખદબદ્યા કરે છે તથા ત્રણ ગુણના વિસ્તાર જેવા અસંખ્ય તરંગવ્યૂહો એને પાછા વળીને ભાવાતીત આત્મપ્રદેશમાં અંતર્મુખ થવામાં વિઘ્નરૂપ બને છે.

(૩) કર્મનું ક્ષેત્ર જો કે ભાવપ્રદેશને સ્પર્શ કરે છે ખરું પણ એની અપેક્ષાએ અવ્યક્ત ભાવક્ષેત્ર જ વધારે બલવાન છે. સ્થૂલ-દૃષ્ટિવાળા માનવને ક્રિયાનું મહત્ત્વ જ બંધનમાં રાખે છે; કર્મ, કર્મ-ફળ, ફલભોગ, ભોગવાસના, અને વાસનાજાળની ગૂંથણીમાં જ આવા જડમાનવીનું મન રોકાયેલું-રુંધાયેલું રહે છે. એને ભાવશુદ્ધિનું ભાન નથી હોતું; સત્ત્વગુણની શાંતિ એને સૂઝતી નથી અને ક્રિયાદ્વૈતમાં ફસેલો આ કનિષ્ઠ માનવી હમેશાં કર્મદૃષ્ટિથી જ સમસ્ત બ્રહ્માંડને જોતો આવરતો, એમાં જ ફેરફાર કરવાની વૃત્તિવાળો, ભોગવિષયોના ઉત્પાદન સુધારણામાં આયુષ્ય પૂરું કરે છે. બધી અવનવી લૌકિક વિદ્યાઓમાં એ જ કારણભૂત છે.

* * * *

(૧) આત્મા, (૨) ભાવ અને (૩) શરીર, આ ત્રણ પગથિયાંને ચડતાંઊતરતાં કલ્પી જુઓ એટલે સાધનાનો આરોહ-અવરોહક્રમ સમજાશે. મકાનના માળ ઉપર ચડવા માટે એક અને ઊતરવા માટે જુદી નીસરણીની જરૂર નથી. તેમ આત્મામાંથી ઊતરીને ક્રિયાના સ્થૂલ પ્રદેશમાં ઊતર્યા પછી જો દ્વૈતનાં દ્વંદ્વ સતાવતાં હોય તો એ જ નીસરણીને પગથિયે ઊંચે ચડો. એટલે આત્મામાંથી જેમ ક્રિયામાં ઊતર્યા છો તેવી જ રીતે ક્રિયામાંથી આત્માના દિવ્ય પ્રદેશમાં ચડી જવાશે; ક્રિયા, ભાવ અને ભાવાતીત આત્મા.

આત્મા ભાવાતીત છે; ભાવાતીત છે તેથી દ્વંદ્વાતીત છે, જ્યારે ક્રિયા દ્વૈતવિગ્રહ છે; ક્રિયામાંથી ભાવમાં ચડી ભાવાતીત પ્રદેશમાં

આંતરમનને ચડાવો–કુદકો મરાવો એટલે એને સચોટ ભાન થશે કે આ ભાવદ્વૈત તથા ક્રિયાદ્વૈતનું મૂળ છે ભાવાતીત આત્મચૈતન્ય.

આ સાધનામાં જે વિઘ્નસમૂહ છે, તે ભાવ તથા ક્રિયાના ક્ષેત્રને શુદ્ધ તથા સબળ કરવા જતાં ભાવ તથા ક્રિયાના પરિવર્તનમાં રાખવી પડતી સાવચેતીનાં સાધનોના ગુણભેદે અસંખ્ય પ્રકાર છે; તેમાંયે ભાવના કરતાં ક્રિયાનું ક્ષેત્ર અસંખ્ય ભેદવાળું છે. ભાવ મનોગમ્ય છે, ત્યારે ક્રિયાઓ ઈંદ્રિય તથા વિષયગોચર હોવાથી વિષયોના નામરૂપના અસંખ્ય ભેદ છે, તેથી એમાં વિશેષ મતભેદ હોવાનો સંભવ છે. કર્મ તથા ભાવની વચ્ચે ભેદ થવો એ અણસમજનું પરિણામ છે. આંતરમનની શુદ્ધિ એ ભાવશુદ્ધિ છે, અને ક્રિયાભેદમાં સ્વપરહિતનું લક્ષ્ય રાખવું એ છે કર્મશુદ્ધિ; છતાં એમાં અસંખ્ય આંટીઘુંટી છે. અને એવી આંટીઘુંટીની મીમાંસાની ભાવ તથા ક્રિયાભેદે ભૂત તથા વર્તમાન કાળમાં બુદ્ધિવાદીઓએ ચર્ચા કરી છે, એમાંથી ઉદ્‌ભવ્યાં છે અસંખ્ય શાસ્ત્રો અને એના ખડકાયા છે પ્રત્યેક ભાષાના ગ્રંથભંડારો!

* * * *

ઉત્થાનનું લક્ષ્ય છે ભાવાતીત પ્રદેશમાં ભાવાવેશી ચિત્તને પ્રવેશ કરાવવાનું: ભાવશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ, અને એના બલાબલનો વિવેક કરીને જો ભાવાતીત આત્માને લક્ષ્યમાં રખાય તો જ એ ભાવ-ક્રિયા-વર્જિત અદ્વૈતતત્ત્વનો અનુભવ કરી શકાય એવી મારી નમ્ર માન્યતા છે.

મારી અનુભવ વાણી લખું તો મને એમ સમજાય છે કે ભ. શંકરાચાર્યની સાધનપ્રણાલિકા એ અનુભવ માટે અલૌકિક અને અદ્વિતીય છે; ક્રિયાક્ષેત્રમાં નિષ્કામ કર્મ વડે શુદ્ધિ કેળવવાનાં એ સાધન બતાવે છે; ભાવશુદ્ધિ માટે નિષ્કામ ઇશ્વરભક્તિની એ સાધના

ગોઠવી આપે છે, અને અદ્વૈતભાવને પોષક તથા સબળ બનાવે એવી અહંગ્રહ ઉપાસનાની સુંદર યોજના કરી આપીને ક્રિયા-ભાવ-ભાવાતીતની નીસરણી મૂકી આપીને સાધકને વિવેકસાધનથી શરૂઆત કરાવી પરમતત્ત્વનું આસ્વાદન કરાવવા માટે અદ્વૈતનિષ્ઠાની અગાસીમાં ચડાવીને આત્મવિહારી બનાવે છે. આવી સાધનયોજના માટે અસંખ્ય ગ્રંથો લખાયા છે, એમાં બુદ્ધિને શુદ્ધ કરીને વિજ્ઞાનની બલવત્તમ સ્થિરતા માટેની યુક્તિમીમાંસા છે; ચિત્તને નિરુદ્ધ કરાવીને અખંડ તત્ત્વચિંતવન થઇ શકે એવી યોગસાધના છે; ક્રિયાને શુદ્ધ સત્ત્વપ્રધાન બનાવવા માટેની નિષ્કામ કર્મની સુંદર યોજના છે; પરંતુ એ બધું વિવેકપુરઃસર થાય તો જ સાધના અને સાધ્યની એકવાક્યતા થાય. જેવું સાધન તેવી સાધના અને જેવી સાધના તેવી સાધ્ય સાથેની સિદ્ધિ.

*　　*　　*　　*

(૧) કેટલાએક સાધ્યવસ્તુ આત્માની ચર્ચામાં જ બુદ્ધિને રોકી રાખીને એના દ્વૈતઅદ્વૈતની સિધ્ધિ માટે જ ચર્ચા કર્યા કરે છે, આવા બુદ્ધિવાદીઓ પણ સાધ્યના દ્વૈતઅદ્વૈતનો નિર્ણય થયા પછી સાધ્યની સાથેના દ્વૈત-અદ્વૈત ભાવનો આશ્રય ન લે ત્યાં સુધી કશી સિધ્ધિ થતી નથી: એ પ્રમાણેની જે ભાવનિષ્ઠા છે એ જ છે સાધન તથા સાધના.

(૨) દ્વૈત-અદ્વૈતના નિર્ણય પ્રમાણે ભાવમાં પરિવર્તન કરીને ચિત્તના એકધારા પ્રવાહથી સાધ્ય પ્રતિ પ્રેમનો અવિરત પ્રવાહ વહેવરાવો એ છે ભક્તિ, ઉપાસના અથવા યોગનો ભાવગમ્ય માર્ગ: એમાં ભાવશુદ્ધિનું લક્ષ્ય ન રખાય તો સાધના અને સાધ્ય માટેની ભ્રાંતિ તથા વિકાર ઊભાં થઇને અહંમન્યતાની દીવાલ ઊભી કરે છે; ભેદભાવ વધી પડે છે અને પરિણામે ધર્મના પ્રદેશમાં મતભેદ ઊભા થાય છે.

(૩) કેટલાએક ક્રિયાક્ષેત્રમાં જ શુધ્ધિ લાવવા મથે છે; પરંતુ ક્રિયાના અસંખ્ય ભેદને લીધે, તેમ જ એના આદિઅંતવાળા સ્વરૂપને લીધે એનો અંત જ આવતો નથી. ઉપરાંત સ્થૂલ જગતનો અને કર્મની વિવિધ આચારપ્રણાલિકાનો એવો તો ગોટાળો થઈ જાય છે કે કર્મની આંટીઘુંટીમાં અમુક કર્મને શ્રેયસ્કર તો અમુકને હાનિકર માનીને કર્મંડ થઇ જવાનો ભય રહે છે.

પ્રત્યેક સાધનમાં વિવેકની પ્રથમ આવશ્યકતા છે; માનવી શ્રધ્ધા (ભાવ)નો બનેલો છે; જેવી એની શ્રધ્ધા તેવા એના ભાવ; જેવા ભાવ તેવાં કર્મ એ સ્વભાવગત પરિણામ છે; તેનાથી ઉલટું જેવું કર્મ તેવો ભાવ હંમેશાં હોતો નથી; બાહ્ય કર્મમાં રજોગુણ કે તમોગુણની પ્રતીતિ થાય છતાં ભાવમાં સત્ત્વગુણની પ્રધાનતા હોય છે. આવી રીતે એટલે ક્રિયાનું ક્ષેત્ર અટપટું છે. ભગવાન કૃષ્ણ એટલા જ માટે કર્મના રહસ્ય માટે એક જ વાત કહે છે કે અકર્મમાં કર્મ અને કર્મમાં અકર્મ ભાવના રાખે એ જ જ્ઞાની છે.

આવી ટૂંકી વ્યાખ્યા બાંધવાનું કારણ એ છે કે ક્રિયાનું મૂળ ભાવમાં છે. ક્રિયા અને ભાવ વચ્ચે ઘણીવાર વિરોધ માલૂમ પડે છે; અને ક્રિયાશુધ્ધિની સાવધાનતા રાખવા જતાં ભાવમાં ભેદભાવનો પ્રસંગ ઊભો થતાં દંભ, આડંબર, કપટ જેવા ભાવ આવી જાય ત્યારે જે શુધ્ધ ભાવથી ભાવાતીત આત્મામાં પ્રવેશ કરવાનો છે, એનાથી સાધક દૂર અને દૂર ધકેલાતો જાય છે. એટલા માટે વેદાન્ત ક્રિયા એટલે કર્મને મહત્ત્વ આપતું નથી. પરંતુ ભાવશુધ્ધિ તથા મનોબળને જ્ઞાનમાર્ગથી ગૌણ છતાં આવશ્યક સાધન માનીને આત્મભાવરૂપ જ્ઞાનનિષ્ઠાને મુખ્ય સાધન–સાક્ષાત્ સાધન માને છે.

* * * *

ઉત્થાનનું તંત્ર ચલાવવામાં મુખ્ય મુશ્કેલી આવા પ્રકારની જ છે. અદ્વૈતની સૈધ્ધાન્તિક ચર્ચા કરતા પ્રમાણગ્રંથોની પધ્ધતિ

સ્વીકારીને યુક્તિપ્રયુક્તિની આંટીઘુંટીવાળી લેખસામગ્રી આપવા જતાં ભાવ કે ક્રિયાશુદ્ધિ થવાના સંભવ વર્તમાન કાળમાં બહુ ઓછા જણાય છે. શું શહેરનું કે શું ગામડાનું જીવન અર્થ અને કામ નામના બે મધ્યમવર્ગી પુરુષાર્થની ભીંસમાં આવી પડયું છે અને જીવન-નિર્વાહનાં સાધનોના પ્રયત્નમાં કર્મ અને ભાવશુદ્ધિ સાચવવા જ અઘરાં થઇ પડયાં હોય ત્યાં એવા ક્લિષ્ટચિત્ત માનવસમૂહને કેવળ અદ્વૈતની પ્રમાણ ચર્ચા કરવાનો સંકેત કરીએ તો પરિણામે અહંકાર વધે છે. મિથ્યાવાદ અને માયાવાદની વાક્‌જાળ વણાતી જાય છે, અને ભાવ તથા ક્રિયાને જેવાં ને તેવાં રહેવા દેવાથી જીવન શુષ્ક તથા સ્વાર્થી બની જાય છે એવું આ લેખકે સમસ્ત ભારતના પ્રદેશમાં યથાપ્રારબ્ધ વિચરતાં જોયું છે. વેદાન્તનું નામ એટલા માટે જ સાચા જિજ્ઞાસુને, સહૃદયી સાધકને આકર્ષણ કરતું નથી. એટલું જ નહિ, પણ વેદાન્તનો ઉપહાસ થવાનું પણ એ જ મહાકારણ છે.

ભક્તિદ્વારા ભાવશુધ્ધિ કે સેવાદ્વારા ક્રિયાશુધ્ધિ માટે મથનારો વર્ગ બહુ મોટો છે. એમને દ્વૈતઅદ્વૈતની ચર્ચા નહીં, પણ જે ભાવથી ભાવાતીતમાં ચિત્ત પ્રવેશીને સચ્ચિદાનંદ માણી શકે, અનુભવ પછીના જીવનકાળમાં ભાવક્રિયાની શુધ્ધિ સચવાય, આત્માનંદની સ્વભાવ-સિધ્ધ જાગ્રતિ રહે, અને જીવનનો સર્વદેશી વિકાસ થાય એવા આત્મજ્ઞાનની મહત્તા સમજાવવાની ખાસ જરૂર છે.

આ બધું વેદાન્તના પુસ્તકોમાં નથી એમ નથી. પરંતુ અદ્વૈત-વાદનો ઉપદેશ આપ્યાલીધા પહેલાં અધિકારપરીક્ષા થતી નથી એ છે. ભાવશુદ્ધિ અને ક્રિયાશુધ્ધિ માટેની કાળજી ન રખાય અને મોક્ષ પામવાની ઉતાવળમાં અદ્વૈતવાદનો ઉપદેશ અપાય છે, તથા યુક્તિથી એની ગોખણપટ્ટી ચાલે, ત્યારે મિથ્યા જીવનનિર્વેદનો જે ભય ઊભો થાય છે એ ભયંકર છે. એવા વેદાન્તીઓની વાણીમાં અભેદ-

જ્ઞાન, ભાવમાં અહંજ્ઞાન, અને ક્રિયામાં ભેદજ્ઞાન જયારે દેખાય ત્યારે સહૃદય સાધકવર્ગની જે ફરિયાદો ઉત્થાનના વાચકોમાંથી વારંવાર આવે છે એ બધું મને પોતાને ઉપર પ્રમાણે વિચારમાં નાંખી દે છે.

*　　*　　*　　*

તત્ત્વજ્ઞાનના નિર્મલચિત્ત મુમુક્ષુને સહાયક ઉપકારક થાય એવી લેખસામગ્રી આપવાની ઈચ્છામાંથી ઉત્થાનનો પ્રાદુર્ભાવ થયો છે; આટલા વર્ષનો અનુભવ તો એમ કહે છે કે ગુજરાતમાં વેદાન્તના નામનો "ભારે શૉખ" ઉઘડયો છે, પણ એનાં સાધન-સાધ્ય વિષે પૂરી સમજણ નથી. વેદાન્તનો સિદ્ધાન્ત તો વેદના વારાનો હોઈ પ્રાચીન, પરંપરાશુધ્ધ અને પ્રાપ્તવ્યમાં સરલ અને સચોટ છે; ભારતવર્ષમાં વ્યાપક છે; ઉપનિષદ્ સમૂહ એનો મૂલાધાર છે; એનું સમન્વય દાખવતું વેદાન્તદર્શન છે; અને ક્રિયાત્મક વેદાન્ત જીવવાનું શાસ્ત્ર શ્રીમદ્ ભગવદ્ગીતા છે, તે ઉપરાન્ત પણ અન્ય નાનામોટા સંસ્કૃત -પ્રાકૃત ગ્રન્થોની વિપુલ સામગ્રી આપણી સમક્ષ સાક્ષાત્ વેદજ્ઞાન રૂપે દષ્ટિગોચર છે; અને સૌથી મહત્ત્વની વાત-અલબત્ત ગુજરાત માટે-એ છે કે ગુજરાતના પાટનગર ગણાતા અમદાવાદમાં મહામંડળેશ્વરોનાં થાણાં સ્થપાયાં છે અને ત્યાં સર્વત્ર લોકરુચિને સંતોષવા માટે કથા, વ્યાખ્યાનો, પારાયણો, ભજનો, ઉત્સવો ઉજવાય છે, જયાં "વેદાન્ત"ની જ બોલબાલા સંભળાય છે:

*　　*　　*　　*

છતાં આ બધા શ્રોતાવર્ગની સામે નજર નાંખતાં જે અસંતોષ દેખાય છે એમાં અમારો દષ્ટિદોષ તો નહિ હોય-એવી મીઠી મૂઝવણ થાય છે; એ બધું ઠીક ઠીક ચર્ચા માગી-નોતરી લે છે; તટસ્થ રહીને એ બધાંની સમીક્ષા-આલોચના કરવી જોઇએ-કરવી જ જોઇએ એમાં પરમશ્રેય છે એમ અવશ્ય લાગે છે; સાધ્ય વસ્તુની ઠીકાઠીક

ચર્ચામાં ઊતરતા પહેલાં સાધનશુદ્ધિ કરવી જોઈએ એવું વારંવાર હું લખતો આવ્યો છું. તત્ત્વજ્ઞાન કેવળ બુદ્ધિવિલાસ નથી; તર્કચર્ચાનો જ વિષય નથી; એ તો છે અંતઃકરણની સમસ્ત ભૂમિકામાં ઊતારવાનો આત્માનો સચ્ચિદાનંદમય ગંગાપ્રવાહ: રાજર્ષિ ભગીરથે ગંગાવતરણ માટે તપશ્ચર્યા કરી, પણ ઝીલનાર તો અજ્ઞાનસંહારક માયાપતિ શ્રી મહાદેવનું બ્રહ્મમસ્તિષ્ક જ હતું. જ્ઞાનગંગાને વિનવવી ઊતારવી સહેલી છે, પણ એને ઝીલવા માટે દેવાદિદેવ શંકરનું બ્રહ્મરંધ્ર જોઇએ. બ્રહ્મરંધ્રમાંથી જ બ્રહ્મ પ્રવેશ કરે એ સ્વાભાવિક છે. ત્યારે કરવાનું શું ? અંતઃકરણની ચાર મુખ્ય વૃત્તિની પરમશુદ્ધિ જોઈએ એ દીવા જેવું ચોખ્ખું નથી ?

(૧) મન = જેમાં વિકલ્પ (વિરોધી કે વિપરીત કલ્પના) તથા સંકલ્પ ( અનુકૂલ સંકલ્પ ) હોય તેવી વૃત્તિ.

(૨) બુદ્ધિ=નિર્ણય કરવાની વૃત્તિ.

(૩) ચિત્ત = વસ્તુનું ચિંત્વન–સ્મરણ કરવાની વૃત્તિ.

(૪) અહંકાર = જીવનનાં સમસ્ત જ્ઞાનકર્મમાં હું–પણું દાખવતી વૃત્તિ. આ ચારેયમાં પરિવર્તન થવું જોઇએ :—દા. ત.

(૧) મન = તેમાંથી દેહરૂપ વિકલ્પ નીકળી જાય અને "હું આત્મા છું" એવો સંકલ્પ થાય.

(૨) બુદ્ધિ = પરમ બ્રહ્મ જ સત્ય છે એ વિના અન્ય બધું અનિત્ય છે એવો નિશ્ચયાત્મક નિર્ણય થાય.

(૩) ચિત્ત = સતત્ આત્મચિંત્વન અને સ્મરણ રહે.

(૪) અહંકાર = દેહમાન્યતાને બદલે સતત્ આત્મભાવના; હુંને

આત્માની સાથે જોડી દેવો; અભેદભાવે અહંભાવ રાખવાની કાળજી અને ટેવ.

આટલી ટૂંકી વ્યાખ્યા આપીને જે સમજાવવું છે તે જ ઉત્થાન-દ્વારા પ્રચાર કરવાનું છે:

પણ આટલી વાતનું જે મહત્ત્વ છે, તેથીયે વધારે મહત્ત્વ અપાય છે એ સાદીસીધી વાતને તર્કની આડીઅવળી આંટીઘુંટીમાં ફસાવી દેવાનું. સાચી જિજ્ઞાસા કે મોક્ષેચ્છામાં તીવ્રતા હોય છે; તરસ્યા માણસને પાણીના ગુણદોષ, જલતત્ત્વનું પૃથક્કરણ, પૃથ્વી પરનાં સમસ્ત જલાશયોનું જ્ઞાનવિજ્ઞાન, તરસનું તથા પાણીનું પ્રમાણ, પાણી પાનાર અને તરસ્યા માણસની યોગ્યતા વગેરે વિષયોની ચર્ચા લાભને બદલે હાનિ વધારે કરે છે, તેવું જ વેદાન્તની કથામાં બને છે. જે બ્રહ્મવિદોએ જીવનની અખંડ સાધના વડે પરમતત્ત્વનું આસ્વાદન કરીને અનુભવના ઉદ્દગાર રૂપે વૈખરીવાણીમાં આપણને વારસો આપ્યો છે, એની ચર્ચા કર્યા કરતાં શ્રવણ-મનન જ થયા કરે તો નિદિધ્યાસનના શ્રીગણેશ મંડાતા નથી, અને નિદિધ્યાસન જ અનુભવનું પ્રથમ પગથિયું છે, એ વાત વિસારે પડતાં કેવળ સમય નષ્ટ કરવાના મિથ્યા પ્રયત્નો સર્વત્ર થાય છે એવી માન્યતા-અલબત્ત મારી પોતાની, દઢ થતી જાય છે.

* * * *

ભાવશુદ્ધિ અને ક્રિયાશુદ્ધિ દ્વારા જ્યાં સુધી અંતઃકરણ ભાવાતીતમાં પ્રવેશવા-પીગળવા માટે અધિકારી ન થાય ત્યાંસુધી એ જ ભાવાતીત આત્માનો મહિમા ગાવા-ગવરાવવામાં વિરોધ નથી; પરંતુ આત્મભાવમાં રહીને જીવન કેમ વિતાવવું એ મહત્ત્વના પ્રશ્નનો નિરાદર પણ કરવાનો નથી.

જીવન્મુક્તિ છે આત્મજ્ઞાનનું અંતિમ પરિણામ. મોક્ષની વ્યાખ્યા કડકડાટ બોલી જનારનો તોટો નથી. વેદાન્તનાં નિર્ગુણ ભજનો, અદ્વૈતના દોહા, ચોપાઈ કે કવિતા, તેમ જ બાહ્ય ત્યાગને બહાને પ્રમાદ સેવતા નિવૃત્તિપ્રશંસકોની સંખ્યા એટલી બધી વધી પડી છે કે એમને પોતાના ભાવ કે ક્રિયાની શુદ્ધિઅશુદ્ધિ જોવાનો વિવેક જ નથી, ફુરસદ નથી, ઇચ્છા પણ નથી — મનોવૃત્તિ જ નથી.

આ બધું શાસ્ત્રીય પ્રમાણો આપીને સિદ્ધ કરવા જેવું છે. ભ. શંકરાચાર્યનાં ભાષ્યો કે પ્રકરણગ્રંથોમાંથી શોધી બીણીને બતાવવા જેવું છે કે :—

(૧) ભાવશુદ્ધિ (ચિત્તશુદ્ધિ) જ નિવૃત્તિમાર્ગનું સૌથી શ્રેષ્ઠ અને પ્રથમ પગથિયું છે.

(૨) એના આધાર માટે ક્રિયાશુદ્ધિ (નિષ્કામ કર્મકાંડ)ની અત્યંત આવશ્યકતા છે.

(૩) કેવલાદ્વૈતના સિદ્ધાંતમાં **પરમાર્થ** અને **વ્યવહાર** બન્ને ભૂમિકામાં જે વિવેકી હોય એ જ જ્ઞાની કે જીવન્મુક્ત કહેવાય.

(૪) વ્યવહારનો નિરાદર એટલે ત્યાગ નહીં, વ્યવહારમાં અકુશળતા એટલે વૈરાગ્ય નહીં, જડબુદ્ધિ કે નિશ્ચેષ્ટ શરીર એટલે નિવૃત્તિ નહીં, એ ખાસ સમજવાનું છે.

(૫) વ્યવહારમાં નિરુપયોગી નીવડેલી બુદ્ધિ પરમાર્થની પ્રાપ્તિમાં કુશળ થઈ શકે કે કેમ એ શંકાસ્પદ છે. વ્યવહાર જ અંતઃકરણને શુદ્ધ અને નિરુદ્ધ કરવાનું આવશ્યક ક્ષેત્ર છે, એ ભૂલવા જેવું નથી.

(૬) શુદ્ધિ અને નિરોધની સાધના પછી જ આત્મજ્ઞાનની લોકોત્તર વાણી સાધકના ચિત્તમાં જ્ઞાનાંકુરનાં બીજારોપણ કરી શકે છે. એટલે વ્યવહારનો નિરાદર નહીં પણ વ્યવહારનો સાર ખેંચી લેવાનો છે. ડાંગરમાંથી ચોખા લઇ લીધા પછી જ છોડાંછોતરાં ફેંકી દેવાનાં છે, ડાંગર એમ ને એમ ફેંકી દેવાની નથી. એવી જ રીતે સંસારમાંથી વિશુધ્ધ ચારિત્રરૂપ સાર ખેંચી લીધા પછી જ ભોગ- વાસનારૂપ અસારભાગનો ત્યાગ કરવાનો છે.

(૭) સહૃદય સાધકે જીવનનિર્વાહની અસંખ્ય મુશ્કેલીઓમાં નિર્ભય, નિર્મલ જીવન જીવી શકાય, એવું ધૈર્ય કેળવાય તથા મનોબળ મેળવાય એવી ભાવશુધ્ધિ શીખવાની છે,

(૮) ભાવશુધ્ધિ હશે તો ક્રિયાશુદ્ધિ આવશે. એ બન્નેમાં એક-વાકયતા હશે તો જીવનમાં ત્યાગવૈરાગ્ય દીપી નીકળશે. શારીરિક, માનસિક તિતિક્ષા કેળવાશે અને તપશ્ચર્યા પ્રાપ્ત થશે, તો જ આત્મવિદ્યા કેળવાશે.

(૯) ભ. ગી. માં આત્મજ્ઞાનનો ઉપદેશ પામનારાનો અધિકાર બતાવ્યો છે, આ રહ્યો એ પરમ મહત્ત્વનો શ્લોક :—

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
नचाशुश्रुषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥

ભ. ગી. અ. ૧૮–૬૭

**ભાવાર્થ :** આ જ્ઞાન જેની કાયા તપસ્વી નથી, જે ભક્ત નથી, જેણે શુશ્રુષા કરી નથી, જે મારી અસૂયા કરે છે, એને કદી પણ કહેવા જેવું નથી.

વાંચો આ શ્લોક અને તપાસી જુઓ વેદાન્તના શ્રોતાવર્ગનાં

અંતઃકરણો. વૈદ્ય પણ નાડી જોયા વિના દવા આપે તો એ અનાડી ઊંટવૈદ્ય દરદીનું મૃત્યુ તથા પોતે હિંસાનું પાપ વ્હોરી લે, છે, તેમ આ ભવરોગના વૈદ્ય જેવા વેદાન્તના ઉપદેશકો શ્રોતાવર્ગની અધિકારનાડી તપાસ્યા વિના અહં–બ્રહ્મનો ઉપદેશ આપે, તો એ બધાનું મૃત્યુ નહીં તો બીજું શું કહેવાય ? એ પાપ કોને માથે ?

આત્મજ્ઞાન માટે તપશ્ચર્યા જોઈએ. એ તપની વ્યાખ્યા ભ. ગી. ના અઢારમા અધ્યાયમાં છે. એનામાં ભક્તિ જોઈએ. એ ભક્તિ પણ એમાં ભરી પડી છે. એનામાં સેવાભાવ જોઈએ; એ સેવા વિષે પણ કર્મયોગના સિધ્ધાંતગ્રંથ જેવા ગીતામાં કાંઈ બાકી રાખ્યું નથી, અને અસૂયાને નિર્મૂળ કરવા માટે ભાવાતીત પરમતત્ત્વસ્વરૂપ પરમેશ્વરમાં મનને જોડી દેવાનું યોગનું સાક્ષાત્ સાધન જોઈએ એ પણ એમાં બતાવ્યું છે.

તપથી, ભક્તિથી, સેવાથી અને અનસૂયાથી ભાવશુધ્ધિ તથા ક્રિયાશુધ્ધિ થાય ત્યારે જ ભાવાતીત આત્મ–બ્રહ્મજ્ઞાનની નીસરણી ચણાય. નીસરણી વિના આત્માની અગાસી ઉપર દેહભાવરૂપ જમીન ઉપરથી કુદકો મારનારના હાથપગ ભાગે કે મૃત્યુ નીપજે એમાં શું આશ્ચર્ય !

ઉત્થાન આવી લેખસામગ્રી માટે આગ્રહ રાખે છે. સાધનની શુધ્ધિ વિના યથાર્થ સાધના થતી નથી. વિવેક વિના સાધનની સમજણ પડતી નથી. સાચા સાધન વડે થતી સાધનાથી જ પરમતત્ત્વસ્વરૂપ સાધ્યની સિદ્ધિ થાય છે. અને એ જ છે અત્યારના સહૃદયી સાધકના જીવનકલ્યાણ માટેની પરમ આવશ્યકતા. પરમહંસ સ્વા. રામકૃષ્ણ, વિવેકાનંદ અને રામતીર્થની વિદ્વત્તા કરતાં એમની ભાવશુદ્ધિ અને ક્રિયાશુધ્ધ કેટલાં ચડીઆતાં હતાં એ

તપાસી જુઓ! એટલું જ કેમ? જે જે સંતોએ આપણને જ્ઞાનવાણી સંભળાવી છે, એમનો અનુભવપ્રસાદ જ આપણા અંતરમાં ઊતરે છે-સોંસરવો પાર ઊતરી જાય છે. ભાવમાં પ્રવેશ કરીને ભાવાતીતનું આસ્વાદન કરાવે છે; પંડિતાઇ નહીં.

આવશ્યકતા છે ભાવશુધ્ધિની, ભાવની તીવ્રતાની, ક્રિયામાં વ્યવસ્થાની, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં નિરભિમાન, નિશ્ચયાત્મક આત્મ-જાગ્રતિની; અહંકારને કહાડો એટલે આત્મદીપકનાં અજવાળાં પડશે, શિષ્યભાવને સદોદિત જાગ્રત રાખો, નમ્રતા રાખો એટલે લોકવાસના જીતાશે. આત્મભાવના રાખો એટલે દેહવાસના મરશે. અનુભવમાં ઊતરો એટલે શાસ્ત્રવાસના શાંત થશે. કશી વાસના નહીં, પણ આત્મા છો એ ભાવ જાગ્રત કરો. એ આત્માને સર્વવ્યાપક, ઘટઘટવ્યાપી, પ્રત્યેક પ્રાણીમાત્રનું અંતર્યામી સ્વરૂપ સમજીને-ઓળખીને એ પ્રમાણે વ્યવહાર કરો એટલે ભગવાન કહે છે તેમ,

**તપ, ભકિત, સુશ્રૂષા** અને **અનસૂયા** તમારા જીવનમાં ઊતરશે અને જીવન્મુકિત તો તમારો સહજ સ્વભાવ બની જશે. દેહભાવ હતો નહોતો થઇ જશે. ૐ ૐ ૐ

(સપ્ટેમ્બર-૧૯૫૧)

# સત્સંગ અને સંતસંગ

પ્રત્યેક વર્ષે વિક્રમ સંવતનો અંત તથા આરંભ થાય છે. ગુજરાત ભરમાં દીવાળી અને બેસતા વર્ષનાં પર્વો ઉજવાય છે, અને અમને તે દિવસે પ. પૂ. સ્વા. રામતીર્થની પુણ્યસ્મૃતિ જાગ્રત થાય છે. બેસતા વર્ષના મંગલ પ્રભાતે એમનો જન્મ અને આથમતે દીવાળીને દિવસે એ શરીરના જલસમાધિ. પુણ્યશ્લોકનું નામસ્મરણ હૃદયમાં આવિર્ભાવ પામતાં વિશેષભાવે સ્વરૂપાનંદના આહ્‌લાદક તરંગોની ભરતી ચડાવે છે!

એમને સમાધિસ્થ થયાં પૂરાં*૪૫ વર્ષ વીતી ગયાં; 'રામતીર્થ' નામથી ઓળખાતા શરીરને જલસમાધિ પાંમ્યાં ૭૭ વર્ષનાં વ્હાણાં વાઈ ચૂકયાં. એ વખતે પંજાબ અખંડ હતું; શિખોના આદ્યધર્મપ્રેરક શ્રી નાનકદેવ તથા હર્ષદેવના ચલાવેલા સંપ્રદાયોના પ્રતાપે આત્મજ્ઞાનનું પોષક અદ્વૈત વેદાન્ત, દેશપ્રેમની પ્રેરક વીરભક્તિ અને ઉલ્લાસપ્રેરક કર્મબલ પંજાબ-પંચનદનો એ પ્રદેશ અન્નવસ્ત્રથી સમૃદ્ધ હતો. સંતસાધુઓની ભીડ જેટલી પંજાબમાં રહેતી એટલી ભારતવર્ષના બીજા કોઈ પ્રાન્તમાં ભાગ્યે જ રહેતી હશે. સંતસેવાનો મહિમા જેટલો શિખસંપ્રદાયની શાખાઓ જેવા ઉદાસી તથા નિર્મલ વગેરે સંપ્રદાયોમાં વર્ણવેલો છે, શ્રી ગ્રન્થસાહેબમાં સત્સંગ, સાધુસંગ અને સંતસંગનાં મહિમાપૂર્ણ વર્ણનો આવે છે, એટલાં બીજાં પ્રાકૃત ભાષાના ગ્રન્થોમાં ભાગ્યે જ આવતાં હશે. આત્મજ્ઞાન પુસ્તક-

*કારતક–૨૦૦૮

ગ્રાહ્ય, શાસ્ત્રગ્રાહ્ય, કે યોગ, ઉપાસના કે કર્મગ્રાહ્ય નહિ પણ અનુભવી બ્રહ્મવિદ્‌ના સંગ તથા કૃપાગ્રાહ્ય છે એવું વિધાન શ્રી ગ્રન્થસાહેબમાં વિશેષ આવે છે. અને એને લીધે ત્યાં ત્યાગનો–ચતુર્થાશ્રમી બની પરમહંસ પરિવ્રાજક બનવાનો મહિમા વધી પડતાં સંતસાધુઓની સંખ્યા મર્યાદા ઓળગી ગઈ હતી એમ કહીએ તો પણ ખોટું નથી.

કચેરીની ભાષા ઉર્દૂ હોવાથી હિન્દીનો પ્રચાર જ જ્યાં નહિવત્ હતો, ત્યાં સંસ્કૃતભાષાના અદ્વૈતવેદાન્તના ગ્રન્થો ભણીને એની સાચી સાધનપ્રણાલિકા સમજી શકાય એવો દેશકાળ નહોતો રહ્યો. ગુરુમુખી ભાષામાં ગ્રન્થસાહેબ તથા એ સંપ્રદાયનું અન્ય વાચન ધાર્મિક ક્ષેત્રમાં મુખ્ય હતું, ત્યારે વેદાન્તનાં પુસ્તકો પણ ઉર્દૂમાં જ લખાતાં વંચાતાં તથા છપાતાં હતાં.

વેદાન્તનો મૂલ અદ્વૈત સિદ્ધાન્ત ભારતવર્ષમાંથી બધે પ્રસર્યો છે એ નિર્વિવાદ છે. ઇસ્લામના સુફીવાદે મેળવેલી પ્રેરણા મહત્ત્વની છે અને અદ્વૈતવાદી ફકીરોએ ખૂબ જ કીર્તિ વધારી છે. અદ્વૈતવાદની સિધ્ધિમાં જે કેટલાએક મુખ્ય મુદ્દાના સિધ્ધાન્તો છે, એની તો એમાં એકવાકયતા જ હતી. (૧) હૃદયની શુદ્ધિ એટલે અંતઃકરણમાંથી સાંસારિક ભોગવાસનાની નિર્મૂળતા. (૨) ચિત્તની એકાગ્રતા માટે અંતઃકરણનો પરમાત્મા પ્રતિનો એકધારો અવરોધ વિનાનો નિશ્ચલવૃત્તિ પ્રવાહ, એટલે ઉપાસના, યોગ કે ભક્તિ. (૩) બ્રહ્મવિદ્‌નું શરણગ્રહણ, તથા શિષ્યનું સમર્પણ એટલે ત્યાગની પરાકાષ્ટા વડે બ્રહ્મ અને બ્રહ્મવિદ્ સાથે અભેદ અનુભવવાનો સર્વોત્તમ સિદ્ધાન્ત તથા (૪) બ્રહ્મવિદ્‌ના પ્રત્યક્ષ સંપર્ક તળે કળવાઇને અનુભવ કરવાની આવશ્યકતા

વેદાન્તમાં જેમ (૧) નિષ્કામકર્મ દ્વારા ચિત્તશુદ્ધિ, (૨) ઉપાસના દ્વારા વિક્ષેપનો નાશ, (૩) અને મહાવાકયના શ્રવણદ્વારા આવ-

રણભંગની આવશ્યકતા સ્વીકારી છે, એની સાથે જ બ્રહ્મવિદ્ આચાર્યના શરણની મહત્તા એ ત્રણેયમાં સાંગોપાંગ ઊતરી આવેલી જોઈએ છીએ. વેદાન્તમાં કોઇ કોઇ સંતો તો એમ પણ કહે છે કે (૧) આચાર્યની નિષ્કામ સેવા એ કર્મ, (૨) આચાર્યની ઉપાસના એ વિક્ષેપનાશ માટેનો યોગ–ભક્તિ, (૩) અને બ્રહ્મવિદ્ આચાર્ય તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપે એ જ આત્મજ્ઞાનનું સર્વશ્રેષ્ઠ સાધન છે.

વિચાર કરી જોતાં આ વાત ખોટી લાગતી નથી. એટલું જ નહિ પણ અનુભવીઓ એમ જ કહી ગયા છે, અને મારા પોતાના અનુભવની વાચકને કંઇ કીમત હોય તો નિરભિમાનપણે કહું છું કે આ વાત સોળે સોળ આના સાચી છે.—શરત માત્ર એ કે શિષ્યભાવે હૃદયમાં એકમાત્ર પરમતત્ત્વની જિજ્ઞાસા રાખીને સંતોનો સંગ કર્યે જાઓ. સંતોમાંથી જ કોઇ બ્રહ્મવિદ્–પારસ મળી આવશે, અને તમે જો શુદ્ધ પોલાદ હશો તો સુવર્ણ બની જશો. એક અનુભવી સંત તો એટલી હદ સુધી કહે છે કેઃ—

* પારસમેં અરુ સન્તમેં, બડો અંતરો જાન,
વહ લોહા કાંચન કરે, યહ કરે આપ સમાન.

**અર્થ :** પારસમણિ અને સંતમાં એક મોટો તફાવત એ છે કે પારસ તો પોતાની પાસે આવેલા લોખંડને સુવર્ણ બનાવે છે, પણ સંત તો પોતાને શરણે આવેલાને પોતાના જેવો જ સંત બનાવી મૂકે છે, એટલે કે બ્રહ્મવિદ્ના સંપર્ક અને શરણમાં આવેલો જીવાત્મા

* હિન્દી ભાષામાં 'વિચારમાળા' કરીને ૨૧૧ દોહાનું સોરઠામાં વેદાન્ત વિષયનું આઠ પ્રકરણમાં લખેલું પુસ્તક છે; એના લેખક છે શ્રી અનાથદાસજી. ગ્રન્થના છેવટના દોહામાં લેખક લખે છે કે મેં મારા મિત્ર સ્વા. નરોત્તમપુરીની આજ્ઞાથી આ વિચારમાળા રચી છે. આખ્યાયિકા આ

બ્રહ્મભાવ પામે છે. સત્સંગનો આ અજબ મહિમા છે; સતને ઓળખે અને અનુભવે એ સન્ત. એ સત્‌ને પામવા માટે સંગ કરવો હોય હોય તો સંતસંગ કરવો જોઇએ. સત્ સામાન્ય રીતે સર્વવ્યાપક, પ્રત્યેક નામ રૂપનું અધિષ્ઠાન, જડચેતનથી વિલક્ષણ એવું સંપૂર્ણ પરમતત્ત્વ છે, એ સત્ એ જ ચિત્ અને સત્ તથા ચિત્ એ જ આનંદ છે એટલે સચ્ચિદાનન્દના અનુભવી સન્તનાં સેવાશુશ્રુષાથી સત્‌નો સંગ સહજસ્વભાવે થાય છે; જેવી રીતે ચકમક પથ્થર તથા ગજવેલના પાસે પાસે પડેલા ટુકડામાં સામાન્ય અગ્નિ અવ્યક્તરૂપે સર્વવ્યાપક હોવા છતાં ઘર્ષણ થાય ત્યારે જ અગ્નિ વ્યકત (-પ્રકટ) થાય એ અગ્નિનું વિશેષરૂપ છે; તેવી જ રીતે સામાન્ય સત્ અવ્યકત-રૂપે સર્વવ્યાપક હોવા છતાં જે ચિત્તમાં બ્રહ્માકાર વૃત્તિના ઘર્ષણથી સત્‌નો આવિર્ભાવ થાય એ શરીરધારી અંતઃકરણમાં સત્‌નો વિશેષ

પ્રમાણે છે. શ્રી અનાથદાસજી અને સ્વા. નરોત્તમપુરી બન્ને મિત્ર સંતો ભારત-વર્ષમાં યાત્રાભ્રમણ કરતા કરતા સત્સંગનો લાભ લઇ સાધન ભજન વગેરે કરતા હતા. બન્ને અદ્વૈત નિષ્ઠાના મુમુક્ષુ હતા, દૈવવશાત્ બન્ને જુદા પડતાં શ્રી. અનાથદાસજી કાશ્મીરમાં જઇને સ્થાયી થયા, ત્યારે સ્વા. નરોત્તમપુરી વડોદરામાં રહ્યા. સ્વા. નરોત્તમપુરી તો દશનામી સંન્યાસી હોવાથી ભ. શંકરાચાર્યના સિધ્ધાન્ત પ્રમાણે અદ્વૈત વેદાન્તના જ અનુભવી હતા, પરંતુ શ્રી અનાથદાસ ઉદાસી સંપ્રદાયના સાધુ હોવા છતાં નામની પાછળ દાસ શબ્દ આવવાથી દ્વૈત નિષ્ઠામાં તો નહિ રહી ગયા હોય એવી શંકા આવવાથી જતા આવતા કોઇ સંત સાથે શ્રી અથથદાસજીને સંદેશો મોકલાવ્યો કે મારા માટે ભજન કરવા માટે એક સુંદર માળા મોકલાવજો. રેલ્વે, તાર કે ટપાલ-ખાતાના વહીવટ પહેલાં વિ. સં. ૧૦૨૬ની આ વાત છે. અનાથદાસજી પોતાના મિત્રના સંદેશાનો સંકેત સમજી ગયા એટલે **(આત્મજ્ઞાનમાં ઉપયોગી થાય એવી)** આઠ વિશ્રામની દોહા સોરઠામાં લખેલી આ વિચારમાળા આવતા જતા સંત સાથે મોકલીને ઉત્તર આપ્યો કે નિષ્ઠા તો એક જ છે અને અદ્વૈતની જ છે. આ વિચારમાળા લખવામાં ભર્તૃહરિકૃત વૈરાગ્ય-શતક, ભાગવતનો એકાદશસ્કંધ, અષ્ટાવક્રગીતા અને વસિષ્ઠકૃત યોગવાશિષ્ઠ

ભાવે, પ્રકટ રીતે અને વ્યક્ત સ્વરૂપે પ્રકાશ પડે છે; એટલે જ સત્‌નો સંગ કરવાનો અર્થ સંતનો સંગ કરવો એમ ઘટાવી શકાય. આવા સંતમહિમાનો પંજાબ પ્રાન્તમાં જયજયકાર હતો. શિખસંપ્રદાયના પ્રભાવથી ગુરુભક્તિ, સંતસેવા અને અદ્વૈત નિષ્ઠાની જાણે સ્વયંસિદ્ધ ભૂમિ હોય એવો પંજાબ પ્રાન્ત સંતસાધુનાં વૃન્દથી જ્ઞાનમય વૃન્દાવન જેવો હતો.

આ વિચારમાળાનો મેં સ્વાધ્યાય કર્યો એ વિષે, વિષયાન્તર થવા છતાં થોડું અંગત રીતે લખી નાખું. ઇ. સ. ૧૯૨૧ના વર્ષ પહેલાં ભિન્નભિન્ન સ્વભાવ તથા લક્ષણોના સંતસાધુઓનાં દર્શન થયાં. કથાશ્રવણ કર્યાં. તે પહેલાં જેટલું ભાષાજ્ઞાન હતું તે પ્રમાણે પુસ્તકોનું અધ્યયન-પરિશીલન કરવાનો પ્રયત્ન કર્યો અને જેમ જેમ પુસ્તકપઠન વધતું ગયું તેમ તેમ શાસ્ત્રવાસનાએ ખૂબ જ જોર કર્યું. સંસ્કૃતના અપૂર્ણ અભ્યાસને પૂરો કરવા જૂની પદ્ધતિએ સંસ્કૃત શીખવાના ખૂબ જ ધમપછાડા કર્યા. સિદ્ધાંતકૌમુદીના અભ્યાસની ચાર-પાંચ બખત શરૂઆત કરી જોઇ. અષ્ટાધ્યાયી (પાણિનીકૃત)નાં સૂત્રો પણ કંઠસ્થ કરી જોયાં. સંસ્કૃત માટે જેટલી

---

રામાયણનો ઉપયોગ કર્યો છે, થોડું પોતાના અનુભવનું પણ પ્રમાણ આપીને આ માળા મોકલી છે એનો આત્મવિચાર કરવામાં ઉપયોગ કરજો. એક મિત્રની આજ્ઞાનું આ ફલ છે; એમાં તર્કભરી દલીલો ગોઠવીને બુદ્ધિને જડ નથી બનાવી, બ્રહ્મચર્યરક્ષણ ઉપર ભાર મૂકવા માટે ભર્તૃહરિના વૈરાગ્ય શતકનો સાર ભર્યો છે; ભ. શ્રી કૃષ્ણે સ્વધામ પધારવાના અંતિમ સમયે જ્ઞાનનિષ્ઠ ભક્ત અર્જુનને જે છેવટનો ઉપદેશ આપ્યો છે, એવા ભાગવતના એકાદશ સ્કંધનો ઉપયોગ કર્યો છે, 'પેંગડે પગ અને બ્રહ્મઉપદેશ'ની કહેવતવાળા જનકરાજાને અષ્ટાવક્ર મુનિએ ઉપદેશ આપ્યો એ અષ્ટાવક્ર ગીતાનો તત્ત્વોપદેશ એમાં ઠાંસી ઠાંસીને ભર્યો છે; અને સૌથી ઉત્તમ એવા અજાત-પ્રૌઢીવાદના આચાર્ય શ્રી વસિષ્ઠ મુનિએ ભ. રામચંદ્રજીને સ્વરૂપનિષ્ઠા

મહેનત કરી તેટલી જ અંગ્રેજીમાં આગળ વાંચવા, વિદેશી તર્કપ્રચુર સાહિત્યના ભેદ જાણવા, મરાઠી, બંગાળી, હિન્દી, ઉર્દૂ–ભાષાના વિદ્વાનોની વિચારશૈલી જાણવાની પણ વાસના ભડકે બળવા માંડી. ન્યાય અને નવ્ય ન્યાયની માથાફોડ કરવાની પણ ઉત્કંઠા સતાવતી રહી.

આ બધાની સાથે લોકવાસના સંકળાયેલી હતી. વ્યાખ્યાનો આપવાં, દેશવિદેશમાં ઘૂમવું, ચર્ચાઓ કરીને એક અદ્વૈત સિદ્ધ કરવું, મગજમાં પ. શ્રી. રામતીર્થ અને સ્વા. વિવેકાનંદની વિદેશ-વિખ્યાતિના વિજયડંકા નોબત વગાડીને શાસ્ત્ર તથા લોકવાસનાને ઉશ્કેરી ઉશ્કેરીને ઊભી કરતા હતા.

---

કરાવવા જે અદ્ભુત ઉપદેશ આપ્યો છે એ યોગવિદ્યાના ભંડાર જેવા રામાયણના અલૌકિક મહત્ત્વના અંશને આ વિચારવાળામાં સૂત્રરૂપે મૂકયો છે; આવી આ વિચારમાળા ગુંથનાર ફેરવનાર શ્રી અનાથદાસજી–નરોત્તમપુરીના સદ્ભાવના સાક્ષી જેવી નાની એવી પુસ્તિકામાં શ્રી અનાથદાસજી સંતમહિમાના વર્ણનરૂપે ઉપરનો દોહો લખે છે. આ ગ્રંથનો સંસ્કૃત શ્લોકમાં અનુવાદ ઉદાસીન સ્વા. ગોવિંદદાસજીએ કર્યો છે જે વિ. સં ૧૯૬૨માં છપાયો છે. અનુવાદનો શ્લોક આ પ્રમાણે છે.

मणेः पार्श्वस्य साधोश्च विद्धित्वं महदंतरम् ।
स लोहं कुरुते हेम शिष्यं त्वात्मसम गुरुः ॥

વિશ્રામ, ૨–૧૬

આ પુસ્તક ગુજરાતમાં બહુ પ્રચલિત નથી ઉદાસિન સંપ્રદાયના સાધુઓ ઘણેભાગે જિજ્ઞાસુઓને વાંચવા માટે એની ભલામણ કરે છે કારણ કે એના લેખક શ્રી અનાથદાસજી એ સંપ્રદાયના હોવાનો સંભવ છે. ઉપરાંત એમાં પ્રમાણોની ભરતીના કરતાં સત્સંગ, જ્ઞાનની સાત ભૂમિકા, બ્રહ્મચર્યપાલન વિ. મુખ્ય સાધનના મુદ્દાની જ ચોખવટ છે.

* * *

ગડમથલ બહુ વધી, ગુરુતુલ્ય સંતોની તો કૃપા જ હતી. મુખ્યત્વે હૃષીકેશ તથા અન્ય પ્રાંતના અનુભવી સંતોની ખૂબ જ કૃપા હતી અને એનું ભાન પણ હતું. દેહવાસના શાંત હતી. એના લાલન-પાલનમાંથી વૃત્તિ ઉપરામ પામી હતી, પણ શાસ્ત્રવાસના મુખ્યત્વે અને લોકવાસના ગૌણરૂપે અંતરમાં ઘૂમીઘૂમીને વેશ્યાવૃત્તિ છોડતાં નહોતાં.

વિસ્તાર નહીં કરું ! પણ એમાં એક સંતના વાગ્બાણે કમાલ કરી ! વિદ્વત્તા, પંડિતાઇ, વાદવિવાદ કે વિતંડા શાંતિ નહીં અપાવે એવું મ્હેણું સાંભળ્યું. એ બધું તો અન્ય આશ્રમમાં, શ્વેત વસ્ત્રમાં પણ થઈ શકે એવું છે. અને ધનવૈભવ અપાવવામાં જ એનો ઉપયોગ છે એવી ટીકા સાંભળી. ઉપનિષદ્ વગેરેના અભ્યાસમાં કઠોપનિષદ્ અને માંડૂક્ય ઉપનિષદ્ મારાં પ્રિય હતાં. ઈશ ઉપનિષદ્નો પ્રથમ મંત્ર જીવનનું ધ્યેય હતું. અને એના અભ્યાસે અંતર્મુખ થવામાં પ્રેરણા આપી. "नैषा तर्केण मतिरापनेया=આ આત્મજ્ઞાન તર્કથી મેળવી શકાતું નથી. अविद्यायामन्तरे वर्तमाना: स्वयंधीरा: पंडितंमन्यमाना:=અવિદ્યાની મધ્યમાં રહેનારા અને પોતાને બુદ્ધિશાળી તથા પંડિત માનનારા મૂઢો"—વગેરે મંત્રોએ આંખ ઉઘાડી.

બસ થયું, સંકલ્પ કર્યો કે જેમાં યુક્તિની ભાંજગડ ન ભરી હોય, જીવનને સ્પર્શ કરે એવી સાધનાના જ સંકેત હોય, જેમની વાણીમાં આત્મપ્રસાદ હોય એવું કૈંક વાંચવું વિચારવું.

ત્રણેક મહિના એક સ્થાને એકાંત જીવન ગાળ્યું. જનસમૂહ નહોતો. પર્વતીય પ્રદેશ, હિંસક પશુનો ભય અને એવી એવી મનને મારવા માટેની પ્રબળ શુભેચ્છાથી સુવિચારણાદ્વારા એ મનને સૂક્ષ્મ બનાવવા માટે—તનુમાનસા નામની ત્રીજી ભૂમિકાના અભ્યાસ માટે નિર્જન એકાંત સ્થાન શોધી કહાડયું.

અને શું કર્યું ? સાથેનાં બધાં પુસ્તકોનું પોટલું બાંધીને દૃષ્ટિ સમક્ષ જ રાખી મૂક્યું, કેવલ બાહ્ય રીતે પૂજન કરવા માટે ! વાંચવા માટે રાખ્યું એક આ વિચારમાળાનું નાનું એવું પુસ્તક. રાતદિવસ એનો સ્વાધ્યાયયજ્ઞ ચાલુ કર્યો, એની નકલો કર્યા કરી, એના પર મનન, એને જ જીવનમાં ઊતરવા માટેનું તનમનનું મંથન શરૂ કર્યું.

શ્રી અનાથદાસજી પુસ્તકપંડિત નહીં પણ અનુભવી સંતોના જ્ઞાનામૃતનું પાન કરીને તૃપ્ત થયેલા શ્રોત્રિય હતા; તેથી જ એમના ઉદ્ગાર અનુભવના છે. થોડું વાંચી સાંભળીને સહસ્ત્રગણું મનન નિદિધ્યાસન કરીને યોગારૂઢ થયેલા બ્રહ્મનિષ્ઠ હતા, તેથી જ એમની વાણીમાંથી નિરભિમાન શાંતિ ઝરે છે. સત્સંગની આવશ્યકતા બતાવીને સંતોનો મહિમા વર્ણવે છે. સાધનાની મહત્તા સમજાવીને જ્ઞાનસાધનની સ્પષ્ટતા કરે છે. અદ્વૈતનિષ્ઠાની સાધના કરવા માટે જગત્-પ્રતીતિનું મિથ્યાત્વ સંબોધે છે. બ્રહ્મચર્ય માટે વૈરાગ્ય, જ્ઞાનારૂઢ થવા માટે સાત ભૂમિકા અને જીવન્મુક્તની તૃપ્તદશાનું વર્ણન કરીને પોતાના મિત્ર સ્વા. નરોત્તમપુરીની ઇચ્છાને માન આપી સુંદર જ્ઞાનવિચારમાળા ગૂંથી આપે છે.

* * * *

ગ્રન્થની મહત્તા મેં મારા ઉપયોગમાં આવેલા અનુપમ સાધન તરીકે વર્ણવેલી છે. એનું જ અહોનિશ સ્વાધ્યાય, પરિશીલન અને જીવનમાં અનુભવવા માટેનું નિદિધ્યાસન ત્યાં એકાન્તમાં ચાલુ રાખ્યું. શાસ્ત્રવાસનાને જીતવા માટે વિદ્વદ્ભોગ્ય, તર્કપ્રચુર, યુક્તિપ્રધાન, પ્રમાણ ગ્રન્થોની સહાયતા લેવા જતાં તો તર્કની મથામણ વધતી હતી, પંડિતોની શબ્દજાળમાં ફસાઇ પડાય એવું હતું. ચિત્તમાં શાસ્ત્રવાસના સડે, બુદ્ધિમાં તર્કના વીંછીઓ ડંખ મારે, શંકા-

કુશંકાનાં ઝાંખરાં અંતઃકરણના ક્ષેત્રમાં વનવગડો બનાવે—એ બધાથી દૂર રહેવા માટે આવા સીધા સાદા ગ્રન્થનું અનુશીલન કરવાનો પ્રયોગ આદર્યો. સાથે હતાં પેલા સંતનાં વાગબાણ ! "જો, જો, હોં શાસ્ત્રજાળ કે લોકભ્રાન્તિમાં ન ફસાતા !"—

મને ઠીક ઠીક લાભ થયો. કેવો કે કેટલો લાભ થયો એ તો સ્વસંવેદ્ય વસ્તુ રહી; એમાં કોઇનું પ્રમાણ શું કામનું ? જગત્ તો અનેકમુખી છે, મારે તો જેમની મારા ઉપર વણમાગી કૃપા વરસી રહી હતી તેવા સંતોના શબ્દની કીમત હતી. ભ. શંકરાચાર્યે પ્રકરણ ગ્રન્થોમાં જે સાધનક્રમ ગોઠવી આપ્યો છે, એ પ્રમાણે સાવધાન બનીને જીવન સુધારવું હતું એટલે અત્યારે આટલું લખવામાં પણ આત્મશ્લાઘાની કોઇને ગંધ આવશે, તર્ક ન કરી શકાય એવું બુદ્ધિમાંદ્ય લાગશે, ક્ષમા કરે સૌ ! મને તો ૐ શાન્તિ અને ૐ આનન્દ !

* * * *

પરમહંસ સ્વા. રામતીર્થજી અનુભવરસિયા હતા; એમના બાળપણની નિર્દોષતાનાં શાં વર્ણન કરીએ ? પિતાએ પોતાના કંસારા મિત્ર ધન્ના ભગતને ત્યાં પરગામ અંગ્રેજી ભણવા માટે સોંપ્યા ત્યાં એ ભોળા ભગતજી હતા તો નિરક્ષર, પણ કસરતનો અખાડો ચલાવતા; તૂટચાંફૂટચાં વાસણો સાંધતાં, અવિવાહિત રહીને નિશ્ચિંત રહ્યા હતા; અને સવારસાંજ જિજ્ઞાસુઓ એકઠા થાય ત્યારે કોઇ અક્ષરજ્ઞાની પાસે યોગવાસિષ્ઠ મહારામાયણનાં પારાયણો વંચાવીને એનો ઉપદેશ અંતરમાં ઉતારતા—પચાવતા. આવા અભણ પણ ભોળા, ભાવગ્રાહી ધન્ના ભગતની પાસે વિદ્યાર્થી રામતીર્થને પિતાશ્રીએ સોંપ્યા ત્યારે ભાગ્યે જ કોઇ જાણતું હશે કે એ વાલી બનેલા ભગતજીને વિદ્યાર્થી રામ બ્રહ્મસ્વરૂપ ગુરુ માનીને એમની ઉપાસના કરશે.

મુરાલીવાળા એમનું જન્મસ્થાન; ગુજરાંવાલામાં એ મેટ્રિક

સુધી ભણુવા રહ્યા ત્યાં ધન્ના ભગતનો કૃપાળુ હાથ ફર્યો; અને લાહોરમાં કોલેજનો અભ્યાસ કરવા ગયા ત્યાં એટલા અટૂલા, તપસ્વી બનીને ભણુવા જ માંડયા. જેમાં નથી રાખી અન્નવસ્ત્રની સગવડની પરવા કે નથી બીજી બાહ્ય પ્રવૃત્તિની લપસપ ! એ ભલા અને એમનું ભણુતર; વિદ્યાર્થી-એટલે વિદ્યા વિના કોઈ પણ અન્ય વિષયનો ચિત્તમાં અર્થ જ નહિ તે; સિનેમા, નાટક, હોટેલ, લોજ, રમતગમતનાં ક્રીડાંગણો, કે એવા બીજા સહકાર અસહકારનાં રાજકીય આંદોલનો એમણે એ વખતે તો જોયાં જાણ્યાં નહોતાં. તપશ્ચર્યા અને વિદ્યાભ્યાસ જેવા બહુમૂલા જીવનધનનો એમણે સંચય કર્યો, અને એકમાત્ર ધન્ના ભગતને બ્રહ્મસ્વરૂપ ગુરુ માનીને આજ્ઞાધીન શિષ્યભાવે જીવનની બધી વિગતોના વિસ્તૃત પત્રો લખ્યા કર્યા.

પછી બને છે કૉલેજમાં અધ્યાપક. એમનો લગ્ન સંબંધ બહુ નાની ઉંમરે થયેલો. અધ્યાપક થતાં જ પત્નીપુત્રને સાથે લઈને ગૃહસંસાર ચલાવવા લાહોર આવી પહોંચ્યા હતા. ગણિતશાસ્ત્રની વિદ્યાએ એમની સ્મરણશક્તિની તીવ્રતા કેળવી હતી. અધ્યાત્મવિદ્યાની લગનીને લીધે એમણે કોલેજમાં સંસ્કૃત ભાષાનું ખપ પૂરતું જ્ઞાન મેળવ્યું. ભગતજીના અદ્વૈતજ્ઞાનની છાયામાં રહેવા છતાં પણ એમને ભગવાન્ શ્રી કૃષ્ણચંદ્રની પ્રેમભકિતના વિરહવિયોગ સતાવતા; વૃન્દાવન જતા આવતા; ભગવાન્નાં એમને દર્શન થતાં; એમની સાથે હાસ્યવિનોદ કરતા. ગૃહસ્થાશ્રમી અધ્યાપક હતા એટલે ગુરુશરીર તથા પિતાજીના જીવનનિર્વાહ માટે એમનું માસિક વેતન આવે તેવું જ ખર્ચાઈ જતું. એ તો હતા નિષ્કાંચન અને જન્મ્યા તેવાજ અસંગી તથા અપરિગ્રહી. એમને પૂર્વકૃતફલ તરીકે સાંપડયાં હતાં શ્રધ્ધા અને તપોબલ; અતૂટ શ્રધ્ધાથી એમણે ધાર્યું પાર પાડયું; તીવ્ર તપશ્ચર્યાથી જીવનનૌકાને સાંગોપાંગ ભવપાર ઉતારી.

* * * *

ત્યાર પછી અદ્વૈત વેદાન્તનો રસ લાગ્યો; બાલપણમાં બ્રહ્મજ્ઞાનના સંસ્કાર પડ્યા હતા. ધન્ના ભગતનું ભાંગ્યા વાસણ સાંધવાનું કારખાનું, ઘેર મલ્લકુસ્તીનો અખાડો અને મુમુક્ષુમંડળ સાથેનો યોગવાસિષ્ઠરામાયણનો સ્વાધ્યાય, એવી ત્રિવિધ પ્રવૃત્તિમાં ઉછરેલા સ્વામી રામમાં અધ્યાપક હતા ત્યારે, નાનપણનાં ખીલેલા અદ્વૈતસંસ્કાર પુનઃ જાગ્રત થયા. ભગત ધન્નારામજીને કોઇ સંતે એક વાર ધ્યાનનિમગ્ન કરીને આત્માના કૈવલ્ય, નિર્વિકલ્પ સ્વરૂપનો અનુભવ કરાવ્યો હતો; શ્રવણથી પરોક્ષ જ્ઞાન અને સમાધિદ્વારા અપરોક્ષ જ્ઞાનના એ ભોક્તા હતા. નિત્ય નિરંતર બ્રહ્મભાવની ઉન્મત્ત દશામાં એ રહેતા હતા. એમને ત્યાં જ દૈવવશાત આવી ચડેલા કોઈ પરમહંસે શ્રી રામતીર્થને પણ ધ્યાનનિમગ્ન કરીને આત્માનંદના અવર્ણનીય આનન્દનું આસ્વાદન કરાવ્યું હતું.

* * * *

વારંવાર એ જ કહેવું પડે છે કે સંતોનો મહિમા અલૌકિક છે; એમની કૃપા અહૈતુકી છે; એમની દૃષ્ટિ બ્રહ્મસંસ્કારિણી છે; નથી નામ આપીને કશો પૂર્વપરિચય કરાવતા કે વ્યક્તિત્વ ઓળખાવીને મહાત્માપણાનો દાવો દાખલ કરાવતા. કોઇ અપરિચિત બ્રહ્મવિદ્ આવીને ધન્ના ભગત તથા રામતીર્થને માત્ર ક્ષણમાત્રના સત્સંગથી સ્વરૂપનું આસ્વાદન કરાવી ગયા; કૃપા વર્ષાવી, અને આવ્યા એવા અદૃષ્ટ થયા; જાણે વિદ્યુતનો પ્રાણચેતના પૂરે એવો દિવ્ય સંચાર કરતો ચમત્કારભર્યો ઝબકારો ! ખરેખર “यमेवैष वृणुते तेन लभ्यः तस्यैष आत्मा वृणुते तनूं स्वाम्। આ ( સાધક ) જે ( આત્મા )નું વરણ કરે છે, એ (આત્મા) વડે જ એ પ્રાપ્ત થાય છે, એના પ્રતિ આ આત્મા પોતાનું સ્વરૂપ અભિવ્યક્ત કરે છે:” તાત્પર્ય કે જે કોઇ આ આત્માની નિષ્કામભાવે પ્રાર્થના કરે છે, એને એ આત્મા પોતાનું

સ્વરૂપ આપોઆપ પ્રકટ—વ્યકત કરે છે; આત્માથી જ આત્માની પ્રાપ્તિ થાય છે. એટલે કે જેવો છે તેવો યથાવત્ પ્રકાશિત થાય છે. એનું યથાર્થ જ્ઞાન થાય છે.

સ્વા. રામતીર્થ આત્મજિજ્ઞાસુ હતા. પૂર્વજન્મના કોઇ અધુરા રહી ગયેલા યોગભ્રષ્ટ હતા, તેથી આવી અલૌકિક સહાયતા બાલ્યાવસ્થાથી જ મળ્યા કરી હતી. ભ. ગી. ના છઠ્ઠા અધ્યાયમાં કલ્યાણકૃત પુરુષની દુર્ગતિ થતી નથી એટલું જ નહિ પણ જન્મતાંવેંત જ એમને જે સગવડો મળે છે એનું વર્ણન કરતાં ભગવાન્ કહે છે કેઃ—

(૧) शुचीनां श्रीमतांगेहे योगभ्रष्टोऽभिजायते ॥

**અર્થ**:—એવો યોગભ્રષ્ટ પવિત્ર અને શ્રીમાન્‌ના ઘરમાં જન્મ લે છે.

(૨) अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥

**અર્થ**:—અથવા બુદ્ધિમાન્ યોગીઓના કુળમાં અવતરે છે. ખરેખર, આ લોકમાં આવો જન્મ મળવો અતિ દુર્લભ છે.

યોગભ્રષ્ટની આ બે ગતિ બતાવીને એનો તફાવત સ્પષ્ટરૂપે સમજવા માટે ભ. શંકરાચાર્ય એ ઉપર જે ભાષ્ય કરે છે એ વાંચવા જેવું છે.

(૧) "યોગમાર્ગમાં પ્રવૃત્ત થયેલો યોગભ્રષ્ટ શાસ્ત્રોક્ત કાર્ય કરે એવા શુદ્ધ અને શ્રીમાન્ પુરુષોના ઘરમાં જન્મ લે છે."

(૨) અથવા શ્રીમાનોના કુળ કરતાં બીજાં જે બુદ્ધિમાન્ દરિદ્ર-

યોગીઓનાં કુળ છે, ત્યાં જન્મ લે છે. પરન્તુ આવો જન્મ એટલે ઉપર બતાવેલા દરિદ્ર વગેરે વિશેષણોવાળા યોગીઓના કુળમાં ઉત્પન્ન થાય છે અને આ લોકમાં આવો જન્મ પહેલાં બતાવેલા શ્રીમાનના કુળના જન્મ કરતાં અત્યંત દુર્લભ છે.” આ બન્ને વ્યાખ્યાઓ વિચારવા જેવી છે.

(૧) પહેલો યોગભ્રષ્ટ પવિત્ર તથા ધનવાનને ત્યાં જન્મ પામે એમ કહ્યું છે. કુટુંબની, કુલની, તથા વંશશુદ્ધિની, સગવડની સાથે ધનવૈભવની વિપુલતા પણ હોય છે. આ બન્ને મોટાં વિઘ્નો છે. પૂર્વસંસ્કાર પ્રમાણે એ આત્મોન્નતિમાં આગળ વધવાના પ્રયત્નો કરે છતાં કુલ–જાતિ વગેરેના અભિમાનનાં તેમ જ લક્ષ્મીના મદને લીધે વિત્તૈષણાનાં વિઘ્નો સ્વાભાવિક રીતે જ એના માર્ગમાં આવીને ઊભાં રહે છે, તેથી આ માર્ગ વિશેષ સુલભ નથી.

(૨) બીજા પવિત્ર તો હોય છે જ પણ એની સાથે ધીમાન્ એટલે વિચારવાન્ હોય છે; વિચારવાન્ તથા વિવેકી હોય, તથા પૂર્વજન્મમાં વિરક્ત હોય એટલે અપરિગ્રહના વ્રતવાળો હોવાથી વિત્તૈષણાથી મુક્ત હોય છે. એને ધનલાલસાનાં પ્રલોભન હોતાં જ નથી. ભ. શંકરાચાર્ય એટલા જ માટે એવાનો દરિદ્ર કુટુંબમાં જન્મ હોય એવો રહસ્યપૂર્ણ સંકેત કરે છે અને સંતોના જીવનવ્રત તરફ નજર કરતાં પણ એમ જ ખાતરી થાય છે કે યોગારૂઢ જીવનમુકત, બ્રહ્મવિદ્ વિશેષતઃ દરિદ્ર, વિવેકી અને પવિત્ર કુટુંબમાં જન્મ પામીને પૂર્વસંસ્કારના સામર્થ્ય તથા વેગથી પ્રેરાઈને આગળ વધ્યે જાય છે.

ભ. શંકરાચાર્ય નિષ્કાંચન બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા; આચાર્ય રામાનુજ, મધ્વ, નિંબાર્ક, વલ્લભ, ગૌરાંગ મહાપ્રભુ,

શ્રી સહજાનંદ, નાનક, કબીર, તુલસીદાસ, નરસિંહ મહેતો, જ્ઞાનેશ્વર, રામદાસ, એકનાથ વગેરે અસંખ્ય તત્ત્વવિદોનું જીવન તપાસતાં લાગે છે કે એમનાં માતાપિતા ધનાઢ્ય નહીં પણ દરિદ્ર હતાં. વૈભવવિલાસમાં આળોટતાં નહીં પણ યથેચ્છ જીવન-રક્ષણથી સંતુષ્ટ રહી ધર્મજ્ઞાનપરાયણ રહે એવાં દૃઢવ્રતી હતાં. સંતોને પૂર્વાશ્રમનાં વર્ણ, કુળ, ધનવૈભવ, કીર્તિ કે એવાં ઉપલક્ષણો કે ઉપાધિઓમાં વિપુલતા કે ગૌરવ હોય એ એમની મહત્તા નહીં પણ ઉલટું ઉપરના શ્લોકનો વિચાર કરતાં તો એમ સમજાય છે કે એ મહાન્ પ્રલોભન છે. મદ ચડાવે એવું વિઘ્ન છે; આત્મજ્ઞાનમાં બાધા નાંખે એવો પ્રતિબંધ છે એમ સિદ્ધ થાય છે.

શ્રી રામતીર્થજી દરિદ્ર અને ભગવદ્‌ભક્તના ગૃહસંસારમાં જન્મ્યા હતા. ગોસ્વામી તુલસીદાસજીના એ કુળસંતાન હતા. બાલપણથી જ ધન્નારામજી જેવા અદ્વૈતના અભ્યાસીની એમને છાયા મળી હતી એ જ એમના પૂર્વજન્મની મહત્તા સૂચવે છે. બાહ્ય દૃષ્ટિએ ધનના અભાવમાં ઉછર્યા-ભણ્યા છતાં એમણે ધનવાસના ઊભી થવા દીધી નથી. અધ્યાપક તરીકેના પગારમાંથી કુટુંબપોષણ થાય, પિતાશ્રી તથા ગુરુશ્રીને ભેટ તરીકે મોકલાય, અતિથિસત્કાર થાય, વિદ્યાર્થીઓને સહાયતા થાય, એવા યજ્ઞમાં જ એમની પાસે આવતું ધન ખરચાઇ જતું હતું, અને છતાં રહેતા હતા વિદ્યાવ્યસ્ત, જ્ઞાનનિમગ્ન, આત્મનિષ્ઠાપરાયણ, તથા જિજ્ઞાસુ અને મુમુક્ષુઓના કેન્દ્રસમા આધારસ્તંભ.

* * *

એમનું બાલપણ, વિદ્યાર્થીજીવન, અધ્યાપક તથા ગૃહસ્થાશ્રમી તરીકેનું વર્તન અને છેવટે ભક્તિમાંથી અદ્વૈત નિષ્ઠામાં

પરિવર્તન પામતું અધ્યાત્મજીવન જોતાં તો મુગ્ધ થવાય છે કે તપશ્ચર્યા એમને જન્મસિદ્ધ હતી; એકાગ્રતા એમના ચિત્તનો સ્વાભાવિક ધર્મ હતો. શ્રધ્ધા અને ભક્તિ વડે જ એમનું ભાવવાહી હૃદય ઘડાયું હતું. તેત્રીસ વર્ષ જેટલી ટૂંકી આયુષ્ય મર્યાદામાં એમણે હિમાલયનાં ગાઢ અરણ્યો ખુંદી વાળ્યાં. વ્યાસવસિષ્ઠના આશ્રમો અવલોકયા. વિદેશના અનુભવ વીણી લાવીને દેશવાસીઓને વહેંચ્યા અને બ્રહ્મદશાની રસભરી જીવનલીલા એવી તો વિકસી રહી કે જે જે સત્સંગમાં આવ્યા, જેણે જેણે નામ કે જીવન સ્મર્યાં, જે કોઇએ ઉપદેશવચન વાંચ્યાં વિચાર્યાં—એમાંથી અસંખ્યનાં જીવન ધન્ય બની ગયાં.

પંજાબની સંતસેવાથી પાવન થયેલી ભૂમિમાં સ્થૂલ શરીર ઘડાયું; સૂક્ષ્મ તો અનેક પૂર્વજન્મોનાં સંચિતે ઘડી જ રાખ્યું હતું; ક્રિયમાણમાં વસિષ્ઠ, ગૌડપાદ અને શંકર જેવા જ્ઞાનસિધ્ધોએ પાડેલી કેડીએ કેડીએ ત્યાગ અને તપ, શ્રધ્ધા અને ભકિત, તથા ધ્યાન અને જ્ઞાન વડે નિઃસંકોચ ભાવે વિચારવાનું જ બાકી હતું; એ જ્ઞાનવિહાર થયો; પ્રારબ્ધે શરીરને જલસમાધિ અપાવી અને ૐ શાન્તિ ! જેવો અધ્યારોપ એવો અપવાદ !

ઉપનિષદ્કાલના ઋષિસંતાનો બ્રહ્મવિદ્યાના અધ્યયનને અંતે તૃપ્તિના ઉદ્‌ગાર ફહાડતાં કહે છે કે नमः परम ऋषिभ्यो, नमः परम ऋषिभ्यः ॥ ખરેખર ! એ જ છે રાજમાર્ગ પરમતત્ત્વને પામવાનો, સત્સંગ, સંતસંગ, બ્રહ્મવિદ્‌શરણ, સદ્‌ગુરુશરણ,—બસ એમાં બધું આવી ગયું. એમાંથી સર્વસ્વ મળી રહે છે—પરન્તુ જિજ્ઞાસા સાચી હશે, હૃદય પવિત્ર હશે, જીવન શુદ્ધ હશે, અહંકાર સાત્ત્વિક હશે અને સમર્પણનો સંવેગ હશે તો. ૐ શાન્તિ ! ૐ શાન્તિ ! ૐ શાન્તિ !

( નવેમ્બર, ૧૯૫૧ )

# ઉત્થાનસંચાલન અંગે વિવેકવિચાર

'ઉત્થાન' સાતમા વર્ષમાં પ્રવેશ કરે છે. બાહ્ય સંયોગો વિપરીત રહ્યા છે, હજુ પણ એવા જ છે, ચાલુ રાખવું-ન રાખવું-ના સંકલ્પવિકલ્પોમાં ચાલુ રાખવાનો સંકલ્પ જોરથી જીતી જાય છે અને 'ઉત્થાન' કપરા સંજોગોમાં પણ ચાલુ રહે છે.

ખર્ચની દૃષ્ટિએ હજુ ગ્રાહકસંખ્યા બહુ જ ઓછી છે. પાંચમા વર્ષમાં નુકસાની હતી. આ વર્ષે પણ ખોટ હતી. પરંતુ 'ઉત્થાન'ના વાચકોની પ્રબલ જિજ્ઞાસાને લીધે ઉદાર મિત્રોને પ્રેરણા થઈ અને ખોટ પૂરી પાડી.

× × × ×

કેવલાદ્વૈત વેદાન્તના પ્રચાર માટેનો વિચાર કરતાં એમ લાગે છે કે 'તત્ત્વજ્ઞાન'ના જિજ્ઞાસુઓની સંખ્યા તો બહુ જૂજ હશે; અને એમ હોય એમાં જ એનું ભૂષણ છે; 'વેદાન્ત'ને નામે ગુજરાતમાં જે પ્રચાર થાય છે; ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર, ભગવદ્ગીતા જેવાં પ્રસ્થાનત્રયની શ્રોતાવર્ગ સમક્ષ વિદ્વાન્ સંન્યાસીવૃન્દની કથાઓ, મુખ્યત્વે મુંબઈ, સુરત, ભરૂચ, અમદાવાદ, તથા સૌરાષ્ટ્રનાં મુખ્ય શહેરોમાં તડામાર ચાલે છે, આશ્રમો સ્થપાય છે, અને મંડળેશ્વરો, શંકરાચાર્યવર્ગ, વિચરતા પરમહંસ સંન્યાસીઓ, ભક્તમંડળો, વગેરે અદ્વૈત વેદાન્તના સ્વાધ્યાયમાં રચ્યાપચ્યા રહે છે, પરંતુ એ બધામાં આત્મજ્ઞાનને અનુભવવા માટેની કેટલી તીવ્રતા છે, એ પ્રશ્ન એટલા માટે મૂંઝવે છે કે લોકસમૂહમાંથી ધર્મ, નીતિ અને સદાચારના પાયા ઢીલા પડતા જાય છે. કારણ કે

આત્મજ્ઞાનનાં અદ્વૈત કે અભેદ અનુભવવા માટે અંતઃકરણની જે પવિત્રતા જોઇએ એનો પાયો તો નીતિ અને ધર્મમય જીવન છે; પ્રત્યેક કહેણી-કરણીમાં સદાચારની આરસી કામ ન કરે તો 'આત્મજ્ઞાન' કેવળ વાચિક બનીને વિપરીત પરિણામ લાવે છે. જ્યાં સુધી ચિત્તમાં વાસનાજાળ તાણાવાણા નાખીને તેમના મોહને પકડી રાખતી હોય, ત્યાં સુધી આત્મજ્ઞાનની જિજ્ઞાસા ખીલી નીકળતી નથી. એ જિજ્ઞાસાનાં બીજ પણ એમાં વવાતાં નથી. ધૂળ ઉપરનું લીંપણ જેમ ઊખડી જાય છે; પથ્થર ઉપરનું વાવેતર જેમ નકામું જાય છે; ઊંધા વાસણ ઉપર પડેલો વરસાદ એનું તળિયું પણ પલાળતો નથી, તેવી જ રીતે જ્યાં સુધી વિવેક વિનાનું જીવન જીવાતું હોય ત્યાં સુધી આત્મજ્ઞાનનાં શાસ્ત્રો વાંચે, ભણેભણાવે કે સાંભળેસંભળાવે, તો પણ એ જ્ઞાન કેવળ પોપટિયું બને છે. ભ. શંકરાચાર્ય એને शब्दजालं महारण्यं કહે છે. એ શબ્દવનમાંથી નીકળવું ભવવનમાંથી નીકળવા જેટલું જ અઘરું છે-બલ્કે એથી પણ વિકટ બને છે.

આત્મા કે બ્રહ્મનો અનુભવ વાણીનો નહિ પણ વર્તનનો છે; રાગદ્વેષ વગેરે દ્વંદ્વોને પકડી રાખનાર 'અહંકાર' જ્યાં સુધી વર્ણ કે આશ્રમના આડંબરી સ્વાંગ સજીને નાચ્યા કરતો હોય, ત્યાં આત્મજ્ઞાન કેવું ? આત્મજ્ઞાન ભગવાં કે ધોળાં વસ્ત્રમાં જ નથી; સ્ત્રી કે પુરુષશરીરમાં નથી; બાલક, યુવા કે વૃદ્ધાવસ્થાને અધીન નથી; પુસ્તકપઠન, વિદ્વત્તા, વ્યાખ્યાનચાતુરી, કથાકૌશલ કે લેખન-પ્રવચન કરવાના પ્રચાર્ય કાર્યને અધીન નથી. કોઈ પણ વેદાન્તના ગ્રન્થમાં જ્યાં જિજ્ઞાસુના અધિકારની તથા જ્ઞાનીનાં આંતરબાહ્ય લક્ષણોના વર્ણનની વાત આવે છે, ત્યાં વેષભૂષા કે પાંડિત્યનાં જ નામનિશાન મળે છે એવું નથી. ઉપનિષદ્કાલના બ્રહ્મર્ષિઓનાં જીવન-કવન

તરફ વાચકોનું લક્ષ્ય દોરું છું. તેમાં જે બ્રહ્મદર્શીઓનાં દર્શન થાય છે એ એમના બાહ્ય વ્યવસાય કે જીવનવ્યાપારને લીધે નહિ, પણ શબ્દજાલ, શાસ્ત્રજાલ, કે એવી એવી વાસનાજાલથી પર, વિશુદ્ધ સાત્ત્વિક અહંકાર દ્વારા તત્ત્વમાં લીન બનીને પરમ તત્ત્વનો જે એમણે સાક્ષાત્કાર કર્યો છે, એવા એમના વિશુદ્ધ, જ્ઞાનમય જીવન ઉપર અવલંબ્યો છે.

*　　*　　*　　*

'ઉત્થાન'ને માટે અંગત મિત્રો જે પ્રશંસાપુષ્પો વેરે એ એમની મારા પ્રત્યેની પ્રેમાળ ઉદારતા છે; પણ તટસ્થ જિજ્ઞાસુઓનોયે જ્યારે એને ચાલુ રાખવાનો આગ્રહ જોઉં છું, ત્યારે એકબે વાતનો જરા વધારે ઉલ્લેખ કરી લઉં.

વારંવાર જે મારે કહેવાનું છે એને જ વધારે સ્પષ્ટ કરવાની હું માથાફોડ કર્યા કરું છું. મારી પોતાની દૃષ્ટિમાં જ વિકાર હોય તો એ શુદ્ધ કરવાનો પણ પ્રયત્ન કર્યા જ કરું છું. પણ જ્યાં જ્યાં પ્રસંગોપાત તત્ત્વજ્ઞાનની વાતચીત કરવાનો પ્રસંગ સાંપડે છે, ત્યાં બધેયથી સહૃદય મુમુક્ષુઓની એ જ ફરિયાદ આવે છે કે આ વેદાન્ત –અદ્વૈત જ્ઞાનની વાતો કરનારા કયે માર્ગે ધપી રહ્યા છે!

જીવનમાં વિવેક એ મહત્ત્વનું અંગ છે. વ્યવહાર–પરમાર્થના ઉભય માર્ગે અને પક્ષે જીવનનું એ અણમોલ ધન છે; એ જ સાચી અને સર્વોત્તમ સંપત્તિ છે. કારણ કે વિવેકનો ઉદય થવો એટલે જ માનવજીવનના વિકાસના અંકુર ફૂટવા.

સામાન્ય રીતે માનવ જીવનમાં શરૂઆતથી બહિર્મુખ વૃત્તિ હોય છે. માનવીય શરીરની રચના તપાસીએ તો નીચે પ્રમાણે ક્રમ છેઃ (૧) આત્મા (આનંદમય કોષ), (૨) બુધ્ધિ (વિજ્ઞાનમય કોષ), (૩) મન (મનોમયકોષ), (૪) પ્રાણ (પ્રાણમયકોષ), (૫) શરીર

(અન્નમયકોષ). આ રચના તો બધા વેદાન્તના જિજ્ઞાસુઓને કંઠસ્થ થઇ ગઈ હોય છે; કારણ કે પંચીકરણની પ્રક્રિયાથી જ સૌ એનો અભ્યાસ શરૂ કરે છે. અહીં એ સામાન્ય જનસમૂહને સમજાય એવા શબ્દોમાં લખું છું.

મનુષ્યનો જીવનવ્યવહાર મનથી શરૂ થાય છે. મનનો સ્વભાવ વિચાર કરવાનો નહિ, પણ ઇંદ્રિયો વિષયોના સંપર્કમાં આવીને અંતઃકરણ ઉપર જે સંસ્કારો પૂર્વજન્મમાં કે આ જન્મમાં પાડી ચૂકી હોય, તે પ્રમાણે ઇંદ્રિયોને વિષયો તરફ ઉઘાડી રાખીને સંજોગોની અનુકૂળતા–પ્રતિકૂળતાનો જ કેવલ વિચાર કરવાનો છે. સામાન્ય મનુષ્યની બુદ્ધિ એવા સંજોગોમાં મનને અધીન વર્તે છે અને એ પ્રમાણે પ્રાણમય કોષને ગતિમાં મૂકીને કર્મ કરે છે, ભોગ મેળવે છે તથા દ્વંદ્વોને વહોરી લે છે. પરંતુ આ માર્ગ ઉન્નતિનો નથી. કેવલ સંસારની ચક્રાકાર ગતિનો છે.

એવા સાંસારિક મનુષ્યની બુદ્ધિમાં વિવેકનો ઉદય હોવાની સંભાવના બહુ ઓછી હોય છે, હોય તો તે પણ પૂર્વસંસ્કાર તથા વાસનાને અધીન બનીને બહિર્મુખ વ્યવહારમાં જ અનુમોદન આપે છે. જેવું મન તેવો વ્યવહાર કરવામાં જ તરત જ સંમતિ આપી દે છે અને આ દ્વૈતવ્યવહાર દ્વંદ્વમય વાતાવરણમાં કલુષિત બનતાં બુદ્ધિ પણ ક્લિષ્ટ બની જાય છે, જીવન હમેશાં ક્લેશમય રહ્યા કરે છે. આવું ક્લિષ્ટ મન ધ્યાન કરવામાં એકાગ્ર થતું નથી એમ ભ. પતંજલિ યોગદર્શનમાં સ્પષ્ટતાપૂર્વક વિધાન કરે છે.

વેદાન્ત બધાં સાધનમાં વિવેકને પ્રથમ સ્થાન આપે છે. વર્ણ તથા આશ્રમની યોજનાનો ઉદ્દેશ પણ કર્મધર્મનો વિવેક શિખવવાનો છે. સમાજના કર્મ,–અકર્મ તથા વિકર્મના પ્રદેશમાં ઘૂમતા જીવ-સમૂહો પરસ્પર ઘસાતા ઘવાતા છોલાઇ ટીપાઇને ઘડાતા જાય છે;

તમોગુણી વર્ગ આળસુ અને પ્રમાદી હોઈ ગંધાતી વિષયવસાનાઓને મનોગુહામાં સંઘરી રાખીને બેઠો બેઠો કે સૂતો ઊંઘતો પણ ઇંદ્રિય-ભોગનાં સ્વપ્નાં સેવ્યા કરે છે. કવચિત્ કર્મપરાયણ થાય તોયે એ વર્ગને હિંસા, દ્વેષ, મોહ, જેવાં દેહધર્મનાં કર્મમાં જ પ્રવૃત્ત રહેવાનાં બંધનો બંધાતાં જાય છે. મલિન આહાર, અશુદ્ધ વિચાર અને દુષ્ટ આચાર સેવતાં તમોગુણી માનવપૂતળાંને તો પ્રમાદ અને આળસ સેવતાં સેવતાં જ દેહભોગની ભૂખ ભાગવાની જેટલી જરૂરિયાત હોય એટલું જ કર્મપરાયણ રહેવાનું મન હોય છે.

રજોગુણી મનુષ્ય પ્રમાદી નહીં પણ પ્રવૃત્તિપરાયણ હોય છે. એની કર્મપરંપરાની પીઠમાં આંતરિક હેતુ તરીકે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દંભ, વ. ભરેલાં હોય છે. સર્વસત્તાની તીવ્ર ઝંખના અને દેહરક્ષણનાં જ કર્મવિકર્મનાં કંટકવૃક્ષો એની મનો-ભુમિમાં ઊગી ફાલી નીકળે છે; એમની લોભમર્યાદાની સીમા વધી વધીને લોહીના સંબંધીઓ સુધી પહોંચે છે; કવચિત્ આગળ વધીને જ્યાં માન મળતું હોય, વાહવાહ કે ધન્યવાદના સમારંભોથી પ્રદર્શિત થતા સંજોગોમાં એના વર્ષાદ વરસતા હોય તેવા સંજોગોમાં એ પોતાની કાયાને થોડો ઘસારો પડવા દે છે; એવા રજોગુણી જીવાત્માનું મન પણ બહિર્મુખ જ કહેવાય છે; એવું મન મોટાઈની પાછળ ગાડું હોય છે. પરિગ્રહના વિષયો સંઘરવામાં એ ઘેલું બનેલું હોઇ, અર્થસંચય અને વિષયસંગ્રહની જ રમત રમ્યા કરે છે.

આ બંને વર્ગના માનવીઓનું મન સ્વચ્છંદી, સ્વાર્થી, સત્તાપ્રિય, અર્થપ્રિય, માનભૂખ્યું, અને પ્રસંગે કપટ–પ્રપંચને પહોંચી વળવા માટે સામે એવાં જ પગલાં ભરી શકે એવું બુદ્ધિચતુર હોય છે. આવા મનની દિશા ઇંદ્રિયો પ્રતિ, ઇંદ્રિયોની વિષયો પ્રતિ અને વિષયભોગથી નિવૃત્ત થાય ત્યારે ભોગપ્રાપ્તિ માટેનાં નવનવીન

કર્મો કરવાની યોજનામાં પ્રવૃત્ત હોય છે. આવું મન પાછું મળીને બુદ્ધિને શુદ્ધ કરતું નથી, પણ બુદ્ધિને રજોગુણથી રંગીને વાસના પ્રમાણે એની પાસે અનુમતિ મેળવીને–'જે કરું છું તે યોગ્ય જ કરું છું'–એવી દંભી અહંમન્યતા ઊભી કરાવે છે.

જગતમાં બહુમતિ આવા વર્ગની જ હોય છે; આ બધો વર્ગ પ્રવૃત્તિપરાયણ કહેવાય છે; એમનાં કર્મધર્મમાં વિવેકબુદ્ધિ હોતી નથી, તેથી આ વર્ગને જો સ્વતંત્ર વ્યવહાર કરવા દેવામાં આવે તો સમાજમાં એવી તો અવ્યવસ્થા ઊભી થાય છે કે બધે સ્વાર્થ તથા દંભનાં વાદળ ઊભરાય છે; કપટ તથા પ્રપંચનાં વાવાઝોડાં વીંઝાય છે અને સર્વત્ર દુઃખ, આપત્તિ તથા વિપત્તિના પ્રહારો થતાં પ્રજા ત્રાહિત્રાહિ પુકારે છે. આ બે વર્ગ જ જો હંમેશાં પરસ્પર અથડાયાટીચાયા કરે તો હિંસા, દ્વેષ, સ્વાર્થ અને દેહબુદ્ધિનાં કર્મોમાં જ પ્રજા પ્રવૃત્ત રહે એટલે યુદ્ધની જ નોબતો ગડગડયા કરે. આવો જ સંહાર પ્રત્યેક યુગે અને પ્રત્યેક દેશમાં થયા જ કરે છે.

આ માર્ગ ઉન્નતિનો નથી; અધોગતિએ ઊતરતા માનવીને આત્માના ઉન્નત આનંદ તરફ ચડાવવા માટે બુદ્ધિના શોધનની, એની વિચારશક્તિમાં વિવેકભાનુનો ઉદય કરવાની આવશ્યકતા છે. મન તથા ઇંદ્રિયોને વિષયોનાં સ્મરણ, ચિંતન, પ્રાપ્તિ તથા ભોગમાં જ જન્મજૂની ભટકવાની જે ટેવ પડી છે એમાંથી નિઃસાર સાંપડતા મનના વેગ પાછા વળે ત્યારે બુદ્ધિને પોતાનાથી પણ પર આત્મા તરફ વાળવાની રુચિ ઉપજતાં કૈંક શાન્તિની ઝાંખી થાય છે.

આત્મનિરીક્ષણ માટે વિચાર કરવાની ભોગમુક્ત દશા બુદ્ધિને પ્રાપ્ત થાય, ત્યારે પ્રત્યેક કર્મમાં વિવેક કરવાનું સૂઝે છે. એ વખતે

એના અંતઃકરણમાં કંઈક આત્માનો પ્રકાશ પડે છે તેથી વિષયોનો અંધકાર થોડે અંશે પણ ઓછો થાય છે. આ છે નીચેથી ઉપર જતાં ત્રીજો, પણ અંતરમાંથી ઊભો થતો, સ્વયંભૂસુખની ઝંખનાવાળો, બુધ્ધિના પોતાના પ્રકાશનો ભોક્તા એવો સત્ત્વગુણ. એ સત્ત્વગુણની પ્રકાશમય સ્થિતિને લીધે બુધ્ધિનું શોધન થાય છે; કર્મ–અકર્મ, ધર્મ–અધર્મ, નીતિ–અનીતિ, સાર–અસાર, નિત્ય–અનિત્ય વ. ને સમજીને જુદાં પાડવાની તથા ધર્મ, નીતિ, સદાચાર, નિત્ય વસ્તુ પ્રતિનું ચિત્તનું સહજ સ્વભાવે વલણ કરવાની શકિત સાંપડે છે.

*　　　*　　　*　　　*

એક બાજુ માનવીય જીવનના આંતર પ્રદેશમાં (૧) આત્મા (આનંદમય કોષ) અને (૨) બુધ્ધિ (વિજ્ઞાનમયકોષ) છે, ત્યારે બીજી બાજુ (૪) પ્રાણ (પ્રાણમયકોષ) તથા (૫) શરીર (અન્નમયકોષ છે): એ બન્નેની વચ્ચે (૩) મન (મનોમયકોષ) બહિર્મુખ બને છે ત્યારે પ્રાણ તથા શરીરની દ્વારા ઇન્દ્રિયો, વિષયો, તથા ભોગલાલસામાં લિપ્ત બનીને એવાં જ કર્મધર્મમાં પ્રવૃત રહે છે; એ છે માનવીય જીવનની તામસિક તથા રાજસિક અવસ્થાની ચક્રાકાર ગતિ.

પરંતુ એ મન (મનોમય કોષ)ને ઉર્ધ્વમુખી, અન્તર્મુખી કે આત્માભિમુખી કરવું એજ છે માનવજીવનનું પરમ કલ્યાણકારી લક્ષ્ય. ઋષિઓએ પરમ આનન્દઘન આત્માને જ લક્ષ્ય માન્યું છે, કારણ કે મનુષ્યના જીવનવ્યવસાયની મીમાંસા કરી જોતાં એ વાત સ્પષ્ટ થાય છે કે એની બધી દોડધામ, બધો દોરમદાર છે સુખની–નિત્યસુખની ઝંખના ઉપર. નિત્ય, નિરવધિ સુખની અવિરત ઝંખના હોવા છતાં રજો–તમો–ગુણને વશવર્તી અને ઇન્દ્રિયલોલુ-

પતાને જ અધીન હોવાથી એ હંમેશાં બહિર્મુખ વેગવતો રહે છે; એની બધી ક્રિયા વિષયપ્રાપ્તિ માટે જ હોય છે; એની જીવનસંપત્તિ, શારીરિકબલ, સંકલ્પશક્તિ, જે કાંઇ એનું સર્વસ્વ મનાતું હોય, એ બધું જન્મ અને મૃત્યુની વચમાં વ્યર્થ વપરાઈ જાય છે, અને અંતે ખાલી હાથના જન્મની કમાણીમાંથી ખાલી હાથનું મૃત્યુ જ હાથમાં આવે છે.

પરંતુ એ મન ( અંતઃકરણ )માં જો સત્ત્વગુણનો પ્રકાશ પડે, તો સ્વધર્મકર્મની, કર્તવ્ય-અકર્તવ્યની, નિત્ય-અનિત્યની ઝીણવટભરી તપાસણી-ચકાસણી કરવાનું એને સૂઝે છે; સુખદુઃખના દ્વંદ્વમાંથી એને નિત્યસુખની દિશા સૂઝે છે; દુરાચારના તોફાની વમળમાંથી એને શાંત, ગંભીર, સત્ત્વગુણી ગંગાપ્રવાહમાં સ્નાન-અવગાહન કરવાની સમજણ પડવા માંડે છે. વિચાર-સદ્‌વિચારની એને આવડત સ્ફૂરે છે. વિચાર, ઇચ્છા, કર્મ વગેરેમાં બધે શુભનાં લક્ષણ ઓળખાય છે તેથી શુભેચ્છા, શુભવિચાર, અને શુભકર્મની એને ગતાગમ પડવા માંડે છે.

જન્મમરણ જેવાં દ્વંદ્વોનાં સ્વરૂપ એટલે સંસારચક્ર અને કર્મનું રહસ્ય સમજાતાં એને જ ગીતામાં અશુભ કહીને ભ. વર્ણવે છે. જુઓ :—

तत्तेकर्मप्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ।

અ. ૪ શ્લો. ૧૬.

**અર્થ** :—હું તને કર્મનું વિવેચન કરી બતાવીશ કે જેનું જ્ઞાન થવાથી, જેની સ્પષ્ટ સમજણ પડવાથી તું અશુભ એટલે સંસારમાંથી છૂટીશ-મુક્ત થઇશ.

*    *    *    *

મોક્ષની ઈચ્છાવાળાએ પ્રથમ તો કર્મ, અકર્મ, તથા વિકર્મની વિગતવાર સમજણ મેળવી લેવી જોઇએ. ત્યાર પછી અકર્મ, તથા વિકર્મના વિવેક કરીને શુભકર્મની ગતાગમ કેળવવી જોઇએ. શુભ-કર્મની ઉત્પત્તિ શુભવિચારમાંથી છે એ સરલ તથા સત્વર સમજાય એવી વાત છે. એ વિચારનો ઉદય મનમાંથી નહીં, પણ બુદ્ધિમાંથી થાય છે. અને એટલા જ માટે વેદાન્તનાં સાધનની શરૂઆત વિવેકથી થાય છે.

એવા વિવેકની દૃષ્ટિએ અત્યારનો જીવનવ્યવહાર તપાસવા માંડો. બાહ્ય જગતમાં બહુમતિ અવિવેકીની છે, રજસ અને તમસ્‌ની માત્રા મર્યાદા ઓળંગીને છેલ્લે પાટલે બેસવાની તૈયારી કરે છે. એને નિવૃત્ત કરાવીને, એનાં પગલાંને પાછાં વાળીને, એની બધી કર્મધર્મની ગતિને અંતર્મુખ કરાવીને જોતાં શીખવો કે આ ભોગલિપ્સામાં તો ભર્યો છે નર્યો સંહાર. સંસારનાં બાહ્ય-દર્શનો જેવાં નામરૂપમાં આકર્ષણ પામીને એમાંથી ઇષ્ટ સુખની શોધ કરવા મથતા હો તો એની પાછળ, એમાં ગુપ્ત, અપ્રકટ, અવ્યક્ત રૂપે તો સંતાઇ રહ્યા છે વિષધર નાગદેવતાઓ. એમનાં વિષપાન કરીને મૃત્યુ વહોરવાની તો તમારી તૈયારી નથી. મૃત્યુથી પણ ભયભીત બનીને દોડધામ કરનારા તમે છો રઘવાયા, બાયલા, કાપુરુષો ! દોડી-નાસીને જશો પણ ક્યાં ?

દેહપોષી, પેટપાળુ સ્વાર્થી, કપટી, દંભી, તથા વિષયઅંધ બનેલા જનસમૂહમાં સૌથી પહેલાં વિવેકબુદ્ધિનો ઉદય, વિકાસ તથા પ્રગતિ થવાની અત્યારે જેટલી આવશ્યકતા છે, એટલી પૂર્વયુગમાં હશે કે કેમ એને માટે શંકા ઉપજે એવી વિવેકી વિચારકોની મનોદશા છે.

વ્યવહારમાં પણ વિવેકની ડગલે ને પગલે જરૂરિયાત પડે

છે. વિવેકની સામાન્ય વ્યાખ્યા જ એવી છે કે એક વસ્તુને બીજી વસ્તુથી ઓળખીને જુદી તારવી કાઢવાની સમજણ. મનુષ્ય અને પશુથી માંડીને આત્મા અને અનાત્માને જુદાં ઓળખી-પારખી શકવાની જો સમજણ ન હોય તો વ્યવહાર જ ચૂંથાઈ જાય. જડ વસ્તુઓને ઓળખીને એના વિભાગ સમજાય ત્યારે જ વસ્તુનો યથાર્થ ઉપયોગ થઇ શકે. તેવી જ રીતે ચેતન પ્રાણીઓની ઓળખાણ જોઈએ. મનુષ્ય મનુષ્ય વચ્ચેનો પણ સારો ખોટો ભેદભાવ જણાય ત્યારે જ ગુણવિભાગ પ્રમાણે પરસ્પર વ્યવહાર થઇ શકે.

અધ્યાત્મવિદ્યામાં આ વિવેકની જ સર્વોપરિ મહત્તા છે. જ્યાં સુધી જીવ, જગત અને ઇશ્વરની સ્પષ્ટ ઓળખાણ ન પડે, આત્મા અને અનાત્માની સમજણ ન ઊગે, ત્યાં સુધી કોની ભક્તિ કરવી અને કોનો વૈરાગ્ય કરવો, એની ગતાગમ શી રીતે પડે ?

કયું કર્મ કર્તવ્ય છે ને કયું નથી, ધર્મની વ્યાપક અને વિશાલ વ્યાખ્યામાંથી માનવજીવનને ઉન્નત તથા અંતર્મુખ કરે એવાં વ્યવહારકર્મમાં વિવેક ન હોય તો ઊલટી દિશામાં જ જીવનપ્રવાહનો વેગ વળવા માંડે એ સ્વભાવિક છે.

ઉત્થાનનો ઉદ્દેશ વિવેક કેળવવામાં સહાયભૂત થાય એવાં સાધનસામગ્રીભર્યાં લખાણ આપવાનો છે. વિવર્તવાદને સમજવામાં, દૃષ્ટિસૃષ્ટિવાદ પ્રમાણે અનુભવ કરવામાં મુખ્ય ઉપયોગ છે અન્તર્મુખી વિવેકનો. ડગલે ને પગલે દ્વંદ્વોના આઘાત થાય છે, દુઃખ ભેટે છે, ઉપાધિઓ અથડાય છે, વ્યાધિઓ ઊભરાય છે, તેવે વખતે મનુષ્ય જો દૃષ્ટિસૃષ્ટિવાદ પ્રમાણે જીવન ગાળવા ઈચ્છતો હોય, આત્મસુખનું આસ્વાદન કરવાની વૃત્તિ સેવતો હોય, બ્રહ્મજિજ્ઞાસાની અંતરમાં તીવ્રતા હોય, તો એણે મનના પ્રાણ તથા શરીરદ્વારા વહેતા વિષય-

મુખી પ્રવાહને ઉર્ધ્વ કરીને બુદ્ધિ ( વિવેક ) અને આત્મા (આનંદ) પ્રતિ વાળવો જોઇએ. કોઇ પણ ભોગે, તન–મન–ધનના ભોગે એ માર્ગે જ પુરુષાર્થવાદી થવું જોઇએ.

શાસ્ત્રોના અભ્યાસની, તત્ત્વની ઉહાપોહ વિચક્ષણતાની, જપ, તપ, વ્રત, પાઠ, પૂજા, સ્વાધ્યાય, ધ્યાનધારણા તેમ જ અન્ય સર્વ સાધનોની ફલીભૂત સિદ્ધિ તો ત્યારે જ થાય છે કે જ્યારે તદનુસાર વિવેકી જીવન જીવી મનના બહિર્મુખ પ્રવાહને અંતર્મુખ વાળીને આત્માના અનિર્વચનીય આનંદનું આસ્વાદન કરવાની વૃત્તિ જાગ્રત થાય; પ્રવૃત્ત કર્મોમાંથી નિવૃત્ત ધર્મો તરફ જીવનનું વહેણ બદલાય, અને જીવનમાં સાંગોપાંગ વિષયદર્શનને બદલે આત્મદર્શનનો ભાસ્કર સંપૂર્ણ કલાથી પ્રકાશિત થઈને બુદ્ધિમાં વિવેક-વિચારનાં અજવાળાં પાથરે.

ભ. શંકરાચાર્ય વિવેકચૂડામણિ ગ્રંથમાં કહે છે કેઃ–

" જેવી રીતે વીણાનું રૂપ–સૌંદર્ય તથા તંત્રી વગાડવાની સુંદર રીતભાત મનુષ્યોનાં મનોરંજન કરી શકે છે, એનાથી કાંઇ સામ્રાજ્યની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેવી જ રીતે વિદ્વાનોની વાણીની કુશલતા, શબ્દોની ધારાવાહિકતા, શાસ્ત્રવ્યાખ્યાનની કુશળતા અને વિદ્વત્તા, ભોગનું કારણ તો થઇ શકે છે પણ મોક્ષનું નહીં.

પરમતત્ત્વને જાણી લીધું તો પછી શાસ્ત્રનો અભ્યાસ નિષ્ફલ ( વ્યર્થ ) છે, અને પરમતત્ત્વને ન ઓળખ્યું અનુભવ્યું તો પણ શાસ્ત્રનું અધ્યયન નિષ્ફલ છે. શબ્દની જાળ તો ચિત્તને ભમવા-ભટકવાનું એક મહાન અરણ્ય છે, એટલે તત્ત્વજ્ઞાની મહાત્મા પાસેથી પ્રયત્નપૂર્વક આત્મતત્ત્વનું જ્ઞાન મેળવવું જોઇએ. અજ્ઞાનરૂપી સર્પથી ડંખ પામેલાને બ્રહ્મજ્ઞાનરૂપી ઔષધિ વિના વેદ કે શાસ્ત્રના અભ્યા-

સથી મંત્રથી કે ઔષધિથી શું લાભ થવાનો હતો ? ઔષધિ લીધા વિના કેવળ 'ઔષધિ' શબ્દ બોલવાથી જેમ રોગ દૂર થતો નથી, તેમ અપરોક્ષ અનુભવ વિના કેવલ 'બ્રહ્મ, બ્રહ્મ' બોલ્યા કરવાથી કોઇ પણ મુકત થઇ શકતું નથી. "*

આગળ જતાં, વિવેકના ઉદય માટે જે ગ્રન્થ મુકુટમણિ જેવો છે, એવા એ જ (વિવેક ચૂડામણિ) ગ્રન્થના શ્લોક ૧૪૯માં લખે છે કે:—

"આ બન્ધન અન્તઃકરણની વિશુધ્ધ પ્રસન્નતામાંથી પ્રાપ્ત થયેલા વિવેકવિજ્ઞાન રૂપ શુભ્ર તથા મંજુલ મહાખડ્ગ વિના બીજાં અસ્ત્ર, શસ્ત્ર, વાયુ, અગ્નિ અથવા કરોડો કર્મસમૂહથી પણ કાપી શકાતું નથી."

આવો છે વિવેકના ઉદયનો મહિમા ! એ વિવેકનો ઉદય કરવા માટે મનના અનાત્મરૂપ સંકલ્પ વિકલ્પોને તથા ઈન્દ્રિયો, વિષયો, ભોગો અને રાજસિકતામસિક કર્મોનો ત્યાગ કરીને બુધ્ધને સત્ત્વ-ગુણી બનાવવા માટે તત્પર થવું જોઇએ. પ્રત્યેક કર્મમાં હેતુ હોવો જોઇએ સત્ત્વગુણનો, પ્રત્યેક વિચારની પીઠમાં ઉદ્દેશ હોવો જોઇએ આત્માનંદની શુભેચ્છાનો; પ્રત્યેક વૃત્તિમાં પ્રકાશ પડવો જોઇએ વિશુધ્ધ આત્માનો; પ્રત્યેક ભાવમાં દૃષ્ટિ હોવી જોઇએ આત્માના વ્યાપક અને ઉદાર પ્રેમની.

આત્માની વ્યાપકતા સમજાય તો બધે અભેદદર્શનની ટેવ પડે; આત્મદર્શન એટલે જ પ્રેમ અને એ પ્રેમ એટલે સાત્ત્વિક સહકાર, સાત્ત્વિક સહકાર એટલે માનસિક તિતિક્ષા; માનસિક

*વિવેકચુડામણિ શ્લોક. ૫૯ થી ૬૪

તિતિક્ષા એટલે દ્વંદ્વનું મિથ્યાત્વજ્ઞાન, દ્વંદ્વનું મિથ્યાત્વજ્ઞાન એટલે સમસ્ત દ્વંદ્વનો તથા નામરૂપવાળા પરિવર્તનશીલ સંસારનો બાધ. વિવેકબુદ્ધિ વડે, બલવત્તર વિજ્ઞાન વડે આત્મદર્શનનો આનંદ મેળવવા માટે એજ એક અને અદ્વિતીય સાધનમાર્ગ છે, ઉપનિષદ્ જેવાં વેદાન્તશાસ્ત્રો જે મહામૂલો આદેશ આપે છે એને અનુસરવાનો.

* * *

વર્તમાન સ્થિતિ વિકટ છે એવી બૂમો પાડવાથી, સમયને જ દોષપ્રધાન માનવાથી કશી સુધારણા થવાની નથી. સમષ્ટિને વગોવવાથી વ્યષ્ટિ સુધરી શકે નહીં. દરેક વ્યષ્ટિએ પોતે જ આત્મસુધારણા કરવી એ જ સમષ્ટિ સુધારણાનો પાયો છે: સમાજ વ્યક્તિનો સમૂહ છે: સમૂહનું એક અંગ પોતે સુધર્યાં વિના બીજાને સુધારવાના કે વગોવવાના પ્રયત્નો કે આક્ષેપો કરે એથી તો રાગદ્વેષ વધે છે અને એ જ છે વર્તમાનકાલનો અટપટો વ્યવહાર.

જગત સુધારવા જેવું છે એમ કહેનારાની સંખ્યા નાની નથી. દરદીના કરતાં દાકતર વૈદ્ય વધી પડ્યા છે. ઘરાકના કરતાં વેપારીઓની પેઢીઓ વધી છે; ભયગ્રસ્ત ફરિયાદીના કરતાં વકીલો અને ન્યાય કરનારાઓનાં આંગણાં ઉઘાડાં પડ્યાં છે. ઉપદેશકો અને સુધારકો જ જ્યાં ત્યાં ઘૂમે છે, ત્યાં કોણ કોને સુધારશે એ જ મૂઝવનારો પ્રશ્ન છે.

કોઇને પ્રત્યક્ષ પૂછો કે તમારે સુધરવું છે? ના; એ પોતે જ સુધારક છે; ઉપદેશના કરતાં આચરણની, વિચારના કરતાં આચારની, યુક્તિના કરતાં અનુભવની કીમત આંકનારા ક્યાં, કેટલા અને કેવા હશે, એ શોધતાં સાંપડે એવું જ નથી.

સમજવાનું એ છે કે વેદાન્તનો માર્ગ આત્મસુધારણાનો છે;

એ સમાજનો નહિ પણ વિશેષરૂપે વ્યક્તિનો એટલા માટે વિચાર કરે છે કે આત્મસુધારક પોતે જ સુધરે, એટલે એની વાણી નહિ વર્તન જ આપોઆપ મૂગો ઉપદેશ આપશે. એના શબ્દની નહિ પણ આચરણની અસર એવી તો બલવાન હશે કે આપોઆપ શાંત અને સાત્ત્વિક પ્રભાવ આસપાસ પડવા માંડશે.

સમાજનો વિચાર વેદાન્ત નથી કરતું એમ નથી; પણ એનો મહાન્ ઉદ્દેશ પ્રત્યેક વ્યક્તિને અન્તર્મુખ બનાવીને સુધારવાનો છે, અને વ્યક્તિઓનો સમૂહ એટલે જ સમાજ. સમાજમાં સૌ એક-બીજાના ઉપદેશક, સુધારક, કે ઉદ્ધારક બનવાનો અહંકાર સેવે એવા અવ્યવહારૂ પ્રચારમાંથી જ સુધારકો અને ઉપદેશકો જ પ્રકટ્યા છે-વધી પડ્યા છે. શ્રોતાઓના સાંભળી સાંભળીને કાન બહેર મારી ગયા છે; આટલા બધા સુધારકક, ઉપદેશ, આચાર્યમાંથી કોણ સાચો, કોનો સિદ્ધાન્ત હિતકર, કયો માર્ગ કલ્યાણકારક એની મૂઝવણ વધતી જાય છે.! બુદ્ધિ બહેર મારી જાય છે!

વેદાન્ત કહે છે કે વિવેક કેળવો, બુદ્ધિને સાત્ત્વિક બનાવીને અન્તર્મુખી બનો; આત્મજીવનને શોધી શોધીને શુદ્ધ કુન્દન બનાવો. બહિર્મુખ જોશો તો ત્રિગુણાત્મક માયાવિલાસ ખેલ કર્યા કરતો હશે; અંતર્મુખ થશો તો આત્માનંદના તરંગો ઊછળતા હશે; દ્દષ્ટાની દૃષ્ટિનું માર્જન કરો; પણ ખબરદાર! તમે પોતે દ્દષ્ટા છો, એ વિનાનું ઇતર જડચેતન દૃશ્ય છે; દૃશ્યમાં ત્રિગુણાત્મક માયાવિલાસ છે; દ્દષ્ટાની દૃષ્ટિમાં પણ જો એ જ રહેશે તો સંસારનો અંત નથી; દૃષ્ટિનું માર્જન થતાં એમાં ત્રિગુણ નહી, પણ ત્રિગુણાતીત પરમતત્ત્વનું અભેદદર્શન થશે-સાક્ષાત્કાર થશે. એના ફલરૂપે જીવનમાં અનાસક્તિભર્યો વ્યવહાર આપોઆપ થવા માંડશે. ક્ષમા, દયા, તિતિક્ષા, ઉદારતા, નિઃસ્વાર્થ સેવા, ઈત્યાદિ સત્ત્વગુણોનો અખૂટ આત્મભંડાર ઉઘડશે.

મન એટલે જ મનુષ્ય. બુદ્ધિમાં વિવેકનો ઉદય થાય એટલે મનનો બહિર્મુખી–અધોમુખી પ્રવાહ અટકીને ઊંચે ચડશે. ખરે જ, નેવાનાં પાણી મોભે ચડશે; મનને ઉર્ધ્વમુખી કરો એટલે એ જ મન વિવેકમાં પલટાઈ જશે; સારાસારનો, નિત્યાનિત્યનો, ધર્માધર્મનો તાગ આવશે; રજો–તમોગુણનો આશ્રય છોડીને સત્ત્વગુણનો આધાર બુદ્ધિને આપો. આ છે આત્મસુધારણાનો માર્ગ. મરણોન્મુખ વૈદ્ય બીજાનાં નિદાન ચિકિત્સા કરે એ જ હાસ્યાસ્પદ છે. આત્મસુધારણા જ વિશ્વસુધારણાનો સાચો રાજમાર્ગ છે; વિવેકનો ઉદય એ જ આત્મશાંતિનો મહાપથ.

ઉત્થાનના લેખો એ માર્ગે ડગલું પણ આગળ વધવામાં નિમિત્ત બને એ છે મારી પોતાની મહત્ત્વાકાંક્ષા! દ્વૈત–અદ્વૈતનો નિર્ણય તો વિવેકી બુદ્ધિ આંખના પલકારા જેટલા સમયમાં કરી લેશે. અવિવેકી આંધળી બુધ્ધ મરણ પર્યંત મથશે તો પણ એને કશું પ્રાપ્ત થવાનું નથી.

ગ્રાહકોનો 'ઉત્થાન' ચાલુ રાખવાનો આગ્રહભર્યો ઉત્સાહ છે એમ હું માનું છું. એ શ્રધ્ધાથી સૂઝે તેવું લખું છું; લખું છું તેવું જીવનમાં ઉતારવા મથું છું.; વાચકલેખક ઉપર પરમાત્મસ્વરૂપ શ્રી ગુરુદેવના આશીર્વાદ વરસો! ૐ तत्सत! ૐ शान्ति!

(ડીસેમ્બર–૧૯૫૧)

# મહાગુજરાત સાધુસંઘ*

મહાગુજરાત સાધુસંઘના ચોથા વાર્ષિક અધિવેશન માટે આપે બધાએ પ્રેમભર્યાં આગ્રહ અને આજ્ઞા કરીને મારામાં ઇચ્છા, શક્તિ તથા આવડતની અછત હોવા છતાં પણ મને પ્રમુખસ્થાને બેસવા નિમંત્રણ આપ્યું છે એ કેવળ આપનાં જ શોભા, ઉદારતા અને મહત્તા છે.

આ સંઘસ્થાપનાના અંકુર તો વડોદરામાં શ્રી. ડાહ્યાભાઇ શુકલ, ગાયકવાડ રેલ્વેના નિવૃત્ત ઇજનેરને ત્યાં થયેલી મંત્રણામાંથી ઉદ્‌ભવ્યા છે. સ્વા. શ્રી અદ્વૈતાનન્દજી, સ્વા. માધવતીર્થજી અને આપના આ સેવકના એ દીર્ઘપરિચિત મિત્ર છે. સાધુઓનું સંગઠન થાય, મતમતાન્તરથી મુકત રહી વ્યવહારપક્ષે બધા એકત્રિત થાય, અને પરાપૂર્વથી ચાલી આવતી મઠ, મંદિર કે આશ્રમો જેવી અસંખ્ય સંસ્થાઓ ગુજરાત-સૌરાષ્ટ્રમાં છે, એ બધાની શોભા વધારવામાં સાધુસમાજ નિમિત્ત બને તો ધાર્મિકપ્રચારમાં, લોકોના નીતિના ધોરણમાં, શિષ્ય કે સેવકમંડળની સાધનામાં અત્યારે છે એના કરતાં વધારે સરલતા થાય એવો વિશુદ્ધ હેતુ રાખીને આ સંઘની સ્થાપના થઇ છે.

અંગ્રેજી રાજસત્તાએ ભારતની રાજસત્તાની લગામ કોંગ્રેસ-મહાસભાના હાથમાં સોંપી ત્યાર પછી થોડો કાળ હિન્દુમુસ્લીમ વૈમનસ્ય જામ્યાં, ક્રૂર માનવહત્યા થઈ, ભારતવર્ષના પાકિસ્તાન અને

*મહાગુજરાત સાધુસંઘના વીસનગર મુકામે ભરાયેલા ચોથા અધિવેશનના પ્રમુખપદેથી તા. ૨૨-૩-૫૨ના રોજ આપેલું વ્યાખ્યાન.

ભારત એમ બે વિભાગ પડયા, પરસ્પર જનસમૂહની હિજરત થઇ અને રાજયસત્તાને માથે અસંખ્ય જાતની અણધારી જવાબદારીઓ વધી પડી.

કોંગ્રેસે પાંચ વર્ષ પૂરાં રાજય કર્યું, એ દરમ્યાન સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં એણે નજર ફેરવી. બધી દિશામાં સુધારણા કરવાની ધગશ વધી પડી અને એમાં ધાર્મિક સંસ્થાઓ પ્રતિ પણ એમની દૃષ્ટિ ગઇ. કેન્દ્રીય રાજસત્તાની નીતિરીતિ વિષે આપણે વિશેષ સંબંધ અત્યારે નથી. છતાં ત્યાં આપણે 'વસતીગણતરી માં સાધુવર્ગનો સમાવેશ અત્યાર સુધી થતો નહોતો, ને "અખિલ ભારતીય સંન્યાસી પરિષદ" સ્થાપીને એના સહકાર સાથે મહાગુજરાત સાધુસંઘે સુધરાવી લીધો, અને એ એક કામ તો પત્યું.

પરન્તુ આપણી સંસ્થા મહાગુજરાતનો સાધુસંઘ છે, એટલે મુંબઇ રાજયનાં ધારાધોરણ સંબંધે જ વિશેષ વિચાર કરવાનો રહ્યો.

અત્યાર સુધીનાં ત્રણ અધિવેશનોની કાર્યવાહીથી આપ સૌ પરિચિત છો. મારા પહેલાંના પ્રમુખપદને શોભાવનારા વિદ્વાન, વ્યવહારુ અને તપસ્વી સન્તો છે. કાર્યવાહક સમિતિમાં વિચારશીલ સાધુવર્ગ છે; જયાં જયાં અધિવેશન થયાં છે, ત્યાં ત્યાં સ્થાયી સ્થાનાપન્ન સંતોએ હાર્દિક સ્વાગતથી મહાગુજરાત સાધુસંઘને પ્રોત્સાહન આપ્યું છે. આ બધાં આપણાં કાર્યનાં માંગલિક ચિહ્ન છે.

બીજા અને ત્રીજા અધિવેશનમાં આપણે જે ઠરાવો કર્યા, એને અંગે વ્યવસ્થિત રીતે થયેલા કામકાજનો અહેવાલ તો સંઘના પ્રાણસમા મંત્રીએ આપ્યો છે અને આપશે. મારે તો આપ બધાની સાથે બેસી સહૃદય પરામર્ષ કરીને એવી દિશામાં પગલું ભરવાનું છે કે જેમાં આપની યોગ્ય દોરવણીથી કાર્યની સફલતા વધતી જાય.

અત્યારે મુખ્ય કાર્યની દિશા છે ઇ. સ. ૧૯૫૦નો મુંબઈ રાજ્યનો સાર્વજનિક ટ્રસ્ટો બાબતનો એકટ. એની આંટીઘૂંટી સમજવાનું કામ અઘરું છે; પરન્તુ જો કેવલ ઉદ્દેશ તરફ જ નજર ફેરવીએ તો મુશ્કેલીઓ નહિવત્ બની જાય એમ છે.

આશ્રમ, મઠ, મંદિર અને દેવસ્થાનની સંખ્યા નાનીસૂની નથી. એમાં લાખોની આવકવાળાં, જમીનજાગીરવાળાં સ્થાન પણ છે; ઘણાં સ્થાનોની મહત્તા તો સ્થાનાપન્ન વિદ્વાન્ સન્તોને આભારી છે; એ બધાંનો આપણે પહેલાં વિચાર કરવાનો છે.

કોઈની તપશ્ચર્યા, તો કોઈની વિદ્વત્તા, કોઇની સરલ સાધુતા તો કોઇનાં ભાવભક્તિ, કોઇનાં યોગસાધના તો કોઇનાં વ્યવહાર-દક્ષતાના સામર્થ્યમાંથી અસંખ્ય દેવસ્થાનો સેંકડો વર્ષથી આપણી સાધુસમાજની જ નહિ, પરન્તુ સમસ્ત લોકસમૂહની સંસ્કૃતિનાં દ્યોતક જેવાં ઊભાં થયેલાં છે; કોઇ પણ શુભસ્થાનની સ્થાપના થાય ત્યારે તો એમાં વિશુધ્ધ હેતુ હોય છે, પરન્તુ કાલનો સ્વભાવ જ એવો છે કે એમાં સારામાઠાં પરિવર્તન થયાં કરે. અત્યારે કોઇ સ્થાન ઉન્નતિને શિખરે હશે તો કયાંક એની કાર્યવ્યવસ્થામાં શિથિલતા હશે.

આપ સહુ ભારતતીર્થોમાં દર્શન–સત્સંગ કરીને જોતા આવ્યા હશો કે જે વ્યવસ્થા અત્યારે પ્રવર્તે છે એ સંતોષકારક તો નથી જ. કાલબળને લીધે ઘણાં સ્થાનો ખાલી પડયાં છે; નિર્વાહ માટે જમીનજાગીર, મકાન વ. ની વ્યવસ્થામાં ગડબડ પણ હશે. ખાસ કરીને ગામડાંનાં મંદિરોમાં તો સાધુના અભાવે એકાદ ગોસાઇ, સંજોગી, તપોધન કે બ્રાહ્મણ સવારસાંજ આવીને પૂજા કરી જતો હશે, અને નિર્વાહ માટેની જમીન એવા ગ્રામ્યજનોના હાથમાં

હશે કે એના આવકખર્ચનો ચોખ્ખો હિસાબ પણ ન હોય. મકાનો પણ તૂટીફૂટીને વેરવિખેર પડયાં હશે. આ બધું દુરસ્તી માગે છે એમ આપે બધે જોયું હશે.

સરકારે સમસ્ત ધર્મસ્થાનોની વ્યવસ્થા યથાયોગ્ય થાય એવા અંકુશ મૂકવાની ઇચ્છાથી જ કાયદો બનાવ્યો છે એટલું આપણે સ્વીકારી લઇએ, તો એમાં સરકારપક્ષે જ્યાં ક્યાંય માનવસુલભ ત્રુટિઓ હોય તો પરસ્પરના સહકારથી દૂર થાય, અને ન સમજાય એવા પ્રશ્નો હોય એનો સરળતાથી ઉકેલ આવે.

સરકાર વિદેશી નહીં, પણ આપણી જ પસંદગીથી ઊભું થયેલું કામ કરનારૂં પ્રતિનિધિ મંડળ છે એ આપણે હમેશાં યાદ રાખવાનું છે. છતાં એ કાયદાથી આપણે કદાચ મૂઝવણમાં મુકાઈ જઇએ એવા પ્રશ્નોનો વિચાર કરી જોઇએ.

(૧) સરકાર કેવળ આવકખર્ચના હિસાબ પૂરતો જ સ્થાન સાથે સંબંધ ધરાવે એ કોઈ રીતે ઇષ્ટ નથી.

(૨) સાધુવર્ગ આંકડાબાજી જાણતો નથી. કારણ કે, એ એનો વિષય નથી. ગમે તેટલો વ્યવહારદક્ષ સાધુ હોય તો પણ એ દિશા કે ક્ષેત્ર એનાં નથી એટલું સરકારે સમજી લેવાનું છે.

(૩) મઠ, મંદિર કે દેવસ્થાનની આવકનો વિચાર કરતાં એમાં આવકનાં વાસાંમાં મુખ્ય અધિષ્ઠાતાને પોતાના વ્યકિતત્વને લીધે મળતી ભેટની રકમો, અન્નવસ્ત્ર કે આશ્રમને ઉપયોગી વસ્તુઓ હોવાનો સંભવ છે.

(૪) તે ઉપરાંત જમીન, ભાડાં ઊપજે એવાં મકાન, મોટી રોકડ રકમો હોવાનો સંભવ છે.

(૫) ખર્ચની બાબત બહુ જ વિચાર માગી લે એવી છે. સાધુના ખર્ચની વિગત એને મળતા આકાશીય દાન જેવી હોવાથી એનું ખર્ચ પણ એવી જ રીતનું હોવાને સંભવ છે.

(૬) મઠ, મંદિર કે દેવસ્થાનોમાં આવતાજતા સંતસાધુઓ કે એવા બીજા અભ્યાગત અતિથિઓને અન્નવસ્ત્ર, પુસ્તક, તીર્થસ્થાનનાં ભાડા, કે એવો સત્કાર કરીને આપવાનો આપણો રિવાજ છે. આવી રકમનાં પાવતી-બિલ-પહોંચો રાખવાનું અસંભવિત નહીં પણ અશકય છે.

(૭) ગમે તેટલાં આવકખર્ચ હોય તો પણ સંતસાધુનું સ્થાન એ કોઇ વેપારીની પેઢી નથી. એમાં કમાણી કરવાનો, નફો તારવવાનો ઉદ્દેશ જ નથી, એ તો છે સદાચાર અને સંયમ દ્વારા ચારિત્ર્ય કેળવવાનાં શિક્ષણકેન્દ્ર; એ છે એનું મુખ્ય ધ્યેય.

(૮) ચતુર્થાશ્રમના સંતસાધુઓ આકાશજેવી હોય છે. ધર્મિષ્ઠ અને ઉદાર ગૃહસ્થાશ્રમીઓના વણમાગ્યાં આપેલાં ધનસામગ્રીનો સદુપયોગ કરવાનાં એ બધાં ધર્મસ્થાનો છે.

(૯) પરંતુ કાલબલ વિચિત્ર છે; અસંખ્ય મઠ, મંદિરો અને દેવસ્થાનોને મિલકતો સાંપડી છે. જમીનજાગીર મળી છે, એની વ્યવસ્થા દુર્ઘટ બની છે.

(૧૦) એક બાજુ ઘણાં સ્થાન ખાલી, અપૂજ્ય અથવા કેવળ સંસારીઓના જ વહીવટ તળે હોવાથી સારો કે સાચો ત્યાગી એનાથી વિરકત અને અનિકેત બનીને ભારતવર્ષમાં વિચરે છે, અને ઉપદેશપદ્ધતિ તથા પોતાનાં ચારિત્ર્યના પ્રભાવ વડે પ્રજાની અધ્યાત્મસેવા કરે છે.

(૧૧) અને છેલ્લો પ્રશ્ન ઊભો થાય છે જે સંતસાધુઓ સ્થાનાપન્ન છે, એમની મુશ્કેલીઓનો. એમાં વ્યવસ્થા જળવાય, એના હેતુઓ બર આવે એવા શુભ ઉદ્દેશથી આપણી સરકાર પોતાના રાજકર્મચારીઓની સત્તા દ્વારા સ્થાનોની નિરક્ષણ પધ્ધતિ–Inspection Method દાખલ કરે. એમાં સાધુઓને કેવી અને કેટલી મુશ્કેલીઓ પડે એનો વિચાર કરવાનો રહ્યો.

એ મુશ્કેલીઓ ઉભય પક્ષે આવી પડવાનો સંભવ છે, સંપ્રદાય કે મતપંથનો જ માત્ર વિચાર કરવાનો નથી, પણ દેવસ્થાનોમાં ગૃહસ્થાશ્રમી ગોસાઇ સંજોગી સાધુ વર્ગ છે અને એ પણ પોતાને સાધુ કહેવડાવે છે. પૂજારી તરીકે ઘણી જગ્યાએ બ્રાહ્મણો છે. સરકારની અયોગ્ય ભીંસ આવે તો વળી સારા સાધુઓ સ્થાન-ત્યાગ કરી બેસે એવો ભય પણ ખરો અને પરિણામ તો એ જ આવે કે સરકારની હિસાબી પદ્ધતિએ સગવડ કરી આપે એવા વેષધારીઓથી જ દેવસ્થાનો કદાચ ઊભરાઇ પડે.

સાધુઓનાં ઉપદેશપ્રચાર, ત્યાગ, ભક્તિ વગેરેનો લાભ સમાજને તો અનિકેત સાધુઓ મારફત પણ મળ્યાં જ કરશે. કારણ કે ચતુર્થ આશ્રમની પધ્ધતિ સચવાય, એવો સનાતન ધર્મનો એ શાસ્ત્રસંમત સિધ્ધાન્ત છે. ત્યાગ કે વૈરાગ્ય, ભક્તિ કે જ્ઞાન, યોગસાધના કે મંત્રોપાસનાનાં અસંખ્ય શાસ્ત્રગ્રંથો છે, એ બધા નિવૃત્તિમાર્ગના પોષક છે. સાધુવર્ગ નિવૃત્તિમાર્ગી છે, ગમે તેવો વ્યવહારદક્ષ સાધુ હશે, મઠ, મંદિર કે કે દેવસ્થાનનો અધિષ્ઠાતા હશે, લાખોની મિલકતનો વહીવટ સંભાળતો હશે, છતાં એના પ્રત્યેક વ્યવહારમાં નિવૃત્તિનો જ હેતુ હોય છે. દેવસ્થાનો સુરક્ષિત, સુવ્યવસ્થિત, સંસ્કારી અને સદાચારી શિક્ષણનાં કેન્દ્ર તરીકે સાચવી રાખવાં હોય તો

સરકારપક્ષે એવો વિચાર અવશ્ય કરવા જેવો છે કે કેવળ આંકડાબાજી, હિસાબકિતાબ, આવકખર્ચ વગેરેના સાંસારિક હેતુથી જ સંસ્થાઓની વ્યવસ્થા સુરક્ષિત રાખવાનો હેતુ હોય તો સંસ્થાઓ સરકારી બનશે પણ સંસ્કારી નહિ રહે કારણ કે સરકારી દખલને પરિણામે ભગવદ્-પરાયણ સાધુવર્ગ કંટાળશે અને ત્યાગના અગ્નિથી ભરેલો એ તપસ્વી સ્થાનત્યાગ કરીને સ્વતંત્રવિહારી અવધૂત બનશે, સારા સાધુઓના અભાવે સ્થાનો ખાલી પડશે, અથવા કેવળ આંકડાબાજીવાળા વેષધારીઓથી બધાં સ્થાનો ઊભરાઇ જશે. સરકારે આ વિષે પૂરેપૂરો વિચાર કરવો જોઈએ એવી મારી વિનમ્ર સલાહ છે.

સાધુવર્ગે પણ સ્થાનો વિષે ગંભીરતાથી વિચાર કરવાનો છે. હજારો વર્ષથી જે દેવસ્થાનો ભાવભક્તિ, પૂજાપાઠ, કથાવાર્તા, કે ઔષધસેવા જેવાં આર્યધર્મના પ્રચારસ્થાન થઈ પડયાં છે, એના સ્થાપનારા તો આપણા પૂર્વજો-સન્તમહન્તો જ હતા. એ પૂજ્ય સન્તવર્ગનો પરંપરાગત ઊતરી આવેલો શિષ્યવર્ગ એની જવાબદારી-માંથી બચી જવા ઇચ્છે, એ માયા છે, વ્યવહાર છે, એમાં કડાકૂટ છે, સમાજ નાસ્તિક થતો જાય છે; અને આપણે તો ફક્કડ, સમસ્ત ભારતવર્ષમાં અસંખ્ય ભાવિભકતો છે ત્યાં વિચરશું, કથાસત્સંગ કરાવશું, એ નહીં આવડે તો દવાઓ કરશું, એમાંયે કયાંક કીમિયો હાથ આવશે તો સોનાચાંદી બનાવશું. મંત્રતંત્રનાં અનુષ્ઠાન કરીને દોરાધાગા, તાવીજ, માદળિયાં આપીને લોકરુચિ ઊભી કરશું-આવું આવું શાસ્ત્રોએ સર્વતોમુખે નિષિદ્ધ કરેલું વ્યવહારિક-સાંસારિક જીવનજીવવાની જ જો સ્વેચ્છાવૃત્તિ વધશે તો સ્થાન ખાલી છે એના કરતાં વધારે ખાલી પડશે, અને અવ્યવસ્થામાં અસંખ્યગણી અધાર્મિક ગડબડો ઊભી થશે. સરકારની નજર તો ચારે તરફ હોય છે; બ્રિટિશ હકૂમતને આપણાં ચારિત્ર્યખલની કશી પડી નહોતી. પરન્તુ વર્તમાન સરકારને—એટલે કે આપણી નીમેલી સરકારને

તો માનવજીવનમાં સર્વત્ર ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં ક્ષેત્રોમાં પવિત્રતા, વ્યવસ્થા અને સામર્થ્ય પ્રકટાવવાનાં છે. એમ નહીં થાય તો પ્રજા દુર્બલ, દુરાચારી અને પામર બનતાં રાજ્યસત્તામાં અવ્યવસ્થા ઊભી થતાં—જે દેશની સંસ્કૃતિના આપણે વારસ છીએ એને ગુમાવવાનો પ્રસંગ ઊભો થશે અને આપણે એમાં નિમિત્ત બનશું તો એ એક મહાપાતક ગણાશે.

આપણે વિદ્યાપ્રચાર માટે પણ વિચાર કરીએ કે જેથી સાધુવર્ગ વિશેષ શિક્ષિત અને સંસ્કારી થાય. સાધુઓ માટે ઘણી પાઠશાળાઓ છે. પણ એમાં કેવલ પાઠ જ શીખવવા હોય તો શુકપાઠ ભણનારા કથાકારો, યજમાનવૃત્તિ દ્વારા ગોરપદું સેવનારા કર્મકાંડીઓ જ નીપજશે કે જેમનો ઉદ્દેશ સદાચાર નહીં પણ આજીવિકાનો જ હશે. એ વિષે પણ આપણે સાવધાન થવાનું છે.

વિદ્યા અને વિષયનો મેળ થાય એવું પ્રાચીન–અર્વાચીન શિક્ષણ મેળવીને સાધુ સર્વદેશી વિદ્વાન બને એવાં વિદ્યાલયોની આવશ્યકતા ઊભી થઇ છે.

મહાગુજરાતનાં એ અહોભાગ્ય છે કે અત્રતત્ર સ્વપ્રયત્નથી વિદ્યા મેળવી, તપશ્ચર્યા અને ત્યાગથી જીવન ઘડીને અન્ય ભાષાભાષી સન્તોએ પણ ગુજરાતને પોતાનું માન્યું છે. અમદાવાદમાં જ જોઈએ તો શ્રી નીલકંઠ અખાડા, શ્રી જગન્નાથજીનું મંદિર, શ્રી સર્યૂદાસજીનું મંદિર, અને એવાં એવાં સ્થાન તો છે જ, તે ઉપરાંત પણ મંડળેશ્વરો, મહામંડળેશ્વરો કે જગદ્ગુરુઓએ આવીને લાખોને ખર્ચે સંસ્થાઓ ઊભી કરી છે અને અમદાવાદ જેવા વૈશ્યવૃત્તિ-પ્રધાન શહેરમાં બ્રહ્મકથાવાર્તા, ઉત્સવપ્રસંગોની ઊજવણી, મંદિર-પ્રતિષ્ઠા અને એવાં એવાં નિવૃત્તિધર્મનાં પોષક અંગો દ્વારા ગુજરાતને

અધ્યાત્મવિદ્યાનો લાભ આપવા માંડયો છે. અન્ય સુયોગ્ય સાધુ-વર્ગ પણ પોતાની તીર્થરૂપ ચરણરજથી ગુજરાતને શહેર ગામડે ફરીફરીને પાવન કર્યા કરે છે. મારી આ સમસ્ત સાધુવર્ગને વિનમ્ર પ્રાર્થના છે કે:

(૧) ગુજરાતનાં સેવાભક્તિથી આકર્ષણ પામીને આપ અહીં પધાર્યા છો, તો જેમ ભક્તવર્ગ આપને પોતાના સ્વીકૃત ગુરુજન માને છે તેમ આપ ગુજરાત અને ગુજરાતની પ્રજાને શિષ્ય માનીને એમની ઉપર એવું શાસન ચલાવજો કે ધર્મ, સદાચાર, સંયમ અને ત્યાગથી એમનાં જીવન પવિત્ર બને.

(૨) ગુજરાત આપનું નિવાસસ્થાન બની ગયું છે, એટલે ગુજરાતનાં દેવસ્થાનની સુરક્ષા અને પ્રતિષ્ઠા પણ આપનાં જ છે એમ માનીને એની વ્યવસ્થાને માટે હંમેશાં ઉદ્યત રહીને જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં આપનાં વિદ્યાવ્યવસાય વડે સહાયક બનતા રહેશો.

(૩) જૂનાં તથા ખાલી દેવસ્થાનોની સંખ્યા નાનીસૂની નથી; છતાં તેમાં નવાં ઉમેરાતાં જાય છે; એટલે મઠ, મંદિરો અને દેવ-સ્થાનોને સંભાળવા માટે સુયોગ્ય સાધુઓની બહુ મોટી સંખ્યા જોઇએ એ સ્વાભાવિક છે, પરન્તુ મારા નમ્ર મત પ્રમાણે એ સંખ્યા ઘટતી જાય છે, અને સ્થાનની જવાબદારીમાંથી મુક્ત રહીને વિચરનારાની સંખ્યા વધતી જાય છે. પરિણામે સ્થાનો અને સાધુવર્ગ અવ્યવસ્થા અને સ્વેચ્છાચારથી ઘેરાઇ જવાનો ભય ઊભો થાય છે એમ આપને લાગતું નથી?

(૪) એટલા માટે સાધુઓમાં સંપબળ વધારવું જોઈએ. જ્ઞાનવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ, અનુભવવૃદ્ધ, તપોવૃદ્ધ, આશ્રમવૃદ્ધ, દીક્ષાવૃદ્ધ

એવા એવા વૃદ્ધત્વ-લઘુત્વના ભેદો આપણામાં છે; સંપ્રદાય, મત, તથા પંથભેદો છે; સ્થાનધારી અને વિરક્તના ભેદો છે; બધા ભેદો હોય તે જેમ ભૂષણ છે, તેમ આ બધા ભેદોમાં અભેદ સાચવવો, એકત્ર બનવું, સંઘબળ વધારવું, પરસ્પરની મર્યાદા માન અને પ્રતિષ્ઠા વધે એવી રીતે સ્થાનોની સુરક્ષા કરવી, એવી ખાસ આવશ્યકતા છે. નહિ તો સરકાર અને પ્રજા ઉભયથી ઉપેક્ષિત થઇને આપણો વર્ગ વધારે ઘસાતો જશે.

(૫) સમાજ ભેદબુદ્ધિમાં વિભક્ત છે, તે વખતે સાધુવર્ગ સમાજની અવ્યવસ્થાથી વિરક્ત બને, તો સાધુવર્ગ સુરક્ષિત રહી શકે જ નહિ. પોતે સંગઠિત, સંઘશકત અને સેવાભાવી રહે તો જ સાધુવર્ગ સમાજમાં ઇષ્ટસુધારણા કરી શકે એ સિદ્ધ વાર્તા છે, નહિ તો પરોપદેશે પાંડિત્યમનો આક્ષેપ આપણા ઉપર ચોંટતાં વિલંબ નહીં થાય.

હવે જરા સરકારને આપણે કેવી સલાહસૂચના આપવાની છે તેનો વિચાર કરીએ.

(૧) ગુજરાત સૌરાષ્ટ્રનાં મંદિરો–મઠો, અને દેવસ્થાનોનાં રજિ-સ્ટ્રેશન–નોંધણી થાય ત્યારે સાથે સાથે સ્થાનાપન્ન કે વિચરતા સાધુઓની ગણતરી કરવાનું કાર્ય પણ થવું જોઇએ.

(૨) સ્થાનોની પૂજામાં બ્રાહ્મણ કે બીજો ગૃહસ્થાશ્રમી વર્ગ હોય તેની યોગ્યતા–અયોગ્યતાનો વિચાર કરવાનો છે.

(૩) આવકજાવકના ખર્ચ માટેના સરકારી ધારાધોરણ પ્રમાણે જવાબદારી નંખાય છે એ માટે ટ્રસ્ટીઓને યોગ્ય દોરવણીની જરૂર છે.

(૪) અને સૌથી મહત્ત્વની વાત તો એ કે:—

क સરકારે મઠ, મંદિર કે દેવસ્થાનની પ્રણાલિકા સમજવી જોઇએ.

ख એના બંધારણના રીતરિવાજો જાણવા જોઇએ.

ग ઉત્સવોની સંપ્રદાયવાર મહત્તાની સુરક્ષા રહેવી જોઇએ.

घ સ્થાનાપન્ન સાધુને હિસાબકિતાબ માટે પ્રગારદાર મહેતા-મુનીમ રાખીને હિસાબ રાખવા માટે ખર્ચવધારો કરવો પડે, એવી સ્થિતિનો વિચાર કરવો જોઇએ.

ङ સ્થાનના ટ્રસ્ટીઓમાં સાધુ અને ગૃહસ્થાશ્રમી બન્ને વર્ગની યોગ્ય સંખ્યા હોવી જોઇએ.

च એકલો સાધુવર્ગ જ ટ્રસ્ટી હશે તો વ્યવહાર, વહીવટ કે હિસાબકિતાબના કામકાજ માટે અડચણો ઊભી થવાનો સંભવ છે, મિલકતના વહીવટમાં રજો-તમોગુણી પ્રજા સાથે કામકાજ કરતાં અનેક અડચણો ઊભી થશે અને કાર્ય મુશ્કેલ બનશે.

छ જો એકલો ગૃહસ્થાશ્રમી વર્ગ જ બહુમતિમાં હશે તો સાધુવર્ગના હેતુઉદ્દેશ ન સમજતાં વારંવારની અઘટિત દખલ થશે અને તેથી સાધુવર્ગ અનિકેત બનીને સ્થાન ખાલી પડવાનો સંભવ છે. આમ થશે તો સરકારનો અને સાધુઓનો મુખ્ય ઉદ્દેશ માર્યો જવાનો ભય છે.

સૌથી શ્રેષ્ઠ અને એકમાત્ર માર્ગ એ છે કે સરકાર દેવસ્થાનોના વહીવટ માટે સંસ્કારી સાધુવર્ગની સમિતિ દ્વારા સલાહસહકાર મેળવે. સાધુવર્ગ ઇચ્છે છે કે દેવસ્થાનોનાં કામકાજની પતાવટ

સામાન્ય કાયદાકચેરીની મારફત થાય તે કોઇ રીતે ઇષ્ટ નથી, સ્થાનાપન્ન સાધુનાં અધિકાર થતા માનમર્યાદાનો વિચાર કરવાનો હોય, એમના હેરફેરનો પ્રશ્ન ઊભો થાય, એવે વખતે સાધુઓના સંપ્રદાયજ્ઞાનની આવશ્યકતા રહે છે. એમ થવાથી ઉભયપક્ષે સરલતા થશે અને ઉદ્દેશ ઠીક ખર આવશે.

ફરતા, વિચરતા કે સ્થાનધારી સાધુ વિષેનાં અયોગ્ય આચરણ માટેના કે બીજા વહીવટ વિષેના મતભેદો અંગે કોર્ટ-કચેરીઓના કિસ્સા વર્તમાનપત્રોમાં વાંચીએ છીએ, એ સાધુસમાજને ભૂષણરૂપ નથી એટલું જ નહિ પણ જે સરકાર પ્રજાને સંસ્કારી બનાવવા અને સ્થાનોના સુયોગ્ય વહીવટ માટે કાયદાકાનૂન રચવાની કાળજી રાખે છે, તેમાં પહેલાં કહ્યું તેમ સાધુવર્ગનો સહકાર લેવાની ખાસ આવશ્યકતા છે. એમ નહીં થાય તો બ્રિટિશ રાજસત્તાએ ધર્મ-સ્થાનોના વહીવટ અંગે તટસ્થતાને બહાને બેદરકારી દાખવીને અવ્યવસ્થા ઊભી કરી હતી અને લોકોના સદાચારમાં શિથિલતા લાવવામાં નિમિત્ત બની હતી એવું જ દોષારોપણ આ—આપણી પ્રજાકીય સરકારને પણ આવશે. એવું ન થાય એમ આપણે ઇચ્છીએ છીએ.

મહાનુભાવ સન્તમંડળ! આપને સમજાવવા જેવું તો કાંઈ પણ હોય જ નહિ જ! સાધુસમાજ છિન્નભિન્ન—અસ્તવ્યસ્થ થયો છે, એમાં સંઘબળ આવવું જોઇએ. વારંવાર એકત્રિત થઈને એ વિષે પરામર્શ થવો જોઇએ. કુંભમેળાની રીતરસમ ચાલી આવે છે ખરી પરન્તુ જ્યારે એની શરૂઆત થઇ હશે ત્યારે હેતુ તો એમ હતો કે અખિલ ભારતીય સન્તસમાજ એકત્રિત થાય, જમાતો. સંતો, મહન્તો, મઠાધીશો તીર્થયાત્રાને નિમિત્તે વિચરતા રહે, ત્યાં એમની સૂક્ષ્મગ્રાહી અને વિચક્ષણ બુદ્ધિમાં સ્થાનોના

વહીવટ-ગેરવહીવટનાં કદાચિત્ દર્શન થાય તો કુંભમેળામાં એ વિષે સૌ ચર્ચા કરતા. સ્થાનાપન્ન સન્તોની ફેરબદલી થતી; ઉચ્ચ શ્રેણીના સાધુઓને ઉચ્ચ સ્થાન-માન મળતાં અને ધર્મચ્યુત થયેલો કોઈ રડ્યોખડ્યો પણ જોવામાં આવે તો એનો બહિષ્કાર થતો. પરસ્પરનાં માનમર્યાદા એટલાં બધાં સુરક્ષિત રહેતાં કે ગુરુવર્ગનાં આજ્ઞા, આદેશ કે સંકેતને વશવર્તી બનીને સાધક કે શિષ્યવર્ગ મર્યાદાપાલનમાં ચુસ્ત રહેતો. બધા સાધુઓને ગુરુ-પરમ્પરાનું સ્વાભિમાન હતું, પરાપૂર્વના ઋષિમુનિ અને સંત-સમાજનાં ત્યાગવૈરાગ્ય તથા જ્ઞાનભક્તિ વડે ફરકતી યશકીર્તિની ધ્વજાપતાકાઓ જયજયકારના શબ્દઘોષ વચ્ચે લહેરાતી, એ દશ્યો આપની દૃષ્ટિ બહાર નહીં હોય. બધા સાધુઓ કોઈ ને કોઈ વિશિષ્ટ સ્થાન સાથે સંબંધ રાખતા, અને એકની અપકીર્તિ સમસ્ત સાધુવર્ગની અપયશગાથા ન બને એને માટે હૃદયથી સૌ સાવધાન રહેતા.

સરકારે કાયદો કર્યા છે અને એનો અમલ પણ થયો. છેલ્લાં બબ્બે વર્ષથી એ વિષે વર્તમાનપત્રોમાં તેમ જ બીજી રીતે પ્રજામાં ચર્ચાઓ થઈ છે. જાહેર જનતાને સૂચના પણ મળી ચૂકી છે. એ બંધ રહે, એવો કાયદો ન જ હોવો જોઈએ એવી મનોવૃત્તિથી કાયદો બંધ રહી શકે એમ લાગતું નથી. આપણે એ કાયદામાં કે એના અમલમાં યોગ્ય ફેરફાર સૂચવી શકીએ. સરકાર અને સાધુવર્ગની અનુકૂળતા વધે એવું માર્ગદર્શન આપવાનું આપણું કર્તવ્ય છે. અયોગ્ય વિરોધ દાખવવાથી કામ સુધારવાને બદલે બગડવા સંભવ છે. અત્યારે જ આપણી સમત્વ દૃષ્ટિની, દાર્શનિક અનુભવની અને વ્યવહારદક્ષ સલાહસહકારની અનિવાર્ય આવશ્યકતા ઊભી થઈ છે. એમાંથી બચવા પ્રયત્ન

કરવાનાં છીંડાં શોધવાનો કશો સાચો અર્થ નથી. આપણે સરકારને સલાહ આપી શકીએ કે:

(૧) સરકાર સાધુવર્ગમાંથી એક સલાહકાર સમિતિ સ્થાપે.

(૨) સાધુવર્ગ સમસ્ત સાધુસમાજમાંથી સ્થાન અને વ્યક્તિ એમ બન્નેની સુધારણા તથા વ્યવસ્થા થાય એટલા માટે એવા નિયુક્ત મંડળને ભલામણ કરીને સરકાર પાસે સ્વીકૃત કરાવે.

(૩) જ્યાં જ્યાં વ્યવસ્થામાં અપૂર્ણતા કે અવ્યવસ્થા હોય ત્યાં સરકારને એવી દોરવણી આપે કે જેથી સાધુવર્ગમાં માનમર્યાદા વધે અને દેવસ્થાનો સુંદર, પ્રશંસનીય ધર્મકેન્દ્રો બને.

સમાજ આપના ઉપર અતૂટ શ્રધ્ધા રાખે છે. જગતમાં અશાંતિ વધે છે; સામાન્યવર્ગ અન્નવસ્ત્રની પ્રાપ્તિ માટે જ કાયા ઘસી નાંખે છે. ક્ષત્રિયવર્ગ પણ ક્ષત્રિય સભાઓ દ્વારા સરકારને સહયોગ આપવાના મનસૂબા ગોઠવે છે. વ્યાપારી વર્ગમાં ધનલાલસાએ માઝા મૂકવા માંડી છે અને પરિણામે કપટ, પ્રપંચ, દગો, સ્વાર્થખોરી વગેરે વધી જતાં સમાજનો મધ્યમ વર્ગ ખૂબ ભીંસાય છે, એવે સમયે આપણા કર્તવ્યમાં વધારો થાય છે. આપણામાં લેખચાતુર્ય, વાગ્માધુર્ય, કથાકૌશલ્ય વગેરે ઘણાં ઘણાં યોગક્ષેમને ખેંચી લાવીને સુરક્ષિત કરે એવાં મહત્ત્વનાં અંગો છે, એનો અત્યારે ઉપયોગ કરવાની દિશા સાંપડી છે.

દેવસ્થાનોમાં સારી એવી માલમિલકત હશે. જગ્યાઓ રમણીય અને એકાન્ત હશે, મકાનોની ભવ્ય ઇમારતો હશે, એટલે જો સંતસમૂહ સહકારી ધોરણે કામ કરવા ઇચ્છે તો એક નહીં, પણ પાંચ પાંચ મહાવિદ્યાલયો ઊભાં કરીને સાધુઓને સુશિક્ષિત થવાના સંભવો

ઊભા કરી શકે છે; આપણા વર્ગમાં અંગ્રેજીના વિદ્વાનો છે, દર્શન-શાસ્ત્રોના તીર્થો છે, વ્યાખ્યાનના વાચસ્પતિ છે, અરે, શું છે ને શું નહિ, કારણ કે પ્રજાનું નવનીત જ સાધુવર્ગમાં ઊભરાઇ આવેલું છે; આપ તો સમાજનો જ્ઞાનમુકુટ છો; એ મુકુટ પ્રજાને શિરે સુરક્ષિત રાખવો હોય તો પ્રજામાં સંસ્કાર રેડવા, પ્રાણ પૂરવા જ્ઞાનના દીપક પ્રગટાવવા, અને ચારિત્ર્યનાં ચંદનપુષ્પની સૌરભ ફેલાવવી-એ આપને માટે કઠિન નથી.

દુઃખ સાથે કહેવું પડે છે કે એમાં અયોગ્ય વ્યક્તિઓ છે —કલ્પનાતીત સંખ્યામાં છે. પણ એનો એક જ મહા ઇલાજ છે કે આપણે વ્યવસ્થિત થઈ એ, સંઘબળ વધારીએ, સ્પર્ધા અને મિથ્યા માનલાલસાનો ત્યાગ કરીને ધર્મસત્તા સાથે રાજસત્તાનો મેળ રાખીએ તો એ રાજસત્તાને આધારે ઘણું ઘણું થઇ શકશે એમ મને લાગે છે.

આપણી જૂની પ્રણાલિકા તપાસી જુઓ. વેદોક્ત ધર્મી રાજયોમાં સાધુઓની એટલી બધી પ્રતિષ્ઠા હતી કે જ્યાં જ્યાં દેવસ્થાનો હોય ત્યાં સાધુવર્ગની પાસે રાજાઓ વિનંતિ કરીને સુયોગ્ય સાધુને સ્થાનધારી બનાવવાનો આગ્રહ રાખતા. રાજા અને સાધુવર્ગના સુમેળમાંથી જ અત્યાર સુધીનાં સ્થાન તથા સાધુવર્ગ સુરક્ષિત અને સુવ્યવસ્થિત રહી શકયાં છે એ ચોક્કસ છે.

આપણો પ્રયત્ન આપણી ધર્મધ્વજાને એવી રીતે નિત્યને માટે ફરકતી રાખવાનો છે. જ્યાં જ્યાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના માર્ગ માટે સમાજજીવનમાં સરકારને મંત્રણાની જરૂર પડે ત્યાં આપને નિમંત્રે અને આપની બહુમૂલ્ય મંત્રણાનો એવો તો લાભ મળે કે રાજ્યકર્તાવર્ગ તથા પ્રજા—ઉભયવર્ગની આપના ઉપરની શ્રદ્ધા ઉજ્વલ, સ્થાયી અને અવિચલ બનતી જાય.

વંદનીય સંતસમૂહ ! આ બધું બોલવા દેવાની આપે ઉદારતા દાખવી છે એ માટે આપનો મહદ્ ઉપકાર છે; મારા લખવા-બોલવામાં અવિવેક કે ધૃષ્ટતા હોય તો સાર તારવી શકો એટલા આપ વિવેકી છો. આમાં જે કૈં યોગ્ય લાગે એમાં સુધારો-વધારો સૂચવવા-કરવાનો મારા કરતાં પણ આપનો વિશેષ અધિકાર છે. અયોગ્ય કે વ્યર્થ હોય તેને બાલપ્રલાપ સમજીને કહાડી નાંખવાનું પણ આપ ભૂલશો નહિ.

આના કરતાં અસંખ્યગણું કામ કરવાનું છે; કહેવા કરતાં કરવાનું વધારે છે; અને આપનાં શ્રદ્ધા, જ્ઞાન, ભકિત, તપશ્ચર્યા, ત્યાગ વગેરેની જ આ યશઃપતાકા છે કે જેથી આપણે બધા એકત્ર થઇ શકયા છીએ; આપણી સંઘશકિત હશે, ઇચ્છા પ્રબલ હશે તો સરકાર-આપણી જ સરકાર અવશ્ય આપણું યોગ્ય માર્ગદર્શન ઇચ્છશે, માર્ગદર્શનનો સ્વીકાર કરીને એ પ્રમાણે અમલમાં મૂકશે, અને રાજસત્તાનો પ્રામાણિક અંશ આપણને અવશ્ય સહાયક થશે જેથી આપણી ધર્મસત્તામાં જયાં કૈં શિથિલતા છાનીછાપની પણ ઘૂસી ગઇ હોય તો તે દૂર થઇ શકશે.

સમસ્ત વિશ્વને અભયદાન આપનારા સન્તવર્ય, જીવમાત્રને આશીર્વાદ આપનારા મહાનુભાવો, ભૂતકાળમાં આપે ધર્મરક્ષા અને રાજયરક્ષા કર્યાં છે; રાજાઓને પડખે રહીને કયાંક અસ્ત્રશસ્ત્ર પણ ઉપાડ્યાં છે. વેદ અને ઉપવેદ, પુરાણો અને ઉપપુરાણો, રામાયણ અને મહાભારત જેવા ઇતિહાસગ્રન્થો આપની સર્વદેશી પ્રવૃત્તિમાં નિવૃત્તિના જ સંકેતસૂર પૂરે છે. સંગઠન અને સંઘબળની સંજ્ઞા જેવો જ્ઞાન-માર્ગીની આત્મભાવનાનો અભેદ કે ભક્તિમાર્ગનો ઇશ્વરદર્શનનો અપાર્થિવ પ્રેમ, એ સંતોનાં સર્વોત્તમ ભૂષણ છે; યુગે યુગે અવતારોએ આયુધ સજયાં છે, સમયે સમયે ઋષિઓએ રાજા અને રાજયોને દિવ્ય

મંત્રણાઓ આપી છે ત્યારે અત્યારે આવે આપદ્ સમયે પલાયનની ભયવૃત્તિ સેવીને નિવૃત્તિ ધર્મને લાંછન લાગે એવી અવધૂતવૃત્તિ સેવવી યોગ્ય નથી. કલિદેવ કલહ વધારતો જાય છે, ત્યારે આપ એ બધામાં પ્રેમ અને સંપનાં અમૃતછાંટણાં કરીને પ્રજાને સંતોષ, સદાચાર અને ધર્મને પંથે વાળવાનો જે પ્રયત્ન કરો છો, એમાં વિશેષ પ્રગતિશીલ બનો એવી નમ્ર પણ આગ્રહભરી પ્રાર્થના છે.

આપણો પ્રશ્ન કેવલ સ્થાન પૂરતો જ છે, એમ ન માનશો; આપણે તો સાધુસમાજનું સંગઠન ઇચ્છીએ છીએ, સાધુઓમાં સ્વતંત્રવિહાર ઊભો થયો છે એ સૌની જાણબહાર નથી. એનાં કારણો એ છે કે અંગ્રેજ રાજ્યે આપણને સહકાર ન આપ્યો. દેશવિદેશમાં યથેચ્છ રીતે વિહરવા–વિચરવા દઇને પ્રજામાં દંભ અને વેષાભાસ પોષ્યો, પ્રજાને ધાર્મિક શિક્ષણને અભાવે નિરક્ષર રાખીને સાચાખોટા સાધુની પરીક્ષા કરવાનું ન શીખવ્યું, અને સાધુના વેશમાં લોકસમૂહના નીચલા થરે પ્રવેશ કરીને સ્વચ્છંદ અને ઉચ્છૃંખલ વર્તન આદર્યું—એવાં અસંખ્ય દૂષણ આપણામાં આવી પડયાં છે. છતાં સંતોષની વાત છે કે દેશમાં સન્તવીરો પાકયા છે. ત્યાગી અને તપસ્વી, જ્ઞાની અને ભક્ત, કર્મવીર કે ધર્મવીર સન્તોએ વેગવાન સંદેશ આપ્યા છે. અને પ્રજામાં અત્યારે જે નવીન પ્રાણસંચાર થાય છે, એ સંતસાધુના શિક્ષણ-પ્રચારને જ આભારી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

ગુજરાત ધર્મપ્રધાન કરતાં ધનપ્રધાન વધારે છે; બ્રાહ્મણધર્મ કરતાં વૈશ્યધર્મની વિશેષતા છે; સંતસાધુને ચરણે દ્રવ્યસામગ્રી ધરવામાં ગુજરાતના લક્ષ્મીનંદનો પાછા પડે એવા નથી, અને અત્યારે તો ગુજરાતમાં સંતસાધુઓની બોલબાલા છે એમ કહીએ તો પણ ખોટું નથી.

આવે વખતે ગુજરાતના સમસ્ત ધર્મવિકાસમાં તથા માનવ-જીવનની સર્વાંગી વ્યવસ્થામાં પ્રાણ પૂરાય એવા ઉદ્દેશથી મહા-ગુજરાત સાધુસંગની સ્થાપના થઇ છે, એમાં અપૂર્વ-સહૃદય સહયોગ આપીને જે જે દિશાઓમાં કર્તવ્ય સાંપડે, ત્યાં ત્યાં વણનોતર્યા ઊભા રહીને પ્રજા અને રાજસત્તાને દોરવણી આપશો એવી મારી આપનામાં શ્રદ્ધા છે, અને એ ફલીભૂત થાય એવી પરમાત્માભિન્નશ્રી ગુરુદેવને પ્રાર્થના કરીને, આપના આશીર્વાદ ઇચ્છીને મારું અત્યારનું વક્તવ્ય પૂરું કરું છું. ૐ

(એપ્રીલ-૧૯૫૨)

# आचार्यदेवो भव ।

તૈત્તિરીય ઉપનિષદની પહેલી વલ્લીના અગીઆરમા અનુવાકમાં શિષ્ય જ્યારે આચાર્યકુલમાં વેદાધ્યયનની પૂર્ણતા મેળવે છે, ત્યારે આચાર્ય એને જે ઉપદેશ આપે તેમાં કેટલાંએક અમૂલ્ય જીવનસૂત્રો ગોઠવેલાં છે. અત્યારે વિશ્વવિદ્યાલયમાં બી. એ., એમ. એ. વગેરે ઉપાધિ લેતી વખતે કુલપતિ પદવીદાન આપીને ભાવિ જીવનમાં ઉપકારક થાય એવું વ્યાખ્યાન આપે છે તેવી જ આ પ્રાચીન પદ્ધતિ હતી.

પરંતુ અત્યારની અને પ્રાચીન પદ્ધતિમાં મહાન અંતર છે. અત્યારે વિદ્યાલયના અધ્યાપક તથા આચાર્ય માસિક વેતન લઈને, રોજના અમુક કલાક ભણાવી જાય છે; વિદ્યાલયની સાથે જ્યાં ક્યાંક વિદ્યાર્થીગૃહ હોય ત્યાં એકાદ અધ્યાપક વ્યવસ્થાની દેખરેખ માટે રહે છે. પરન્તુ અધ્યાપક કે આચાર્યના જીવનની સીધી અસર નીચે આવવાનો વિદ્યાર્થીને પ્રસંગ પડતો નથી. સ્પષ્ટ કહીએ તો આચાર્ય, અધ્યાપક, કુલપતિ કે એવા કેળવણીના અધિકારીઓ માત્ર પુસ્તકજ્ઞાન આપીને કૃતકૃત્ય રહે છે. વિદ્યાર્થીઓ સ્નાતક થયા પછી બાહ્ય વિશ્વમાં કેવા નીવડશે, ચરિત્રમાં કેટલે અંશે શીલવાન હશે, એની એમને કશી પડી નથી.

પ્રાચીન યુગનો આચાર્ય એવો નહોતો, કારણ કે આચાર્ય શબ્દનો અર્થ જ એવો છે કે પોતે વેદના જ્ઞાનભંડારને જીવનમાં ઉતારીને, શિષ્યને એ રીતે જીવનવ્રત ધારણ કરાવે. પ્રાચીન કાલમાં

આચાર્યકુલમાં અધ્યયન કરતા કિશોરને શિષ્ય સંજ્ઞા અપાતી ત્યારે અત્યારે ઉપનામ મળે છે વિદ્યાર્થીનું. પહેલાંના સંબંધ પિતાપુત્ર જેવા હતા, અત્યારે અધ્યાપક પગાર લેતા નોકર અને વિદ્યાર્થી ફી ભરનાર શેઠ જેવા મનાય છે અને ધનિકના ઘરોમાં છોકરાંઓને ગૃહશિક્ષણ આપવા માટે શિક્ષકોને રાખે છે, એમાં લક્ષ્મીનંદનનાં લાડકાં જો શિક્ષક માત્ર વેતનપૂરતો જ જીવે છે એમ લાગતું હોય તો લાડકાંનાં અપમાન અને ધમકી સહન કરી લે છે. "માસ્તર તમે તમારે નિરાંતે તમારો વખત પૂરો કરો, તમારે પગારનું કામ છે ને!" આવું કહેનારાં લક્ષ્મીલાડકાં મનગમતી મોજ માણીને બાપની જેવી કમાણી હોય તે માટે ખર્ચનાં બારણાં ઉઘાડી આપે છે. વિદ્યાલયના અધ્યાપકો. આચાર્યો, શાળાના શિક્ષકોમાંના સેંકડે ૯૯ ટકા જેટલી પગારની ફિકર રાખે છે, એટલી વિદ્યાર્થીના શિક્ષણ માટે રાખતા હશે કે કેમ એ પ્રશ્ન છે. કારણ કે પરીક્ષાના પરિણામની ટકાવાળી ઉપરથી એમની હુશીઆરીનું માપ કઢાય છે; પરન્તુ વિદ્યાર્થીના ચારિત્ર્ય સાથે તો એમને કશું નાહવા નીચોવવાનું છે જ નહિ.

વિદ્યાધ્યયનમાં સંયમ અને સેવા એ બે મુખ્ય સાધન છે. કારણ કે એનાથી બુદ્ધિ શુદ્ધ થાય ત્યારે પવિત્રતાના અવતાર જેવી, શ્વેતહંસવાહિની સરસ્વતી એમના હૃદયમંદિરમાં વિરાજમાન થાય. કેવલ જીવ્હાથી બોલાતી, અલંકારથી ઓપતી, શબ્દોથી ઝમકતી, બનાવટી મોહકવાણી એ સરસ્વતીનો પ્રસાદ નથી, પણ દેવીનું અપમાન છે. સરસ્વતીના કૃપાપ્રસાદમાંથી સહજ સ્વભાવે સરી આવતી, જીવ્હાની પેઠે હૃદયને પણ મધુરતાથી ભરી દે એવી, જીવનને ઉન્નત કરવાની પ્રેરણા આપતી વાણી અને એમાંથી ઊભું થતું વાઙ્મય જ શિષ્યનાં તન-મનનો ઉદ્ધાર કરે છે. અને પ્રસાદ

તો સીધો બ્રહ્મમાંથી આવે છે. આચાર્યના આત્માનાં ઓજસમાંથી, શિષ્યનાં સંયમસેવાથી પ્રસન્ન થયેલા હૃદયમાંથી ઉદ્‌ભવે છે.

આચાર્ય અને શિષ્યનો સંબંધ સ્વાર્થી, ભણતરના ખપપૂરતો, અમુક જ સમય સુધીનો, કે લેવડદેવડનો નથી; એમાં આટલું વેતન, કે સેવા કરી એટલે આટલું મળવું જ જોઇએ, એવી હિસાબનવીસી નથી. આચાર્યના અધિકાર કરતાં શિષ્યના અધિકારની પરીક્ષા એમાં પહેલી થાય છે કારણ કે સંયમ, સેવા, શ્રદ્ધા અને ભકિતવડે ચાતકની પેઠે, જ્ઞાનનિષ્ઠ, શીલવૃદ્ધ આચાર્ય પાસે જે વિનમ્ર ભાવે બેસીને ઉત્તીર્ણ થયો હોય, એ શિષ્ય જ પાછળથી આચાર્ય બનેલો હોય છે; એટલા માટે અધિકારપરીક્ષા આચાર્યની નહિ પણ શિષ્યની થતી, અને અત્યારે પણ થવી જોઇએ.

અપરા વિદ્યાના સમૂહમાં આવતી સાંસારિક વિદ્યાઓ માટે આચાર્યભક્તિની જરૂરત મનાતી, તો પછી બ્રહ્મવિદ્યા જેવી પરા વિદ્યાની પ્રાપ્તિ માટે એને અમૂલ્ય મનાય એમાં આશ્ચર્ય શું છે ? ઉપનિષદ્‌નું શિક્ષણ સમાપ્ત કરીને કિશોર કે યુવાન ગૃહસ્થાશ્રમી થવા માટે માતાપિતા પાસે ઘેર પાછો ફરે છે. ત્યારે આચાર્ય એવો જ ઉપદેશ આપે છે. શિષ્યને અહીં અન્તેવાસી કહ્યો છે. આચાર્યના સામીપ્યમાં વસીને, એમના જીવનવ્યવહાર પ્રમાણે જીવન ઘડીને, એમના અનુભવને પગલે આગળ ચાલીને જેણે આચાર્યના અંતરમાં પોતાનું સ્થાન મેળવ્યું હોય, એવો વિદ્યાર્થી અન્તેવાસી કહેવાય છે. આચાર્યના પ્રત્યેક કર્મમાં એને નિષ્કામતા દેખાય, ગુરુભક્તિમાં અનન્ય શરણભાવનાં દર્શન થાય. દ્વંદ્વોમાં ચિત્તની સમતા સમજાય, અવિદ્યા અને અવધાનાં કાર્ય જેવા સંસારવ્યવહારના તમસ્‌નો એમની આત્મપ્રતિભાથી ક્ષણેક્ષણે કપૂરની પેઠે વિનાશ પામતો અનુભવાય, અને કેવલ બ્રહ્મસત્તાના

સ્વરૂપાનંદમાં રહીને લીલાવિહારરૂપે પ્રારબ્ધભોગની નિર્મોહી અવસ્થા ભોગવે. એવાં શ્રદ્ધાભક્તિ જેનાં હોય, એવો અભ્યાસરત શિષ્ય અન્તેવાસી કહેવાય છે. અને એવું ત્યારે જ બને કે જ્યારે આચાર્યકુલમાં અહોરાત નિવાસ કરીને વિદ્યાર્થી અભ્યાસ કરતો હોય. એના જીવન પર આચાર્યદૃષ્ટિની સતત ચોકી હોય, એના જીવનનું ઘડતર આચાર્યનાં વિદ્યાકૌશલ્યથી થતું હોય, અને એની સાથે શિષ્યને પણ આચાર્યના જીવનવ્યવહારમાં અલૌકિકતાનો પ્રકાશ દેખાતો હોય. આવી રીતે ઉભય પક્ષે ચિત્તની પ્રસન્નતા દ્વારા થયેલા સંબંધને લીધે આચાર્યની સમસ્ત વિદ્યા, આન્તરિક પ્રવાહોના ઓઘની પેઠે, મહાનદમાંથી નહેરના નીચાણમાં સ્વાભાવિક જલપ્રવાહ વહે તેમ, શિષ્યના અંતરમાં, મનમાં, પ્રાણમાં, બુદ્ધિમાં ઊતરતી. હંસરૂપ વિવેકવાહન અને અવિરત પ્રવાહરૂપે વહેતાં બ્રહ્મસ્વરૂપ આચાર્યનાં પ્રાણપુત્રી સરસ્વતી પોતાની બ્રહ્મવીણા અવિરત નાદે શિષ્યને સંભળાવ્યાં કરતાં. આવો હતો આચાર્ય અને શિષ્યનો, ગુરુ અને અન્તેવાસીનો લૌકિક–અલૌકિક દૈવી સંબંધ. એમાં અદલાબદલાની ગંધ નહોતી. સ્થૂલ સેવાવેતનની સંકીર્ણ દૃષ્ટિ નહોતી, "અર્થ સર્યો અને વૈદ્ય વૈરી" જેવી મતલબિયા સંબંધ રાખવાની વાણીઆગત નીતિ નહોતી. એ તો હતો સમસ્ત જીવનમાં પ્રકાશ પથરાય અને આત્મસાક્ષાત્કાર દ્વારા નિરંકુશ તૃપ્તિ થાય, ત્યાં સુધીનો આદર અને આભાર સાચવવાનો અનંત કાલ સુધીનો સંબંધ. એમાં હૃદયની મધુરતા હતી; બુદ્ધિની વિજ્ઞાનજ્યોત હતી; જીવનવૃક્ષની અલૌકિક સુવાસ હતી; ટૂંકમાં એ જ જીવન હતું; એ જ અમૃત હતું; એવી જ વેદાજ્ઞા હતી.

સ્નાતકને આચાર્ય ઉપદેશ આપતા અને સમજાવતા કે જેમ પૃથ્વી અને અન્ય લોકલોકાન્તરને સંધિ કરાવનાર સર્વવ્યાપી

આકાશ છે, અ અને ઉના સંધિથી જેમ ઓ થાય છે, માતા અને પિતાના વ્યવહારમાં પ્રજા સંધિસ્વરૂપ છે, શબ્દના ઉચ્ચારમાં ઉપલા અને નીચલા હોઠનાં પૂર્વ-ઉત્તર સ્વરૂપે સંધિસ્વરૂપ વાણીનો ઉદ્ભવ છે, તેવી જ રીતે અધ્યાત્મવિદ્યામાં—

आचार्यः पूर्वरूपम् । अन्तेवासी उत्तररूपम् ।
विद्या संधिः । प्रवचनम् संधानम् ॥

આચાર્ય પૂર્વરૂપ છે; અન્તેવાસી (સમીપવર્તી બનીને રહેતો શિક્ષાર્થી શિષ્ય) ઉત્તરરૂપ છે; એ બેને સાંધનાર-એક કરનાર વિદ્યા છે; (આચાર્યના મુખમાંથી નીકળતો સરસ્વતી-પ્રવાહ) પ્રવચન સન્ધાન છે.

ભાવાર્થ એ કે જે વિદ્યા આચાર્યમાં છે એ જ શિષ્યમાં ઉતરી આવે છે. એમ કહો કે પાણીના નળને ખુલ્લો મૂકીને નીચે મૂકેલા પાત્રમાં આપોઆપ જલધારા પડવા માંડે છે, એમાં જેમ એ ક્રિયા કરવી પડતી નથી, તેમ આચાર્યના ઉત્તર પ્રદેશ-માંથી શિષ્યના દક્ષિણ હૃદયમાં આચાર્યની સમગ્ર વિદ્યા, સંયમ, સેવા, શ્રદ્ધા અને ભક્તિદ્વારા આપોઆપ ઊતરી આવે છે.

આથી પણ આગળ વધીને ઋષિ વ્યવહારવિધિને સમજાવે કે કેઃ—

वेदमनूच्याचार्योऽन्तेवासिनमनुशास्ति ।
सत्यं वद । धर्मं चर । स्वाध्यायान् मा प्रमद ।

વેદનો અભ્યાસ પૂરો કરી જતા અન્તેવાસીને આચાર્ય અનુ-શાસન કરે છે કે, સત્ય બોલજે; ધર્માચરણ કરજે; સ્વાધ્યાય (ઇશ્વર-સ્મરણ તથા એના મૂલરૂપ વેદાધ્યયન)માં પ્રમાદ (ભૂલ) ન કરીશ.

આ છે આચાર્યનો વિદાય લેતા અન્તેવાસીને ઉપદેશ; ઉપદેશ નહિ પણ અનુશાસન; આજ્ઞા. એ આજ્ઞાનું પાલન કરવાનો શિષ્યનો શિરોધર્મ હતો. પ્રાણાન્તે પણ એનું પાલન થતું. વાણી સત્યથી શુદ્ધ રહેતી; આચરણ ધર્મથી પવિત્ર રહેતું, અને સ્વાધ્યાયથી સમસ્ત અંતઃકરણમાં જ્ઞાનભાસ્કરના વિશુદ્ધ પ્રકાશનાં અજવાળાં પથરાતાં. આચર્ય-શિષ્ય પરંપરા એટલે કે જાણે ઇશ્વર-જીવ પરમ્પરાના અંશાંશી સંબંધ જેવી માનવવંશની દિવ્ય સુધાવલ્લી.

અત્યારે એ ચિત્રદર્શન મનોગમ્ય કરતાં પણ હૃદયમાં ભક્તિ ઊભરાય છે; વર્ણનને અંતરમાં ઝીલતાં પણ જાણે એમના આશીર્વાદ મળતા હોય એવી તૃપ્તિ થાય છે. આગળ આવતાં વળી અનુશાસન થાય છે કે :–

देवपितृकार्याभ्याम् न प्रमदितव्यम् । मातृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव ।

બ્રહ્માંડમાં સ્થૂલચક્ષુને અદૃષ્ટ પણ બુદ્ધિપ્રદેશના તત્ત્વદર્શનમાં અનુભવગમ્ય એવા દેવદેવતાની સેવાના કાર્યમાં પ્રમાદ ન કરવો જોઇએ. એમના નિમિત્તે જે કૈં કરવાનું વિધાન હોય એમાં ભૂલ ન પડવી જોઇએ. દેવ અને પિતૃની વ્યાખ્યામાં વધારે સ્પષ્ટતા કરવા માટે કહે છે કે, માતાને તું દેવ સમાન ગણજે; પિતાને દેવ સમાન ગણજે; તેવીજ રીતે આચાર્યને પણ દેવ સમાન માનજે; ( એટલે કે માતાપિતા અને આચાર્યને તું ઇશ્વતુલ્ય માનીને એમને માટેનાં સેવાશુશ્રૂષાનાં કાર્ય હોય તે કરે એવો થા. ) અને આંગણે આવીને અકસ્માત ઊભો રહે એવા અભ્યાગત –અતિથિને પણ દેવ સમાન માનીને એમનો સત્કાર કરજે.

અત્યારે ?—ઇશ્વર, દેવ, ભગવાન્ કે પરમાત્માના નામમાત્રથી ભેંસ ભડકે એમ આધુનિક વિદ્યાર્થી ભડકીને અહંકારશૃંગથી

સલાહસૂચના આપનારને મારવા ઊઠે છે, ત્યાં એમના નિમિત્તાનાં કાર્ય કરવાની વાત જ ક્યાં રહી? અને પિતૃઓ એટલે પૂર્વજો —અહો! એ તો બધા અભણ. જંગલી હતા એવું માનવાની જ અત્યારના અધ્યાપકો પ્રેરણા કરતા હોય, આપણે ખૂબ જ સુધરી ગયેલા, ઉન્નતિને સાચી રીતે સમજનારા અને વિજ્ઞાનમાં પ્રગતિ સાધેલા છીએ એવી અહંમન્યતા પોષાતી હોય, ત્યાં પૂર્વજોની સેવાની તો વાત બાજુ ઉપર રહી, પણ ભણેલા ગ્રેજ્યુએટને માતાપિતાનાં નામ લેવામાં પણ શરમ આવે છે! દેવ-દેવતા, માતા કે પિતાનો જ્યાં નિરાદાર થતો હોય ત્યાં બિચારા અભ્યાગત અતિથિના સત્કારની તો વાત જ ક્યાં છેડવી? અને અત્યારે? આવા 'કંટ્રોલ'ના જમાનામાં? ક્યાંથી અનાજ લાવવું? રેશન કાર્ડ કઢાવવું પડે; અને "ઘરમાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો" આપવાની વાત કોઇને કહેવાય કેમ? રસ્તે ચાલતાં બજારમાં કોઇ ઓળખીતું મળી જાય, તો હોટેલમાં ચાનાસ્તો કરાવીને, કે "ક્યારે આવ્યા? ક્યારે જશો?" પૂછીને જ પતાવવાનું હોય ત્યાં અતિથિને દેવ માનવાની વાત કરવી? હરયે નમઃ!

અને શ્વેતાશ્વતર ઉપનિષદ્‌નો મંત્ર તો જ્યાં ત્યાં બધે પ્રમાણમાં વપરાય છે. ભ. શંકરાચાર્ય પોતે એનો ઉપનિષદ્-ભાષ્યમાં ઉપયોગ કરે છે અને વિદ્વાન મુખ્ય શિષ્ય શ્રી સુરેશ્વરાચાર્ય, દક્ષિણામૂર્તિસ્તોત્રના વાર્તિકના છેલ્લા પ્રકરણમાં તત્ત્વજ્ઞાનનો પ્રકાશ કોના અંતરમાં પડે એનો ઉલ્લેખ કરતાં એનું જ પ્રમાણ આપે છે. આ રહ્યો એ શ્લોક —

यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥

**અર્થ**:-જેનામાં જેવી ઇશ્વર માટે ભક્તિ હોય તેવી જ ભક્તિ ગુરુદેવમાં હોય, તે મહાત્માના અંતરમાં વેદના અર્થનો (જ્ઞાનના લક્ષ્યાર્થનો) પ્રકાશ પડે છે; અર્થાત્ એવા ભક્તિમય શિષ્યના અંતઃકરણમાં જ વેદવેદાન્તનાં રહસ્ય ખીલી નીકળે છે અને અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે.

અદ્વૈતજ્ઞાન માટેની ઉપાસનાના સાધનમાં દેવદેવતાની નિષ્કામ ઉપાસનાનો વિધિ છે ખરો, પણ આત્મજ્ઞાનના સર્વોત્તમ સાધન તરીકે તો બધે બ્રહ્મવિદ્‌ની ઉપાસનાને જ મહત્ત્વ અપાયું છે. જીવભાવ કે દેહાધ્યાસ જેમ પોતપોતાના મનની માન્યતા ઉપર આધાર રાખે છે; અને એ માન્યતાને ભ્રાન્તિ તરીકે ઓળખાવી છે, કારણ કે એ અજ્ઞાનમાંથી ઊભી થયેલી વિપરીત ભાવનાથી ભરેલી મિથ્યા દૃષ્ટિ છે. કહેવાનું તાત્પર્ય એ કે મિથ્યા હોવા છતાં જીવભાવ એક માન્યતા—ભાવના જ છે. અને ભાવનાનો નાશ ભાવનાથી જ થઇ શકે એ ન્યાયે જીવભાવનો નાશ કરવા માટે આત્મભાવ જાગ્રત કરીને સ્થાયી કરવાનો છે. બ્રહ્મ કોઇ ક્રિયાના ફલ સાથે સંબંધ ધરાવતું ફલ નથી. કારણ કે એ એક જ અદ્વિતીયરૂપે સદાસર્વથા જેવું ને તેવું જ છે, અને માયાવશાત્ એમાં અધ્યાસભ્રાન્તિને લીધે જીવભાવ ઊભો થયો છે, એટલે એ જ જીવાત્માએ અંતઃકરણમાં વિપરીત ભાવના ટાળવા માટે આત્મ (બ્રહ્મ) ભાવના ઊભી કરીને જીવભાવનાનો નાશ કરવાનો છે.

એ દૃષ્ટિએ જે જીવાત્મા વાસનાક્ષય, મનોનાશ અને તત્ત્વજ્ઞાન વડે બ્રહ્મભાવમાં સદોદિત રહે એ જ બ્રહ્મ છે એમ ઉપનિષદ્ કહે છે. એની દૃષ્ટિમાં સર્વત્ર બ્રહ્મદર્શન છે, અને જ્યાં સુધી એ શરીરી હોય ત્યાં સુધી બધી ત્રિપુટીની ભ્રાન્તિઓથી મુક્ત હોવાથી

જીવન્મુક્ત અને બ્રહ્મવિદ્ કહેવાય છે. અશરીરી બનતાં એ જ વિદેહમુક્ત, બ્રહ્મલીન, અથવા સાક્ષાત્ બ્રહ્મ કહેવાય છે.

આત્મા અને બ્રહ્મ માત્ર પર્યાયવાચક શબ્દો છે. આત્મવિદ્ એટલે જ બ્રહ્મવિદ્, અને બ્રહ્મવિદ્ એટલે જ બ્રહ્મ. આત્મજ્ઞાનનો જિજ્ઞાસુ બ્રહ્મવિદ્‌ના સાંનિધ્યમાં આવી, એમને બ્રહ્મસ્વરૂપ માનીને ધ્યેયમૂર્તિ બનાવે, અહોનિશ ચિત્તમાં ઉપાસના કરે, બ્રહ્મવિદ્-પ્રીત્યર્થે જીવન ગાળે, એમની સેવાશુશ્રૂષા કરીને બ્રહ્મવાર્તા સાંભળે, એમનાં શરીર, પ્રાણ, મન, બુદ્ધિ, વિજ્ઞાન, આનંદ વ. સાથે ભક્તિભર્યા હૃદયે અભેદ અનુભવે, એ છે આત્મજ્ઞાનના જિજ્ઞાસુ માટેની ઉપાસના.

લૌકિક વ્યવહારમાં શેઠની સેવા કે ભક્તિ જેમ શેઠની પ્રીતિ મેળવવા માટે હોય છે, તેવી જ રીતે બ્રહ્મવિદ્‌ની ઉપાસના બ્રહ્મપ્રાપ્તિ માટે હોય છે. લૌકિક દૃષ્ટિમાં તો શેઠની નહિ પણ શેઠના ધનવૈભવની કામના હોય છે, કારણ કે એમાં સાંસારિક ત્રિગુણાત્મક વ્યવહારનો સ્વાર્થ હોય છે, પરંતુ બ્રહ્મમાં તો સ્વગત, સજાતીય કે વિજાતીય ભેદ જેવું કશું છે જ નહિ. એ અભેદસ્વરૂપ છે, એટલે બ્રહ્મવિદ્, બ્રહ્મ વિના બીજું કશું આપે જ ક્યાંથી? બીજું કાંઇ હોય ત્યારે ને?

એટલા માટે ઉપરના શ્લોકમાં કહ્યું છે કે જેમ દ્વૈતવાદીઓ જેટલી ભક્તિથી ઈશ્વરની ભક્તિ કરે છે, એટલી જ ભક્તિથી આત્મજ્ઞાનના જિજ્ઞાસુએ ગુરુભક્તિ કરવી જોઈએ. કારણ જિજ્ઞાસુનું જ્ઞાતવ્ય બ્રહ્મ છે, અને શરીરધારી બ્રહ્મવિદ્ પ્રત્યક્ષ બ્રહ્મમૂર્તિ છે.

* * * *

પ્રાચીન આચાર્યોપાસના કે ગુરુભકિત માત્ર અત્યારે ઈશ્વર-પ્રીત્યર્થના સાધનમાર્ગમાં જ ઉપયોગી છે એવી માન્યતા થઈ ગઈ છે એનું કારણ એ છે કે વર્તમાન શિક્ષણપ્રણાલિકામાં કેવલ સાંસારિક લાભાલાભ, વેતનવ્યાપારપદ્ધતિ, તથા સ્વતંત્ર સ્વચ્છંદી માનસનું વાતાવરણ ભારોભાર પેસી ગયું છે. એના પ્રભાવને લીધે લૌકિક વિદ્યાવિભૂષિત અધ્યાપકો કે આચાર્યો, તેમ જ એમના શિક્ષણથી શિક્ષિત થયેલો વર્ગ આચાર્ય કે ગુરુભક્તિનો મહિમા તો ક્યાંથી જ જાણે, પણ એની કલ્પના કરવાને પણ સમર્થ નથી. એનાથી આગળ વધીને, એનો અણગમો ઊભો કરે છે. દ્વેષમૂલક વિરોધ કરીને વિદ્યાવ્યાસંગી યુવાનવર્ગમાં પંડિત-મન્યતાનો અહંકાર ઊભો કરી, પ્રાચીન સંસ્કૃતિના જ્ઞાનભાસ્કર ભણી ઘૂવડની પેઠે અંધ બની બેઠા છે.

ત્યારે આ ગુરુભકિત, એનો મહિમા અને એ ઉપાસના રહ્યાં કેવળ ધર્મ અને મોક્ષ વિશેના માર્ગમાં ડગલાં ભરતા, પરાવિદ્યાને સાધનપથે વિચારતા વિવેકી અને વિરક્ત ભક્ત, જિજ્ઞાસુ અથવા મુમુક્ષુઓને માટે.

અથવા વેદવેદાંગનો અભ્યાસ કરીને વેદધર્મશ્રદ્ધાળુ વર્ગને કર્મકાંડ કરાવનારા યજમાનવૃત્તિ કરનાર બ્રાહ્મણવર્ગ માટે, વૈદ્ય કે જ્યોતિષવિદ્યા ભણનાર માટે,—ટૂંકામાં સંસ્કૃત ભાષાના ગ્રન્થ-સમૂહનો અભ્યાસ કરનાર વર્ગનો એમાં સમાવેશ થાય છે.

ત્રીજો સાધારણ લોકસમૂહ, જે પામર કે વિષયી હોવા છતાં, ગતાનુગતિક ન્યાયે જપ, તપ, પાઠપૂજા, કે લગનમરણના પ્રસંગોમાં રચીપચી રહ્યો છે એમને ઉપયોગી થઇ પડે એવું કર્મકાંડ ભણનારો બ્રાહ્મણવર્ગ. તીર્થોમાં કરવાં પડતાં દાનપુણ્ય માટે બ્રાહ્મણો તથા

સંપ્રદાયચુસ્ત સન્તસાધુઓનો વર્ગ બહુ મોટો છે. કર્મકાંડ કરાવવામાં "ગોર મહારાજ," તીર્થોમાં "પંડા," નાતજાતમાં "બારોટ કે ભાટ" ભગવદ્ભક્તિ કે મંત્રની દીક્ષા માટે "ગુરુ-મહારાજ"—આવી આવી ઉપાધિઓમાં અટવાઈ પડેલો વર્ગ પણ પોતાને ગુરુભક્ત માને છે! અને શ્રદ્ધાને શિખરે બેસીને જાણે પ્રેમભક્તિથી ભગવાનને બોલાવતો હોય એવો આડંબર સેવે છે.

આવી છે આપણી વર્તમાન આચાર્યોપાસના અથવા ગુરુ-ભકિત, લૌકિક દૃષ્ટિમાં જ અટવાઇ પડેલી, સાંસારિક સ્વાર્થમાં જ રચીપચી રહેલી. જનસમૂહની રૂઢિ, રિવાજ કે રીતભાત તરીકે ઓળખાતી રહેણીકરણી પણ ભકિતમાં જ ગણાય છે, એમાં કશો મહત્ત્વનો લાભ તો નથી જ, પણ અંધશ્રદ્ધાને લીધે લાભના કરતાં હાનિ વિશેષ છે. અનુભવી અખો કંટાળીને પણ એ વિષે છપ્પામાં કેટલુંએ અણગમતું-અળખામણું લાગે એવું વર્ણન આપે છે. આજથી ત્રણસો વર્ષ પહેલાંનો કાળ અત્યારના કરતાં તો ખરેખર, વધારે વિવેકી, ધર્મપરાયણ અને દંભરહિત હોવો જોઈએ. તે વખતે પણ સત્ય અને તત્ત્વપ્રિય અખાજીને કડવા ચાબકા મારવા પડયા છે. નાનક, કબીર જેવા સન્તો પણ લોકસમૂહના દંભને ઉઘાડો પાડવામાં પાછા નથી પડયા. તો પછી અત્યારે ત્યાર પછીનાં બસો વર્ષના અંગ્રેજી અમલ પછી કેવી સ્થિતિ હશે એનું અનુમાન તો કરી જુઓ! એક બાજુ ભયંકર નાસ્તિક તથા વિષયી વર્ગ અને સામી બાજુ પોતાને આસ્તિક તરીકે ઓળખાવતો જડ, અંધ અને વિવેકહીન ધર્મ-ઘેલો વર્ગ.

આ ઉભય પક્ષની વચ્ચે ભારતવર્ષની વેદવેદાન્તકાળની સંસ્કૃતિ ઊભી છે; એક દ્વેષથી એનું સ્મરણ છોડતો નથી. બીજો

વેતરેલો, કાપુરુષવર્ગ એના પ્રતિ પ્રેમભક્તિનાં ટાયલાં બોલી બોલીને રીઝવવાનો પ્રયત્ન કરે છે.

એ બન્નેની વચ્ચે એક નવો વિવેકી વર્ગ ઊભો થાય તો ભારતની પ્રજાને સંસ્કૃતિની સાચી દિશા સાંપડે. એના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય એટલે ઉપાસના કરીને એ આદ્ય સરસ્વતીની દિવ્ય વીણાનું ગાન સાંભળવાના અધિકારી બને! ૐ

* * *

આ વર્ષની જેઠ વદિ ૯ ને સોમવારે આ લેખ લખું છું; વાચકોના હાથમાં આવશે ત્યારે આષાઢી ગુરુપૂર્ણિમાને ખાસ્સા દસ દિવસ વીતી ગયા હશે. હું તો એ દિનની મહત્તાને, ગુરુદેવનાં સંસ્મરણો તાજાં કરી કરીને, ભક્તિના અંશમાત્રના અનુભવથી રીઝી રીઝીને લખું છું. ઉપરનું પુરોવિચાર રૂપે લખાયેલું છે.

ગુરુદેવ! બ્રહ્મનો મહિમા તો બ્રહ્મ જ ગાઈ શકે! પરિચ્છિન્ન અહંભાવ રાખીને વિચારવા લખવા જાઉં, ત્યાં બુદ્ધિ શાસ્ત્રસિદ્ધ ભક્તિની મીમાંસામાં ઊતરવા માંડે છે; હૃદય ભાવસરોવરમાં અવગાહન કરવા ઊતરે ત્યાં કંપ, રુદન, અશ્રુ વગેરેના સાત્ત્વિક વેગથી વાણી ગદ્‌ગદ્ બને છે; હાથ શિથિલ બનતાં કલમ સરી પડે છે! અને ૐ શાન્તિ!

હૃદય! હેઠું બેસ! પ્રાણ! શાન્ત થાઓ! વિજ્ઞાન! બલવત્તર બનો! પૂર્વસ્મૃતિ જાગે છે: ગુરુમહિમા તો હું ઇ. સ. ૧૯૨૧ પછી સમજી શક્યો; એ કૃપાવર્ષાનાં અમૃત પણ ત્યારથી કૈંક જીરવી શક્યો છું એમ લાગે છે. તે પહેલાંયે ઈશ્વરની, સન્તોની, દીક્ષા-ગુરુઓની દયા હતી; માતાપિતાનું વાત્સલ્ય હતું, સ્નેહીસંબંધી-

એનો સદ્ભાવ હતો. એણે સ્થૂલ-સૂક્ષ્મને પાળ્યાંપોષ્યાં, અને ખને એટલાં સુધાર્યાં વધાર્યાં.

સમજણ આવી ત્યારે મુખ્ય પુરુષાર્થનું ભાન થયું. ગુરુદેવ! આપ તો પ્રત્યક્ષ બ્રહ્મ છો. શાન્તિપાઠમાં ભણ્યો છું કેઃ—

त्वमेव प्रत्यक्षं ब्रह्मासि। त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि। ऋतं वदिष्यामि। सत्यं वदिष्यामि।

"આપ જ પ્રત્યક્ષ બ્રહ્મ છો! આપને જ હું પ્રત્યક્ષ બ્રહ્મ કહીશ; હું (યથાશાસ્ત્ર ભાષણ) ઋત બોલીશ; હું સત્ય બોલીશ."

અને બ્રહ્મ જો સર્વવ્યાપક હોય, તો જે શરીરના આંતરિક બ્રહ્માકાર વૃત્તિવડે નીકળતા બ્રહ્મઘોષ મારાં શ્રોત્રચક્ષુને વીંધીને હૃદયમાં પ્રવેશ કરે છે; બ્રહ્મવિદ્‌ના तत्त्वमसि=તે (બ્રહ્મ) તું છે એવી ગર્જના મારા હૃદયમંદિરમાં ઊતરીને પ્રતિધ્વનિરૂપે अहं ब्रह्मास्मि=હું બ્રહ્મ છું, એમ બોલાવે છે; તો પછી એ વિના પ્રત્યક્ષ બ્રહ્મ બીજું કોણ હોઇ શકે? દેવદેવતા તો સૂક્ષ્મ અને અદષ્ટ હોવાથી સૂક્ષ્મપ્રત્યક્ષ થઇને કાંઇ કહે, કરે કે ઉપદેશ આપે પણ એ બધું તો મારા અંતઃકરણમાં ઊભી થતી પ્રાતિભાસિક સત્તાનો જ પડઘો ને? અને આપ તો માનવદેહધારી, એટલે જે યથાશાસ્ત્ર, યથાનુભવ અને યથાતર્ક હોય એ જ સંભળાવો ને! એમાં મારી જીવભાવની મનોદશા નકામી. હું વિચારું, કહું કે કરું એ બધું માયાના પ્રદેશનું, એટલે બધું અધ્યાસમૂલક! બધું ભ્રાન્તિજન્ય! એથી જ ઋષિદેવ પ્રતિજ્ઞા કરાવે છે કે—તમે જ પ્રત્યક્ષ બ્રહ્મ છો; તમે ઋતભંડાર છે; તમે સત્યસ્વરૂપ છો. બ્રહ્મની સામે અબ્રહ્મ ટકી જ કેવી રીતે શકે? ઋતની સામે અનૃત ક્યાં સુધી નભી શકે? સત્યની વિરુદ્ધ અસત્ય ક્યાં

સુધી ઊભું રહી શકે? કારણ કે એ બન્નેનો તો પ્રકાશ અને અંધકાર જેવો વિરોધ છે; અન્તેવાસી—શિષ્ય તરીકે આપ બ્રહ્મસ્વરૂપની સંનિધિમાં નિવાસ કરવો હોય તો મારા ક્ષુદ્ર, દેહભાવવાળા અંધકારમય અહંકારનો નાશ થવો જ જોઇએ. "હું" અજ્ઞાન-સ્વરૂપ છું; એવા હુંનું વાસ્તવિક અસ્તિત્વ જ નથી: "હું" નથી-પણ "તું જ" છે એ બ્રહ્મવાક્ય છે. "તું" બ્રહ્મસ્વરૂપે હોય તો "હું" પણ બ્રહ્મસ્વરૂપ છે, એટલે હું-તુંના ભેદ જતાં सर्वं खलु इदम् ब्रह्म=આ (इदम्) ખરેખર બધું બ્રહ્મ છે; અને હું, તે, આ, બધું બ્રહ્મ જ છે, તો એ વિના જે જે મારી કલ્પનામાં આવે એ બધું અસત્, અનૃત અને અબ્રહ્મ.

એટલે ખરે જ આપની પાસે હું જે કાંઇ બોલું, કરું, વિચારું એ બધું સત્યપ્રેરિત જ હોય એવી સાવધાનવૃત્તિ મારે રાખવી જોઇએ.

ગુરુદેવ! આપે સદ્‌બુદ્ધિ આપી અને સન્માર્ગ સૂઝયો; આપે હૃદય આપ્યું અને સદ્‌ભાવ ઊઘડયો; આપે પ્રાણ પોષ્યા અને પ્રેરણા જાગી! એવા આપને મેળવતાં શી શી વેદના વેઠવી પડી હશે!

અસંખ્ય જન્મોના અંધારિયા, મેશના ઘનઘોર દેહભવનમાં હું પૂરાયેલો હતો. અસંખ્ય વીંછીની વેદના જેવા વિષયોના ડંખની પીડાથી રીબાતો, એવા તોફાને ચડયો હતો કે મારી આસપાસનાં, મોહમાયાનાં લટકાં દેખાડનારાં, સાંસારિક સંબંધોને સાચા કહેનારાંનાં બંધનો તોડવા જતાં કોણ જીવે કે કોણ મરે, કોણ શું કહે કે કોણ શું કરે એની લેશમાત્ર પરવા વિના હું અંધકારમાંથી છૂટી નીકળીને આપના શાન્ત શરણમાં આવવા મથતો હતો.

એ વેદના, એ આક્રંદ, એ સંસારસંહારક યુદ્ધક્ષેત્ર, એ બધું યાદ કરતાં પણ અત્યારે હૃદય કમકમી ઊઠે છે. મેશના ભંડારમાંથી મેં બહાર ડોકિયું કર્યું અને આપનો પ્રકાશ દેખાયો; આસુરી શત્રુઓનાં આક્રમણ બંધ પડયાં; આપ અને આપના અંશો જેવા દેવદેવતાઓની સહાયતા મળી; સન્તસાધુઓ પ્રસન્ન થયા, આપની દયા હતી, કરુણા હતી, કૃપા હતી, એ બધાંએ વાત્સલ્યનું સ્વરૂપ લીધું અને કામધેનુના વત્સ જેવો બનાવીને આપે નિષ્કામ અમૃતદુગ્ધ મને પાયું.

પ્રભો ! પ્રત્યક્ષ બ્રહ્મમૂર્તિ ! આપની શરીરી લીલામાં શરૂ શરૂમાં હું માનવકર્મોનો આભાસ જોતો; હું માનવ અને મનના ખેલમાં જ રમું-જીવું, "હુંપણું," "મારાપણું," "મનસ્વીપણું" એ જ માનવીના ધર્મ ગણાતા અધર્મ ! આપને માનવી સમજીને મીમાંસા કરવામાં સમય બગાડચો. બાલયૌવન વીત્યાં; પણ આપની કૃપાદૃષ્ટિએ મારાં તોફાનને વધાવી લીધાં, અવગણ્યાં, માફ કર્યાં; કઠોરતા આપે દાખવી છે, નિરાદર પણ કરી ચૂકયા છે,। 'જાકારો' આપી દૂર દૂર ધકેલ્યો છે. ઘણીવાર મને એકલાપણું સાલતું. મારું કોઈ નહિ ?! સાંસારિક સંબંધો તૂટચા; આપે અસંગપણું દાખવ્યું—હું રહ્યો એકલો, નિરાધાર, અસહાય !—હાય, એ ત્રાસ !

પણ એનો તથ્યાર્થ હવે સમજાય છે; આપે તરછોડચો અને મારી તિતિક્ષા વધી; આપે અસહાય કર્યો અને હું સ્વાશ્રયી બન્યો; આપે ઉગ્રતા દાખવી અને મારાં કામક્રોધ ભસ્મીભૂત થયાં; આપે સંબંધ તોડચા તોડાવ્યા અને હું બંધમુક્ત થયો !

શી લીલા વર્ણવું ? એકબે પ્રસંગ લખી નાંખીને હૈયાભાર ઠાલવું.

ઈ. સ. ૧૯૧૩-૧૪ની સાલ હશે. રામમઢમાં હું રહેવા માંડચો ત્યારે છત્રછાયા આપવા વારંવાર આવીને બબ્બે ત્રણત્રણ મહિના આપે ત્યાં રહેવા માંડયું. ઉનાળાના અને વરસાદના દિવસો હતા. ભિક્ષા માગી લાવવાની આપે આજ્ઞા કરી; સવારમાં ચાર-પાંચ વાગે ઊઠીને દૂર દૂરનાં નાનાં નાનાં ગરીબ વસ્તીનાં શ્રદ્ધાળુ જનતાથી ભરેલાં ગામડાંમાં હું ઝોળી ફેરવવા જાઉં. દસ બાર માઇલનું ઊંચાં નીચાં ચડાણ-ઊતરાણનું ચક્કર લગાવીને દસેક વાગે પાછો આવું. આપની પાસે શિષ્યવર્ગ આવે; બધાંય માટે રસોઇ બનાવું; બધાંય જમી પરવારે; રહ્યુંસહ્યું મને મળે. ત્યાર પછી આવશ્યક કામ હોય તો ત્યાંથી પૂરા સાડાચાર માઇલને છેટે આવેલા તાર-ટપાલવાળા ગામ ટેહરીએ જવાનું હોય. ટપાલ બંધ થતી હોય ત્રણ વાગે; આપ ટપાલમાં કાગળ નાખવા માટે આપો બે વાગે. દોડતો, ધોમ તડકામાં, વગર છત્રીએ, માથે કપડું વીંટીને એક જ કલાકમાં ત્યાં પહોંચીને જલદી પાછો આવું. પાછું રાતનું રસોડું માથે હોય!

ચોમાસાનાં પાણીથી તરબોળ બનેલી ડાંગરની ક્યારીઓ, જંગલી વનસ્પતિ, એવું એવું સૃષ્ટિસૌંદર્ય ગમે, પણ મેલેરિયા લાગુ પડચો; હું પથારીવશ પડચો.

આપ દવાથી વિરુદ્ધ! પ્રાકૃતિક ઉપાયોના આપ હિમાયતી જ નહિ પણ જાણે હઠાગ્રહી. અપવાસ શરૂ થયા, ઊલટીની સીમા નહિ; કડકડતી ટાઢથી તાવ શરૂ થયો. ઓઢવાપાથરવાનાં વસ્ત્રો ગણ્યાં ગાંઠયાં.

આપ આપના સ્વાધ્યાયમાં નિમગ્ન; હું મારા દેહમાં જ્વરગ્રસ્ત. પંદરેક દિવસ સખ્ત માંદગી રહી. મારી દેહસેવાનાં

બધાંય કામ હું જાતે કરી લઉં! ઘસડાતો, રીબાતો, એઠાં એઠાં થાય તે કામ કરી લઉં!

મારી મનોદશા? પુષ્કળ શંકાસ્પદ અને અવિચારી બની!

સંસાર અને સંસારના સારામાઠા, કડવામીઠા સંબંધો છોડયા; શરીરને ફૂલની જેમ સાચવે તેવાં લોહીનાં સંબંધીઓ ત્યાગ્યાં; અને મારે અહીં રસોઇ કરવાની, પાણી ભરવાનું, ગંગાનદી, (સાઠેક ફૂટ ચડીએ-ઊતરીએ ત્યારે ગંગાજલ ભરીને લાવી શકાય એવું હતું) જંગલમાંથી કાપી વીણીને લાકડાં લાવવાનાં, ભિક્ષા માગી આવવાની, બધી સેવાઓ કરવાની, અને માંદગીને વખતે મારા તરફ દૃષ્ટિ પણ નહિ!

શી કઠોરતા! શાસ્ત્રોપદેશની અત્યારે શી જરૂર? તિતિક્ષાની આજ્ઞાઓ એ વખતે કેટલી હદે કામ લાગે? પ્રભો! આપ ખૂબ જ ક્રૂર, કઠોર લાગેલા, તે વખતની દશા ઉપર તિરસ્કાર પણ આવતો; અયોગ્ય, અવિવેકી વાણી પણ નીકળતી; દુઃખ લાગતું.

એ દિવસો ગયા! અત્યારે એનો મર્મ સમજાય છે. તિતિક્ષા તો જ્યારે દ્વંદ્વ સતાવે ત્યારે જ કેળવાય; વ્યાધિ સતાવે ત્યારે જ ધૃતિની દૃઢતા થાય; અગવડો પડે ત્યારે જ સંબંધત્યાગ શીખી શકાય, નિરાશા આવે ત્યારે જ 'જિજ્ઞાસુપણા'નું ભાન થાય, ઘૃણા, દ્વેષ, દુઃખ, એવું બધું આપત્તિને સમયે જ દૂર કરી શકાય; અને કામક્રોધના હુમલાને તો ત્યારે જ મારી શકાય, એ બધું અત્યારે સમજું છું. આપની એ મહાન દયા હતી એમ કાનની બૂટ પકડી કબૂલ કરું છું.

એ કઠોરતા નહોતી પણ કરુણા હતી. ક્રૂરતા નહિ પણ

કૃપા હતી. મારાં તન–મન ઉપર શસ્ત્રક્રિયા ચાલતી હતી. એ દુઃખ સહન કરવા હું એ વખતે અશક્ત હતો; એવી શસ્ત્રક્રિયા પછી જ નીરોગિતા મળવાની હતી. એ આપ, મારા ભવરોગના નિદાન-ચિકિત્સક શસ્ત્રવૈદ્ય તો જાણતા જ હતા; આપે શસ્ત્રક્રિયા કરી નાંખી! હું તે વખતે રીબાયો, અત્યારે નીરોગી છું, નિરામય છું, એ બધું હે બ્રહ્મસ્વરૂપ! આપની દેખાતી અકરુણતામાં ગુપ્ત ભરેલો કરુણાનો જ ભંડાર હતો.

* * *

બીજો પ્રસંગ ઇ. સ. ૧૯૧૯નો. પ. સ્વા. રામતીર્થનાં લેખ–વ્યાખ્યાનો અંગ્રેજી, ઉર્દૂ અને હિન્દીમાં અહીંતહીં ભારતવર્ષમાં છૂટાંછવાયાં છપાતાં હતાં. એમાં વધારાઘટાડા થતા, વેપારીઓ મનમાની કમાણી કરતા, અને મૌલિકતાની પ્રમાણપુરઃસર આવૃત્તિઓ ભાગ્યે જ જોવામાં આવતી.

બધું વ્યવસ્થિત કરવા માટે આપે "શ્રી રામતીર્થ પબ્લીકેશન લીગ" (પ્રકાશન મંદિર) જેવી લખનઉમાં સંસ્થા સ્થાપી; લેખાધિકાર સુરક્ષિત કર્યા; વિરોધીઓએ કોર્ટ કચેરીઓ શોધી. એ બધાંમાંથી વિજયી બનીને એક જ સંસ્થામાંથી એ બધું વ્યવસ્થિત રીતે છપાય અને લોકસમૂહને લાભ મળે, સસ્તી કીમતે વેચાય એ માટે સભ્યો દ્વારા ફાળો કરીને સંસ્થા સ્થાપી મને મંત્રીપદે મૂકયો. અને કાર્યભાર મારે માથે નાંખ્યો.

કાગળ ખરીદવા, છાપખાનામાં પુસ્તકો છપાવવાં, અનુવાદો તૈયાર કરાવવા, વેચાણવિભાગ સંભાળવો, હાથે રસોઇ કરીને જમવું, વચમાં કોઈને ત્યાં વહેલું મોડું રુખુંસૂકું ખાઇ લેવું. ઉપરાંત સનાતનધર્મસભામાં દર શનિ-રવિએ સવારે ગીતાનો

સ્વાધ્યાય કરવો-કરાવવો, અવધ સેવાસમાજના બસો અઢીસો સ્વયંસેવકોના દળના નિયામક બનીને અવધપ્રાન્તમાં જ્યાં જ્યાં મેળા ભરાય ત્યાં વ્યવસ્થા સાચવવી, રોગચાળામાં સ્વયંસેવકોને સાથે લઇને પગપાળા ગામડામાં દવાઓ વહેંચવી, અરે એવું એવું બધું જાહેર સેવાનું કેટલુંયે કામ કરવાનું હતું. વખત થોડો મળે, સ્નાન-ખાન-પાનમાં નિયમિતતા ભાગ્યે જ સચવાય. એ બધું કરાતું ખરું, પણ એક વિચાર અંદર રહ્યો રહ્યો સંન્યાસઆશ્રમનું અભિમાન ઊભું કરતો હતો; આ બધાં સેવાનાં કાર્યો તો સંન્યાસ લીધા વિના ગૃહસ્થાશ્રમી તરીકે પણ થઇ શકે, ત્યારે મારા ચતુર્થાશ્રમના સ્વીકારનો અર્થ શો ? શ્રવણ, મનન, નિદિધ્યાસનમાં વખત ગાળવો, એકાન્તમાં રહેવું, જનસંસર્ગ ન રાખવો, -આવી આવી બાહ્ય ત્યાગની નાનાંમોટાં કર્મના ભેદાભેદની, લોકનિન્દાના ભયની, જૂનવાણી સાધુઓના ટીકામહેણાંની મારા ઉપર બહુ અસર થતી. ભ. શંકરાચાર્યના શિવમાનસપૂજાસ્તોત્રમાં એક મહાવાક્ય આવે છે:-

**यद्यद्कर्म करोमि तत् तदखिलं शंभो तवाराधनम्**

હે કલ્યાણમય પ્રભો ! જે જે કર્મ કરું છું, તે બધાં તારી જ (તારાં સ્વરૂપોની જ) પૂજા છે.

આ સ્તોત્ર ભણ્યો હતો નાનપણમાં, પણ જીવનમાં ઉતારવાના આ પ્રસંગો સાંપડતા ત્યારે ચોરની પેઠે એ વાક્ય ક્યાંનું ક્યાંય અંતરની ગુહામાં સંતાઈ જતું. યાદ ન આવે, અને કર્મમાં ભેદબુદ્ધિ ઊભી કરાવી સંન્યાસ આશ્રમનું અભિમાન વધારે.

હું સંન્યાસી ! હું કથાવાર્તાવ્યાખ્યાનનો વ્યવસાય કરું; હું માનપાનને યોગ્ય; લોકસમૂહની સાથે ભળીને બીજા આશ્રમમાં થઇ શકે એવાં કર્મ શા માટે કરું ? આવી આવી યુક્તિઓ હું કર્યા કરતો.

એકવાર સ્વા. ત્રિવિક્રમતીર્થ શંકરાચાર્ય બનીને લખનઉમાં આવ્યા હતા; એમના શિષ્ય સ્વા. ભારતીકૃષ્ણતીર્થ પણ વ્યાખ્યાન-પ્રચાર માટે આવ્યા હતા. એમની પધરામણી, સામૈયાં, એમનાં પૂજાસત્કાર, ભેટ વગેરે જોતાં મને દ્વિધાભાવ ઉપજતા.

ઘડીમાં એમ થાય કે સંન્યાસ આશ્રમનો તો એ જ મહિમા છે ! ઘડીમાં પાછા એમના રાગરંગ, વૈભવ અને માનપાન જોઉં, ત્યારે અંદરથી 'મોટાઇ' વધી જવાનો ભય પણ લાગે. આવા ગમા–અણગમાના ભાવમાં હું હીંચકતો હતો.

ગુરુદેવ ! આપની સાથે એ વિષે વાદવિવાદો થતા, આપ અનુભવની વાતો કરતા, હું શાસ્ત્રપંડિત બનીને તર્ક કરતો. આપ તત્ત્વવિદ્ બનીને સમજાવતા, હું સંન્યાસી બનીને દલીલો કરતો; જ્ઞાની પરમહંસ એટલે ચારે આશ્રમથી પર એમ આપ કહેતા; આશ્રમ પણ એક ઉપાધિ છે, બંધન છે, પ્રવાહપતિત ન્યાયે જીવવામાં વિઘ્નકર છે, અહંકારનો પોષક છે, કર્મકાંડનો જ એ અવશેષ છે, એમ કહીને કહેતા કે આપણે જ્ઞાની કે સંન્યાસી જ નહિ, પણ જ્ઞાનસ્વરૂપ, તત્ત્વસ્વરૂપ બનીને જીવવું છે. આ બધાં શુભ સેવાકાર્ય પ્રવાહપતિત ન્યાયે આવી મળ્યાં છે, એમાં તન–મન કસાય–ઘસાય તો શુદ્ધ થાય, આત્મનિષ્ઠા તો હર ક્ષણે અંતરથી જાગ્રત રાખી શકાય—એવું એવું તત્ત્વવિદ્‌ની દૃષ્ટિથી આપ ખૂબ જ સમજાવતા.

હું હૃષીકેશમાં એકાન્તસેવન કરતો હતો; એકવાર લખનઉથી આપ ત્યાં આવ્યા ત્યારે મને બાહ્યપ્રદેશમાં આવીને યથાજ્ઞાન શુભ સેવાકાર્યમાં જોડાવાનું કહ્યું હતું. આપનાં સેવાકાર્યનો બોજો એક શરીર માટે અસહ્ય હતો એમ કહીને મને લખનઉ જવાની આજ્ઞા કરી હતી.

મેં આજ્ઞા માનતાં પહેલાં દલીલ કરી હતી કે મને એકાન્તસેવન અને સ્વાધ્યાય કરવા દો. સંન્યાસીએ તો આત્મ-ચિંત્વનમાં જ કાલ વ્યતીત કરવો જોઈએ.

આપે કહ્યું: "માણસ આખો દિવસ ખાધા જ કરે, તો એને અજીર્ણ—અપચો થાય, અને શકિતશાલી ખોરાકના અતિરેકથી મંદવાડ ભોગવીને રોગી બને, એવું જ અનુભવ વિષેનું છે; સંન્યાસીઓ આત્મચિંત્વનનો અને સ્વાધ્યાયનો અર્થ પુસ્તક-પઠન—પાઠન કરે છે એ ખોટો છે. રાતદહાડો અક્ષરજ્ઞાન મેળવીને વધાર્યા કરવું, ભણીગણીને પંડિત થવું, બીજાને ભણાવીને પંડિત બનાવવા, બધા સંસ્કૃત ગ્રન્થોને પ્રમાણભૂત માનીને એનાં અવતરણો આપીને પક્ષબંધીની ચર્ચાઓ કરવી, એ તો વેદાધ્યયન કે શાસ્ત્રઅભ્યાસ છે. આત્મચિંત્વન નથી.

આત્મચિંત્વન વિજ્ઞાનમયકોષનું કાર્ય છે; શુદ્ધ વિવેકબુદ્ધિમાં પ્રજ્ઞાનો ઉદય થાય ત્યારે સમસ્ત શુભવ્યવહારમાં ધર્મસમુદ્ધરણ કે લોકઅભ્યુદયના કાર્યમાં શરીર વ્યસ્ત રહેવા છતાં, અકર્તા—અભોક્તા ભાવ રહે, એ છે આત્મચિંત્વન અને આત્મદૃષ્ટિ.

બાકી એકાન્તમાં બેસીને ચોવીસે કલાક જેઓ અદ્વૈત, આત્મા, બ્રહ્મ, અધ્યાસ, માયા, અવિદ્યા, અજ્ઞાન, ભ્રાન્તિ, જીવન્મુક્તિ, સાતભૂમિકા વગેરે ગોખી ગોખીને મસ્તિષ્કમાં ભરે છે, એમને બુદ્ધિનું અજીર્ણ થાય છે. વિવેકહાનિનો રોગ પેસે છે. અને એ મિથ્યાડંબરના રોગમાંથી પરમાત્મસ્વરૂપ વિશ્વનો, જગતનો, શુદ્ધ વ્યવહારનો, કે લોકહિતનો તિરસ્કાર ઊભો થાય એને વૈરાગ્ય અને ત્યાગનું નામ આપવાનો એવા કહેવાતા નિવૃત્તિ-માર્ગીઓને રોગ લાગુ પડ્યો છે.

"હું શરીર નથી અને આત્મા છું" એટલું યાદ રાખવા માટે એકાન્તમાં કેટલાં વર્ષો પડયા રહેવું છે? ઠોઠ નિશાળિયાની પેઠે પચાસ વર્ષે પણ ઉત્તીર્ણ ન થાય એવા આ બધા અહંમન્ય જીવન્મુકતોની દશા છે. બધા પોતે, પોતાની મેળે પોતાને જીવન્મુકત માનીને એ ઉપાધિમાં બંધાઇ બેઠા છે. એમનો અહંકાર તામસિક છે. બુદ્ધિ વિવેકહીન છે, પ્રજ્ઞા બંધ છે અને કીર્તિ, દેહપોષણ તથા પંડિતાઇની વાસનાથી મન મેલું ઘણુ બનેલું છે. ગરમી હોય ત્યારે પંજાબ, કાશ્મીર, હિમાલય કે આબુ ઉપર જવાનું. શરદી પડે ત્યારે સમશીતોષ્ણ પ્રદેશમાં જવાનું, ફલફલાદિ ખાવાં હોય ત્યારે કાશ્મીર કે પંજાબમાં, અમુક ખાનપાનની ઈચ્છા થાય ત્યારે અમુક દેશમાં ભટકવાની સગવડિયા ટેવો એમને પડી ગઇ છે. એ જ બતાવે છે કે એમનાં મન વિજ્ઞાનમય કે આનંદમય કોશમાં રમીને ઊર્ધ્વગામી નથી બન્યાં, પણ અન્નમય અને પ્રાણમય કોષમાં ક્ષુધાતૃષા, દેહપોષણ અને રક્ષણની ચિંતામાં જ અટવાઇ પડ્યાં છે.

આ તો ભારતવર્ષની રોગી મનોદશા છે. એક વિવેકાનંદ, એક દયાનદ, એક રામતીર્થ—અસંખ્ય જનસમૂહમાં પ્રાણ પૂરી ગયા, દેશના નૈતિક વાતાવરણનું પુનરુત્થાન કર્યું; આ બધા શું કરવાના હતા? સંન્યાસીનું શરીર એટલે તો જીવતું મુડદું. એને અન્નવસ્ત્ર જોઈએ, એનાથી ઉદરનિર્વાહ વિના બીજું કામકાજ થાય નહિ—આ છે એમની પ્રજ્ઞામાંદગી।

તું ચાલ; લખનઉ આવ; નિષ્કામકર્મના ઢગલા પડયા છે, અનેક ક્ષેત્રો વણવિકસ્યાં પડયાં છે. જે વાંચ્યુંવિચાર્યું છે એ બધું આત્મદષ્ટિએ અનુભવવાનું એ જ બ્રહ્મક્ષેત્ર છે. અહીં પડયાં પડયાં તો અતિવાચનનું અજીર્ણ થઇ જશે."

આવું આવું એ સમજાવે; સંન્યાસીપણાનું અભિમાન ઉતરાવે, આત્મવિકાસ દ્વારા આત્માની વ્યાપકતા અનુભવવા માટે ઉપદેશ આપે, અને વારંવાર—

यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद् विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥

ઈશ. ઉ. ૭

જેને બધાં ભૂત (પ્રાણી અથવા બધાં તત્ત્વ) માત્ર આત્મ-સ્વરૂપે જ થયાં એમ એક રૂપ જાણનારા વિદ્વાનને કયાં મોહ રહ્યો કે કયાં શોક?

આ ઇશાવાસ્ય મંત્રને સંભળાવ્યા કરે. શોકમોહને દૂર કરવાનો હું-તું તો અભેદ જાણવો-અનુભવવો હોય તો ધર્મ-સમુધ્ધરણનો સત્પથ સ્વીકારવો જોઈએ.

આવું મને તે વખતે નહોતું રુચતું. યાદ કર્યા કરું, અંતરમાં વિચાર પણ કરું, સતત મનન પણ ચાલતું હોય, પણ અનુભવ કરવામાં, નિદિધ્યાસન કરવામાં વિપરીત ભાવના આડે આવે, અને એમને એ જરાયે ન ગમે. એકાદવાર અણગમાની સીમા ઓળગીને કંઈક કટુ વચન પણ કહ્યાં હતાં. એમનું મન થોડું ઊંચું થયું હતું. હું પણ વિષાદ ભોગવતો હતો.

એકવાર હરદ્વાર કનખલનાં પંજાબી અન્નક્ષેત્રના કામકાજને લીધે એ ત્યાં ગયા હતા. કનખલમાં દૂર પંજાબી ક્ષેત્રના એક મકાનમાં આસન હતું. પાછળથી લખનઉમાં પ્રકાશન સંસ્થાના કામ માટે મારે ત્યાં જવું પડયું. સવારે ત્યાં પહોંચ્યો. દસબાર દિવસથી શરીરમાં ઝીણો તાવ આવતો હતો, એની દરકાર કર્યા

વિના જરૂરી કામકાજને લીધે મારે જવું પડયું હતું. વહેલી સવારે છ સાડાછ વાગ્યે ત્યાં પહોંચ્યો. એમની સ્નાન માટે જવાની તૈયારી હતી. ગંગાજીની નજીક પડતી નહેરમાં સ્નાન માટે ગયા. છતે તાવે મેં સ્નાન કર્યું. તાવની વાત છાની રાખી. મારાં અને એમનાં વસ્ત્રો ધોઇને પાછળથી હું આવ્યો, અને વસ્ત્ર સૂકવીને થોડી વાતચીતના ખુલાસા મેળવી ઉજાગરો, તાવનું કળતર, તથા થાક ઉતારવા હું આસન ઉપર સૂઈ ગયો. સૂવાની તૈયારી કરતી વખતે એમના પૂછવાથી તાવની વાત કરી હતી. તાવ વધારે નહોતો પણ ખાવાની રુચિ નથી એમ કહી હું સૂઇ ગયો.

ભ. ગીતા ઉપર હિન્દીમાં તે વખતે તેઓ ટીકા લખતા હતા. થોડીવારે એમની ભિક્ષા ત્યાં આવી. ઇ. સ. ૧૯૦૪માં ઇંગ્લંડની સફરમાંથી પાછા આવ્યા ત્યારથી ખોરાકમાં એ કડક નિયમો પાળતા. શાકદાળમાં ઘી અને મીઠા સિવાય બીજું કદી પણ લેતા જ નહિ. હળદર પણ નહિ ત્યાં બીજા મરીમસાલાની વાત જ કેવી ? દવા કદી ન વાપરે. એકવાર ભોજનમાં કંઇક વિષ આવી ગયું હતું, પરન્તુ એ વખતે પણ પ્રાકૃતિક ઉપચારોથી જ દૂર કર્યું હતું. ઘી વાપરે તો તે પણ ગરમ કરાવી તોલો દોઢ તોલો દાળશાકમાં નખાવી દે; રોટલી તો હમેશાં કોરી જ હોય.

ભિક્ષા આવી એટલે ઊભા થઇને મને થોડું ખાઇ લેવા કહ્યું. મેં સૂતાં સૂતાં જ વિવેક સાથે ના પાડી. અપવાસ કરવાથી આરામ થશે એમ હું માનતો હતો. મારો પણ તે વખતનો ભોજનપ્રકાર એમના જેવો જ હતો. બેત્રણવાર એમણે આગ્રહ કર્યો. મેં ન માન્યું. એમણે ભોજન પૂરું કરીને વામકુક્ષી કરી. હું તો પડચો જ હતો. બેચેની હતી અને રાતની ગાડીએ તો પાછા ફરવું હતું, તેથી આરામ લેવાની વૃત્તિ હતી.

એ આરામમાંથી ઊઠયા; પાણી પીધું, હું એમના આરામ દરમ્યાન એક વાર બહાર જઇ આવીને આસન ઉપર પડયો હતો; મને ઊંઘ આવી ગઈ.

થોડી વારે મારા માથા ઉપરથી એમણે કપડું ખસેડયું:

'તાવ તો ઠીક ઠીક છે? કેટલા દિવસથી આવે છે?" માથે હાથ રાખીને એ પૂછતા હતા; હું બેઠો થઇ ગયો અને "દસબાર દિવસથી મહેમાન પધાર્યા છે" એમ હસીને કહ્યું.

"ચાલ ત્યારે મહેમાનને થોડું દૂધ પાઇએ." હું મારા ઓસીકા પાછળ જોઉં છું તો ત્યાં દૂધ પડયું હતું. પોતે લઈને પાવા જ આવ્યા હતા. મેં દૂધ સામે જોયું.

"તાવમાં દૂધ ઠીક પડશે?" મેં સંકોચ સાથે કહ્યું.

"હા, થોડું જ છે. અપવાસથી અશક્તિ વધશે. કાલે લખનઉ પહોંચીને ત્યાં અપવાસની ભેટ આપીને મહેમાનને વિદાય કરજે. અત્યારે તો આ દૂધ પી લે." એમ કહીને તપેલીમાંથી પ્યાલામાં દૂધ કહાડીને મારા હાથમાં આપ્યું. મેં કૃપામુગ્ધ બનીને પી લીધું.

આ હતી એમની કરુણા, અને વાત્સલ્યભરી આત્મોપદેશની કલા.

*　　　*　　　*

કઠોરતા! કરુણા! બન્નેની મૂશળધાર વર્ષા કરીને મને ઘડવાનો આપે પ્રયત્ન કર્યો છે, એકમાં શસ્ત્રક્રિયાની વેદના હતી તો બીજામાં મલમપટ્ટીની સારવારનાં સુખચેન મને હતાં.

આચાર્યોપાસનાનો કેવો વાસ્તવિક, સ્વાભાવિક અને સહજ ઉપક્રમ છે! સર્વવ્યાપક બ્રહ્મભાવથી, પોતાની જ અવિદ્યાને લીધે, વ્યક્તિભાવે છૂટો અને તત્ત્વથી જુદો માનનારો "અહંભાવ" પોતાને શરીર માનવા માંડે, એટલે દુઃખી થાય; સુખ મેળવવા કર્મો કરે અને બીજા અસંખ્ય અહંભાવીઓ સાથે મોહમમતાના સંબંધ માને; ક્ષણે ક્ષણે એ સંબંધો સાચા-નિત્ય લાગવા માંડે; વારંવાર દુઃખી થવા છતાં સુખની આશા ન તૂટે કે ન છૂટે, ત્રણે ગુણની જાળ ગૂંથે, ધર્મઅધર્મની પ્રક્રિયાઓ પ્રમાણે રહેણીકરણી બનાવે. શુભ-અશુભ કર્મો વડે આનંદ શોધવા મથે, અને એમ ને એમ એ અજ્ઞાનચક્ર ચાલ્યા કરે!

આ છે એક પ્રકારનો અહંકાર ને જીવાત્માને લાગુ પડેલો ભવરોગ. એમાં રીબાતાં છતાં સાચા નિદાન કરનાર, સાચા ચિકિત્સક, સાચા પરિચારકની શોધ નથી થતી. અકસ્માત્ કોઇ અથડાય-, ભેટે તો પણ સાચાખોટાની પરીક્ષા શી?

અસંખ્ય જન્મોથી દોષ જોવાની ટેવ, દ્વેષ કરવાનો સ્વભાવ; ઈર્ષાળુ બનીને બળતરા થાય એવું મન; એ બધાંથી હારીને બેસે ત્યારે બુદ્ધિ સ્થિર થાય; બુદ્ધિ સ્થિર થાય એટલે વિચારદ્વારા ઊઘડે; વિચારની સહાયતાથી વિવેકવૃક્ષનાં બીજ રોપાય; વિવેકવૃક્ષ ખીલે એટલે પ્રજ્ઞાનાં કિરણો પાંદડે પાંદડે અજવાળાં પાથરે; પ્રકાશ થાય, ત્યારે અન્તર્મુખી થવાય; અન્તર્મુખી થવાય એટલે સ્વદોષ જોવાય; સ્વદોષ દેખાય એટલે આત્મસુધારણા સૂઝે; સુધારણા સૂઝે એટલે સાધનમાર્ગની શોધ થાય. એમાંથી સાંપડે કોઇ ભવવૈદ્ય; પછી ચાલે નિદાન, ચિકિત્સા. અને સ્વાસ્થ્ય આવે, અહંકારશુદ્ધ સાત્ત્વિક થાય, અહમ્-ત્વમ્ અને ઈદમ્ બધું બ્રહ્મમય સમજાય, અનુભવાય ત્યારે બેડો પાર ઊતરે.

અનુભવતૃપ્ત અખાજી કહે છે કેઃ—

"મનનું મૂકે માન, અજાણ ચાહે જાણવા;
સદ્‌ગુરુ કેરી સાન, મરજીવા મહાપદ વસે.

* * * *

સૂધું જાણે સન્ત, જયમ છે દૈવત દેહમાં;
અહંતા કેરો અન્ત, આણી જાણે કોઈક અખા.

* * * *

અજ્ઞાને અહમેવ, ચડયું મન ચીને નહિ;
દિલમાંહીનો દેવ, રહ્યો અજાણ્યો અંધને."

આટલું અહંકારને ગાળવા માટે કહીને પોતાનો અનુભવ વર્ણવ્યો છેઃ–

"પેરે પેરે મેં જોયું મથી, જે હરિ વિના પદારથ નથી;
તો ઊંઠ હાથનો 'હું' જે ઘડયો, તે તે કયાં અળગો થઇ પડયો ?
એમ જોતાં હરિ લાગ્યો હાથ, ટળ્યો અખો ને એ રહી આથ."

* * * *

પણ પ્રભો ! મારે બીજાનું શું કામ !? સંસારનાં બંધન મને વિષમ લાગ્યાં; એ તોડવા તનતોડ મહેનત કરી; મનને મારવાના કીમિયા શોધ્યા; બધાં બંધનનું મૂળ મન; એ મનનું મૂળ અહંકાર; 'હું' કહું અને 'મારું' સાંભરે; 'મારું' સંભારું અને વિષયો દેખાય; વિષયો દેખાય અને ભોગવાસના જાગે; ભોગવાસના જાગે અને કર્મો કરું; કર્મો કરું અને ભોગ ભોગવું; ભોગ ભોગવું અને રોગી થાઉં, રોગી થાઉં અને વાસના વધે; એમ ચક્ર ચાલ્યા જ કરે.

એકાન્ત શોધી સન્તોનાં શરણ લીધાં; એમાં કોઇ અનુભવી સાંપડયા; ગુરુબુદ્ધિ આદરી; સ્વદોષ વીણી વીણીને કહાડવાનાં કર્મ કર્યાં; એ કર્મમાં હતાં ત્યાગ, તપશ્ચર્યા, તિતિક્ષા અને તીવ્રતા. મનને

મારવાનો કીમિયો સાંપડયો,, અહંકારપારદની ભસ્મ બનાવી; એના ભોજનથી ભવરોગ શમ્યો; સન્તોએ દયા કરી, ઈશ્વરે કૃપા કરી, સદ્‌ગુરુએ આદેશ આપ્યો; અહંસર્પને બધી દિશામાંથી દોડતો અટકાવીને એનું સંસાર વિષ ઉતાર્યું; એમાં સદ્‌ગુરુ-સ્વરૂપ બ્રહ્મામૃત ભર્યું. હવે જે છે તે અમૃતના ઉદ્‌ગાર !

શરીરના છેલ્લા શ્વાસોચ્છ્‌વાસ સુધી, હે ગુરુદેવ ! આ આત્મ-જ્ઞાનની રક્ષા કરજો, એ જ્ઞાનઘટને સુરક્ષિત રાખજો; એમાં શીલ, સંયમ અને સેવા આપે ભર્યાં છે, એનો સન્માર્ગે ઉપયોગ કરાવજો !

અને દેહભાવ તો ત્રણુ ગુણુ-દોષથી ભરેલો જ છે; જ્યાં જ્યાં ક્ષતિ થાય ત્યાં ત્યાં ક્ષમાદષ્ટિથી જોજો; ચિત્તમાં ગુરુમૂર્તિનું ધ્યાન, વાણીમાં "ૐ ગુરુ "નો જપ, કર્મેન્દ્રિયોથી આપની સેવા, જ્ઞાનેન્દ્રિયોથી આપનું સ્વરૂપજ્ઞાન—અને બધુંય આપના અંશરૂપ અહંભાવથી કરાવીને આપ જ એ બધું, આપનું જ છે, માટે લીધા કરજો !

* * * *

આ લેખમાં પરમહંસ સ્વા. રામતીર્થના પટ્ટશિષ્ય સ્વા. નારાયણુતીર્થનો ઉલ્લેખ છે; સંન્યાસ દીક્ષાનો અમૂલ્ય લાભ આપીને મને સંસારપાશથી એમણુ મુક્ત કર્યો હતો. પરમહંસ રામના એ એકનિષ્ઠ સેવક હતા; પાકા બંગાળી મણુનો ખભે ભાર ઉપાડીને સ્વા. રામની સાથે હિમાલયમાં ફરતા, ભિક્ષા માગી લાવતા; રસોઇ કરીને જમાડતા; ત્રીસચાળીશ માઇલની સફર કરીને સ્વા. રામતીર્થ વનવિહાર નિમિત્તે ગાઢ અરણ્યમાં કહ્યા વિના ઉપડી ગયા હોય તો એ છૂટા પડેલા વત્સની પેઠે એમને શોધી કહાડે ત્યારે જંપતા.

એમનું અહીં સ્મરણ—વંદન-ચિંતવન કર્યું છે; મેં એમને, બધાં પુત્રપુત્રીઓ માતાપિતાને દુઃભવે એમ દુભવ્યા પણ છે; અવિવેકી વર્તન કર્યું છે; પણ આજે અનુભવ સાક્ષી પૂરે છે કે એમના પ્રત્યેક વર્તનમાં મારું હિત હતું. અને એમના જ અંતરના આશીર્વાદ પામીને હું સંતોષ પામું છું.

જીવનનો પ્રત્યેક પ્રસંગ જીવનમંદિરની એક એક ઇંટ છે; એકેય નકામી નથી, બધાંય દ્વંદ્વો બે બાજુથી ધક્કા મારી મારીને જીવનપશુને સીધો, વચ્ચોવચ્ચ, રાજમાર્ગે દોરી જાય છે. દુઃખ કે સુખ કલ્પનામાત્ર છે; બન્ને જીવનમાં એકસરખાં ઉપયોગી છે. સ્વા. રામતીર્થજી કહે છે કે કુંભાર માટીનું વાસણ ઘડે ત્યારે એક અંદર અને બીજો બહાર, એમ બે ટપલા રાખે છે. બન્ને ટપલાથી ટીપીટીપીને ઘડાનો ઘાટ સુધારે છે; એવું જ માનવી જીવનમાં છે. બધાં દ્વંદ્વો બે ટપલા છે; એનાથી જ આંતરબાહ્ય ઘડતર ઘડાય છે, અને સળંગ જીવન જ સાધનારૂપ હોઈ એકેય પ્રસંગ વ્યર્થ જતો નથી.

* * * *

ઈશ્વર, દેવદેવતા, બ્રહ્મ એ તો બધાં આન્તરપ્રત્યક્ષ એટલે વાણીથી અનિર્વચનીય, બુદ્ધિથી અગમ્ય અને ઇંદ્રિયોથી અગોચર રહ્યાં. ધ્યાન કરીને મથનાર જ જોઈ જાણી શકે! કેવલ સૂક્ષ્મ-શરીર જ એનાં દર્શન કરી શકે. એ અદષ્ટનું અંતરમાં દર્શન થતાં પણ એના વાસ્તવિક સ્વરૂપની ખાતરી શી? ચિત્તેચિત્તે જેમ સંસ્કારભેદ છે, તેમ પ્રત્યેકની કલ્પના પ્રમાણે મૂર્ત્તસ્વરૂપનાં દર્શન થાય! એમાં વાસ્તવિકતા ક્યાં રહી?

અને પ્રભો! આપ તો મારી ત્રણે અવસ્થાના સાક્ષી!

સ્થૂલદર્શન પણ સુલભ! અંતર-સૂક્ષ્મમાં બ્રહ્મભાવ ભરું—એટલી આપ કૃપાદૃષ્ટિ કરો એટલે બસ—पूर्णमिदम्!

ઉઘાડી આંખે આપનાં દર્શન; બંધ આંખે હૃદયમાં જેવા સદ્ગુરુરૂપે છો તેવાજ વિરાજમાન છો! કારણ શરીરની અવિદ્યા તો હૃદયમાં આપની બ્રહ્મપ્રતિષ્ઠા કરતાં જ હતી નહોતી થઇ ગઇ! રહ્યા માત્ર વિદ્યાદેવીના ખેલ! જ્ઞાનચક્ષુ આપ્યાં અને આપનાં નિત્ય દર્શન સાંપડયાં.—विमूढा नानुपश्यन्ति, पश्यन्ति ज्ञान-चक्षुषः ॥

આપને-પ્રત્યક્ષ બ્રહ્મને ભૂલીને બીજા પરોક્ષ-અપ્રત્યક્ષ બ્રહ્મને, ગુણનિધાન, ઐશ્વર્યભર્યા બ્રહ્મસ્વરૂપ ઇશ્વરને કયાં શોધવા જાઉં? શા માટે લોકપરલોકમાં રખડું કે પૃથ્વી પરનાં પથ્થરપાણી જોઉં, વનવગડાનાં વૃક્ષો નિહાળું, હિમાલયનાં ગુહા શિખરોમાં રખડું, કે તીર્થોનાં પાણી ઉલેચું?

માગ્યું તેથીય વધારે આપ્યું છે, મને—અજ્ઞાન બાળકને શું માગવું કે શું ન માગવું એની ગતાગમ કયાંથી હોય? આપ સર્વજ્ઞ છો, એટલે જે કાળે જે આવશ્યક—હિતાવહ હતું તે છૂટે હાથે આપીને મને તૃપ્ત કર્યો છે!

એ જ આપની દયા, કરુણા, કૃપા, પ્રસાદ, સ્વરૂપદાન—અરે, અહંસર્વસ્વ લઇને બ્રહ્મસર્વસ્વ આપી દીધું!

તૃપ્તિ ગુરુદેવ! આનંદ ગુરુવર્ય! અવધિ-અવધિ-નાથ! નિરવધિ આનંદ અને નિરંકુશ તૃપ્તિ!

(જુલાઈ-૧૯૫૨)

## ખાસ અંગત

'ઉત્થાન'ના હેતુ અને ઉદ્ભવનો વિચાર કરતાં કેટલુંક અંગત લખું છું. એમાં આત્મલક્ષીભાવના અને પ્રસંગોની ઉપયોગી થાય એવી માહિતી સૌને સાંપડે અને અધ્યાત્મ માર્ગે જતાં સાધન–સાધનાની સૂઝ અને પરિશ્રમના કેવા અટપટા વાતાવરણમાંથી સાધકને નીકળવું પડે છે, એ સૌ સમજે વિચારે તો જીવનમાં ઉપકારક થાય એમ મને લાગે છે.

'ઉત્થાન'નો ઉદ્ભવ થયો છે કેવળ અંગત મિત્રો સાથેનો પરિચય જાગ્રત રાખવા માટે. લખનૌમાં પરમહંસ સ્વા. રામતીર્થના લેખો, વ્યાખ્યાનો તથા ઉપદેશોના અંગ્રેજી, હિન્દી તથા ઉર્દૂ સાહિત્યના પ્રચાર માટે 'રામતીર્થ પબ્લીકેશન લીગ' નામની સંસ્થા ઇ. સ. ૧૯૧૯માં ઊભી થઇ ત્યારે પૂ. સ્વા. નારાયણતીર્થજીની આજ્ઞાથી એ કાર્યભાર મારે માથે પડયો હતો. પ્રસંગવશાત્ એ પ્રદેશ મેં છોડયો તે પહેલાં હૃષીકેશમાં વિશેષ ભાગે રહેતો અને પ્રારબ્ધયોગે મિત્રોનો જ્યાં જ્યાં સંબંધ થાય, ત્યાં એમના પ્રેમભર્યા આગ્રહથી જઇ એમનું આતિથ્ય માણતો, મારાં અલ્પ–સ્વલ્પ શ્રવણમનનનો, અભ્યાસ, સ્વાધ્યાયનો સેવાલાભ આપવા પ્રયત્ન કરતો. સ્વા. અખંડાનંદજી સાથેનો પરિચય ઈ. સ. ૧૯૧૦થી હતો જ; હૃષીકેશમાં પણ ખાસ કરીને શિયાળામાં તેઓ આવે, ત્યારે સાથે રહેવાનો મને લાભ મળતો. પરમહંસ સ્વા. રામતીર્થનાં ઉપદેશવ્યાખ્યાનનો લાભ ગુજરાતની પ્રજાને આપવાનો

આરંભ એમણે જ કર્યો છે. ઇ. સ. ૧૯૧૩માં સ્વા. રામતીર્થના પત્રો તથા બીજાં થોડાં વ્યાખ્યાનોનો મેં ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. ત્યારપછી પૂરાં બાર વર્ષે ઇ. સ. ૧૯૨૫માં મેં સ્વા. રામતીર્થની વિસ્તૃત જીવનકથા લખી. એ બધું સસ્તું સાહિત્ય-વર્ધક કાર્યાલય તરફથી છપાયું. એ રીતે નિર્ગુણ–નિરાકાર બ્રહ્મની સગુણ સાકાર બ્રહ્મમૂર્તિ સમા સ્વા. રામતીર્થનાં ઉપદેશ – વચન જ્યાં જ્યાં વંચાતા હશે, ત્યાં ત્યાં ઓળખાણનો લાભ મળવાનો મને પ્રસંગ સાંપડતો.

પરન્તુ જીવન એકધારું થોડું જ વહ્યા કરે છે ? ! એ એક એવી નદી છે કે સર્વોચ્ચ, બ્રહ્મશિખરમાંથી નીકળીને બ્રહ્મસાગરને મળે છે ત્યાં સુધીમાં પહાડપર્વતો, ખડક–કોતર, રેતાળભૂમિ, ઊંચીનીચી, ખાળીમોળી જમીનમાં ઢળતી અથડાતી, બીજા કેટલાયે નાનામોટા સંસર્ગપ્રવાહોને પોતાનામાં શમાવી દઇને આત્મસાત્ થાય છે, પણ એનાં વહેણ કાંઇ ફરસબંધી, આરસપહાણ કે સિમેંટકોંક્રીટના સીધા, લીસા માર્ગ પરનાં સરલ નથી હોતાં. સમુદ્રમાંથી સૂર્યતાપથી શોષાઇને આકાશમાં મેઘઘટારૂપે જામી તથા સ્વચ્છંદવિહારી બનીને એ જ જળ પૃથ્વી ઉપર પડીને તળાવ સરોવર છલકાવે, વનસ્પતિઔષધિને રસસિંચન કરે. ઊંચી પર્વતમાળ પર રેડાઇને એના આંતરઆકાશ ( પોલાણ )માં ભરાઈને ઝરણાં કે નદી વાટે વહેવા માંડે અને છેવટે વહેતું વહેતું નદ–નદીઓના સંગમ બનીને મૂળ ઉદ્દગમસ્થાન સમુદ્રમાં જાય ત્યારે અભેદનો અનુભવ માણે. અભેદમાંથી વાદળ, વૃષ્ટિ, ઝરણાં, નદી, તળાવ, સરોવર, કૂવા કે બીજાં જળાશયરૂપે એ એ ભેદમય બને ત્યાં બધે એને સરલતા કેવી ? અનેક નામરૂપે ઓળખાય અને છેવટ સ્વસ્થાને સમુદ્રદેશે પહોંચે ત્યાં અભેદભાવે

જળતત્ત્વ તરીકે ઓળખાય. આદ્યસ્વરૂપે અભેદ, મધ્યમાં ભેદ અને અને અંતિમ સ્વરૂપે અભેદ જેવી જલધારા છે; એવી જ માનવીય શરીરની જન્મથી મૃત્યુ પર્યન્તની મન-વચન-કર્મની જીવનલીલા છે.

* * * *

પ. પૂ. સ્વા. નારાયણતીર્થ પાસે સંન્યાસદીક્ષા લીધી ત્યારે કેટલાંએક આચારસૂત્રો એમણે કહેલાં; એમને એ ગુરુઆજ્ઞારૂપે પ. સ્વા. રામતીર્થજી પાસેથી મળેલાં જેમાંથી થોડાં નીચે ઉતારું છું:

(૧) "આપણે પરમહંસ રામતીર્થજીની પરમ્પરામાં છીએ એવું અભિમાન ન રાખવું. એમનાં નામ કે ઉપદેશ વટાવીને જીવનનિર્વાહ ચલાવવાનો નથી. એ ઉપદેશ આપણા આત્માનુભાવ માટે છે. એમની યશગાથા ગાઇને કે શિષ્યપરંપરાનું અભિમાન રાખીને જીવવાનું નથી.

(૨) "શરીરે શરીરે સ્વભાવભેદ છે. રામતીર્થ, નારાયણ, કે સ્વયંજ્યોતિ અથવા બીજા કોઇ રામતીર્થજીના ઉપદેશ-સ્વાધ્યાયથી ધન્ય બનેલાં હોય તે બધામાં પ્રકૃતિભેદ રહેવાના જ; એકનાં લક્ષણ, સ્વભાવ, વર્તન કે આચાર બીજાનાં બની શકે નહિ, એટલે આપણે સ્વા. રામતીર્થની બોલવાચાલવાની, મસ્તીભર્યાં વર્તનની એવી બીજી બાહ્ય સ્વભાવની કે રીતભાતની નકલ કરવાની નથી.

(૩) "ભારતવર્ષમાં પંજાબ, સિંધ, મુલતાન વગેરે દેશોમાં સંસ્કૃતભાષાના ઓછા પ્રચારને લીધે હિન્દી-પંજાબી ભાષામાં વેદાન્તનો પ્રચાર બહુ વધી ગયો છે. બીજા પ્રદેશોની પેઠે ત્યાંનાં આચારવિચાર કે ખાનપાનમાં સ્પર્શાસ્પર્શના ભેદ નહિ જેવા

છે. પ્રદેશ રસાળ અને સમૃદ્ધ છે. સિખસંપ્રદાયી અને સૂફીમતના અદ્વૈત સિદ્ધાંતનો પ્રચાર વધારે પડતો છે. વેદોક્ત પંચોપાસના કે બીજાં દેવદેવતાની પૂજાઉપાસનાનો પ્રચાર નથી એટલું જ નહિ પણ સગુણ ઉપાસનાનો વિશેષ રૂપે વિરોધ છે. સંત અને ગુરુભક્તિનો અમર્યાદ પ્રચાર છે, એમનાં સેવાશુશ્રુષા વડે જ્ઞાન મેળવવાના પ્રલોભનને લીધે સાધુઓની સંખ્યા ત્યાં બહુ વધી ગઈ છે- કારણ કે સંતસાધુઓની વિપુલ સામગ્રીથી ત્યાં સેવા થાય છે. એ દેશમાં જાણી જોઇને આપણે જવું જ નહિ. તીર્થયાત્રા નિમિત્તે કે બીજા કોઇ અણધાર્યા પ્રસંગે જવું પડે તો સાવધાન રહેવું. સેવાલુબ્ધ થવાનો પ્રસંગ તો આવવા જ ન દેવો, મોહમુક્ત રહેવું.

(૪) "તીર્થયાત્રા કરવી, દેવદર્શન કરવાં, સંતસમાગમ કરવો, સંપ્રદાય, વર્ણ, આશ્રમ કે એવા ભેદ ભૂલીને પણ જ્યાં કોઈ મહાપુરુષનું નામશ્રવણ થાય ત્યાં વિનમ્રભાવે જવું, ઉપયોગી થાય એટલું સ્વજીવન માટે ગ્રહણ કરવું. પણ સાવધાન ! એવા સંતપુરુષને ત્યાં કે મંદિરમઠમાં નિવાસ કરવાનો પ્રસંગ પડે તો કોઇ પણ રીતે તન-મન-ધનથી સેવા કરવાની વૃત્તિ રાખવી. કોઈ પણ રીતે એમને ભારરૂપ ન થવું.

(૫) "કાશી જેવા વિદ્યાવ્યાસંગી સ્થાનમાં અનાયાસે જવું પડે તો જવું, વિદ્વત્તાનો, પાંડિત્યનો, શુષ્ક શાસ્ત્રચર્ચાનો કે એવો ખંડનમંડનનો ઝગડો અંતરમાં ન પેસી જાય એની સાવચેતી રાખવી.

(૬) "દેશપ્રદેશમાં વિચરતી વખતે શ્રદ્ધાળુ, સેવાભાવી સજ્જનોને ત્યાં આસન રાખી શકાય. ચારિત્રવાન ગૃહસ્થાશ્રમી જિજ્ઞાસુઓ કે મુમુક્ષુઓ તો આપણી જ્ઞાનરક્ષા કરે છે. એમનાં

સદ્દભાવ અને સેવા આપણને નમ્રતા, નિરભિમાની ભાવ અને અનુકૂલતા પ્રતિકૂલતાને પ્રસંગે શારીરિક તિતિક્ષા અને માનસિક તપોબળ અપાવે છે. એમની સાથેના સહવાસમાં આપણામાં મહાત્માપણાનું, ગુરુપણાનું કે ઉપદેશકનું અભિમાન ન પેસી જાય એ ખાસ સંભાળવાનું છે; એમનાં નમ્રતા, સેવા અને શ્રવણ-તત્પરતા આપણા જીવનમાં ઉતારવાનાં છે.

(૭) "વ્યવહારના એટલે કે દ્વૈતના ક્ષેત્રમાં આપણે પોતે વિનમ્ર, જિજ્ઞાસુ–મુમુક્ષુ–સાધક છીએ અને સમસ્ત વિશ્વ ઇશ્વરનું સગુણ સ્વરૂપ છે એમ વિચારીને, જ્યાં જ્યાંથી અન્નવસ્ત્રની કે બીજી કાંઇ સેવા લેવાનો પ્રસંગ પડે ત્યાં સેવા કરનારને ઇશ્વરનાં સ્વરૂપ સમજી, માનસિક વંદના અને હાથ જોડીને પ્રણામ સૂચવવા. શુષ્ક વેદાન્તીઓની નકલ કરીને ગંભીરભાવે. સીધા આકાશમાંથી ઊતરી આવેલા ભારેખમ મહાત્મા બનીને કૃપાદૃષ્ટિ ફેંકતા હોઈએ એવા રાજસિક–તામસિક અહંકાર ન આવે એની ખાસ સંભાળ રાખવી.

(૮) "વેદાન્તનાં વિવેક વગેરે ચાર બહિરંગ તથા શ્રવણ વગેરે ત્રણ અંતરંગ સાધન વડે જે કાંઇ સાધનનું રહસ્ય, સાધનાનો અનુભવ, તત્ત્વજ્ઞાનનું પ્રજ્ઞાન અને સ્વરૂપનો આનન્દ સાંપડયાં હોય, એમાં પ્રત્યક્ષ રીતે ઇશ્વરનો અનુગ્રહ અને ગુરુદેવની કૃપા માનીને અંતરમાં સાત્ત્વિક ભાવભર્યા અહંકારનો વિકાસ વધારતા રહેવું જોઇએ.

(૯) "સંન્યાસ આશ્રમની વ્યવસ્થા કે દશા પ્રાચીન કાળમાં ગમે તેવી હોય, અત્યારે તો દૃષ્ટિ સમક્ષ કેવલ આધુનિક સુપ્રસિદ્ધ સન્તોનાં જ જીવન આદર્શરૂપે રાખવાં જોઈએ. સ્વા. દયાનન્દ

સરસ્વતી, સ્વા. વિવેકાનંદ અને સ્વા. રામતીર્થ, એ બધા પ્રજામાં નવીન પ્રાણ પૂરનારા સન્તો છે. ભારતવર્ષના પ્રત્યેક પ્રાન્તમાં અભિમાનને ઘોળીને પી જનારા અનેક સન્તો વિરાજતા હશે. એમાં સંપ્રદાયભેદ કે ઉપાસનાભેદ હશે, પરંતુ ઇશ્વરદર્શન કે આત્મદૃષ્ટિ રાખનારા સન્તોમાં માનવપ્રેમનું ઝરણુ તો એકસરખું જ ફૂટી નીકળ્યું હશે. ભક્ત કે જિજ્ઞાસુ પ્રતિ એમનો ચિત્તપ્રવાહ પ્રેમનાં શીતલ જલસિંચન કરતો હશે. એમનો સત્સંગ સેવી, એમના આદર્શ દૃષ્ટિ સમીપ રાખી જીવનવિકાસ કર્યે જવાનો છે.

(૧૦) "સંન્યાસ આશ્રમની સાધના દેશકાલની મર્યાદામાં રહીને જ થાય છે; અન્નવસ્ત્ર તથા સ્થાન વગેરેની અનુકૂળતા માટે જનસમાજની સહાયતાની અપેક્ષા રહે છે. ગૃહસ્થાશ્રમીઓ અસંખ્ય પ્રકારની યાતનાઓ વેઠી વેઠીને સાધનસામગ્રી એકઠાં કરે, વ્યવહારમાં દ્વંદ્વની સતામણીમાંથી પ્રાકૃતભાવે આવી પડતી અશાન્તિને ધોવા–ખંખેરવા શાન્તિપ્રાપ્ત સંતસાધુનું શરણ–સાન્નિધ્ય શોધે, અન્નવસ્ત્રથી સેવા કરે અને વિનમ્રભાવે એમની અમૃતભરી વાણી માટે શુશ્રૂષા કરે, ત્યારે એવા ગૃહસ્થાશ્રમીઓ સંન્યાસીની બાહ્ય રક્ષા માટે વાડ જેવા બની રહે છે. એમના પ્રતિ તિરસ્કાર ન બતાવતાં, ઉત્તરોત્તર કરુણા, દયા અને પ્રેમનાં આંદોલનો પાઠવવાં જોઇએ. સંસાર અને સ્ત્રી નરકની ખાણ છે, ધનવૈભવ પાપના ઢગલા છે, પુત્રપરિવાર બંધનનાં દોરડાં છે–એવી એવી અણસમજણથી ભરેલી, તામસિક વૈરાગ્યની ભાવના રાખશો તો એમનો તિરસ્કાર કરવા જતાં તમે જ બધાથી તિરસ્કૃત બનશો. આવાં તમોગુણી વાણીવર્તન કે ભાવનાથી તો કેવલ અશાન્તિ જ વધશે. માટે સાવધાન!"

* * * *

આવી આવી કેટલીયે સુચનાઓ–આજ્ઞાઓ–આદેશો વગેરે લક્ષ્યમાં રાખીને જ એકાન્ત માટે સૌથી વિશેષ અનુકૂળ સ્થાન મને હૃષીકેશ લાગેલું—લાગ્યા કરે છે. ગંગાજીના પવિત્ર તટનો બન્ને બાજુએ કુટિ બાંધીને રહેવાનો અમૂલ્ય લાભ, વસ્તી માત્ર વ્યાપાર–વ્યવસાય પૂરતી અને પર્ણકુટિ બાંધીને રહી શકાય એવી વનવગડાની પૂરેપૂરી સગવડ; ઉપરાન્ત ઉદરનિર્વાહની ચિન્તાથી મુક્ત રહી શકાય એ માટેનાં અન્નક્ષેત્ર, પ્રકૃતિક સૌંદર્ય પણ મનભર માણી શકાય એવું. ગાઉના ગાઉ અરણ્યમાં ફરવા નીકળી પડો ! પર્વતના શિખર ઉપર ચડીને ઓમ્‌ની જોરથી અલખ પોકારો કે કોઈ ખીણ –કોતરની કુદરતી ગુહામાં બેસીને ધ્યાન કે તત્ત્વ-ચિંત્વન દ્વારા નીરવ શાન્તિ ભોગવો. બધી અનુકૂળતા ત્યાં ભરી પડી છે. આ વાત હું ત્રીસેક વર્ષ પહેલાંની ઇ. સ. ૧૯૫૨માં લખું છું. અત્યારે તો જાણ્યું છે કે ત્યાં વસ્તી બહુ વધી ગઈ છે અને વ્યવસાય પણ વિચિત્ર પ્રકારનો ચાલે છે. હરિ ૐ !

હૃષીકેશ મને ખૂબ જ ગમે એટલે ત્યાં કોઇ પર્ણકુટિમાં, ધર્મશાળામાં, કોઇ આશ્રમમાં કે જ્યાં સગવડ થાય ત્યાં રહું, શ્રવણાદિ સાધનોનો લાભ લઉં, સુયોગ્ય સન્તોનો સત્સંગ સાધું, અને એ રીતે વર્ષનો મોટો ભાગ ત્યાં ગાળીને પ્રારબ્ધયોગે જિજ્ઞાસુ–મુમુક્ષુવર્ગનો પરિચય થાય, ત્યાં ત્યાં જઇને એમની સાથે સમય ગાળી આવું.

ઉપર જે આજ્ઞાઓ લખી છે એમાં એક મહત્ત્વની વાત લખવી રહી ગઈ છે. સ્વા. શ્રી નારાયણતીર્થજીએ કહેલું કે, " આપણે આપણા પોતાના જીવનધર્મ પ્રમાણે રહેણીકરણી ગોઠવવી જોઇએ. લોકસમૂહશાં હળતાંમળતાં રહીએ ત્યારે આપણે

સ્વા. રામતીર્થની પરંપરામાં હોવાથી એ દૃષ્ટિથી લોકસમૂહ આપણી સમક્ષ આવે. પરન્તુ ખ્યાલમાં રાખવાનું છે કે પરંપરાની દૃષ્ટિથી માનવીજીવનની કીમત અંકાતી નથી. આપણે બધા વેદદ્રષ્ટા ઋષિઓનાં સન્તાન છીએ. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યની શિષ્ય પરંપરામાં છીએ, અને છતાં આ માનવસમૂહ તરફ જુઓ, સંન્યાસીવૃન્દ તરફ દૃષ્ટિ કરો, એમનાં જ્ઞાનચારિત્રમાં કેટલી સાર્થકતા દેખાય છે? એટલા માટે પરંપરાનું અભિમાન રાખવાનું નથી. સ્વા. રામતીર્થને નામે આપણી કીમત ન અંકાવી જોઇએ. એમને નામે ચરી ખાવાની દાનત થઇ કે અધોગતિ દૂર નથી. પૂર્વજ ઋષિમુનિઓ વેદવિદ્ હતા માટે આપણે વિદ્વાન છીએ, સન્તમહન્તો તત્ત્વવિદ્ હતા માટે આપણે જ્ઞાની છીએ, એવી મનોવૃત્તિ મિથ્યાભિમાનને વધારે છે. દૂધપાકમાં ફરતી કડછી "હું દૂધપાકમાં રહું છું માટે દૂધપાકના જેવા સ્વાદવાળી છું" એમ માને તેથી એના લોખંડનો ગુણ ઢંકાતો નથી. રામતીર્થના નામથી જ આપણે તરી જવાના નથી, એમનો ઉપદેશ એ શંકરાચાર્યનો જ ઉપદેશ છે; એને જીવનમાં અનુભવવો જોઈએ. એટલે ગુરુ પરંપરાની મહત્તા જ્ઞાનોપદેશમાં છે, નામમહિમામાં નથી. ટૂંકમાં એ કે રામતીર્થની શિષ્યપરંપરાનો જરાયે દુરુપયોગ ન થવો જોઇએ."

આ વાત મને દિવસે દિવસે વધારે સમજાતી જાય છે, સાચી લાગે છે, અને બહુ જ મહત્ત્વની છે એમ હૃદયમાં વારંવાર અંતર્યામી સાક્ષી પૂરે છે.

ઇ. સ. ૧૯૨૧થી સામાન્ય રીતે અને ઇ. સ. ૧૯૨૫થી વિશેષરૂપે મને જનસંસર્ગ વધારે મળવા માંડયો. ગુજરાતનાં મુખ્ય મુખ્ય શહેરો, ઉત્તર પ્રદેશનાં થોડાં સ્થાનો, બિહારમાં

ગુજરાતી, પંજાબી, બંગાળી, તેમ જ મારવાડી સજ્જનોનાં વ્યાપારકેન્દ્રો— બધેથી સહૃદયી મિત્રમંડળ સાંપડયું છે. ઇ. સ. ૧૯૩૨થી ૧૯૪૪ સુધી છોટાઉદેપુરમાં, અને ઇ. સ. ૧૯૪૮થી ઉત્તર ગુજરાતના આજોલ ગામમાં પ્રારબ્ધયોગે રહેવાનું થયું. એ દરમ્યાન 'ઉત્થાન' માસિકપત્ર ચાલુ થયું, અને એ રીતે મિત્રમંડળ વધવા માંડયું.

લખનૌમાં એકેક વર્ષ રહ્યો એ દરમ્યાન "રામતીર્થ પબ્લીકેશન લીગ" તથા બીજી સંસ્થાઓનાં કામકાજ કરવાં પડતાં; અને એકાદ સ્થળે રવિવારે ભગવદ્‌ગીતાવર્ગ ચલાવવો પડતો. તે ઉપરાંત વ્યાખ્યાનપ્રવૃત્તિ પણ ચાલુ હતી.

લખનૌ છોડીને એકાન્ત માટે હૃષીકેશ રહેવા માંડયું, ત્યાં એકાન્તસેવનના લાભરૂપે મનન-નિદિધ્યાસનનો સમય મળતો, અને મિત્રોના પત્રોના મારી સમજણ પ્રમાણે ઉત્તર આપતો. એમાંના ઘણા ઉત્થાનમાં 'પત્ર-જ્યોતિ' તરીકે છપાઇ ચૂકયા છે. પરન્તુ વ્યાખ્યાન કે કથાપદ્ધતિ તો લખનૌનિવાસ પછી છોડી તે છોડી જ.

ઉત્થાનના સામાન્ય ઉદ્દેશ વિશે તો એના ભિન્ન ભિન્ન અંકોમાં ઘણુંયે લખ્યું છે, પરંતુ મુદ્દો હતો દર મહિને મારા સહધર્મી મિત્રસાધકો સાથે સાધન-મનનના સંદેશા પાઠવીને પરિચય તાજો રાખવાનો. પત્રોમાંની અંગત વાતોને બાદ કરતાં બીજા મુદ્દાઓ તો વિચારવિનિમયના જ હતા, અને એ રીતે ઉત્થાન દ્વારા જ હું લખી શકું જેથી વ્યક્તિગત પત્રોનો વ્યવસાય બહુ હળવો થઇ શકે.

પાંચેક વર્ષથી આ ભરૂચ આશ્રમનો વ્યવહારભાર વધી પડયો.

હું જેને ગમતો હોઉં, અથવા મારાં સહવાસ, વાતચીત કે અનુભવચર્ચા જેઓને ઠીક લાગતાં હોય, તેવાં સ્ત્રી, પુરુષ, કિશોર કે બાલકવર્ગ અવારનવાર આવીને આશ્રમમાં રહે છે. એમાં સમય વીતે, અને એ ઉપરાંત ઉત્થાન તથા એને અંગે બીજો વ્યવસાય પણ ઉમેરાય એ બધામાંથી સમય કાઢીને ગુજરાત તેમ જ ઉ. પ્ર. કે બિહાર સુધીનાં પ્રિયજનો, જેઓ અહીં આવવાની અગવડ વેઠી શકે તેવાં ન હોય, એમના આગ્રહથી મુસાફરી કરવી પડે—આ બધુંયે ધીરે ધીરે હવે શરીરનો ઘસારો વધારતું ગયું છે એમ લાગે છે.

મિત્રો, સ્નેહીઓ, શિષ્યો—જે નામ આપું તે બધાં મારાં સહૃદયી શુભેચ્છકો છે. અત્યાર સુધીના મારા સાધકજીવનના અનુભવનો લાભ લેવાની સૌની પ્રબલ ઇચ્છા છે અને તન-મન ધનથી યથાશક્તિ સેવા કરવા હમેશાં તૈયાર રહ્યાં છે. સૌને ધન્યવાદ ભર્યાં આશીર્વાદ !

* * * *

અધ્યાત્મમાર્ગના સાધકોના આશ્રમમાં વર્તમાન સમયમાં કેટલીએક સર્વસાધારણ મુશ્કેલીઓ ઊભી થઈ છે એનો ઉલ્લેખ કરી લઉં.

આપણા સમાજમાં નિવૃત્તિનો અર્થ બહુ વિચિત્ર થઈ ગયો છે. આખા ભારતવર્ષના સંતસાધુઓના આશ્રમો, મઠો, મંદિરો, તીર્થસ્થાનો વગેરેમાં ફરી વળો અને ત્યાં તમને કૈંક વિચિત્ર નિષ્ક્રિયતા જ જણાશે.

પહેલો વર્ગ :—

(૧) વિદ્વત્તાને જ પ્રાધાન્ય આપનારો સન્તસાધુનો વર્ગ,

ભણીગણીને વ્યાખ્યાતા કે કથાકાર બને, આસપાસ સેવકવૃંદ એકઠું થાય, શ્રોતાઓ ધનથી સેવા કરે, અને પરિણામે સ્થાનોની મિલકતમાં વૃદ્ધિ થાય. આ રીતે સેંકડો મઠમંદિરો વધતાં જાય છે.

( ૨ ) આવાં સ્થાનમાં મુખ્ય વ્યક્તિને અધીન રહીને કેટલાક અભ્યાસ કરી શકે તેવાઓ રહે, કથાવાર્તાનો ધંધો શીખે ત્યારે સ્થાન છોડીને સ્વતંત્ર વિચરે, અને પોતાનું સ્વતંત્ર મંડળ કે આશ્રમ સ્થાપી જીવનવ્યવહાર ચલાવે.

( ૩ ) અવનવા આશ્રમો સ્થપાય, ત્યાં મુખ્ય વ્યક્તિની જ બધી જવાબદારી રહે, આશ્રમસ્થ અભ્યાસી વર્ગનો નિર્વાહ તથા વ્યવસ્થાનો ભાર એક જ વ્યક્તિ ઉપર પડે એટલે મધ્યમવર્ગી ગૃહસ્થાશ્રમમાં જેમ એક કમાય અને દસ ખાય, એના જેવી સ્થાનધારીની દશા થાય છે.

( ૪ ) જૂની મર્યાદા લોપાતી જાય છે, ગુરુપરંપરા નષ્ટપ્રાય થઈ છે; ગૃહસ્થાશ્રમમાં જેમ વડીલો, મુરબ્બીઓ કે વૃદ્ધો પ્રતિ પૂજ્યભાવ તો શું પણ સદ્ભાવ પણ નથી રહ્યો, માનમર્યાદાનાં બંધન તૂટી ગયાં છે, તેવી જ રીતે સંતસાધુ વર્ગમાં જ્ઞાનવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ કે વયોવૃદ્ધ સન્તસાધુ પ્રતિ સદ્ભાવને બદલે નિરાદર પેસી ગયો છે; પરિણામે સ્વેચ્છાનંદ કે સ્વચ્છંદાનંદ મહાત્માઓની સંખ્યા વધી પડી છે

( ૫ ) આશ્રમપરિવર્તન પણ ઘણા ખરા પોતાની મેળે જ કરી લે છે; આ યાત્રામાં જ કેટલાંએક વિચિત્ર નામ સાંભળ્યાં; ( ૧ ) અકલ્યાણ બાબા ( ૨ ) છાતાવાળા બાબા ( રાતદિવસ માથા ઉપર છત્રી ઉઘાડી જ રાખે ) ( ૩ ) મહાત્મા " શાહનશાહ "

(૪) મહાત્મા "જયૂં કા ત્યૂં" (૫) સ્વા. હરિ ૐ વગેરે. આપાપંથી સંપ્રદાય અને આપશોધ્યાં નામ ધારણ કરીને ઘણા ફરે છે, અને અમુજ વર્ગ એમને પોષે-માને છે; આ બધું નિયમન માગે છે; પણ એ વિચાર અન્ય સ્થાને; અહીં તો વસ્તુસ્થિતિ જ વર્ણવું છું.

**બીજો વર્ગ:—**

(૧) આમાં શ્રમણ વર્ગ વધારે છે; મઠમંદિરો કે આશ્રમમાં જવું, અન્નવસ્ત્રનો લાભ લેવો, ગાંજાતમાકુ જેવાં વ્યસન સેવવાં, ગામગપ્પાં મારવાં, અને સ્થાનમાં સેવા કરવાનો પ્રસંગ આવે ત્યારે વગર કહ્યે પલાયનમ્!

(૨) બીજો રાગદ્વેષથી ભરેલો વર્ગ છે. જયાં જાય ત્યાં દોષ જ જોવાના; આખો ભારતવર્ષ ખુંદી વળે; સેવાનો લાભ મળે ત્યાં સુધી સૌ સારાં; અને પોતાના જ અહંકારથી કોઇ રજા આપે તો વગર પૈસાના "નિન્દા સમાચાર."

**ત્રીજો વર્ગ:—**

(૧) ત્રીજો આળસુ અને અશક્ત વર્ગ.

(૨) દોરા, મંત્ર, તાવીજ, ઔષધિ, સોનુંચાંદી બનાવવાનો કિમિયો, દવાઓ, મંત્રતંત્ર કે યંત્રની સાધના, બજારભાવની ઉથલપાથલના ભાવ-નંબર-એવી એવી કમાણી ઉપર જીવનારો પણ વર્ગ છે.

* * *

આ બધું લખવાનો ઉદ્દેશ એવો છે કે વિદ્વાન ચારિત્ર્યશીલ

સન્તમંડળોના જ્યાં જ્યાં આશ્રમો છે, ત્યાં આશ્રમસંચાલન માટે ઉપયોગી થઈ પડે એવા સહાયકો ભાગ્યે જ મળે છે. ધર્મ કે મોક્ષના માર્ગમાં સેવા, શારીરિક પરિશ્રમ, કે નિષ્કામ કર્મયોગને એટલો બધો તિરસ્કૃત બનાવી મૂક્યો છે કે એના પરિણામે કોઈ પણ કામ કરવું એ અધર્મ મનાય છે. વેદાન્તીઓને કર્મયોગની સેવામાં પ્રવૃત્તિ અને માયા દેખાય છે, ભક્તિના સંપ્રદાયોને એમાં હવે પરાધીનતા તથા ખટપટ લાગે છે, અને નવાસવા એ માર્ગમાં પ્રવેશ કરવા આવે, એ બધાને વ્યવસાયનો ભાર જોતાં જ જાણે આ માયા શી ? એવી અવળી બુદ્ધિ જ સૂઝી આવે છે.

*　　*　　*　　*

ઉત્થાન અથવા આશ્રમના સંચાલન માટે જે મુશ્કેલીઓ પડે છે એ સર્વસામાન્ય આશ્રમોને હોય તેવી જ જાતની છે. યુવાનવર્ગ થોડું ઘણું વાંચી સાંભળીને ઇશ્વરદર્શન માટે ત્યાગ કરે એટલે સીધો દોડે હિમાલય ( હું પણ એમ જ ગયો હતો. તફાવત એટલો કે હું સ્વા. નારાયણતીર્થનાં આજ્ઞા તથા રક્ષણ નીચે હતો. ) અથવા એકાન્તમાં જઇને ત્યાગી તપસ્વી બનીને થોડા જ સમયમાં મહાત્મા બની જાય. ભણુેલોગણુેલો હોય એ આશ્રમપરિવર્તન કરીને કથાકાર કે વ્યાખ્યાતા બને; તરત જ સેવકવૃન્દથી વીંટાઈઅટવાઇને ગુરુ- ભગવાન બને !

બાકી રહ્યો વૃદ્ધ વાનપ્રસ્થ વર્ગ; એમના જીવનનો રસકસ તો યૌવનના દેવદેવતાઓએ ચૂસી લીધો હોય; અર્થહીન લોકનિન્દા, રાજકારણની ચર્ચા, કે એવી છાપાંપુસ્તકોની કડાકૂટ માથાકૂટમાં રહે અથવા સ્નાનસંધ્યા કે દેવદર્શનની કર્મકાંડી શ્રદ્ધામાં જ જીવનનો અંતભાગ વીતાવવાની કાળજી રાખે;

ઉપરાંત જૂની રહેણીકરણીની, ખાનપાનની, એશઆરામની કે બીજી સગવડોની ટેવ તો ભૂલાય નહીં; તીર્થોમાં થોડા વાનપ્રથાશ્રમો જોયા ત્યાં એને બધા 'પાંજરાપોળ'ના નામથી એટલા માટે જ સંબોધતા હશે.

*　　*　　*　　*

એકલે હાથે કેટલું કામ થશે એની ગણતરી હું મનમાં કર્યા કરું છું. બીજા આવીને વ્યવસ્થા સંભાળશે કે સહાયતા કરશે એવી સ્વાર્થભાવના સેવીને ચિત્તને આટલી ઉંમરે શા માટે પરાધીન બનાવું ?

તન-મનથી જેટલું બને તેટલું કરવાનો ધર્મ સમજું છું. શરીરને લાડ લડાવ્યાં નથી, લડાવવાં નથી, પણ હદ કરતાં કામનો બોજો વધારવો, વ્યવસ્થા સચવાય નહીં, અમુક મિત્રો આવે અને મદદ કરે એવી આશામાં ફસાતો જાઉં, એના કરતાં વર્તમાન યુગનાં વહેણ જોઇને "થાય એટલું એકલાં કરવું" બાકી વાહવાહ !

ઇશ્વરના વિરાટ સ્વરૂપ જેવું વિશ્વ કોઇ પણ એક વ્યક્તિના આધારે કે અભાવે સુધરતું-બગડતું નથી. આપણી પૃથ્વી ઉપર કદાચ કોઈ કાળે કોઈ મહત્ત્વની વ્યકિત કે વસ્તુની ખોટ જણાય, પણ બ્રહ્માંડમાં તો એ રૂપાન્તર પામીને હાજર જ હોય છે. તત્ત્વજ્ઞાનનો પ્રદેશ આત્માની વ્યાપકતાના અનુભવમાં છે; તત્ત્વવિદ્‌નો અહમ્ એક શરીર પૂરતો કેદખાનામાં નથી; એવું તો સર્વવ્યાપક સચ્ચિદાનન્દ અહમ્ દેહાભિમાન ધારણ કરે ત્યારે જ એમ માને, ઈચ્છે અને અમુકતમુક કરવા તડફડે-કે મારા વિના અમુક વ્યકિત કે પ્રદેશને અમુક સમયે નુકસાન થશે.

પરમાત્માની કૃપા છે; ગુરુદેવની અસીમ કરુણા છે; જ્ઞાની સન્તસાધુઓની સહાનુભૂતિ છે, અને એના આસ્વાદનરૂપે અંતરમાં એટલી શાન્ત નિવૃત્તિ છે, કે આ સ્વયંજ્યોતિ તીર્થ નામધારી, ચતુર્થ આશ્રમધારી જ અમુક કરશે તો અન્યને લાભ મળશે. – એ અભિમાન નિર્મૂળ છે, હોય તો પણ નષ્ટ થાય એવી મહત્ત્વભરી શુભેચ્છા છે.

અહમ્ સર્વવ્યાપક છે; છતાં દેહાધ્યાસી અહમ્ ન હોય ત્યાંથી રાગદ્વેષ ઊભો કરે છે; મિથ્યા મમત્વના માર્યા આપણે શું કહીએ–કરીએ છીએ એનો વિવેક ભૂલે ત્યારે ન છાજતી સલાહ આપનારાનો એ વર્ગ યદ્વા તદ્વા વાણીવિલાસ, કલ્પનાવિહાર કે અયોગ્ય ક્રિયાકલાપ કરે એ સાધક-ભકતને માટે બહુજ હાનિકારક છે. હું આ અનુભવ લખું છું; અંગત મિત્રોનો સદ્દભાવ હું સમજું છું. એમાંના કેટલાએક તો મમતા કે મોહનામાર્યા ન હોય ત્યાંથી મારી ભૂલો કાઢીને મને મહેણાંથી પણ નવાજે છે. વ્યવહારમાં ભોળપણુ, દયા કે એવા બીજા દોષોનું આરોપણ કરીને હું ઠગાઉં છું એવો આક્ષેપ કરતાં જરાયે સંકોચ નથી કરતા; અરે ! શું કહું ? એ બધાંની આજ્ઞાઓની હું ગણતરી કરું, તો એક આજ્ઞાસહસ્ર નામ બની જાય, અને બધાંયની ખેંચતાણમાં અંગેઅંગ વિખુટાં પડી જાય ( વાળ તો માથે નથી એટલે કેમ કહેવાય કે વાળ વીંખાઇ જાય ! ) સૌ મારાં હિતસ્વી તો ખરાં, પણ એ દૃષ્ટિ સૌની પોતપોતાની – મારી નહીં.

એવાં બધાંને મારી વિનંતિ છે;

( ૧ ) હું કેવલાદ્વૈત વેદાન્તનો અભ્યાસી છું. અદ્વૈત આત્મતત્ત્વનો અને આત્મસાક્ષાત્કારનો સાધક છું; મુખ્યત્વે શ્રી ગુરુકૃપાથી મારો માર્ગ મને સરલ લાગ્યો છે; મને મારી રીતે રહેવા દો.

(૨) હું વ્યવહારપક્ષે ઈશ્વરવાદી અને ગુરુભક્ત છું. શરીર કર્મ કરે અને ચિત્તમાં અકર્તા ભાવ રહે, એ મારી યાવજજીવન પ્રાણસાધના છે.

(૩) હવે શરીર ઉત્તરાવસ્થામાં છે. મારું હૃદય ભકિતના ભાવને લીધે કોમળ છે. પ્રસંગવશાત્ સહનશકિતની ઊણપને લીધે કોઈ વાર ઉગ્રતાને અધીન બનીને વાણીમાં કઠોરતા આવે છે, પણ એ અંતરમાં ઊંડી નથી ઊતરતી. સાવધાનતાથી એને નિર્મૂળ કરું છું. એ મારી અભ્યાસશૈલી છે. એવી ક્ષણિક કઠોરતા માટે સૌ ક્ષમા કરે!

(૪) ઉત્તરવયે હવે મારે એ મિત્રોનો ઉપદેશ કે મહેણાં નથી સાંભળવાં. હું જેવો છું એવો એ બધાંયે નથી બનાવ્યો. એમના ઉપદેશ કે આજ્ઞાથી હું નથી ઘડાયો. હું જડમાટીનો પિંડ નથી કે મારામાં એ બધાં ફેરફાર કરી શકે; મારી સાથે સંબંધ રાખવા ઈચ્છનારાં તન-મન-ધનથી સહાનુભૂતિ દાખવી શકે તો દાખવે; નહિ તો મને મારી રીતે એકાન્તે આત્માનન્દમાં નિમગ્ન રહેવા દે. આ કઠોર અને કટુ સત્ય છે. આથી વધારે કોમલ શબ્દોથી હું કઈ રીતે મારી નિઃસ્પૃહતા દાખવી શકું?

(૫) આ કંટાળો નથી; કોઈ માટે તિરસ્કાર નથી. પણ ઉપરતિ છે; અને મારા તથા એમના બધાના પરસ્પર હિતમાં છે, એમ હું માનું છું. મારી સાથે જેનો પ્રકૃતિભેદ હોય, તેવાઓ શા માટે સંબંધ રાખીને સારો એવો ઘનિષ્ટ સબંધ સમજીને પણ મને સુધારવા મથતા હોય તેમ મન-વાણીના દોષ વહોરે છે!? સૌ શાન્ત થાય અથવા મારાથી મુક્ત થાય!

(૬) આ અનુભવોએ મને તો ખૂબ જ લાભ કર્યો છે.

સ્વા. રામતીર્થ એક વ્યાખ્યાનમાં કહે છે કે :

'According to Vedanta, all pity is weakness.'

"વેદાન્તસિદ્ધાન્ત પ્રમાણે દયા તો એક જાતની દુર્બલતા છે."

તાત્પર્ય એ છે કે જગત સાથે જે સંબંધ રહે, એમાં જો દયા જ મુખ્ય ભાગ ભજવે તો એ મોહ અને મમત્વના રૂપમાં ફેરવાઇને આસક્તિ ઊભી કરે છે, અને દયા કરનારમાં મિથ્યાભિમાન ઊભું કરે છે. એમાંથી નિર્મોહી બનવું એજ પરમ સાધન છે.

આત્મદર્શન, આત્મપ્રેમ, ભગવદ્દર્શન, લોકહિત, માનવપ્રેમ —એ બધાં સુંદર સત્યોનો અનુભવ તો નિર્મોહીપણામાં જ થવો જોઇએ. જે કાંઇ ભાવના, વિચાર કે કર્મ થાય એમાં આત્મભાવે જે થાય તે થવા દો કે કર્યા કરો, પણ દયાનો ભાવ અવતર્યો કે તમે મૂઆ પડયા છો. હું દયાળુ બન્યો હોઇશ, અપાત્રે દયા પણ થઇ હશે પણ એમાં સ્વાર્થની ગંધ નથી—એમ મેં મારા અંતરને તપાસી તપાસીને જોયા કર્યું છે. હું લાગણીપ્રધાન છું; નહિ તો આવું લખત પણ નહિ; લખવાનો પ્રસંગ પણ ન આવત. પરન્તુ સહવાસમાં આવનારાં વાનપ્રસ્થો, ગૃહસ્થાશ્રમી સ્ત્રીપુરુષો, નવયુવકો, બાલકો બધાં પ્રતિ આત્મદર્શન કરવાના મારા પુરુષાર્થમાં કયાંક મોહ – મમતા – આસક્તિ આવી જતાં હશે, એમાંથી બચાવી લેવા માટે જ મને આ આશ્રમવ્યવસાય આવી મળ્યો. એક ગુરુતુલ્ય સન્તે મને આજ્ઞા કરી હતી અને સ્થાયી થયો. ઢોર બેસે ત્યાં ઉકરડો થાય તેમ હું સ્થાયી થયો ત્યાં મકાનમિલકત વધ્યાં – ખડકાયાં; મને એની સાચી કિંમત સૂઝી અને વૈરાગ્યની દઢતા કરાવીને આત્મદષ્ટિને ઉજવળ પંથે મને શ્રી ગુરુદેવે સતત્ જાગ્રત રાખ્યો ! ધન્ય ગુરુદેવ ! ૐ

*　　　　*　　　　*

શરીર અશક્ત થતું જાય છે તેથી બહાર હવે ન જ નીકળવું, એક જ સ્થાને સ્થાયી રહેવું, આશ્રમના કાર્યભારના સંચાલનમાં ઉપયોગી થાય એવા જ મિત્રો કે શિષ્યોનો સહકાર રાખવો—એ વિષે બનશે તો ભવિષ્યમાં સ્પષ્ટતા કરીશ. આ તો જીવનના ઉત્તર કાળમાં આંતરશાંતિને પોષણ મળે એવો બાહ્ય શાન્ત વ્યવહાર કેમ ગોઠવવો એના વિચારમન્થનને અંગે આટલું લખું છું, મારા અંગત મિત્રોને પુનઃ વિનંતિ છે કે:

(૧) શુદ્ધ સેવાભાવી યુવાન કાર્યકર મિત્રોની ઇચ્છા હોય તો આવીને અહીં રહે. અને સાધન-અભ્યાસની સાથે સાથે વિનમ્રભાવે વ્યવસાયોમાં નિષ્કામભાવે સહકાર આપે.

(૨) આસપાસના અંગત ગણાતા મિત્રો કે શિષ્યો પરસ્પરના રાગદ્વેષથી મુકત થઇ ઉદારતા કેળવે. દોષદૃષ્ટિથી વેગળા રહી શકે તો જ અહીં આવે; નહીં તો મને એકલો શાંતિથી રહેવા દે.

(૩) ભગવાન વિષ્ણુ અને ભગવતી લક્ષ્મીના યુગમાં સત્ત્વગુણરૂપ વિષ્ણુની ઉપાસના હશે, તો નિર્વાહનાં સાધનરૂપ, દેહયાત્રાના રક્ષણરૂપ ધનસામગ્રી આવી મળશે,—અલબત્ત ખાનપાન અને અન્નવસ્ત્રમાં સ્વાદશોભાનો નહીં, પણ નીરોગી દેહપોષણનો અને સાદાઇનો જ કેવળ ઉદ્દેશ હશે તો જ.

(૪) અહીંઆં આવીને રહેનારાં સજ્જન કે સન્નારીઓ મારાં અન્ય સ્થાયી સંતસાધુ કે મિત્રોના દોષ ન જોતાં સંસ્થાનો કાર્યભાર હલકો કરવાના પ્રયત્નો કરે એમ વિનવું છું. શા માટે અહીં આવીને પોતાનાં ચિત્તને મલિન કરે?

( ૫ ) સંન્યાસીઓના સંબંધો નિરપેક્ષ સત્યદર્શન માટે હોય છે. એવું દર્શન ન કરતાં દોષદર્શન, રાગદ્વેષ વગેરે ચિત્તમાં પ્રવેશ કરે, એવું કયો શાણો સાધક ઇચ્છશે ?

* * *

બધું અંગતભાવે લખી રહ્યો છું. હું મારી રીતે, સ્વભાવ પ્રમાણે આવડત હોય તે રીતે જીવું છું. એ માટે સૌ ક્ષમા કરે અને હવે–આટલી ઉંમરે જ્યાં હું સૌની સહાનુભૂતિ અને સહકાર ઇચ્છું ત્યાં જેઓને મારી આ પ્રવૃત્તિઓમાં દોષ દેખાતા હોય તેઓ મારાથી મુકત થાય એમ ઇચ્છું છું.

હું માનું છું કે ટીકા કરનારા મારી નિર્દોષતાના ભકતો છે; મારી પવિત્રતા વિષે એમને અપૂર્વ માન છે અને મારા પ્રતિની અમર્યાદ ભકિતને લીધે જ એમનો સ્વભાવ નિરંકુશ બનીને યદ્વા તદ્વા વિવેકહીન ટીકા કરે છે, પરંતુ એમણે વિવેક શીખવો જોઇએ. હું અમુકની સાથે સંબંધ રાખું કે ન રાખું, એ શિખામણ મારે નથી સાંભળવી. અમુકને ત્યાગો, અને અમુકને રાખો, તમે ભૂલ કરો છો, તમે ખોટી દયા બતાવો છો, આવી ક્ષુલ્લક ટીકાઓ સાંભળું છું, અને મને એમની પણ દયા આવે છે.

મને જ્ઞાની માનતા હો તો હું જેમનો સહવાસ રાખું છું, એમનાં અજ્ઞાન દૂર કરવા મથું છું; મને પવિત્ર માનતાં હો, તો જે અપવિત્ર છે એમને શુદ્ધ કરવા જાઉં છું—તો પછી વિરોધ શાનો ? ઉદાર થાઓ ! શાન્ત થાઓ ! ૐ શાન્તિ : શાન્તિ શાન્તિ :

( નવેમ્બર-૧૯૫૨ )

## શ્રદ્ધાની કસોટી

'ઉત્થાન'ના સંચાલન માટે કે પ્રારબ્ધવશાત્ આવી પડેલા બીજા કોઇ વ્યવહારના ઉકેલ માટે, જ્યારે જ્યારે વિશેષ ચિંત્વન કરવું પડે ત્યારે મને શાસ્ત્રની આજ્ઞાઓ કરતાં સન્તોની પ્રાસાદિક વાણીની તથા જૂના અનુભવોની વાતો યાદ આવે છે; શ્રદ્ધામાં વધારો થાય છે અને ધન્ય છે શાસ્ત્રોને ! ધન્ય છે સન્તોને ! એવા વણગોખ્યા ઉદ્ગાર સ્વાભાવિક સરી પડે છે.

પહેલાં "ખાસ અંગત" લખ્યા પછી 'ઉત્થાન'ના સંચાલન અંગેનું આન્તરમન્થન સતેજ બનવા માંડયું. એ વખતે બે જૂના પ્રસંગો સ્મરણપટમાંથી ઊભા થયા અને અન્તરમાં અનન્ય આનંદ આવ્યો.

**પ્રથમ પ્રસંગ:**

પ. સ્વા. રામતીર્થની ઇ. સ. ૧૯૦૬માં અકસ્માત્ જલસમાધિ થઇ, ત્યાર પહેલાં એમણે અમેરિકામાં આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ પાછળથી સુધારોવધારો કરવાના ઉદ્દેશથી તેઓએ પોતાની પાસે સંગ્રહી રાખ્યો હતો. એમાં એકાદ બે કયાંક માસિકપત્રોમાં છપાયા હશે. પરંતુ એ બધા સુધારીવધારીને પુસ્તકાકારે ગોઠવવાની એમની ઇચ્છા હતી, જે અકસ્માત દેહાન્તને લીધે ન બની શકયું.

હિમાલય-ગઢવાલના ટિહરી ગામ પાસે એ રાજ્યના સિમલાસૂ બગીચા પાસે, ભાગીરથી ગંગાને જોરથી દોડીને ભેટવા જતી

ભૃગુ–ગંગા નામની નદીમાં એમનું શરીર તણાઇ ગયું. ત્યાંથી એકાદ માઇલ દૂર જ એ બન્ને નદીઓનું સંગમસ્થાન છે. એમના બ્રહ્મલીન થવાના શોકસમાચાર પ્રથમ એમના પટ્ટશિષ્ય સ્વા. નારાયણતીર્થને મળ્યા. ચારેક માઇલ દૂર રહેતા હતા ત્યાંથી એ ત્યાં પહોંચ્યા. પુષ્કળ શોધ પછી શરીરને ત્રીજે દિવસે બહાર કાઢ્યું; પુનઃ પેટીમાં બંધ કરી વિધિપુરઃસર ગંગાજીમાં પધરાવ્યું. રામના બીજા શિષ્ય સરદાર પૂર્ણસિંહ પણ ત્યાં દહેરાદૂનથી પહોંચી ગયા હતા. એ બન્ને શિષ્યોએ લેખો વ્યાખ્યાનોની પેટીઓ ઉઘાડી અને અમેરિકામાં આપેલા વ્યાખ્યાનોની ટાઇપ કરેલી પ્રતઓ જોતાં હર્ષગર્વથી ચકિત થયાં.

એ બધું વ્યવસ્થિત ગોઠવવા માટે સરદાર પૂર્ણસિંહને સોંપીને સ્વા. નારાયણતીર્થ દોઢેક વર્ષ હિમાલયના એકાન્તમાં રહ્યા. સરદાર પૂર્ણસિંહે જોઇ તપાસીને વિષયવિભાગ ગોઠવ્યા, પરંતુ એ છપાવવાનું કામ કોણ કરે?

* * * *

દિલ્હીનિવાસી માસ્તર અમીરચંદે ધીરેલાં નાણાંમાંથી અંગ્રેજી ગ્રંથો છપાતા હતા; બે ભાગ પ્રકટ થઈ ચૂકયા હતા અને ત્રીજાની તૈયારી હતી, તે અરસામાં મને સ્વા. નારાયણતીર્થજીનાં દર્શન થયાં હતાં. એ પ્રકટ કરવાની યોજના કેવી રીતે થઈ, એની વિગત એમણે મને સ્વમુખે કહી હતી. માસ્તર અમીરચંદ સાથેની એમની મુલાકાત તથા અકસ્માત્ સંયોગની હકીકત અહીં ઊતારૂં છું. “માસ્તર અમીરચંદના પિતા દક્ષિણ હૈદ્રાબાદ રાજ્યમાં ઊંચી પદવી ઉપર નોકર હતા. અમીરચંદજી વીસ–પચીસ વર્ષની વયે વિધુર થયા, પછી વિદ્યાવ્યાસંગી જીવનપ્રેમને લીધે પિતાની ઈચ્છા છતાં બીજી વાર ગૃહસ્થાશ્રમી ન બન્યા.

"શ્રી એન્ડ્રુઝ (દીનબન્ધુ એન્ડ્રુઝ બન્યા તે પહેલાં) દિલ્હીમાં ખ્રિસ્તી કૉલેજમાં હતા; અને જન્મપ્રાપ્ત ખ્રિસ્તીધર્મના પક્ષપાતી હતા. એ જ કૉલેજમાં શ્રી અમીરચંદ પણ નોકરી કરતા હતા. અમીરચંદનો સત્યાન્વેષી સ્વભાવ, ત્યાગવૃત્તિ, વિદ્યાર્થીઓને પોતાને ઘેર રાખી તન–મન–ધનની સહાયતાથી સેવા કરવાની ધગશ, પોતાના ભત્રીજાઓને પણ પોતાને ત્યાં જ રાખી વાત્સલ્યથી ઉછેરવાની ઉદારતા, એ બધા ગુણોથી આકર્ષાઇને શ્રી એન્ડ્રુઝ એમના ઉપર ખૂબ જ પ્રીતિ રાખતા હતા. પરસ્પરના નિકટ સંબંધને લીધે અમીરચંદની મનોભાવના ખ્રિસ્તી ધર્મની એટલે સુધી પક્ષપાતી બની હતી કે ખ્રિસ્તીસંપ્રદાય સ્વીકારવા પણ તૈયાર થવાનો સંભવ હતો, કારણ કે વેદોક્ત ધર્મનાં લોકોત્તર રહસ્યોનો તો ઠીક પરંતુ કોઇ સંતસમાગમનો પણ એમને લાભ નહોતો મળી શક્યો.

"સ્વા. નારાયણતીર્થ વૈશ્યધર્મ પરિષદ્‌માં નિમંત્રણથી વ્યાખ્યાન આપવા મીરત આવ્યા હતા. ત્યાં શ્રી અમીરચંદે એમનાં વ્યાખ્યાનો સાંભળ્યાં અને વેદોક્ત ધર્મ તથા વેદોક્ત તત્ત્વજ્ઞાનમાં એમની શ્રદ્ધા પ્રકટી. સ્વા. નારાયણતીર્થનો અંગત સત્સંગ–પરિચય સાધ્યો અને કૃતકૃત્યતા તથા ઉપકારવૃત્તિ દાખવીને કહ્યું કે; "સ્વામીજી! મારામાં શ્રદ્ધા સ્ફુરી છે કે આપણા ધર્મ, શાસ્ત્રજ્ઞાન તથા એનાં ગૂઢ રહસ્ય એ ખરે જ, આપ વર્ણવો છો તેવાં જ હોય તો અદ્‌ભુત છે. હું ખ્રિસ્તી ધર્મનો પક્ષપાતી બન્યો હતો, હવે મને વિશ્વાસ છે કે મને જે સત્યદર્શનની ઝંખના છે, એ આપણા ધર્મગ્રન્થો, સન્તોનો પરિચય અને અભ્યાસ દ્વારા પૂરી પડશે; મારા આ પરિવર્તન માટે હું આપનો ઋણી છું. મારે યોગ્ય કોઇ સેવા હોય તો બતાવો."

સ્વા. નારાયણતીર્થજી ગુરુદેવ રામતીર્થનાં પેલાં અમેરિકાનાં

વ્યાખ્યાનો સરદાર પૂર્ણસિંહ પાસેથી લઇને પોતાની સાથે લાવ્યા હતા. એ માનતા હતા કે જ્યારે એનું છાપવાનું રામને મંજૂર હશે ત્યારે અનાયાસે થઈ જશે; ત્યાં સુધી પોતાને આ અમૂલ્ય જ્ઞાનભંડારના સ્વાધ્યાયનો લાભ મળે છે એ મહત્તા ઓછી નથી. એ વ્યાખ્યાનોને એ જીવનવેદ કહેતા. શ્રી અમીરચંદજીની સેવાવૃત્તિ અને સ્વા. નારાયણતીર્થની વ્યાખ્યાનો છપાવવાની ઇચ્છાનો સુમેળ થયો; એ યોજનાની વાત કરતાં શ્રી અમીરચંદજીએ સ્વીકારી લીધી; નાણાં રોક્યાં; સ્વા. નારાયણતીર્થને દિલ્હી લઇ ગયા અને સ્વા. રામતીર્થના અંગ્રેજી લેખોનું પુસ્તક પ્રકટ થયું.

આ પ્રસંગનો સારબોધ કહેવાની તક હું ઇ. સ. ૧૯૧૩–૧૪માં રામમઠ—ટિહરી (હિમાલય)માં રહેતો હતો ત્યારે સાંપડી હતી. ટિહરી પાસેના ગંગાતટ ઉપરના માલિદેવલ ગામ પાસે સ્વા. રામતીર્થજીએ નિત્યનિવાસ માટે પાકી કુટિઓ બાંધવાની એમના ભક્ત ટિહરીનરેશને આજ્ઞા આપી હતી. ત્યાં ત્રણેક કુટિઓનું કામકાજ અર્ધુંએક થયું હશે, એટલામાં એમનું શરીર જલપ્રવાહમાં પંચત્વ પામ્યું. પાછળથી ટિહરીનરેશે સ્વા. નારાયણતીર્થને એ સ્થાન સુપ્રત કર્યું. કુટિઓ તૈયાર થઇ અને રામમઠના નામથી એ ઓળખાવા માંડી.

મેં ત્યાં જઇને રહેવા માંડયું; સ્વામીજીએ પણ બબ્બે-પાંચપાંચ મહિના રહેવાનું શરૂ કર્યું. અભ્યાગત સાધુઓ, રામ–નારાયણનો શિષ્યવર્ગ અને બીજા આગન્તુકોની આવજા વધી એટલે એ સ્થાનમાં નવાં મકાન બનાવવાની, બેએક માઇલથી ઝરણું વાળીને પાણી લાવવાની અને બીજી અવનવીન યોજનાઓની ઇચ્છાઓ એમના તથા મારા મનમાં ઊભરાવા માંડી.

હું રહ્યો તદ્દન નવીન સાધક; શાસ્ત્રની પરિભાષાનું વધારે જ્ઞાન નહીં, એટલે આવી યોજનાઓના વિચારો ચાલતા હોય ત્યારે શંકા કર્યા કરું.

"આમ કરવું છે ને તેમ કરવું છે એવી વાસનાઓ જ્ઞાનીઓએ કરવી જોઈએ? જ્ઞાની તો વાસનારહિત હોય!" મેં પૂછ્યું હતું.

"શુભવાસના એટલે પરહિતનાં કાર્યોની ઇચ્છાઓ અને યોજના. વાસના અને ઇચ્છાઓ વચ્ચે તફાવત છે. ઇચ્છાઓ એટલે દેહરક્ષણ માટેનાં આવશ્યક તથા અધ્યાત્મજ્ઞાન પ્રચારનાં લોકહિત માટેનાં નિઃસ્વાર્થ કર્મો, વાસનાઓ એટલે ઇંદ્રિયભોગ અને લોલુપતા માટેનાં, વિલાસપ્રિય, રજોગુણ કર્મોની અંતરમાં ઊઠતી સ્વાર્થી ઇચ્છાઓ.

"આપણે લાખો વિચારો કરીએ, અસંખ્ય સંકલ્પો મનમાં ઊઠ્યા કરે, એમાં નવાઇ નથી. કારણ કે મનનો સંકલ્પ-વિકલ્પ કરવાનો ધર્મ જ છે. એ વિચારો પ્રમાણે જ કર્મો થાય, સફલ જ થાય, વિઘ્નકર્તા ઉપર દ્વેષ કે ક્રોધ ઊપજે, એ છે વાસનાનું સ્વરૂપ અને પરિણામ.

"પરન્તુ મન પોતાના સ્વભાવ પ્રમાણે શુદ્ધ સંકલ્પો કર્યા કરે, સંયોગો જ્યારે અને જેવી રીતે અનુકૂલ થાય તે પ્રસંગે એને માટે કર્મો થાય, વિઘ્નકર્તાઓને ક્ષમા કરાતી જાય, અને પરિણામ નિષ્ફલ કે વિપરીત આવે તો પણ ચિત્તમાં કશી અસર ન થાય એ છે શુભવાસનાનું સ્વરૂપ.

"આપણે જે ઇચ્છીએ છીએ એ થાય ન થાય, ગમે ત્યારે

થાય, ગમે તેની મારફત થાય, ગમે તેવી રીતે થાય એની સાથે આપણે મોહ, મમત્વ કે આસક્તિ નથી. આ બ્રહ્માંડમાં અનન્તકાળથી માનવસૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે; સૂક્ષ્મ દેવદેવતાઓ પણ અદૃષ્ટ રીતે વિહાર કર્યા કરે છે. વાયુમંડળના પ્રવાહો દશે દિશામાં વેગથી દોડયા કરે છે, સૂર્ય, ચંદ્ર કે નક્ષત્ર-મંડળ આકાશમાં ઘૂમે છે અને ક્રિયાશીલ રહે છે, સૂર્ય-મંડળની આસપાસ ગ્રહો ફરે છે, પૃથ્વી નામના ગ્રહ ઉપર અસંખ્ય જીવરાશિ પ્રાણીઓ છે, એમાં જ્યાં જ્યાં "મન" હશે, ત્યાં સંકલ્પવિકલ્પો થતા હશે. આ બ્રહ્માંડ જો ક્ષેત્ર છે, તો પ્રાણીમાત્રના સંકલ્પો એમાંથી ઉપજતાં ફલપાકરૂપે બનતાં કર્મો બીજસમૂહો છે. એ સંકલ્પબીજ કર્મફલ સાથે જે માનવીઓ આગ્રહભર્યું મમત્વ રાખે, એને એનું બંધન લાગે, એવા કર્તાભોકતાને દ્વંદ્વ ભોગવવાં પડે, પણ સંકલ્પ સાથે મમતા ન હોય, એવાં કર્મો તો સમષ્ટિ ચૈતન્યસ્વરૂપ ઈશ્વરનાં કર્મો કહેવાય છે. જીવભાવના મમત્વભર્યા સંકલ્પો કે કર્મોનું જીવાત્માને બંધન છે. ઈશ્વરના સંકલ્પો અને કર્મો તો સ્વતંત્ર છે અને એ જ ફલીભૂત થાય છે, એમાં જેમ નિષ્ફલતા નથી, તેમ ઈશ્વર નિર્મોહી હોવાથી એને પણ બંધન નથી.

"આપણે કેવલ શુભ સંકલ્પો ઊઠે તે ફેંકીને ઈશ્વરાર્પણ કરી દેવા. એમાંથી જે સ્વરૂપે જેના દ્વારા કર્મો થવાનાં હશે તે રીતે થશે; એનો ભોગ જેમને માટે ઈશ્વરે નિર્માણ કર્યો હશે તે ભોગવશે. આપણે સંકલ્પ કરીએ, કર્મો કરીએ અને દ્વંદ્વરૂપ ફલમાં આસકિત ન રાખીએ. અથવા એનાં ફલ આપણે જ ભોગવવાં છે એવો આગ્રહ કે અહંકાર ન રાખીએ, તો એનું બંધન આપણને શી રીતે સતાવે?"

"ઇશ્વરના વિહારક્ષેત્ર જેવા આ બ્રહ્માંડમાં કયું કર્મ, કોના સંકલ્પથી, કોના દ્વારા કયા દેશમાં, કયા કાલ (કયે સમયે)માં થાય એનો આગ્રહ શા માટે?"

આમ કહીને એમણે સ્વા. રામતીર્થનાં વ્યાખ્યાનો છપાવવાની કેવી અગમ્ય અને અકસ્માત્ રીતે યોજના થઇ એ કહી સંભળાવ્યું હતું. સ્વા. રામતીર્થના બ્રહ્મલીન થવા સાથે જ ઇ. સ. ૧૯૦૬માં વ્યાખ્યાનો છપાવવાનો સંકલ્પ થયો હતો; ઇ. સ. ૧૯૦૯–૧૦માં એ સંકલ્પ ફલીભૂત થયો. ત્રણચાર વર્ષ એ સંકલ્પ ઇશ્વરકૃત સૃષ્ટિક્ષેત્રના ગર્ભમાં રહ્યો અને ઇશ્વરની ઇચ્છાથી ફલીભૂત થયો. સમયનો પરિપાક થતાં શ્રી અમીરચંદ નામની વ્યક્તિને નિમિત્ત બનાવીને પરમાત્માએ સિદ્ધ કર્યો. આ છે આટલું લખવાનો સારભાગ.

* * * *

શુભ સંકલ્પો હૃદયમાં ઊઠે એ અંતઃકરણનો ધર્મ છે; અજ્ઞાની જીવાત્મા સંકલ્પને વળગી રહીને ચિત્તમાં ચિંતારૂપ દાહ રાખે છે; કર્મની સફલતા માટે હવાતિયાં મારે છે; કર્મ અને કર્મફલ સિદ્ધ ન થાય ત્યારે હતાશ કે નિરાશ થઇને શોકમગ્ન થાય છે: સંકલ્પ સફલ થાય ત્યારે હર્ષથી પ્રફુલ્લ થઇને એની સફલતામાં પોતાને જ નિમિત્ત માનીને મિથ્યાભિમાની બને છે. કારણ કે એને સંકલ્પો, કર્મો, કર્મફલ અને કર્મભોગમાં મોહ તથા મમત્વભર્યો આગ્રહ હોય છે.

જ્ઞાનીના અંતરમાંથી શુભસંકલ્પ ઊઠે છે; સંયોગો અનુકૂલ થાય ત્યાં સુધી સંકલ્પને વિસારી મૂકે છે. ઇશ્વરના બ્રહ્માંડ-ક્ષેત્રમાં એનું બીજારોપણ થાય છે. અનાયાસે કર્મ સફલ થાય

તો ઇશ્વરને નિમિત્ત માનીને પોતે નિરભિમાની બને છે; હૃદયમાં પરમાત્માની કૃપા માનીને સંકલ્પ, કર્મ અને ફલ ત્રણેયને વિસારીને પરમાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપથી હૃદયને ભરીને અલૌકિક આનંદ માણે છે; હર્ષશોક, આશાનિરાશા, કે લાભહાનિ જેવાં દ્વંદ્વો એને સતાવતાં નથી.

*　　*　　*　　*

## દ્વિતીય પ્રસંગ

ઇ. સ. ૧૯૧૯માં "રામતીર્થ પ્રકાશન સંસ્થા"ની લખનૌમાં સ્થાપના થઇ. સ્વા. રામતીર્થનાં લેખવ્યાખ્યાનો અંગ્રેજી, હિન્દી અને ઉર્દૂમાં, પ્રચારના કરતાં કમાણી કરવાના ઉદ્દેશોથી ભિન્નભિન્ન વ્યક્તિઓએ છપાવવા માંડયાં હતાં. એમાં બે રીતે હાનિ દેખાઇ આવી. લોભી લોકોએ પરોપકારને બહાને ધન કમાવા માંડયું અને મૂલ લખાણમાં વધારોઘટાડો થવા માંડયો, અશુદ્ધિઓ વધી પડી તે વધારામાં. આ બન્નેમાં યોગ્ય વ્યવસ્થા લાવવાના હેતુથી ઉપર્યુક્ત સંસ્થાની સ્થાપના કરી.

એ જ અરસામાં મધ્યભારતના છિંદવાડા ગામમાં એક નવયુવાન વકીલે હિન્દીમાં રામતીર્થનાં સમગ્ર લેખવ્યાખ્યાન છાપવાની પત્રિકા પ્રકટ કરી; એ બાબતની મનાઇ કરતાં ચોર કોટવાળને દંડે એ ન્યાયે એણે પ્રકાશન સંસ્થામાં સ્વા. નારાયણ-તીર્થ પ્રમુખ હતા તેથી, અને હું મંત્રી હતો એ માટે અમને બન્નેને છિંદવાડાની કચેરીમાં ઘસડયા; બચાવ માટે તદ્દન અજાણ્યા એવા શહેરમાં ઉત્તરપ્રદેશમાં એક ઓળખીતા સજ્જનના સંબંધી વકીલને ત્યાં હું ગયો અને ઊતર્યો; વકીલ રોકયા; ઘણી ગડબડ ઊભી થઇ; કચેરીમાં ન જતાં છેવટે સમાધાન

થયું, પણ મને એ વિષે ચિત્તમાં ખૂબ જ સંસ્થા સંબંધે મમત્વ હોવાથી વિઘ્નકર્તા પ્રતિ ઘૃણા, કાર્યની સફળતા નિષ્ફળતા વિષે શંકાકુશંકા. અયાચક વૃત્તિથી રહેનારા અમે ગુરુશિષ્ય સંન્યાસીઓની આર્થિક સંકડામણ અને એવી એવી અનેક મુશ્કેલીઓથી ચિત્ત ચિંત્તાગ્રસ્ત રહેતું હતું.

હું છિંદવાડા પહેલો ગયો હતો; પંદરેક દિવસ પછી સ્વામીજી પણ ત્યાં પહોંચ્યા; સામા પક્ષે સમાધાનવૃત્તિ દાખવી અને સંસ્થાના કાર્યને સફલતા મળી. એ વખતની મારી મનોદશા વિચિત્ર હતી. સ્વામીજી હમેશાં સમાધાન કરતા રહેતા હતા.

છિંદવાડામાં સાંજે અને બન્ને ફરવા નીકળી પડતા. હું વારંવાર કાર્યની સફલતા-નિષ્ફળતા વિષે ચિન્તા કર્યા કરતો:

એમણે કહ્યું હતું: "જો, આ સેવાકાર્ય છે એટલે રામનું કામ છે. તારા કે મારા પોતાના એકલા સ્વાર્થ માટે નથી, ઉદ્દેશ કેવલ પરોપકારનો છે; કીર્તિ-અર્થલાભ માટે તો આપણે કશુંયે કરતા નથી. શરીરથી અવિરત ભાવે કાર્ય કર્યા કરીએ છીએ; ધનની સેવા જેવી અને જેટલી જે રીતે મળે છે, એની મર્યાદામાં રહીને ખર્ચ કરીએ છીએ; મારા કે તારા દેહનિર્વાહનો ખર્ચ પણ સંસ્થાને શિરે નથી. તો પછી રામનાં કાર્ય તો રામને કરવાં હશે એ રીતે કરશે; કોઈ બીજાની દ્વારા એ કરાવવાનું હશે તો સારું જ થશે એવી શ્રદ્ધા રાખીને શા માટે પ્રતિપક્ષ તરફ ઘૃણા દાખવીને આપણા મનને મલિન બનાવવું? નિષ્કામ કર્મયોગનું રહસ્ય જ એ છે કે શરીર ધર્મકર્મમાં ક્રિયાશીલ રહે એટલે બીજાં અયોગ્ય કર્મ ન કરી શકે, અને મનમાં શુભ સંકલ્પ રહે એટલે અશુભ સંકલ્પને ઉઠવાના પ્રસંગ જ ન

ઊભો થાય. એવી નિષ્કામતાથી તનમન શુદ્ધ થાય છે એટલું જ નહિ, પણ રાગદ્વેષ, માનઅપમાન, લાભહાનિ, સફલતાનિષ્ફલતા, ફલાસક્તિ કે દુરાગ્રહ જેવી બંધનકારક વૃત્તિઓથી ચિત્ત મુકત રહે છે.

" ઉપરાંત પરમાત્મામાં, એના કલ્યાણમય સ્વરૂપમાં, આપણા ઉપરની અમૃતદૃષ્ટિમાં, પ્રત્યેક કાર્યમાં અને એની સત્તાસ્ફૂર્તિમાં આપણી નિષ્ઠા દૃઢ થતી જાય છે.

' માટે નિશ્ચિંતભાવે જે થાય છે તે કર્યા કરવું, મનમાં ઉદ્વેગ ન રાખવો અને આમ જ થાય તો ઠીક એવો આગ્રહ ન રાખતાં, વિશુદ્ધભાવે જે કર્મ આપણને ઇશ્વરે સોંપ્યું છે તે હાર્યા-થાકયા વિના કર્યે જવું."

મને આવી રીતે શાંત પાડતા અને ચિત્તશાંતિપૂર્વક પ્રારબ્ધયોગભોગનું અનુભવશિક્ષણ આપતા.

* * * *

આ બન્ને પ્રસંગો હમેશાં યાદ આવે છે અને જયારથી આશ્રમ અને ઉત્થાન જેવી પ્રારબ્ધયોગની પ્રવૃત્તિઓ હાથમાં આવી છે, ત્યારથી એ અને એવા બીજા અનુભવો અંતરમાં ધૈર્ય, ઉત્સાહ, શ્રદ્ધા અને અથાક ક્રિયાશીલત્તાની પ્રેરણા આપ્યા કરે છે. ભ. ગી. ના કર્મસંન્યાસયોગ નામના ચોથા અધ્યાયના ઓગણીસમા શ્લોકમાં કામ અને સંકલ્પનું સ્વરૂપ સમજાય એવી રીતે કર્મમાં અકર્મ જેવાની સમજણ આપેલી છે. શ્લોક આ પ્રમાણે છે:

यस्य सर्वे समारंभाः कामसंकल्प वर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः ॥ १९ ॥

**અર્થ :**—જેના બધા સમારંભ (જેનો આરંભ થાય એનું નામ સમારંભ એટલે બધી જાતનાં કર્મ) કામ (ભોગવાસના) વાળા સંકલ્પથી રહિત હોય અને જ્ઞાનાગ્નિથી ભસ્મ થયેલાં હોય એવાં કર્મ કરનારને બુદ્ધિમાન પુરુષો પંડિત (તત્ત્વવિદ્) કહે છે. એમાંના કામસંકલ્પ શબ્દને શ્રી શંકરાચાર્ય, શ્રીધર સ્વામી તેમ જ સ્વા. મધુસૂદન સરસ્વતી જુદી જુદી રીતે સમજાવે છે. આપણે બધી અદ્વૈત ટીકાઓનો સમન્વય થાય એ રીતે વિચાર કરી લઈએ.

વેદાન્તસિદ્ધાન્ત પ્રમાણે અંતઃકરણની ચાર મુખ્ય ઉપાધિ છે: (૧) સંકલ્પવિકલ્પ કરનાર મન (૨) વિવેક કરનાર બુદ્ધિ, (૩) ચિંત્વન કરનાર ચિત્ત અને (૪) કર્મમાં અહંભાન રાખનાર અહંકાર. અંતઃકરણની આ વૃત્તિઓનો વ્યાપાર સુષુપ્તિ અને સમાધિમાં બંધ થાય છે, જ્યારે સ્વપ્ન અને જાગ્રતમાં કોઇનાથી રોકી શકાય એમ છે જ નહીં; કારણ કે એનો એ સ્વભાવધર્મ છે; શરીરનું પ્રારબ્ધ પૂરું થાય ત્યાંસુધી એનો સંબંધ એની સાથે રહે છે એટલે એને નિર્મૂળ કરવાનો અભ્યાસ કરવો વ્યર્થ છે; પાણી વલોવવા જેવું છે.

કામનો અર્થ વાસના થાય છે; વિષયચિંત્વન થયા પછી વિષયપ્રાપ્તિ માટેનાં કર્મોમાં કામની પ્રેરણા હોય છે. શાસ્ત્રમાં બે પ્રકારનાં કર્મો કહ્યાં છે, એક સકામ અને બીજું નિષ્કામ. એ બન્ને પ્રકારનાં કર્મમાં સંકલ્પ તો હોય છે જ; સકામ કર્મમાં જેમ વિષયસંકલ્પ હોય છે, તેમ નિષ્કામકર્મમાં નિઃસ્વાર્થ કર્મના સંકલ્પ હોય છે. અહીં કામસંકલ્પનો અર્થ વિષય-સંકલ્પ કરવાનો છે; નિષ્કામ કર્મમાં સંકલ્પ હોય છે તે બંધનકારક હોતો નથી. દા. ત. કોઇ સજ્જન પોતાના ગામમાં

એક ધર્મોદય ઔષધાલયની આવશ્યકતા સમજીને એ માટે કર્મ કરવાનો સંકલ્પ કરે છે; એમાં પોતાનો કોઈપણ જાતનો સ્વાર્થ ન હોવાથી એ નિષ્કામકર્મનો સંકલ્પ કહેવાય છે; કીર્તિની, પોતાનાં કે પોતાનાં માનેલાં સગાંસંબંધીઓના જ ભલા માટેની, ધન કમાવાની કે એવી કશી સ્વાર્થવૃત્તિ ન હોય, એટલે એ કર્મ લોકહિતનું, જનસેવાનું કે ઈશ્વરપ્રીત્યર્થનું કહેવાય છે. એમાં સંકલ્પ તો છે પણ સકામતા નથી એટલે એવો સંકલ્પ નિષ્કામસંકલ્પ કહેવાય છે. ગીતામાં કામસંકલ્પનો ત્યાગ કરવાનું કહ્યું છે; મન જ્યારે સકામસંકલ્પ ન કરે ત્યારે નિષ્કામસંકલ્પ કરે કારણ કે મન પોતાના સંકલ્પ કરવાના ધર્મ—સ્વભાવને તો કોઈ કાળે છોડી શકે એમ છે જ નહીં.

આવી રીતે લોકસંગ્રહની પ્રવૃત્તિ માટેનાં કે જીવનયાત્રાના નિર્વાહ માટે નિવૃત્તિ માટેનાં કર્મ, એ બધાં કામસંકલ્પથી વર્જિત હોવાથી બંધનકારક હોતાં નથી. કર્મની પીઠમાં કામ-વાસના તથા કર્તાપણાના સંકલ્પનો અભાવ હોવાથી એવાં કર્મનું બંધન આત્મજ્ઞાનથી ભસ્મીભૂત થયેલું હોવાથી, એવા પુરુષને જ્ઞાની લોકો પંડિત એટલે તત્ત્વવિદ્ કહે છે.

* * * *

પ્રવૃત્તિનિવૃત્તિનાં નિષ્કામકર્મનો ભેદાભેદ અનુભવ વિના સમજાતો નથી. મને આવું શિક્ષણ સ્વામીજીના પ્રત્યક્ષ જીવન તથા ઉપદેશમાંથી મારા મનને ઘડવામાં હેતુભૂત બનેલું હોવાથી પહેલાં છોટાઉદેપુર, પછી આંબેલ અને ભરૂચના ત્રીજા આશ્રમની વ્યવસ્થા તથા ઉત્થાન માટેનો કાર્યભાર—એ બધું ક્ષણેક્ષણે આત્મા-ભિમુખ રહેવામાં સમર્થન આપ્યા કરે છે. જીવનયાત્રા એટલે

જ મારે મન તો આ વ્યવસાયયાત્રા. અત્યારે તો ઉત્થાન માટે જ લખી રહ્યો છું એટલે એ વિષે જ આ અંકમાં એના કાર્યભાર વિષે કહીશ.

ઉત્થાનના પ્રથમ ચાર વર્ષના પ્રકાશનમાં સાતસો ગ્રાહક હતા; સાથે સાથે જેમ જેમ ધનની સહાયતા મળતી ગઇ તેમ તેમ દસેક પુસ્તકો પણ પ્રકટ થયાં હતાં. કાગળ ઉપરના સરકારી નિયમનને લીધે એ માસિક પત્ર તથા પુસ્તક પ્રકાશનનો વ્યવસાય બંધ થયાં. આજોલ આશ્રમમાં આવીને સ્થાયી થતાં ઉત્થાનનો સંકલ્પ ઊઠયો. કાગળ તથા છાપકામની મોંઘવારીને લીધે પુનઃશરૂ થતા ઉત્થાનની પાંચમા વર્ષથી ગ્રાહક સંખ્યા ૪૦૦ સુધી જ પહોંચી એટલે એમાં ખોટ આવી. ઉત્થાનમાં એ વાતનો ઉલ્લેખ થયો અને અણધારી સહાયતાથી એ ખોટ પૂરાઇ ગઇ.

પુસ્તકપ્રકાશન માટે સંકલ્પ થયો અને એક દાનવીર મિત્રની સહાયતાથી પુસ્તકો છપાવા માંડયાં. એ મિત્ર પોતાનુ નામ ગુપ્ત રાખવા ઇચ્છે છે, એટલે એમને ધન્યવાદ આપીને જ વિરમું છું.

ઉત્થાનના વ્યવસાયભાર માટે કોઇ સહાયતા કરે તો ઠીક એવી પરમાત્માને મૂક પ્રાર્થના કરી. અગિયારમા અંકમાં ઉલ્લેખ કર્યો અને ઘણા મિત્રોએ ઉપયોગી થવા માટે પત્રો લખ્યા, એમાં સૌથી પ્રથમ એ પ્રશ્નનો ઉકેલ લાવવાની ઈચ્છા વડોદરાના ચેતના પ્રેસવાળા શ્રી કિશનસિંહ ચાવડાના ચિત્તમાં ઊભી થઇ, સૌથી પ્રથમ એમનો લાગણીભર્યો પત્ર આવ્યો. જાતે અહીં આવી ગયા અને બધો વ્યવસ્થાભાર એમણે ઉપાડી લેવાનું સ્વીકારી લીધું.

તન-મન-ધનથી સહાયતા કરનારને હું ધન્યવાદ આપું છું. આ સેવાકાર્યમાં સક્રિય ભાગ લેનારને ચિત્તશુદ્ધિનો લાભ મળો. પરમાત્મા એમને પોતાના સ્વરૂપનો આનંદ તથા શાન્તિ આપે, એવી સહૃદય શુભેચ્છા પાઠવું છું.

*　　*　　*　　*

કર્મ, ભક્તિ કે જ્ઞાનયોગમાં નિષ્કામતાની જ સાચી મહત્તા છે; શાસ્ત્રીય આંટીઘૂંટીથી કે કેવલ સાંસારિક બુદ્ધિવાળા વ્યવહાર ડાહ્યાઓની શીખામણથી એનો નીવેડો કે સર્વપક્ષી સમાધાન અશક્ય અને અસંભવિત છે. કારણ કે જેટલા પંડિત એટલા પંથ કે મત; અને પંડિતનો તોટો નથી. તોટો છે નિષ્કામતાથી એ ત્રણેય યોગની સમન્વયભરી સાધનાનો. આ છે મારા સ્વજીવનની, જ્ઞાન-નિષ્ઠાની શ્રદ્ધાની કસોટી. પરમાત્મસ્વરૂપ ગુરુદેવને પ્રાર્થના છે કે મારા ચિત્તમાં વિશુદ્ધિ, પ્રાણમાં પ્રેરણા અને બુદ્ધિમાં આત્મ-પ્રતિભાનાં ઓજસ્ પૂર્યા કરે!

(ડીસેમ્બર-૧૯૫૨)

## ગુરુપૂર્ણિમા

પ્રત્યેક વર્ષે ગુરુપૂર્ણિમા આવે અને જાય છે; કાલ મહા-કાલરૂપે પોતાની પરિણામલીલા અવિરત ભાવે ભજવ્યા કરે છે; એ શિવસ્વરૂપ ગુરુઓના પણ ગુરુદેવ તથા અજ્ઞાનના સંહારક હોઈ, અસંખ્ય બ્રહ્માંડોનો અનેકવિધ રીતે પ્રલય કર્યા કરે છે; સમસ્ત દશ્યપ્રપંચ એ બ્રહ્મદેવે પોતાની જ માયા—અવિદ્યામાંથી પોતાની જ ઇચ્છાથી, પોતાની જ લીલારૂપે ઊભો કર્યો; વાસ્તવિક સિધ્ધાન્ત તરીકે તો जीवो ब्रह्मैव नापरः છે, એટલે બ્રહ્મભાવે ઉત્પત્તિ વખતે સ્વયંભૂ (બ્રહ્મા) બનીને બ્રહ્માંડનો આવિર્ભાવ કર્યો. મધ્યવર્તી કાલમાં સંરક્ષક (વિષ્ણુ)રૂપે યથેચ્છ વિહાર કર્યો અને દ્વૈતનું મિથ્યાત્વ જ્યારે સમજાયું ત્યારે એ બધું મિથ્યા, વિપરીત તેમ જ અનિષ્ટ જ્ઞાન હતું એમ સમજાતાં જીવભાવે એ અવિદ્યાને ઓળખી કાઢી અને સંહારક (મહાકાલ-રુદ્ર) રૂપે રમત પૂરી કરી. ઈશ્વર આનન્દમય છે. પોતાની એ મયતામાંથી આનન્દમાયાનો આવિર્ભાવ થયો, એમાં અસંખ્ય બ્રહ્માંડ દેખાયાં. પણ "મય" અને "માયા"નો ભેદ સમજાઇ –પરખાઇ જતાં સત્ય સમજાયું ત્યારે અનુભવ થયો કે જે દશ્ય છે, દ્વૈત છે, એ બધું પણ આત્મમય—મારામય છે. એક અને અદ્વિતીય અહમ્‌થી પણ એ પૃથક્ નથી; એ સ્વયંભૂ (બ્રહ્મા) છે એવું જ શંભુ (શિવ) છે; સ્વયંભૂને બ્રહ્માંડ જોવું ગમે છે; વિષ્ણુને એમાં લીલા રમવાનું ફાવે છે; પણ શંભુનો સદ્‌ભાવ થતાં એવું અદ્વૈત સ્વરૂપ જ્ઞાન ઊભું થાય છે કે દ્વૈત અજ્ઞાન-

મૂલક છે; દૃષ્ટા-દૃશ્યનો ભેદ અવિદ્યાપ્રપંચ છે; જે છે તે તો વિચારવા વદવા જતાં સર્વવ્યાપક, સર્વજ્ઞ અને કેવલ અહમ્ છે અને એ જ બ્રહ્મ છે; "આ આત્મા બ્રહ્મ છે-" એવું ઋષિઓ ઉપનિષદ્‌માં અનુભવબોલ રૂપે ભાખી ગયા છે; એટલે જીવબોધનો સંકીર્ણ, અવિદ્યાગ્રસ્ત લઘુત્વ-ભાવ કાઢી નાંખીને બ્રહ્મસ્વરૂપનો પરિપૂર્ણ, વિદ્યાપ્રસ્ન, ગુરુત્વબોધ ધારણ કરવો એ જ મૂલ પરિસ્થિતિ છે. એ સત્ય ઋષિઓ પારખી-બોલી ગયા. મૂલમાં જે અજ્ઞાન હતું, એ મૂલા-અવિદ્યામાંથી સંસારનું અશ્વત્થ વૃક્ષ ઊગ્યું, વધ્યું, ફૂલ્યું, ફાલ્યું પણ એ વૃક્ષજાલ તો વિપરીત સ્વભાવરૂપ નીવડી; એમાં ત્રિગુણની ગૂંથણી હતી; કર્મધર્મના, પ્રાપંચિક બુદ્ધિના ખેલ હતા. દ્વંદ્વ અને દ્વૈતની રમતગમત હતી; સુખની સામે જ દુઃખ, હર્ષની સામે જ શોક, લાભની સામે જ હાનિ, માનની સામે જ અપમાન—આવી પક્ષાપક્ષીની યુધ્ધલીલા ચાલ્યાં જ કરે, એવી એ ભયંકર કર્મભૂમિ નીવડી; એ દ્વૈતક્ષેત્રમાં ક્યાંય અભય નહીં.

પ્રવૃત્તિને પંથે જીવબોધ હમેશાં એવો રહ્યો કે એને અસંખ્યનું જ ભાન થયા કરે; અનેકની ગણતરી કરવી, નિત્ય અવનવાં રૂપ ધારણ કરવાં, વ્યકિતએ વ્યક્તિએ નામ પાડવાં, દ્વૈતમાં ઓળખાણ શોધવાં, ગમા-અણગમાની, રાગદ્વેષની, મારા-તારાની અલ્પાર્થી કે સ્વાર્થી વાડાબંધી કરવી, અને એ બધામાં પોતે અનેકમાંના એક તરીકે અવનવાં શરીર ધારીને મૃત્યુના ભયમાં જ રમ્યા કરવું, એવી એ સંસારજાલ ભયંકર કહેવાઈ. જ્યારે જીવાત્મા રાગમાં રમી રમીને થાકયો, કંટાળ્યો, સંસાર કહેવાતા આ બ્રહ્માંડવનને નિઃસાર-અસાર તરીકે ઓળખી શકે એવો એને વૈરાગ્ય આવ્યો એટલે એ દિશામાંથી ફર્યો-પાછો ફર્યો; ઇંદ્રિયોના

જ્ઞાનને અધૂરું અને ખોટું સમજ્યો; દૃશ્ય વિષયોને અનિત્ય જોયા; વિષયસંયોગમાં ભોગ માણતાં વારંવાર વિયોગ પામ્યો; પછી નિવૃત્તિ માર્ગની અધ્યાત્મ-સાધના સાંપડી અને સંયોગવિયોગ વિનાના યોગની શોધ કરી; લાધ્યો એને બ્રહ્મયોગનો અદ્ભુત, અલૌકિક, પારલૌકિક એવાં બધા વિશેષણોથી અતીત સાધનસંયોગ; એનો એણે અભ્યાસ આદર્યો; આવો થયો પ્રવૃત્તિ-નિવૃત્તિનો યાત્રાપંથ.

સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, ગ્રહમંડળ, તારકસમૂહ, નક્ષત્રમાળ, એ બધાંય જેમાં ઘૂમ્યા કરે તેથી સર્વવ્યાપક લાગે એવું આકાશ; એમાં વંટોળિયો વાય, વાયરા ચાલે, બધા વાયુઓ એક સામટા અથડાય-ટીચાય અને અગ્નિના તણખા ઝરે; તણખાના અસંખ્ય-રાશિ ગોળાઓ સૂર્યથી માંડીને નક્ષત્રમાળ રૂપે એમાં ઘૂમે અને ઘૂમ્યા જ કરે; એમાં કોઇ ઠરે, ઠંડા પડે, ત્યાં રસસૃષ્ટિ ઊભી થાય; જલરાશિના સમુદ્રો ભરાય, એના ઉપર વનસ્પતિનાં પડ જામે, એ પોપડા ઘન થતા થતા જડ બને અને પૃથ્વીની સપાટી થાય; પર્વતો ઊંચા ઊભા ઊભા આકશ ચૂમે; સરોવરો, નદીઓ, વનસ્પતિ, કીટપતંગો ખેચર, જલચર અને ભૂચર પ્રાણીઓ; શ્વાસોચ્છ્વાસ લેતાં કીટપતંગથી માંડીને વનરાજ કેસરીસિંહ જેવાં, વાનરથી નરપુંગવ જેવાં, કાળાં, રાતાં, પીળાં અને ગોરાં માનવ-પ્રાણીઓ જન્મે; કલ્પનાના નચવ્યાં અને ઇંદ્રિયોનાં ભોગભૂખ્યાં એ બધાં પૃથ્વીના પટ ઉપર ગામડાં અને શહેરો, ઝૂંપડાં અને મહેલો બાંધે, દેહપોષણને બહાને અવનવાં જડ સાધનો શોધે; સમુદ્ર પર સેર કરવા નૌકાઓ રચે, પૃથ્વી પર દોડવા અગ્નિરથ ઉપજાવે, ખેચરની સ્પર્ધામાં વિમાનો ઉરાડે, વૈભવસામગ્રીની વિપુલતા વધારી વધારીને, બાહ્ય પદાર્થોની ઉત્પત્તિ, વિષયોના ભોગ, અને રાગદ્વેષની સ્પર્ધામાં માનવજન્મની મહામોલી બુદ્ધિને, જ્ઞાનના પરમ પવિત્ર વારસાને ખરચી ખરચીને ખોઇ બેસે.

યુદ્ધો થાય; જન્મમૃત્યુની રમતો ચાલે; હિંસા-અહિંસાનાં, કર્મવિકર્મનાં, ધર્મઅધર્મનાં, બંધમોક્ષનાં, સંયમસદાચારનાં કેવલ સ્વપ્નાં જ રહે અને બુદ્ધિ વિપરીત દિશાના ધર્મો મૂકી ઊર્ધ્વગામી સંશોધનમાં વળે, ત્યારે પેલો જીવભાવ પોતાની અલ્પજ્ઞતા ઓળખે, ત્યાં સુધીનો અહંભાવ ઊછળી ઊછળીને, ફુલાઈફુલાઈને, કૂદી કૂદીને ઊંચેનીચે અથડાઈ-ટીચાઈને બ્રહ્માંડના અસંખ્ય આન્તરલોકમાં ભમી-રખડી ચૂક્યો હોય, થાક્યા હાર્યા જેવો લોથપોથ થઈને પડ્યો હોય.

* * *

અહો ! ઓ જીવભાવ ! તારી પામરતા સમજી લે; અસંખ્ય-કોટિ લોકલોકાન્તરની કલ્પના તો કરે છે, સુખવૈભવની અગણિત ગણિતમાળા ગોઠવે છે, પણ છેવટે તો તારે હારવાનું જ છે ને ?! હાર્યો જ ને ?! અણુસમજ્યો, અધૂરા જ્ઞાનવાળો તું, આમ પરાણે હાર્યો, તેના કરતાં સમજીને હારી જા; ક્યાં તું એક, અટૂલો, અલ્પજ્ઞ અલ્પશક્તિ, અકિંચન—અને તારી જ અવિદ્યાથી તેં જ કલ્પનામાત્રથી ઊભો કરેલો સામે અસંખ્ય-કોટિ જીવસમૂહ, પ્રાણીસમૂહ, સૂર્યથી માંડીને નક્ષત્ર સુધીનો જ્યોતિઃસમૂહ; પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ નામનાં ચારે તત્ત્વો જેમાં ગમે તેટલી ગડમથલ કરે, પણ બધાંયને પોતાના ઉદરમાં રમાડે અને સમાવે-પચાવે એવું આકાશતત્ત્વ; એનું ગુરુત્વ તને સમજાય છે? બ્રહ્માંડના ગુરુત્વની આગળ તને તારું લઘુત્વ અપૂર્ણ અને અલ્પ નથી લાગતું ?

તારું જ્ઞાન તુચ્છ, તારી કલ્પના ટૂંકી, તારી શક્તિ મર્યાદિત, તારું શરીર ક્ષીણધર્મી અને નાશવંત, આવી આવી તારી પામરતા સમજ અને થોડો, વિચારમાં ગંભીરતા લાવીને, વિવેક કેળવી લે.

તારી સામે જે બ્રહ્માંડ છે, એમાં સતત્ ક્રિયા ચાલ્યા કરે છે; અણુ-પરમાણુથી માંડીને મહાનમાં મહાન નક્ષત્ર અવિરત ક્રિયાશીલ બનીને લીલાવિહાર કરે છે; એ બધું ક્રિયાશીલ છે, તને દેખાય છે, છે એમ **સમજાય**, તેની સામે તું પોતે જોનાર તરીકે છે, છે અને છે જ એનું તને સતત્ ભાન-જ્ઞાન છે, આવી બધી જે, છે અને છે રૂપ રમત છે. એ છે, સતત્ છે, એટલે જ એ **સત્** કહેવાય છે.

પ્રત્યેક ક્રિયાની પાછળ કેંક અલૌકિક જ્ઞાન છે; બ્રહ્માંડમાં બધે જે કાંઇ થાય છે, એમાં કેંક ઊંડી સમજણ છે, આકાશ ઉદાર બનીને બધાંને પોતાના બ્રહ્મોદરમાં સમાવી બેઠું છે, જરાયે અધીરું-આકળું થયા વિના બીજાં ચારે તત્ત્વોને રમવા -કૂદવા દે છે, એ છે એની શાંતિભરી સમજણ. વાયુના સપાટા ચાલે છે, સામસામા વીંઝાય છે, અથડાય છે, એમાંથી ક્રોધ ભભૂકતો હોય તેમ નક્ષત્ર અને ગ્રહમંડળના જ્યોતિર્ગણો ઝળકી -ઝબકી ઊઠે એમ રમતે ચડે છે. એકની પાછળ બીજો, એકની આસપાસ બીજા, ઘૂમે, ફેરફૂદડી રમે, ચક્રાકાર-ગોળાકાર દોડે, આથડે, એવી એ રમતમાં પણ કેંક વ્યવસ્થા દેખાય છે; ત્યાં પણ નાનામોટાના, લઘુગુરુના ભેદ છે. લઘુ હારે અને ગુરુ જિતે; એકને બીજો ગળી જાય, એના એક બને અને એકના અસંખ્ય બને; આવી એ તત્ત્વોની રમતમાં પણ વ્યવસ્થા છે, સમજણ છે, એ કંઈ આંધળાપાટાનો ખેલ નથી, અને આંધળાપાટાની રમત હોય તો એમાં પણ હેતુની સમજણ છે; એ સમજણ, એ જ્ઞાન એ જ **ચિત્**; તું આ બધું **સમજે** છે એટલે તું પણ **ચિત્**; આમ ચિત્ ચિત્‌ને સમજે છે, ઓળખે છે, લઘુગુરુના ભેદ પારખે છે અને ચિત્ નિત્ય છે તેથી ચિત્ એ જ સત્ છે, આવું તું થોડી સમજણથી પણ સમજી શકે એમ છે, પણ ગુરુત્ત્વથી હારી બેસે ત્યારે.

અને જો તો ખરો ! આવડી મોટી રમતનો પ્રત્યક્ષ લીલા-વિગ્રહ ચાલ્યા જ કરે છે; તારા અલ્પજ્ઞાનથી તને એમાં દ્વંદ્વ-યુદ્ધ, સંહારવિહાર, ઉત્પત્તિવિનાશ, અવિર્ભાવ-તિરોધાન, જન્મ-મૃત્યુ દેખાય છે. તને તેમ જ બીજા ક્ષુદ્રબુધ્ધિ જીવાત્માઓને એમાં દુઃખ અને દોષ દેખાતાં હશે; રૂપાન્તરો થાય અને નામા-ભિધાન બદલાય છે; હાહાકારની સામે હોહોકાર સંભળાય છે; રુદનની સામે હાસ્ય, આક્રંદની સામે આનંદ-એવી દ્વંદ્વરમત તને દેખાય છે ખરી, પણ એ તો તારા ક્ષુદ્ર ચિત્તને. તું વ્યક્ત બનેલાં સત્-ચિત્તને નિહાળ્યાં કરે છે, એ નામરૂપને નિત્ય માને છે, સત્ય માને છે એથી જ તને વિપરીત જ્ઞાન થાય છે અને એવું ઊંધું તથા અધૂરું સમજાય છે કે નામરૂપ બદલાયાં એટલે સત્-ચિત્ નાશ પામ્યાં; એ તારી અવિદ્યાગ્રસ્ત મલિન બુધ્ધિ છે; સત અને ચિત તો એમનાં એમ છે. નામરૂપે પ્રતીત થતાં તત્ત્વો, પ્રાણીપદાર્થો તો એ સત્-ચિત્‌ની લીલા છે; અખંડ રાસલીલા છે કારણ કે એ રસસ્વરૂપ હોઇ એમાં એને રસ પડે છે; એમાં નીરસતા તો તને દેખાય છે કારણ કે તારી અલ્પજ્ઞતા સત-ચિત્‌ને સમજી શકતી નથી. તું સત-ચિત્‌ને ઓળખ એટલે બ્રહ્માંડ જે રસપૂર્ણ લીલા ખેલે છે, એ છે એનો **રાસ;** એવું જ્ઞાન થશે. **રસ** વિના **રાસ** કેવો ? એ રસ એટલે જ **આનંદ;** સત્-ચિત્‌ની રમત એ બ્રહ્માંડમાં થતી લીલા; એ લીલા એટલે **રસરૂપ બ્રહ્મની રાસલીલા;** એમાં એ આનંદ માણે છે એટલે એનું નામ આનંદમય ઈશ્વર; એ આનંદમયની રાસલીલાનું સ્વરૂપ એટલે જ **મયની** બનેલી **માયા;** તને એ ન સમજાય, તેવી તારી સમક્ષ, તારા જીવભાવની પ્રત્યક્ષ બુધ્ધિસીમામાં, તારી કલ્પનાશકિતની અશક્તિમાં તને એ અસીમ, શક્તિમય લાગે; એ છે બ્રહ્મની આનંદમયી અવિરત રમાતી રાસક્રીડા;

એ જ છે ઈશ્વરની માયા; તું એ જાણી શકે છે એ પણ તારું અજ્ઞાન (અવિદ્યા) છે.

જીવભાવ એટલે જ લઘુત્વથી ભરેલો બુદ્‌બુદ. જ્યાં ત્યાં તને આ લઘુ-ગુરુની ગૂંચ જ નડે છે; તેં લઘુગુરુની એવી સજજડ ગાંઠ બાંધી દીધી છે કે તું છે જીવ, અલ્પજ્ઞ અને અશક્ત; તારા સિવાય જે સમસ્ત છે, એ છે ઐશ્વર્યથી ભરપૂર; અને ઐશ્વર્યવાન હોઇ સત્-ચિત્-આનંદ છે, એટલે એ જ છે ઇશ્વર.

તું લઘુ અને એ ગુરુ; તું વ્યાપકને શરણે જાય, ત્યારે તારી લઘુગુરુની ગ્રન્થિ તૂટે; તારી લાઘવગ્રન્થિથી જ તું બંધાયેલો છે કારણ કે તું લઘુગુરુના ભેદમાં બીજા અસંખ્ય ભેદ જુએ છે; અસંખ્ય ગ્રન્થિઓ તેં બાંધી રાખી છે; સત્‌ને અસત્ માને છે એ એક અસદ્‌ગ્રન્થિ; ચિત્‌ને અચિત્ (જડ) માને છે એ બીજી જડગ્રન્થિ; આનન્દને દુઃખ માને છે એ તારી ત્રીજી દુઃખગ્રન્થિ; આ ત્રણેય ગ્રન્થિનાં નામ તથા રહસ્ય શાસ્ત્રવિદ્ બનીને જે પરાપૂર્વમાં તત્ત્વવિદ્ બની ગયા, એમણે સંશોધન કર્યાં; બ્રહ્માંડ અને બ્રહ્મલીલાનાં રહસ્યો વાંચ્યાં; પછી નામ આપ્યાં બ્રહ્મગ્રન્થિ, વિષ્ણુગ્રન્થિ અને રુદ્રગ્રન્થિ; ત્રણ ગુણના ભેદોને લીધે આ થઈ તારી ત્રણ ગ્રન્થિઓ.

પણ ત્રણેય ગ્રન્થિમાં મુખ્ય તો એક જ ગ્રન્થિ છે ને? એક બાજુ તું જીવ; એની સામે તારા વિનાનો બીજો ઈશ્વર; જીવ-ઈશ્વરના ભેદની ગ્રન્થિ સૌથી પ્રથમ, અને સૌની અંતે એનો જ ભેદ ખોલવાનો. ક્ષણે ક્ષણે પ્રત્યક્ષ થતી, તારી પોતાની જ બનાવી રાખેલી, સત્-ચિત્-આનંદને બદલે અસત્-જડ-દુઃખમય

માની લીધેલી તારી લઘુગ્રન્થિ, એ લાઘવતા તને દેશ અને કાળની સીમામાં બાંધી રાખે છે; નામરૂપની અલંકારભરી વેષ-ભૂષામાં જકડી રાખે છે; એને તોડવા તું મથે છે ખરો, પણ કેમ તોડવી એ જાણતો નથી; આ તારું અજ્ઞાન–ભયંકર અજ્ઞાન; ભય તને મૃત્યુનો છે; સુખના અભાવનો છે; તું નિત્ય નથી એવી ભ્રાન્તિનો છે. આનંદ નથી એવી અવિદ્યાનો છે—આવો આવો દસે દિશામાં અને ત્રણેય કાલમાં ભયથી તું ભરપૂર ભરેલો છે, માટે જ એ તારું અજ્ઞાન ભયંકર છે.

*   *   *   *

ક્યારથી, કયા ભૂતકાળ પહેલાં, બ્રહ્મલીલા અને બ્રહ્માંડ શરૂ થયાં એ પ્રશ્ન તને મૂંઝવે એવો છે ખરો; પણ એને માટે બુદ્ધિની ઝીણવટથી તેં વિચાર નથી કરી જોયો; બ્રહ્માંડમાં જન્મજન્માન્તર ધારીને વિષયજ્ઞાન મેળવી લીધું હશે; વિજ્ઞાનવાદી, તર્કવાદી, સંશોધનવાદી, સુધારણાવાદી, રૂપાંતરવાદી કે એવા વાદ-ભંડારનું અનાત્મજ્ઞાન વધારીને તું વિષયવાદી બન્યો હોઈશ; પણ સત્‌–ચિત્‌-આનંદના અવિષયને વિષય બનાવતો હોય તો તારે તારી બુદ્ધિને વિષયવાદનો જે વિષવાદ વળગ્યો છે, તેને ધોઈ નાંખવો જોઇએ; તું બ્રહ્મવાદી બન; સત્‌–ચિત્‌–આનંદ એક છે માટે અદ્વૈત છે, સર્વવ્યાપક છે માટે બ્રહ્મ છે; સૌનું પોતાનું નિર્વિકાર સ્વરૂપ છે માટે આત્મા છે; એ જ સર્વનું અધિષ્ઠાન છે; જે દ્વૈતાભાસ છે એ તારી પોતાની જ અલ્પજ્ઞાન–અજ્ઞાન–વિપરીતજ્ઞાન –મિથ્યાજ્ઞાન એવાં એવાં લફરાંવાળી જે અવિદ્યા–માયા છે, એને લીધે તને લાગે છે. બ્રહ્માંડના સત્‌–ચિત્‌–આનંદને વિભક્ત અને વ્યકત–અવ્યકતના ભેદવાળું તું જાણે–જુએ છે; બ્રહ્માંડને વ્યકત અને વિભકત માને એટલે તને પોતાને વ્યકિતસ્વરૂપ સમજે;

દેહધારી માને; તારું એ પૃથક્‌પણું ઊભું થતાં જ તું તને પૃથક્‌ચિત્ત તરીકે અને અમુક જ દેશમાં અને અમુક સમયે—વર્તમાનમાં માની બેસે; માયાના સંશોધનને અંતે જન્મ-પુનર્જન્મ માને; દૃષ્ટ અને અદૃષ્ટ રૂપે દેશકાલના વિભાગ પડે એટલે અદૃષ્ટ લોકલોકાન્તર અને ભૂત-ભાવીના ખંડજ્ઞાનથી તારી બુદ્ધિ વિપરીત જ્ઞાનવાળી થાય; પછી તને પ્રશ્ન પરંપરા સૂઝે કે આ બ્રહ્મલીલા **ક્યારથી** શરૂ થઇ હશે અને **ક્યાં** એના શ્રીગણેશ મંડાયા હશે.

તું તારી હીનબુદ્ધિને પૂછી જો કે પ્રશ્નનો અન્ત આવે એમ છે ખરો? તું બધાથી પૃથક્ ચિત્-રૂપે રહીને, તારું નામ-રૂપમય શરીર રાખીને પ્રશ્ન પૂછે, એટલે તારું વ્યકિતત્વ તો કોઇપણ રૂપે અને નામે રહેવાનું જ, અને એ રહેવાનું દેશકાળના બ્રહ્માંડક્ષેત્રમાં જ્યાં સીમા-મર્યાદાનાં બંધન રહેવાનાં જ.

તું જીવભાવે રહીશ ત્યાં અમુક દેશ હશે-હોવો જ જોઇએ, **એટલે દેશના આદિનો** પ્રસંગ જ ઊભો ન થાય.

તું જીવભાવે હોઈશ ત્યાં વર્તમાનકાળ જ હશે, અને ભૂત--ભાવી પણ રહેવાનાં જ. તું પૃથક્--વ્યકત હોઇશ એટલે **કાળનું આદિ** જાણવાનો તને પ્રસંગ જ નહિ મળવાનો, કારણ કે કાલના મધ્ય બિન્દુ અને દેશના મર્યાદિત દેશસ્થ તરીકે ત્યાં તું શરીર-ધારી તરીકે રહેવાનો જ.

આવા દેશકાળના ચક્રમાં તું છે; અને જ્યાં જ્યાં તું છે, તારું ક્ષુદ્ર અહમ્ છે, જીવભાવ છે, ત્યાં ત્યાં દેશ અને કાળ છે જ એટલે તું એનો આદિ-પ્રારંભ શોધવા જવા ઇચ્છે તો તારે એની પાર જવું પડે, તું પાર જાય એટલે દેશકાળ ન

રહે અને તું પણ પૃથક્ ન રહે, એટલે પ્રશ્ન જ આપોઆપ બંધ થાય; તું-હુંના ભેદ રાખીને અહમ્ ભાવે, જીવના સ્વભાવે, લઘુબોધના કારણે અને અભિમાનના દોષને લીધે તું અમુક દેશ અને અમુક કાળ એવી ભેદગ્રન્થિમાં બંધાઈ બેઠો છે; વ્યક્તદશાનાં નામરૂપને જ સત્-ચિત્-આનંદ માનીને, એને જ નિત્ય સુખરૂપ માનીને, એવા અજ્ઞાનને જ વળગી રહીને તું દેશકાળની સીમામાં બંધાયેલો છે.

કારાગૃહનો બંદીવાન કારાગૃહમાંથી છૂટે એટલે કારાગૃહનો વિચાર કરતો નથી; કારણ કે પછી કારાગૃહ રહેતું જ નથી. અને કારાગૃહમાં તો મુકત દશાનો વિચાર કે કલ્પના કરવામાં એને પોતાની બદ્ધ દશા જ બાધક નીવડે છે. કારાગૃહની દિવાલોમાંથી બહાર નીકળ્યા વિના મુક્ત દશાની કલ્પના જ એને સતાવતી રહે છે. તને નડે છે તારું ખંડઅસ્તિત્વ, ખંડજ્ઞાન અને ખંડસુખ; દેશકાલની સીમાથી પર, વિશ્વવ્યાપક, બ્રહ્મસ્વરૂપ તો અખંડ-પૂર્ણ **અસ્તિત્વ** છે એટલે એ સત્ છે; સંપૂર્ણ સમજણ, જ્ઞાન-ચૈતન્ય-પ્રકાશ-પ્રભા-પ્રજ્ઞા સ્વરૂપ છે, એથી એ ચિત્ છે; એ સંપૂર્ણ-પરિપૂર્ણ-એકરસ-ઘન-અદ્વૈત છે એથી એ આનંદ છે; જે તારાથી પૃથક્ એવું સચ્ચિદાનન્દ તને લાગે છે, એ જ તું છે એમ તું જાણે એટલે તારી ભેદગ્રન્થિઓ, લઘુતાની સીમાઓ, દેશકાલની મર્યાદાઓ, જીવઇશ્વરની ભેદભ્રાન્તિઓ, મિથ્યાજ્ઞાનની કલ્પનાઓ, જીવભાવની વિકલ્પભરી મનોદશાઓ, એ બધાંનો અન્ત આવે. એ વિકલ્પોનો પાર નથી; જ્યાં સુધી તું બ્રહ્મભાવ ન રાખતાં જીવરૂપી વિકલ્પભાવે જીવે છે ત્યાં હું-તું-તે-આ બધું સત્-ચિત્-આનન્દ છે, એ તું નથી એમ લાગ્યા કરશે. તું વ્યવહારપક્ષે શરીરી હોય, અલ્પજ્ઞાનને વળગી રહ્યો હોય,

મારા તારાના સંકલ્પને ચૂંથ્યા કરતો હોય, વિષયજ્ઞાનને જ જ્ઞાન માનતો હોય, દેહભેદ, જાતિભેદ, લિંગભેદ એવા ખંડ-ભેદને સત્ય માનીને લોકલોકાન્તરને ખૂંદી વળવાના, એમાં સંયોગવિયોગવાળાં સુખને ભોગવવાના મનોરથ દોડાવતો હોય, ત્યાં સુધી તારા બંધો રહેવાના જ; જ્યાં સુધી હું-તુંના ભેદ રહે ત્યાં સુધી પ્રશ્નપરંપરા રહેવાની, એ પ્રશ્નો અને એ શંકાઓ -એનાં સમાધાન તારે જાણવાં, મેળવવાં, પામવાં હોય તો:—

(૧) તારા લઘુભાવનો નિરભિમાન રીતે સ્વીકાર કરી લે, એટલે તને ઇશ્વરનું સાચું ગુરુત્વ મળશે.

(૨) લઘુભાવ સ્વીકારીશ એટલે લઘુબોધનું તને અનુમાન આવશે.

(૩) લઘુતાની ગ્રન્થિ પડી ગઇ છે, અને એથી એ બધે દ્વંદ્વ-દ્વૈતનો આભાસ જોયા કરે છે, એમ સમજાશે.

(૪) અનેક જાતના વાદવિવાદ, પ્રશ્નો, શંકાઓ વગેરેના બુદ્ધિમાં વિકલ્પો ઊભા કરીને વિપરીત જ્ઞાનમાં તું વધારો કરે છે, એ ભૂલ ઓળખાશે.

(૫) ખંડજ્ઞાનથી ખંડભેદ જોવાની મનોદશાને લીધે અશાંતિ વધારતો જાય છે, એમાંથી શાંતિ મેળવવાનો માર્ગ સૂઝશે.

* * * *

આવું આવું જે થાય છે એ બધાના મૂળમાં તો છે તારા પોતાના સ્વરૂપનું તેં જ ઊભું કરેલું, તારું પોતાનું જ અજ્ઞાન; વિશ્વનો તું વિભાગ કે અંશ છે એ તું માનતો હોય તો વિશ્વના

સ્વરૂપનું તને અંશ-ખંડજ્ઞાન છે, તેથી ખંડશાંતિ ભોગવે છે. અંશાંશીભાવમાં તું અંશ અને ખંડના **સ્વરૂપને** ન જોતાં તું અને વિશ્વ-એ બન્નેના સંચાલક **વિશ્વેશ્વરને** શોધે ભજે, પૂજે કે માને છે એ ઐશ્વર્યના મોહને લીધે છે, ઐશ્વર્યની કામનાને લીધે છે; એ મોહકામનાની પીડમાં છે ઐશ્વર્યભોગની ભૂખ; એ વિષયવાસનાની દુર્ગંધથી તારું ખંડજ્ઞાન સડી ગયેલું છે, વિકારી બનીને તને પોતાને જ રીબાવે છે. બધાના મૂળમાં તો છે તું-**વિશ્વ** અને **વિશ્વેશ્વરના** સ્વરૂપનું તારું અજ્ઞાન; એનું જ નામ **માયા; અવિદ્યા; અજ્ઞાન;** જે કહો તે.

* * * *

તું જીવભાવે રહે ત્યાં સુધી તારું આ અજ્ઞાન તારી સાથે, તારી જ ઓથે અને આધારે તારા સ્વભાવ અને સ્વરૂપ જેવું જ બનીને રહેશે; કારણ કે એ તેં જ ઊભું કર્યું છે; તારા પોતાના, વિશ્વના અને વિશ્વેશ્વરના સચ્ચિદાનન્દ સ્વરૂપને ન ઓળખવામાં એ જ અજ્ઞાન આડે આવ્યા કરે છે; એ **અજ્ઞાન**—અવિદ્યામાંથી, પૃથક્‌ભાવરૂપ "હું છું"—એવું **અસ્મિ**-ભાવની **અસ્મિતા** જેવું અહંમાન ઊભું થયું છે; "**હું**"ની સાથે જ **તું-તે-આ**-આવું ખંડજ્ઞાન (જીવભાવ) ધારણ કરીને તું વિશ્વમાં ફર્યા કરે છે. એ અસ્મિતામાંથી હું-તું-તે-આના ભેદભર્યા વિશ્વનાં અસંખ્ય પ્રાણીપદાર્થોમાં રાગદ્વેષ ઊભા થયા છે; અને પછી—પછી તો રાગદ્વેષથી ખરડાઈને તું બ્રહ્માંડના લોકલોકાન્તરમાં સચ્ચિદાનંદની શોધમાં ઘૂમ્યા જ કરે; કારણ કે તેં અજ્ઞાનની સાથે તન્મયતા સાધી; અસ્મિતા સાથે લગ્ન કર્યું; એમાંથી રાગદ્વેષ જન્મ્યાં; એ બધાંની સાથે મોહમમત્વ બાંધ્યાં અને એ બધાંમાં એવો તો પ્રવેશ પામી ચૂક્યો-આ

વિશ્વની રંગભૂમિના મંચ ઉપર ભેદનાટક ભજવાય છે, તેમાં તેં એવો તો પાઠ ભજવવા માંડયો કે એ બધાંની સાથે બધાંના જેવો જ તું પણ અજ્ઞાની બની બેઠો; આ છે તારો **અભિનિવેશ—સંસારપ્રવેશ.**

તારો અસંતોષ પૂર્ણતાની ઊણપ સૂચવે છે; તારી અશાંતિ શાંતિની ઝંખના માટે છે; તારું ખંડજ્ઞાન પૂર્ણજ્ઞાન માટેની મનોવેદના દાખવે છે, તારું સ્વરૂપ-અજ્ઞાન સ્વરૂપજ્ઞાન માટે રીબાય છે; પહેલાં તું તારા એ અજ્ઞાનને ઓળખીને એનાથી પૃથક્ થા; એ અજ્ઞાન-અવિદ્યા તું નથી; ખરી રીતે તું એનો કે એ તારી નથી; તારાથી એ અજ્ઞાન જુદું જીવભાવવાળું, લઘુબોધથી ભરેલું હોઇ, તું એ અલ્પ શક્તિથી દુ:ખી છે; એનાથી પૃથક્ બનીને એને દશ્યરૂપે જોવા માંડ, એટલે દષ્ટા રૂપે તું જુદો પડીશ અને પછી તું જે દષ્ટા થયો તેનું, દશ્યપ્રપંચ રૂપ વિશ્વ જે ઐશ્વર્યમય તેમ જ દ્વંદ્વથી ભરેલું છે તેનું, અને તું તથા વિશ્વના સંચાલક વિશ્વેશ્વર છે—એ બધાંયનું અભેદ સ્વરૂપજ્ઞાન મેળવીશ એટલે તારું અજ્ઞાન જશે. જેનું, જે વિષયનું, પદાર્થનું, વસ્તુનું અજ્ઞાન હોય, તે, તે જ વિષય, પદાર્થ અને વસ્તુના જ્ઞાનથી જાય એ તો સાદી સમજણની વાત છે. અગ્નિનું અજ્ઞાન જળના જ્ઞાનથી નહીં પણ અગ્નિના જ્ઞાનથી નાશ પામે છે, તેવીજ રીતે સત્–ચિત્–આનંદ સ્વરૂપનું અજ્ઞાન સ્વરૂપના જ્ઞાનથી જ નાશ પામશે અને બધા પ્રપંચનું મૂલ આ અજ્ઞાન છે એમ સમજાશે. આ વિશ્વપ્રપંચનો વિસ્તાર મૂલ અજ્ઞાનમાંથી ઊભા થયેલા તૂલ (પાક) જેવા સંસારરૂપ અશ્વત્થના ફલફૂલ-ભોગ જેવો છે, એટલે મૂલ-અજ્ઞાનનો નાશ થાય, એવું શીખી લે; એવું ભણી લે; જાણી લે; ઓળખી લે, એવું જ્ઞાન -વિજ્ઞાન મેળવી લે.

પરાપૂર્વથી માનવસમાજે જીવનવેદ વાંચ્યા કર્યો છે. જીવનનાં રહસ્યો ઉકેલવાના પ્રયત્નો—પ્રયોગો કર્યાં છે. ફલતઃ વિષયજ્ઞાનમાંથી નિર્વિષયી સ્વરૂપનો ભેદ શોધી કાઢ્યો છે; માયાગ્રસ્ત જીવસમૂહમાંથી વિરક્ત બનેલા મહાપુરુષોએ, બંધમોક્ષનાં રહસ્ય શોધીસાધીને સાધન અને સાધના વડે સાધ્યસ્વરૂપનો નિર્ણયાત્મક વિધિનિષેધ ગોઠવી રાખ્યો છે. ભારતવર્ષનો વેદોક્ત પ્રણાલિકાનો શ્રુતિભંડાર તો યુગારંભે યુગાતીત ઋષિઓએ એવો અનુભવગમ્ય કર્યો છે કે એનાં પ્રયોગો અને પરિણામો અકાટ્ય યુક્તિથી, અવર્ણનીય અનુભવથી સભર ભર્યાં છે; જ્યાં જ્યાં અને જેવી જેવી શંકાઓ થાય ત્યાં એવાં અદ્દભુત સમાધાનો એમાં છે; તર્કને શાંત કરીને બુદ્ધિમાં પારલૌકિક પ્રજ્ઞા ભરવાનો એમાં શ્રુતિબોધ છે; સંયમ અને સદાચાર સાધવાનાં એમાં સ્મૃતિવિધાન છે; વિષયીમાંથી નિર્વિષયી, સંકલ્પ—વિકલ્પમાંથી નિર્વિકલ્પ, દેહમાં રહ્યા છતાં દેહાતીત તત્ત્વનું અનુસંધાન સાધવાની એમાં તપશ્ચર્યાભરી કલા છે. પૂર્વજો જે રીતે જીવી—જાણીને તૃપ્તિ અનુભવી ગયા; વિશ્વનું રહસ્ય ઉકેલીને નિત્યને માટે સમાધાન ગોઠવી ગયા, અનેકમાં એક, દ્વૈતમાં અદ્વૈત, પ્રપંચમાં પરમ તત્ત્વ અને દ્રષ્ટા, દર્શન, દૃશ્યની ત્રિપુટીમાં કેવલ દૃષ્ટિમાત્રની સર્વોચ્ચ સત્તા અનુભવસિદ્ધ કરી ગયા, એ બધાં માટેનાં સાધનોનો, સાધનાના માર્ગનો અને તત્ત્વસાક્ષાત્કારનો સીધો, સરલ અને સચોટ પ્રકાશભર્યો રાજમાર્ગ પાડી ગયા છે. એ માર્ગે ચાલો એટલે ડગલે ને પગલે આશ્ચર્ય અનુભવાય, ક્ષણે ક્ષણે તૃપ્તિ વધે; શ્વાસે શ્વાસે શાંતિના જયઘોષ બોલાય.

* * * *

વિશ્વ એટલે વિષયજ્ઞાનીઓનો સમૂહ; ઘણ એમાંયે વિરલ વિરક્તો અને અભ્યાસીઓ થઇ ગયા છે. વિશ્વેશ્વર તો એક,

અલૌકિક સત્-ચિત્-આનંદસ્વરૂપ વિરાટકાય પરમાત્મા; પ્રત્યેક જીવ અજ્ઞાનદશામાં એકસરખા છે; એ બધા પરસ્પર કેટલા ઉપયોગમાં આવે? અજ્ઞાની અજ્ઞાનીને શો ઉપદેશ આપે? જેની પાસે જે હોય તે જ ઉદાર બને ત્યારે બીજાને આપી શકે; ત્યારે **જ્ઞાન** શોધવું કોની પાસેથી? ક્યાં જઇને?

આપણી પાસે અનુભવીઓના પ્રયોગ-ફલ જેવો શ્રુતિસમૂહ છે; અને અજ્ઞાનીઓની જેમ વંશપરંપરા છે, તેમ જ્ઞાનીઓની શિષ્યપરંપરા છે; સંસારજ્ઞાનદાતા જેમ સંસારી હોય, તેમ તત્ત્વજ્ઞાનદાતા તત્ત્વવિદ્ હોવા જોઇએ. એટલે તત્ત્વવિદ્‌ની શિષ્ય-પંરપરા પણ ચાલુ જ છે; એ વિરલ હોય એટલો જ તફાવત. સિંહનાં ટોળાં હોય તો તત્ત્વવિદ્‌નાં જૂથ જોવા મળે. એવા તત્ત્વવિદ્ લઘુભાવવાળા જીવબોધને તત્ત્વબોધ પમાડે, ત્યારે આપણે એમને બ્રહ્મબોધથી ભરેલા તત્ત્વસ્વરૂપ ગુરુદેવ સમજવા-માનવા જોઇએ.

જીવાત્મન્! તું લઘુત્વ ધારણ કર. તારું મિથ્યાજ્ઞાનનું અભિમાન કાઢી નાંખ; અત્યાર સુધી વિષયોનું જ્ઞાન મેળવીને, આત્મસુખની ભૂખ ભાગવા માટે તું વિષયવિદ્ સંસારીઓનું શિક્ષણ-રક્ષણ પામીને આ વિશ્વમાં, લોકલોકાન્તરમાં ફર્યો અને રીબાયો, પણ તારી સ્વરૂપભૂખ ભાગી નહિ; તારી અતૃપ્તિ વધતી ગઈ; અશાંતિએ માઝા મૂકી; હવે તું સમજીને વિષયપંથને અવળે પંથેથી પાછો ફર અને નિર્વિષયી સન્માર્ગે ચડવા માટે તત્ત્વવિદ્‌ને માર્ગે માર્ગે, ડગલે ડગલે ચાલવાના શ્રીગણેશ કર.

તું લઘુત્વ (શિષ્યત્વ) સ્વીકારીને તત્ત્વવિદ્‌માં ગુરુત્વની પ્રતિષ્ઠા કરી જો. તત્ત્વવિદ્ તત્ત્વસમીક્ષા કરી બતાવશે; પણ ખબરદાર!

તારી રહી સહી સાંસારિક વાસના તને પાછાં પગલાં ન ભરાવે એની સંભાળ રાખજે. વિશ્વ એટલે જ સાંસારિક વાસના અને ભોગપદાર્થોનું સંગ્રહસ્થાન; એમાં સ્થૂલ અને સૂક્ષ્મ ભોગ મંદિર છે; સ્થૂલ વૈભવના ચમત્કારો છે; સૂક્ષ્મ અભિમાનની, કીર્તિની, પ્રતિષ્ઠાની, ઐશ્વર્યની, દેહસૌંદર્યની વાસનાઓના સૂક્ષ્માતિ-સૂક્ષ્મ વાતાવરણથી આ વિશ્વ એવું તો ભરેલું છે—નામરૂપના વાઘા સજીને એવા આડંબરવાળું છે કે એ વાઘા ઉતારીને તત્ત્વને નગ્નરૂપે જોવામાં તારે પણ એવા જ દિગંબર થવું પડશે. તું દિગંબર થઈશ એટલે પરમ તત્ત્વ ચિદંબર થઈને તને દર્શન આપશે; ભેટશે, અરે! સ્વરૂપદાન કરશે. પૃથ્વીપટ પર જેમ અજ્ઞાનીઓનાં ટોળાં આથડે છે, તેમ તત્ત્વવિદ્ પણ ક્યાંક ક્યાંક-કોલસાની કે પથ્થરની ખાણમાં રડચોખડ્યો જેમ હીરા-માણેક-રત્નનો મહામૂલો જ્યોતિઃકણ મળી આવે તેમ તત્ત્વવિદ્ મળી આવશે. દૃષ્ટિ બદલો અને આત્મવિદ્‌ને ઓળખશો; શ્રદ્ધા રાખશો તેવું જોશો, અને ભક્તિ કરશો તેવું પામશો: લઘુભાવમાં આવો એટલે ગુરુદર્શન થશે; પણ ખબરદાર! ઋષિમુનિના વારસદાર સંતસાધુ ત્યાગવૈરાગ્યના ભંડાર જેવા હશે; વાસનાની દુર્ગંધ નહીં, પણ આત્મસૌરભની સુગંધથી સુવાસિત પ્રેમસરોવર જેવા હશે. આકાશમાં આંબા ઉગાડીને ફળ ચખાડે, ભૂતભાવીના ચોપડા વાંચીને સંસારી વિષયોની આશાઓ આપે, દૃષ્ટિ કે હાથ ફેરવીને વ્યાધિ મટાડે, મહેલ-બંગલા કે વાડીવજીફા અપાવીને મોહ—મમતામાં ફસાવે, ધન-વૈભવ કમાવાની આંટીઘૂંટી શીખવાની કળા સમજાવે, દેવદેવતાની આરાધના કરાવીને મંત્રતંત્ર કે યંત્રની કરામત કરી બતાવે, એવા સંસારી જીવાત્માઓનો ગમે તેવો બાહ્ય સ્વાંગ હોય, પણ ભૂલેચૂકે પણ સંત માનીને એમનો સંગ ન કરશો; એવાઓની

પાસે તત્ત્વની વાતો હશે, પણ તત્ત્વવસ્તુ નહીં હોય. કારણ કે તત્ત્વપ્રાપ્તિ કે તત્ત્વાનુભવ વાણીનો વિલાસ નથી; આડંબર નથી; એ અવિકારી તત્ત્વ છે. નિર્મળ તત્ત્વપ્રાપ્તિ વિના નિર્મળ શાંતિ નથી; સુખ નથી; તૃપ્તિ નથી. માટે ચેતીને ચાલજો. લૌકિક વિષયોના કરતાં પારલૌકિક કે સૂક્ષ્મ વિષયોની વાસના વધારે ભયંકર છે. પ્રલોભનોનો પાર નથી; વાસ્તવિક સુખના કરતાં વિષયસુખનો આડંબર મોટો છે; અસલના કરતાં નકલના ચમત્કાર વધારે સોહામણા, મોહક-આકર્ષક હોય છે. જ્યાં જાઓ ત્યાં સંસારવિષયને અળગો રાખીને વાત કરજો. પ્રશ્ન પૂછો તો તત્ત્વવિષયક પૂછજો; ભૂલેચૂકે પણ સંસારને યાદ ન કરશો; સંસારને ભૂલો અને સુખ મેળવો-તત્ત્વને મેળવો અને સંસારદ્વંદ્વને ભૂલો-એ છે અટપટી રમત; એનાં સાધન કષ્ટકર પણ સાધનાન્તે સુખકર છે; શરીરને શોષી-શોધીને સારવી કાઢેલું પરમ તત્ત્વ સચ્ચિદાનન્દ છે; એ વિના બધું તત્ત્વ નહીં પણ તત્ત્વાભાસ છે. જેવું ઇચ્છશો તેવું પામશો એવો સિદ્ધાન્ત અટલ છે, તો પછી નિત્યને મૂકીને, સત્ ને ત્યાગીને અસત્‌ને શા માટે ઝંખો છો? સમજો અને સન્માર્ગે વળો.

* * * *

ગુરુપૂર્ણિમા દર વર્ષે આવે છે અને જાય છે. સદ્‌ગુરુસ્મરણ તે દિવસે વિશેષ ભાવે થાય છે. એ પુણ્યપવિત્ર દિવસે ચિત્ત અને પ્રાણમાં એ તત્ત્વસ્મરણ, એ ગુરુભાવ શરણ એવું તો ઠાંસી ઠાંસીને ભરજો કે આખું વર્ષ-અરે! મૃત્યુ પર્યન્તના છેલ્લા શ્વાસ સુધી એ જ્ઞાનભંડાર, ભક્તિદ્રવ્ય, તત્ત્વસુધા બ્રહ્મયોગ દ્વારા ઉપયોગ -ઉપભોગમાં આવે.

પરમતત્ત્વવિદ્, તત્ત્વસ્વરૂપ, સચ્ચિદાનંદઘન,
શ્રી ગુરુદેવનો જય હો! જય! હો જય હો!

(જુલાઈ-૧૯૫૩)

# ગુરુપૂજનને પ્રસંગે

આજે આપણે અહીં બધાં પોતપોતાની ભાવનાથી એકઠાં થયાં છીએ, એમાં નિમિત્ત છે આષાઢી પૂર્ણિમાનો દિવસ. એનું પ્રાચીન નામ તો છે વ્યાસપૂર્ણિમા; અને અત્યારે એ ગુરુપૂર્ણિમા તરીકે પણ ઓળખાય છે.

ભારતવર્ષમાં ઉદ્ભવેલા વેદ, જૈન અને બુદ્ધ એવા ત્રણ જૂના સંપ્રદાયોમાં, ઇતર દેશમાં ઊભા થયેલા મુસ્લિમ, ખ્રિસ્તી, કે બીજા અસંખ્ય મતમતાંતરોમાં, ધર્મ અને મોક્ષ વિષયના વિદ્યાશિક્ષણમાં (જે દિશામાં જવું હોય ત્યાં સરળ માર્ગે સાધકને સાધ્યપ્રાપ્તિ પર્યન્ત પહોંચાડે તે) ઉપદેશક અને (એવા અનુભવીની આજ્ઞા પ્રમાણે સાધના કરીને ગન્તવ્યધામને મેળવે એ) ઉપદિષ્ટનો સંબંધ અત્યંત ઘનિષ્ટ, રહસ્યભર્યો અને અલૌકિક રહેતો આવ્યો છે. ઉપદેશક વાત્સલ્ય અને શ્રેયાર્થથી ભરેલો અને ઉપદિષ્ટ આજ્ઞાપાલનમાં શ્રદ્ધાળુ, ધર્મપાલનમાં કર્મશીલ, સાધનપાલનમાં ભક્તિપૂર્ણ અને અનુભવ પ્રાપ્તિને માર્ગે પ્રયત્નશીલ હોવો જોઇએ, એવી એ પરમ્પરાની અધિકાર, સ્થિતિ છે.

ગમે તે શાખાપ્રશાખા, દેવદેવતા, અવતાર, આચાર્ય કે સન્તસાધુના અનુયાયી કહેવડાવવા છતાં આપણે વેદસાહિત્યમાં શ્રદ્ધાળુ છીએ એ નિઃશંક વાત છે. શરીરના લોહીના પ્રત્યેક બિન્દુમાં અને અંતરના પ્રત્યેક ભાવ પ્રદેશમાં એ સંસ્કાર પરાપૂર્વથી ઊતરી આવ્યા છે. બીજા સંપ્રદાયોની માન્યતાઓને આપણા

કરતાં ઊતરતી-ચડીઆતી કહેવાનો એમાં પ્રશ્ન જ ઊભો થતો નથી. સૌને પોતપોતાનો સાધનમાર્ગ ઇષ્ટ હો! રાગદ્વેષથી પર રહી, સદાચાર અને સંયમી જીવન ગાળી, પરમાત્માને પરમ ધ્યેય તરીકે સ્વીકારીને ધર્મમોક્ષનાં રહસ્યો શોધવામાં તો બધા એક સરખી રીતે સંમત હોય છે જ. પણ સૌને પોતપોતાના લોહીના સંસ્કારો, સ્વાભાવિક રીતે જ વિશેષ સરલ, અનુકૂળ અને સહજસાધ્ય સાધનવાળા નીવડે છે. અત્યારે જે પૂજન કરીએ છીએ એમાં આપણી સાધન-સાધનાનો ક્રમ-સિદ્ધાન્ત કેવલાદ્વૈતને માન્ય રાખનારા, વિવર્તવાદનું પ્રતિપાદન કરનારા, ભગવાન શંકરાચાર્ય દ્વારા સ્થાપિત-નિર્ણીત થયેલો છે. બધાયનો મૂલ આધાર છે વેદસમૂહ, એમાંનો અન્તિમ ભાગ એટલે વેદાન્ત, અર્થાત્ ઉપનિષદ્‌સંગ્રહ, ઉપનિષદ્-ષડ્‌દર્શનમાંનું બ્રહ્મમીમાંસાદર્શન તથા ભગવદ્‌ગીતા એ ત્રણ પ્રસ્થાન ગ્રન્થોનું દોહન-રહસ્ય, એની પીડમાં પ્રમાણરૂપ છે.

આ છે આપણાં સાધન, સાધ્ય અને સિદ્ધાન્તની પરમ્પરા. આજના પૂજનમાં ઋષિપૂજન, વિષ્ણુપૂજન, વ્યાસપૂજન, શંકરાચાર્યપૂજન-એવું એવું ઘણું આવે છે. આ પૂજા વેદોક્ત, પુરાણોક્ત અને તંત્રોક્ત એ ત્રણેયથી અથવા ત્રણમાંના એકવિધિથી પણ થતી હોય છે; આપણો હેતુ એ પૂજાપદ્ધતિનો નહીં પણ ઉત્સવની વાસ્તિવિકતા જાણવાનો છે. ભક્તિમાં વિધિપરત્વેનું કર્મકાંડ તો ગૌણ બની જાય છે. કારણ કે કર્મકાંડમાં સંપ્રદાય, પ્રાન્ત અને ભાષા પ્રમાણે ભેદાભેદ હમેશાં રહે છે.

* * * *

વ્યવહારના ધર્મપ્રવાહ કે અધ્યાત્મવિદ્યાના તત્ત્વપ્રવાહના શોધન-સંશોધન કે નિર્ણયના નિમિત્તે વયોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ, સાધન-

વૃક્ષ તેમ જ શીલવૃક્ષની પરાપૂર્વથી પરિષદો ભરાતી આવી છે. વેદવારામાં થતી હતી. ઉપનિષદ્કાલમાં પણ બ્રહ્મજિજ્ઞાસુઓ એકત્ર થઈને તત્ત્વચર્ચા કરતા, ઉપદેશભૂખ્યા જિજ્ઞાસુઓ ઉપદેશકની પાસે સમિત્પાણિ થઈને ઉહાપોહ કરતા અને એ રીતે તત્ત્વનિર્ણય થઇ શકતો. પુરાણકાળમાં પણ એ જ પ્રણાલિકા ચાલુ હોય એમ દેખાય છે; સંવાદરૂપે લખાયેલા ગ્રન્થો એનાં પ્રમાણભૂત દૃષ્ટાન્તો છે.

* * * *

આપણે મુદ્દાને ટૂંકાવીએ. આષાઢી એકાદશીને દેવશયની કે દેવપોઢી એકાદશી કહે છે અને તે દિવસે દેવ સૂઈ પોઢી જાય છે એમ મનાય છે. ઉપનિષદ્‌માં દેવો તો ઘણા કહ્યા છે. મુખ્ય દેવદેવોના પણ દેવ તો પરમાત્મા પોતે છે, એ સદાસર્વથા વ્યાપક હોવાથી કદી સૂઇ ન શકે. પણ બ્રહ્માંડની રચના થતાં વેંત જ પંચતત્ત્વો, પંચતત્ત્વોનાં બનેલાં નામરૂપવાળાં શરીરો, સૂક્ષ્મ દેવદેવતાઓ, સૂર્યચંદ્ર વગેરે જ્યોતિસ્વરૂપો, અને પૃથ્વી ઉપર થઇ ગયેલા અવતારો, આચાર્યો તથા સંતમંડળની પૂજાસ્પદ અસંખ્ય વિભૂતિઓનાં આપણને વર્ણન મળે છે.

આ બધાયમાંથી કયા દેવ સૂઇ જાય છે એ શોધી કાઢવું જોઇએ. મને પોતાને તો સમજાય છે કે જેમ બધું ત્રિગુણાત્મક છે, તેમ આ પૃથ્વીપરની છ ઋતુઓનાં દ્વંદ્વ ગોઠવીએ તો ત્રણ મુખ્ય ઋતુઓ બને છે, અને એમાં એક એક ગુણની પ્રધાનતા નજરે પડે છે.

(૧) વર્ષા અને શરદનો ચાતુર્માસ તે ચોમાસું, (૨) હેમન્ત અને શિશિરનો શીતકાળ તે શિયાળો અને (૩) વસન્ત તથા

ગ્રીષ્મનો ઉષ્ણકાળ તે ઉનાળો. આ ત્રણ ઋતુનો ત્રણ ગુણ પ્રમાણે વિચાર કરી જોતાં જણાશે કે—એમાં ઉત્પત્તિ, સ્થિતિ, અને સંહારની ઘટના છે.

(૧) પૃથ્વીને ક્ષેત્ર કે પ્રકૃતિ માનો; સૂર્યને પુરુષ માનો; મધ્યસ્થ રહેલા જલસ્વરૂપ ચંદ્રદેવને વીર્યસ્થાને સમજો. એટલે પુરુષપ્રકૃતિ—પતિપત્નીના દ્વંદ્વનો ખ્યાલ આવશે. આકાશસ્થ મેઘમંડળરૂપ પુરુષના વીર્યનું સ્ત્રવણ થતાં પૃથ્વીરૂપ સ્ત્રીના ગર્ભમાંથી અસંખ્ય રાશિ વનસ્પતિ ઊગી નીકળે છે, એમાંથી ધનધાન્ય અને ઔષધિ ઊપજે છે.

તે ઉપરાંત કીટ, પતંગથી માંડીને નરી આંખે ન દેખાય એવાં સૂક્ષ્મ જન્તુઓ પણ ઊભરાઈ પડે છે; આ છે સૃષ્ટિની ઉત્પત્તિ અને આ છે ચોમાસું ( ચાતુર્માસ ). (૨) પૃથ્વી ઉપરની વનસ્પતિ તથા ઔષધિના ફળ ફૂલકણનો પાક થઇ જાય છે; સૂર્યદેવ ચાતુર્માસથી જ દક્ષિણાયનમાં હોવાથી પોતાના પ્રાણ-ભંડારનો પૂરા વેગથી પૃથ્વીને લાભ આપી શકતા નથી તેથી સૂર્ય અને પૃથ્વી વચ્ચેની મધ્યસ્થ જલદેવતાની શીતળતા—શરદી ચાલુ રહે છે. આ છે શિયાળો—શીતકાળ.

(૩) સૂર્યદેવ ઉત્તરાયનની મધ્યમાં આવવાથી પ્રચંડ આતપ વેર્યા કરે છે; ખધે, પૃથ્વીના બાહ્ય શરીરમાં શુષ્કતા આવે છે; ચોમાસામાં ઉપજેલી વનસ્પતિનું દર્શન થતું નથી, લીલોતરી શુષ્ક—નષ્ટ થઇ જાય છે. સંહારમાંયે ક્યાંક રડ્યાંખડ્યાં સજીવન રહે છે મોટાં મોટાં વૃક્ષો અથવા જ્યાં જલતત્ત્વની વિશેષતા હોય એવા હિમાલય જેવા શીતપ્રદેશોની વનરાજિ.

*　　*　　*　　*

શાસ્ત્રોમાં ત્રણ ગુણના અધિષ્ઠાતાઓની સંજ્ઞા આપેલી છે. ત્રણેયને પોતપોતાના કાર્ય પરત્વે ઓળખાવ્યા છે અને તે પણ સમષ્ટિ રૂપે ચંચલ રજોગુણને બ્રહ્મા કહ્યા છે, જેનું સર્જનનું કામ છે; શાંત સત્ત્વગુણને વિષ્ણુ તરીકે ઓળખાવ્યા છે, જે સંરક્ષણ કરે છે, અને ઉગ્ર તમોગુણને રુદ્ર કહ્યા છે જે સંહારક તરીકે ભાગ ભજવે છે.

હવે આપણે સૃષ્ટિ ઉપરની ત્રણેય ઋતુની લીલા તપાસીએ.

(૧) ચોમાસાના વૃષ્ટિપ્રસાદથી તૃપ્ત થતી પૃથ્વીરાણી અવનવીન રંગની વનસ્પતિની સાડીઓ કે ચુંદડીઓ ઓઢે છે; જલરાશિઓ ઊછળી ઊછળીને ચંદ્રને તર્પણ કરે છે, કે હે પિતૃદેવ! સૂર્યદેવે અમારાં કેટલાંયે જલબિંદુઓ ખેંચી–સૂકવીને આપની આડાં ધર્યાં હતાં, તે બધાંને પાછાં અમારી સાથે મોકલીને આપે અમારો સહોદરભાવ વધાર્યો છે: અવ્યકત બીજોમાંથી ઊપજતાં અંકુર, વૃક્ષ, પુષ્પ, ફળ તથા શાખાપ્રશાખાવાળાં વૃક્ષો, લતાઓ, ઔષધિઓરૂપે હાલેચાલે, લહેરાય અને નાચે છે. એ બધાં પૃથ્વી અને જલતત્ત્વની પ્રસન્નતાનો આનંદ માણે છે. અવનવી ઉત્પત્તિ, રૂપગુણના નાચરંગ, શરદપૂનમની રાસક્રીડા, આવું બધું જાણે કામવિકારમાં ઉન્માદ ભોગવતી આખી સૃષ્ટિ તરબોળ થઈને ઉલ્લાસ કરતી હોય એવું દેખાય છે.

આ છે બ્રહ્માનો સર્જનકાળ; બ્રહ્માનો વિશેષ આવિર્ભાવ, વિશેષ ક્રિયાકલાપ, વિશેષ શ્રૃંગારદશ્ય એટલે રજોગુણની વિશેષતા.

આ સર્જનસ્થિતિમાં સત્ત્વગુણ ઢંકાઇ જાય છે; ઊંડા ઊંડા ક્યાંક માનવીય અંતઃકરણમાં અવ્યક્તરૂપે રડચોખડચો પડચો હોય એટલું જ; બાકી તો રજોગુણ જાગ્રત થાય છે; તમોગુણ

શાંત છે, અને સત્ત્વગુણ સુષુપ્ત છે. આ સત્ત્વગુણ એટલે વિષ્ણુની સુષુપ્તિ અને એ જ દેવનું શયન કહેવાય છે. દૈવીસંપદનુ અત્યંત ન્યૂનભાવે દર્શન; જ્યાં ત્યાં રાજસિકવિલાસની જ બોલબાલા! સત્ત્વની શાંતિ નહીં; ઇંદ્રિયોનું દમન નહીં; મનનો સંયમ નહીં. એટલે દેવ સૂઈ ગયા, પોઢી ગયા, સત્ત્વગુણ ઢંકાઈ ગયો.

દેવશયની આષાઢી શુકલ એકાદશી એટલે તે દિવસથી કાર્તિકી એકાદશી સુધી સત્ત્વગુણસ્વરૂપ વિષ્ણુની સુષુપ્તિ. વૈદધર્મના ઋષિઓ અને આચાર્યોએ જોયું કે માનવધર્મની રક્ષા માટેનાં વિધિનિષેધનાં કર્મઉપાસનાનાં બંધન જો શિથિલ પડશે, તો રજોગુણ માઝા મૂકશે; એવો વિવેક વાપરીને એમણે આ ચાતુર્માસમાં વિશેષભાવે જપ, તપ, વ્રત, દાન, પુણ્ય અને કથાવાર્તા તથા સંતસમાગમ માટે આગ્રહ રાખવાની યોજના કરી આપી.

*   *   *   *

ચોમાસામાં વિચરતા સંતસાધુઓની પગપાળા યાત્રા મુશ્કેલ બને. એટલે એમણે આ એકાદશીથી કોઈ સુયોગ્ય સ્થાને સ્થિર થવું જોઇએ. જ્યાં ભક્તોનો આગ્રહ હોય ત્યાં ચાતુર્માસ નિમિત્તે રહે, અને અંતઃકરણમાં સત્ત્વગુણ જાગ્રત રહે એવો ઉપદેશ આપવાનું મહદ્ કાર્ય કરે. આવી છે અત્યારે ચાલતી પ્રણાલિકાની રૂઢિગત થયેલી કર્મકાંડશ્રેણી.

હવે આપણે બીજી વાત વિચારીએ. આ પૂર્ણિમાને અત્યારે તો ગુરુપૂર્ણિમા તરીકે ઓળખીએ છીએ, પણ એનું પ્રાચીન નામ છે, વ્યાસપૂર્ણિમા, જે દિવસે વ્યાસનું પૂજન કરવું જોઇએ.

વ્યાસ શબ્દને वि+आस તરીકે છૂટો પાડીએ ત્યારે એનો અર્થ વિશેષ ભાવે બેસવું, આસન લેવું એવો થાય છે. પરિષદ્

કે સભા ભરીને કોઈ વિશિષ્ટ વ્યક્તિ દ્વારા પરિષદ્‌ની ચર્ચાનો સર્વાનુમતે નિર્ણય થાય અને સૌને એ રીતે આચરણ કરાવવાનો એમાંથી આદેશ થાય. આવી રીતે ઋષિઓની પરિષદ્ ભરાય. ધર્મ કે મોક્ષના હેતુ તથા શાસ્ત્રનાં રહસ્યનો નિર્ણય કરવાની ચર્ચાઓ થાય, એમાં અનુભવીઓ હોય, જિજ્ઞાસુઓ હોય, તટસ્થ વર્ગ પણ હોય, પરન્તુ એ બધાંને નિયમમાં રાખીને યથાવિધિ સંચાલન કરનાર અને પાછળથી એ જ પ્રમાણે ઉપદેશપ્રણાલિકા ચલાવનાર જે મુખ્ય વ્યક્તિ હોય (જેને આપણે અત્યારે પ્રમુખ, સભાપતિ, અધ્યક્ષ વગેરે નામ આપીએ છીએ) તેનું પ્રાચીન નામ છે વ્યાસ. પૂર્વકાળમાં આવા ઘણા વ્યાસ થઇ ગયા છે. એવી પણ માન્યતા છે કે બધા વ્યાસો મહાદેવના અવતાર છે, કારણ કે મહાદેવ જેમ સંસારરૂપ કાર્યના મૂલ કારણ અજ્ઞાનનો નાશ કરે છે, તેમ વ્યાસપરમ્પરા પણ નિવૃત્તિ-પરાયણ જીવાત્માઓને જ્ઞાનનો ઉપદેશ આપીને અજ્ઞાનનો નાશ કરે છે. એ વ્યાસદેવનું પૂજન આષાઢી પૂર્ણિમાને દિવસે કરવું જોઈએ, કારણ કે ચાતુર્માસમાં જ્યાં જ્યાં, જે જે આચાર્ય કથા, ઉપદેશ કે સત્સંગ દ્વારા શ્રોતાવર્ગને ઉપદેશ આપીને સુષુપ્ત સત્ત્વગુણને જાગ્રત રાખવાનું કાર્ય કરે છે એ વ્યાસ કહેવાય છે.

હવે આપણે ગુરુ શબ્દ વિષે વિચાર કરીએ; મુખ્ય દસે ઉપનિષદોમાં જ્યાં જ્યાં જિજ્ઞાસુ કે મુમુક્ષુ તત્ત્વોપદેશ ગ્રહણ કરવા માટે કોઇ તત્ત્વવિદ્ પાસે જાય છે ત્યાં એ તત્ત્વવિદ્‌ને આચાર્ય સંજ્ઞા આપે છે. શબ્દાર્થ તો એવો છે કે જે પોતે આચરણ કરીને બીજાને આચરણ કરાવે, એમને માટે શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, આચાર્ય એવા શબ્દો વપરાય છે. અને ગુરુ શબ્દનો ઉપયોગ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં થયેલો છે; यस्यदेवे पराभक्तिर्यथादेवे

તથા ગુરૌ—એવું કહીને ગુરુનું સ્થાન ઇશ્વરના જેવું અને જેટલું જ મહત્ત્વનું જણાવ્યું છે.

ઉપનિષદ્‌કાળમાં ચાતુર્માસ વ્યવસ્થા હશે કે કેમ એનો નિર્ણય થઇ શકે એમ નથી. કારણ કે એનો સંબંધ વર્ણાશ્રમ વ્યવહારની સાથેનો છે. વળી એ વ્યવસ્થા ક્યારથી થઈ એ ઇતિહાસની વાત છે; અને મતભેદનો એ વિષય હોઈ આપણે કશું નિશ્ચયાત્મક કહી શકીએ એમ નથી, પરંતુ જૈન અને બુદ્ધ ધર્મના ઉદય પછી જૈનમુનિઓ અને બુદ્ધ ભિક્ષુઓ પોતપોતાના નવીન સિદ્ધાન્તનો પ્રચાર કરવા માટે દેશદેશાન્તરમાં વિહરવા માંડ્યા, એ કાલમાં તો વેદધર્મમાં પણ આશ્રમવ્યવસ્થા હશે જ એમ અનુમાન થાય છે. તપસ્વીઓ તો હતા; વનવાસી ઋષિઓ પણ હશે; મુખ્યત્વે બ્રાહ્મણવર્ગ બ્રહ્મવિદ્યાનાં અને એનાં સાધનો જેવાં કર્મ ઉપાસનાના કાંડનું અધ્યયન–અધ્યાપન કરાવતા હશે એ તો ચોક્કસ છે.

ભ. શંકરાચાર્યનો આવિર્ભાવ થયો ત્યારે તો સંન્યાસ-આશ્રમની પદ્ધતિ ચાલુ જ હશે એમ સ્વીકારી લેવું પડે છે. એ પોતે દક્ષિણમાંથી નીકળી આચાર્યની શોધમાં ફરતા ફરતા ઉત્તર તરફ આવતા હતા ત્યાં ભરતખંડને ઉત્તર-દક્ષિણ ખંડમાં વહેંચી નાંખતી નર્મદા નદીને કાંઠે આવી પહોંચતાં શ્રી ગોવિંદાચાર્યનો પરિચય થયો. એ વેદધર્મીય સંન્યાસી હશે, શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ હશે; એવી પ્રશંસા સાંભળી હશે. એમની કીર્તિધ્વજાને જોતાં—જાણતાં એમને શરણે પડ્યા; ત્યાં એમણે સંન્યાસઆશ્રમ ગ્રહણ કર્યો, અને પછી લોકોત્તર કાર્યોથી ભરતખંડમાં લુપ્તપ્રાય થતી આવતી વેદધર્મની જ્ઞાનકર્મની પરમ્પરાને સજીવન કરવા સમસ્ત દેશની દિશાઓએ પહોંચી વળ્યા.

તે વખતે ગુરુ નહીં પણ આચાર્ય નામ પ્રચલિત લાગે છે;

શ્રી ગોવિંદાચાર્ય, એમના ગુરુ શ્રી ગૌડપાદાચાર્ય, પોતાનું નામાભિધાન શંકરાચાર્ય, એમના ચારેય શિષ્યોનાં નામમાં પદ્મપાદાચાર્ય, હસ્તામલકાચાર્ય, તોટકાચાર્ય અને સુરેશ્વરાચાર્ય છે. એમણે પૂર્વમાં જગન્નાથજી, ઉત્તરમાં બદરિનારાયણ, પશ્ચિમમાં દ્વારકા અને દક્ષિણમાં શૃંગેરી એમ ચાર મહાધામે ચાર મઠ સ્થાપીને ચારેય શિષ્યોને અધિષ્ઠાતા નીમ્યા. એમના પછી થોડા સમય સુધીની નામાવલિમાં આચાર્ય પદવી જ હતી એમ જણાય છે. અત્યારે પ્રચલિત થયેલાં, તીર્થ, આશ્રમ, ગિરિ, પુરી, ભારતી, વન, અરણ્ય,, સરસ્વતી, પર્વત અને આશ્રમ —એ દસ નામ તો સમય જતાં પાછળથી પડેલાં હોય એમ લાગે છે.

આપણે આચાર્ય શબ્દ વિષે અહીં વિચાર કરવાનો હોઈ પરંપરા વિષે વધારે વિવેચન નહીં કરીએ. પરંતુ એક વાત અહીં ખાસ ધ્યાન ખેંચે એવી છે. એમને જગદ્‌ગુરુની પદવી લાધે છે એમાં ગુરુ શબ્દનો સમાવેશ થાય છે. कृष्णं वंदे जगद्‌गुरुम्। એ ગીતામાહાત્મ્યમાં પણ ગુરુ શબ્દની યોજના છે. આ ઉપરથી એમ માનવું પડે છે કે ગુરુ શબ્દ પણ પ્રાચીન હશે અને આચાર્યની જ કોટિમાં એ વપરાતો પણ હશે.

વ્યાસ શબ્દ પુરાણકાળમાં વિશેષરૂપે પ્રચલિત હશે અને પુરાણની કથાવાર્તા કરનારને એ ઉપમા અપાતી હશે એમ લાગે છે; કારણ ચાતુર્માસને આરંભે વ્યાસપૂજનની મહત્તા વિશેષભાવે ઓળખાઇ આવે છે; આપણે ત્રણ ભેદ પાડીએ.

(૧) **આચાર્ય :**—વર્ણ અને આશ્રમની વ્યવસ્થા સાચવી શકે, બધાંયને અધિકાર પરત્વે ઉપદેશ આપે, વર્ણાશ્રમના ધર્મનું

સંચાલન કરે, પોતપોતાના પ્રદેશમાં ધર્મસત્તાનું રક્ષણ કરે શાસ્ત્રમર્યાદાને સુરક્ષિત રાખે, એ કહેવાતા હશે આચાર્ય. પરા અને અપરા બન્ને વિદ્યાનું શિક્ષણ-આચરણ કરાવે તે આચાર્ય.

(૨) **વ્યાસ:**—પ્રસંગોપાત ભરાતી પરિષદોના અધ્યક્ષ બને, વેદથી માંડીને પુરાણગ્રન્થોની કથાવાર્તા દ્વારા વર્ણવિભાગને સુરક્ષિત રાખીને ઉપદેશ આપે, લોકસમૂહમાં-વ્યવહારમાં ઉપયોગી થાય એવું શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોનું અધ્યયન કરાવે, અને મુખ્યત્વે કર્મ તથા ઉપાસનાકાંડનું શિક્ષણ આપીને પ્રજાને ધર્માભિમુખ કરાવે એ વ્યાસ.

(૩) **ગુરુ:**—કેવલ નિવૃત્તિ માર્ગનો જ ઉપદેશ આપે; બ્રહ્મવિદ્યાનું અધ્યયન કરાવે; એના સ્વાધ્યાયનું શિક્ષણ આપે, અવતાર કોટિમાં તથા બાહ્ય દૃષ્ટિએ ગૃહસ્થાશ્રમી હોવા છતાં પણ એમના જીવકાર્યમાં બધે પોતાનો બ્રહ્મવિદ્‌ભાવ સુરક્ષિત રાખીને ભક્ત, જિજ્ઞાસુ કે મુમુક્ષુને ભગવદ્‌ભકિત તરફ વાળીને અધિકાર પરત્વે આત્મસાક્ષાત્કારની સાધના કરાવી શકે એ છે ગુરુ.

*       *       *       *

વ્યાસપૂજન વધારે પ્રચલિત હશે કારણ કે એવા વ્યાસના શ્રોતાવર્ગમાં વિશેષત: ચારે વર્ણના શ્રોતાઓનો સમાવેશ થતો હશે એમ લાગે છે, અને આચાર્યપૂજનમાં વર્ણ તથા આશ્રમ બન્ને પ્રકારના શ્રોતાની સંભાવના હશે એમ લાગે છે. જ્યારે ગુરુ શબ્દની તો બહુ જ વ્યાપકતા માની લીધી હોય એમ લાગે છે. અત્યારે વ્યાસ શબ્દ અને એ પદવીધરની લુપ્ત થઈ ગઇ છે. બ્રાહ્મણો કથા કરે છે ખરા, શ્રીમદ્‌ ભાગવતની પારાયણોમાં કથાકારને વ્યાસની જ પદવી અપાય છે, પણ ભ.

શંકરાચાર્યના સમયથી અત્યાર સુધીના સમયમાં અધ્યાત્મવિદ્યાનો ઉપદેશ જ્યાં જ્યાં અપાય છે ત્યાં બધા ઉપદેશકો સન્તસાધુઓ (ચતુર્થાશ્રમીઓ) હોવાથી એમને આચાર્ય નહીં પણ ગુરુ શબ્દથી જ ઓળખવામાં આવે છે; કથા કરનારાઓ વ્યાસ; ઉપદેશ શ્રવણ કરાવનારા આચાર્ય, અનુભવ કરાવનાર ગુરુ એવું થોડું તફાવત પૂરતું યાદ રાખવા જેવું છે.

આચાર્યપદવી કેવળ ચાર પીઠના અધિષ્ઠાતા માટે જ જાણે યોગ્ય હોય એવું થઇ પડ્યું છે. વ્યાસ શબ્દનો લોપ થતો જાય છે, અને ગુરુ શબ્દની વ્યાપકતા એટલી બધી વિશાળ થઈ પડી છે કે અધ્યાત્મવિદ્યા, લૌકિકવિદ્યાઓ તથા અન્ય શિક્ષણ-વિભાગોમાં બધે "ગુરુજી" શબ્દ છૂટથી વપરાય છે. આ બધાયની ચોક્કસ વ્યાખ્યા બાંધવાનું કામ અઘરું છે. લગભગ અશકય છે.

આચાર્ય, વ્યાસ અને ગુરુ એ ત્રણેય પ્રતિ ઉપદિષ્ટનું કર્તવ્ય કેવું હોવું જોઇએ, એ વિષે પ્રાચીનકાળનાં શાસ્ત્રો તો બધાં એકમત છે. શ્રદ્ધા, ભક્તિ, સેવા અને આજ્ઞાપાલન એ એનાં આવશ્યક સાધન છે: ગુરુભક્તિ અને ઇશ્વરભકિતની મહત્તાને સમાન કક્ષમાં મૂકવાની જયારથી શરૂઆત થઇ હશે ત્યારથી હજુ પણ એ દૃષ્ટિથી શ્રદ્ધાળુ જનસમૂહ પોતાના ગુરુદેવ સાથેનો વ્યવહાર એ જ રીતે કર્યે જાય છે.

ગુરુભકિતની મહત્તા ઇશ્વરભકિતના જેવી અને જેટલી જ છે, એ વિષે આપણે શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના મંત્રમાં જોઇ ગયા. છતાં થોડો ઉલ્લેખ અહીં કરી લઉં.

અદ્વૈતવાદ અને દ્વૈતવાદ, એ બન્ને સાધનમાર્ગમાં સદ્‌ગુરુની

આવશ્યકતા પરમ્પરાથી એક સરખી ચાલી આવે છે. પહેલામાં ઈષ્ટ છે આત્મા કે બ્રહ્મ, જે કેવલ નિર્ગુણ, નિરાકાર, સર્વવ્યાપક, સર્વનું પોતાનું સ્વરૂપ છે. ગુરુ અને શિષ્ય બન્નેનું ધ્યેય આત્મસાક્ષાત્કાર હોઈ, શિષ્યને ગુરુનો ઉપદેશ तत्वमसि = "તે તું છે" અર્થાત્ તે બ્રહ્મ તું જ છે એવો હોય છે. अहम् ब्रह्मास्मि = "હું બ્રહ્મ છું" એ શિષ્યના અનુભવના ઉદ્‌ગાર છે. શિષ્યના લક્ષ્ય કે જિજ્ઞાસામાં બ્રહ્મ વિના બીજું કાંઇ નથી. ગુરુ બ્રહ્મવિદ્ અને શ્રોત્રિય છે. એટલે ગુરુ જ શિષ્યનું ધ્યેય હોય, જે ભાવે બ્રહ્મની સેવા, શુશ્રૂષા, ભક્તિ, આજ્ઞાપાલન કરવાનાં હોય એ જ દૃષ્ટિથી ગુરુની સાથેનો સંબંધ રાખવો જોઇએ એ શાસ્ત્રનું વિધાન છે.

દ્વૈતવાદમાં ગુરુ શિષ્યના ઉપદ્રષ્ટા છે, એમણે ભગવદ્‌દર્શન કરેલું છે અને શિષ્યનું ધ્યેય પણ ભગવદ્‌દર્શન છે. બ્રહ્મ જ સગુણરૂપે ઈશ્વર, પરમાત્મા કે ભગવાન્ છે, સદ્‌ગુરુ દ્વૈતવાદી શિષ્યના ગુરુ છે, અને ગુરુએ ભગવદ્‌દર્શન કર્યું છે એ નિર્ણયાત્મક સિદ્ધાન્ત હોવાથી ગુરુદેવ દ્રષ્ટા, સાક્ષી તથા ભગવદ્-પ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય આપનાર છે. પરમાત્મા બ્રહ્મસ્વરૂપ છે; ગુરુદેવ ભગવદ્‌દર્શનથી તૃપ્ત થયેલા છે; શિષ્ય ભગવદ્‌દર્શન માટે ઉત્સુક હોઈ ગુરુદેવનો શરણાગત છે, આ દૃષ્ટિએ પણ ગુરુદેવની મહત્તા ઓછી નથી. બન્ને સાધન પરમ્પરામાં ગુરુ-ભકિતનો મહિમા એક સરખો, એક ધારો અને અદ્વિતીય રીતે શાસ્ત્રો વર્ણવી રહ્યાં છે.

* * * *

અત્યારના ટીકાકારો ગુરુસેવાના સિદ્ધાન્ત વિષે આક્ષેપો કરે છે. વર્તમાન યુગમાં અનધિકાર ચેષ્ટા થતી હશે, —હદઉપરાંત

થાય છે, એ કબૂલ કરવા છતાં સાધનમાર્ગનો જે સિદ્ધાન્ત છે એ અટલ અને સનાતન છે. આચરણમાં અણઆવડત હોય તેથી સિધ્ધાન્તવિચાર ભૂલભરેલો છે એમ કહેવું કોઇ રીતે યોગ્ય નથી. શાસ્ત્રોના આચારવિચારનાં રહસ્યો જાણ્યા, જોયા કે અનુભવ્યા વિના ગુરુશિષ્યના વર્તમાન વ્યવહારમાં દોષ જોવાનો કશો અર્થ નથી. ઉપરાંત પ્રાચીન રહેણીકરણીનાં રહસ્યો ભૂંસાઇ ગયાં છે. ચરણ-સ્પર્શ, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, શરીરસેવા, આજ્ઞાપાલન—એવાં અત્યારે ન સમજી શકાય એવાં સાધનમાં ઘણાં અનુભવગમ્ય રહસ્યો છે, અને જ્યાં સુધી શ્રધ્ધા અને નમ્રતાપૂર્વક એ માર્ગે કંઇ ડગલું ન ભરાય ત્યાં સુધી એ ભવ્ય અને દિવ્ય રીતે સેવ્ય પધ્ધતિની ભાગ્યે જ ઝાંખી થાય એમ છે.

વર્તમાન યુગની પ્રજા એક બીજી ભયંકર ભૂલ આ વિષયમાં કરે છે. ઉપનિષદ્‌માં બે વિદ્યાઓનો ઉલ્લેખ છે; (૧) પરા વિદ્યા અને (૨) અપરા વિદ્યા.

પરા વિદ્યા એટલે અધ્યાત્મમાર્ગની બ્રહ્મવિદ્યા. શાસ્ત્રોમાં જે પદ્ધતિ છે અને જ્યાં જ્યાં ગુરુભક્તિનો ઉલ્લેખ આવે છે એ છે પરા વિદ્યાની પ્રાપ્તિ માટેનો ગુરુશિષ્યના સંબંધનો ભક્તિભર્યો સેવાભાવ. એ માર્ગે જેણે જવું હોય કે એ પ્રમાણે જેને સાધના કરવી હોય, એણે તો પુરાપ્રાચીનકાળથી ચાલી આવતી સનાતન પધ્ધતિનો જ સ્વીકાર કરવો જોઇએ—કરવો જ પડશે એવો મારો નમ્ર પણ દૃઢ મત છે.

અપરા વિદ્યાઓ અસંખ્ય છે; એમાં ગુરુશિષ્ય શબ્દ વપરાય એ વિષે ભાગ્યે જ વાંધો હોઈ શકે, પણ અત્યારની શાળા, કોલેજની પધ્ધતિમાં તો નાણાં આપીને ભણવાની વાત

હોય તેમાં ગુરુના અંગત ચારિત્ર સાથે શિષ્યને કશી લેવાદેવા નથી એવી જ માન્યતા પ્રચલિત છે. એમાં પુસ્તકજ્ઞાન છે, ચારિત્રઘડતર નથી. ત્યારે પરા વિદ્યામાં તો આત્મવિદ્યા શીખવાની છે. આત્માનો અનુભવ—ઇશ્વરનાં દર્શન કરવાનાં છે; આચાર્ય અનુભવી જ હોવો જોઇએ એ નિર્વિવાદ વાત છે. એમાં પુસ્તકજ્ઞાન નહીં, પણ આત્મજ્ઞાનની સાધના છે; જીવનના કલ્પનાભર્યા આદર્શ ગોખવાના નથી, પણ જીવનનું યોગ્ય ઘડતર કરવાનું છે. અધ્ય -મ-વિદ્યામાં તો ગુરુશિષ્યનાં ચિત્ત અને પ્રાણની એકતા સાધવાની છે. જે વિદ્યા મેળવવાની છે તેનું શરીરની બહાર, પ્રકૃતિના ક્ષેત્રમાં કોઇ સ્થળે, કોઇની સમક્ષ કશુંયે પ્રદર્શન કરવાનું નથી. જ્યારે અપરા વિદ્યાના શિક્ષણમાં લૌકિક વિદ્યાઓના વિષયજ્ઞાનમાં તો બધી વિદ્યાઓને સ્મરણશકિતમાં ગોખી ગોખીને ભરવાની છે. કર્મેન્દ્રિયો વડે લૌકિક ક્ષેત્રમાં એનાં પ્રદર્શન કરવાનાં છે; બાહ્ય જગતને એનો લૌકિક લાભ આપવાનો છે; એટલી જ એમાં સમજણ છે.

વિશેષ વિસ્તાર કરવાનો આ પ્રસંગ નથી પણ સ્મરણમાં રાખજો કે અધ્યાત્મવિદ્યાની પ્રાપ્તિ માટે ગુરુભકિતની મહત્તા શાસ્ત્રો ગાય છે એ સત્યપૂર્ણ અને અનિવાર્ય છે. એ વીરપૂજા નથી; રાજાની, નેતાની, દેશસેવકની, દેશોધ્ધારકની કે એવી એવી સાંસારિક સિદ્ધિ કરી આપનાર રાજકીય, સામાજિક કે આર્થિક એવાં એવાં અનેકવિધ ક્ષેત્રોમાં જગતને લૌકિક લાભ કરાવી આપનારનાં ગુણગાન કરવાં એ ગુરુભકિત નથી. એ વીરપુજા હશે; એને કોઇ ભકિત કહેતા હશે; પણ સાંસારિક ક્ષેત્રમાં શિરોમણિ થનાર નેતાની ભકિત અને અધ્યાત્મવિદ્યાના આચાર્ય કે ગુરુની ભકિતમાં પૂર્વપશ્ચિમ જેટલું અન્તર છે; એક લૌકિક એટલે સાંસારિક છે, સાંસારિક લાભ અપાવનારી

છે, પ્રત્યક્ષ સંસાર પૂરતો જ એનો ઉપયોગ છે, જ્યારે બીજી અલૌકિક હોઇ પરમાત્મવિષયક છે; સંસાર, લોક, વ્યવહાર, સ્થૂલ જીવન એ બધાં ક્ષેત્રોથી પર છે. અત્યારે લંબાણ નથી કરવું તેમ શાસ્ત્રોનાં પ્રમાણો ભણીભણીને આપણે શાસ્ત્રશુક પણ નથી થવું. ભ. શંકરાચાર્ય આપણા આદ્ય આચાર્ય છે; એ અદ્વૈતવાદના સમર્થક છે; બ્રહ્મ કેવલ એટલે એક હોઇ એમણે એને અદ્વૈત કહ્યું છે; એથી એમનો સિદ્ધાન્ત કેવલાદ્વૈત છે; એમના લેખભંડારમાં સદ્‌ગુરુની અપૂર્વ અને અનિવાર્ય ઉપયોગી મહત્તા સ્વીકારેલી છે; આત્મસાક્ષાત્કારના, અદ્વૈતના અનુભવમાં ઉપયોગી થાય એવાં કર્મ તથા ઉપાસનાનાં વિધાનના એ સમર્થક છે; ચિત્તશુદ્ધિ માટે એ કર્મકાંડનો સ્વીકાર કરે છે; વિક્ષેપનો નાશ કરવા માટે ઉપાસના–યોગને મુખ્ય ગણે છે. એમને સમસમુચ્ચય નહીં પણ ક્રમસમુચ્ચય ઇષ્ટ છે; મોક્ષ તો જ્ઞાનથી જ મળે, પણ તે પહેલાં ચિત્તશુદ્ધિ અને વિક્ષેપનાશ માટે કર્મઉપાસનાની જરૂર પડે છે. એટલે કર્મ, ઉપાસના અને જ્ઞાન એવો સાધનામાં ક્રમ સ્વીકારીને શંકરાચાર્ય પોતાના કેવલાદ્વૈતના સિદ્ધાન્તનું, અજાતિવાદ કે વિવર્તવાદનું સુંદર સ્પષ્ટીકરણ પોતાનાં ભાષ્યોમાં અને પ્રકરણગ્રન્થમાં કરી આપે છે.

* * * *

અસ્તુ ! ગુરુદેવ બ્રહ્મવિદ્ છે; હોવા જ જોઈએ; એ બ્રહ્મનિષ્ઠ ન હોય તો બ્રહ્મદર્શન કરાવી જ ન શકે; એની સાથે એ શ્રોત્રિય છે; એમણે શ્રુતિબોધ લીધેલો છે, ગુરુમુખે શ્રવણ કર્યું છે, શાસ્ત્રના આધારે એ ચાલેલા છે તેથી જિજ્ઞાસુના માર્ગના અલૌકિક, નિશ્ચયાત્મક ભોમિયા બને છે. બ્રહ્મ સામાન્ય રીતે તો સર્વવ્યાપક છે, પણ આપણે પ્રથમ બિશેષ ભાવે દર્શન

કરવાનું છે, એટલે "બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ"–બ્રહ્મવિદ્ જ બ્રહ્મ છે એ શ્રુતિપ્રમાણના આધારે આપણા ગુરુદેવ સશરીર હોવાથી વિશેષ-ભાવે બ્રહ્મ છે; એ જ આપણું સગુણ, સાકાર, ગીતા જેને હરતાં-ફરતાં, હાલતાંચાલતાં, ખાતાંપીતાં બ્રહ્મવિદ્ બ્રહ્મભાવમાં રહે છે એમ કહે છે, એ જ એ છે. આપણે બ્રહ્મ જિજ્ઞાસાની કામના રાખીને એમની સેવા કરીએ એ છે આપણો નિષ્કામ કર્મયોગ; બ્રહ્મ-સાક્ષાત્કારની એક માત્ર શુભેચ્છા રાખીને એમની ભક્તિઉપાસના કે ધ્યાન કરીએ એ છે નિષ્કામ ભક્તિયોગ; અને એમના અને આપણા ઉપાધિમુક્ત સ્વરૂપનો અનુભવ કરીએ એ છે આપણો જ્ઞાનયોગ !

તમે સૌ શુદ્ધ વિવેક, સબલ વિચાર , સરળ સાધન અને સરસ આત્મચિંતવન વડે આવા પ્રસંગોની મહત્તા જીવનમાં ઉતારો એવી તમને વિનંતિ કે સૂચના અને પરમ કારુણિક શ્રી ગુરુદેવને હૃદયભરી પ્રાર્થના છે. हरि ॐ तत् सत्।

(ઑગસ્ટ-૧૯૫૩)

# ખાસ જરૂરી

ઉત્થાન જેવું તેવું યે ચાલું રહ્યું છે. એમાં ગ્રાહકો, શુભેચ્છકો અને મિત્રોના મળેલા સહકાર માટે આભાર માનું છું. શારીરિક અસ્વાસ્થ્ય અને અન્ય વ્યવસાયમાં ગાળવો પડતો વખત, ઉત્થાનના વિકાસમાં અવરોધ કરે છે, એ હું જાણું છું; નથી રુચતું તોયે સંયોગો તાત્કાલિક ફેરવાય એવા નથી લાગતા. પરમાત્માને જે ઇષ્ટ હશે તે ખરું. જ્ઞાનપ્રચારના સાધન જેવું માસિકપત્ર "ઉત્થાન" અને અન્ય પુસ્તકોનું પ્રકાશન ચાલુ જ રાખવું એવો થોડા પણ સહૃદય મિત્રો, જિજ્ઞાસુઓ, મુમુક્ષુઓ અને સાધકોનો આગ્રહ છે, અને આશ્રમ સ્થાપનાનું મુખ્ય લક્ષ્ય જ્ઞાનપ્રચારનું છે એ ઉદ્દેશથી તો આશ્રમનું નામ પણ જ્ઞાનસાધન આશ્રમ છે. તેથી એને વશવર્તી બનીને હું પ્રયત્નશીલ રહું છું. જોઇએ એટલી વ્યવહારપક્ષે અનુકૂળતા મેળવવાના પ્રયત્નો ચાલુ છે. ભાવીના ગર્ભમાં સગવડ—અગવડ બન્ને ભરેલાં છે, જે કાલે જે બનશે, બને છે, બની ગયું એ બધું મારા પોતાના આત્મહિતમાં છે, બધું મારી શ્રેયસ્સાધનાની અખંડ જ્ઞાનમાળા છે, એટલે એ દૃષ્ટિએ પૂર્ણ—પરિપૂર્ણ સન્તોષ છે; ચિત્ત, જ્ઞાનદૃઢ થતું જાય, આત્મનિષ્ઠા બળવતી બને અને જીવનનો પરમ આદર્શ જે ૐ શાન્તિ: માન્યો છે, એમાં વિશેષ ભાવે આરૂઢ થતા જવાય એવો આ મારો રાજયોગ છે. પરમાત્મા તો પ્રત્યેક પ્રસંગે કરુણા જ વરસાવે છે, દ્વંદ્વો અનિત્ય છે ખરાં, પણ ચિત્તને યોગારૂઢ કરવામાં તો નિત્યતાનો પાઠ ભજવે

છે; બંને પોતપોતાનું વારાફરતી કામ કર્યે જાય છે, કારણ કે ક્ષણભર પણ, ધ્યાનારૂઢદશા સિવાયના સમયમાં ચિત્ત એમાંથી એકની સત્તા વિના રહી શકતું નથી. એ આગમાપાયી છે, અને ચિત્ત પણ અનિત્ય છે, પણ આત્મા, (બ્રહ્મ) નિર્ગુણ, નિરાકાર, એક અદ્વિતીય, કેવળ હોવાથી એને અવ્યવહાર્ય કહ્યો છે; એમાં તો નથી અજ્ઞાન કે નથી જ્ઞાન, નથી અવિદ્યા કે નથી વિદ્યા, નથી સાધન કે નથી સાધ્ય; બંધમોક્ષ, જન્મમૃત્યુ જેવા કશા ભેદ જ એમાં નથી, એટલે એમાં અનુભવ કે અનુભાવ્ય જ નથી.

કર્મ, ઉપાસના કે જ્ઞાનની સાધનત્રિપુટી, શ્રવણ, મનન, નિદિધ્યાસનની અનુભવત્રિપુટી, દ્વિવિધ સમાધિ, મંત્રયોગ, હઠયોગ, લયયોગ અને રાજયોગનું યોગચતુષ્ઠય, કે એવી બધી સાધન–સાધનાની ભાંજગડ તો અંતઃકરણના પ્રદેશમાં જ કરવાની છે; એ પોતે અનિત્ય હોવા છતાં સાધનામાં એકમાત્ર નિમિત્ત છે. અનેક જન્મો ધારણ કરતું કરતું માનવશરીર પામીને પુણ્યસંસ્કાર મેળવે, પરમ સત્ય જે સર્વાતીત છે, એનો બુદ્ધિયોગ દ્વારા તત્ત્વનિર્ણય કરે, એને અનુભવમાં ઉતારવા આત્માકાર વૃત્તિ ઊપજાવે, એ વૃત્તિનું વિચાર દ્વારા સતત્ અનુસંધાન રાખે, આત્માનન્દની અનોખી લહાણનું આસ્વાદન કરે, જીવનને ધન્યધન્ય, કૃતકૃત્ય માને, એ પણ બધું તો છે અંતઃકરણમાં જ.

એમાં જ દ્વંદ્વ, એક પછી એક વિરોધી હોવા છતાં દશ્યપ્રપંચમાંથી અનાયાસે, સ્વભાવગત આવજા કર્યા કરે છે; જીવાત્મા જ્યાં સુધી અવિદ્યાવશ છે, ત્યાં સુધી દુઃખ, શોક, મૃત્યુ જેવાં વિપરીતને દૂર રાખીને સુખ, હર્ષ, જન્મ જેવાં અનુકૂળને મેળવવા સંઘરવાના ઉધામા કરે છે; સકામભાવે કર્મઉપાસના

કરે છે; પરન્તુ જ્યાં તત્ત્વસાર સમજાય છે; ઋષિઓ, અવતાર-મન્યો, સન્તો અને અનુભવીઓની વાણીના જયઘોષ એના કાનના પડદા ઉપર પછડાય છે, અને કંઈક જીવનના અનુભવમાં પણ દ્વંદ્વ, દ્વૈત અને ત્રિપુટીની અનિત્યતા થોડીઘણી અનુભવી લેવાય છે, ત્યારે એવો સાધક, જિજ્ઞાસુ, મુમુક્ષુ કે જ્ઞાની દ્વંદ્વના બન્ને પક્ષોને સહર્ષ સાક્ષી બનીને એક સરખાં વધાવી લે છે. બન્ને એક સરખી જ રીતે સંસારને અનિત્ય માનીને દ્રષ્ટા અને દૃશ્ય, સાક્ષી અને સાક્ષ્ય બન્નેનું અનુસંધાન કરતી દ્રષ્ટામાં રહેલી ચૈતન્ય સત્તાની સાથે અભેદ્દ અનુભવવાનો જ્ઞાન-યોગ શીખે છે. ત્યાં પછી એને કશાયનો હર્ષશોક શાનો હોય? ભૂત કે ભવિષ્યને સત્ય-નિત્ય માનનાર વર્તમાનને નિત્ય-સ્થિર માને છે, અને એમાંથી બધી ગડબડ ઊભી થાય છે. વસ્તુતઃ કાળના વિભાગ પાડનાર માનવબુદ્ધિ છે, અસ્થિર અંતઃકરણ કાળને સ્થિર માનીને ભૂત-વર્તમાનને પ્રથમ સ્થિર માને છે અને પછી ઊભી થાય છે એમાંથી ત્રિકાળલીલા. ત્રિકાળલીલાને સત્ય માનવા જતાં ભૂતભાવીનાં જ્યોતિષશાસ્ત્રો, ઇતિહાસપુરાણો યોગદર્શનો, વિજ્ઞાનશાસ્ત્રો અને જગત કે વિશ્વવ્યવહારનાં સૂત્રો, સ્મૃતિઓ ઊભાં થાય છે; ચાલે છે આ માયાની અનિર્વચનીય, અગડમ્બગડમ્ રમત. રમે છે એમાં અજ્ઞાનવશ જીવાત્માઓ! એને સત્ય માનો અને બ્રહ્મસત્યને ભૂલો; એ છે ભગવાન્ શંકરાચાર્યનું મહામૂલ્યવાન સનાતન સત્યસુત્ર.

મને આ સિદ્ધાન્ત રુચ્યો છે, ગમ્યો છે અને જ્યારથી એની સાચી સમજણ આવી ત્યારથી એ જ રીતે આંતરજીવન જીવવાના ભગીરથ કાર્યમાં પડ્યો છું-મંડી પડ્યો છું. બાહ્ય-જીવનની મારે મન કશી વાસ્તવિક કિંમત નથી, કોડીનીયે

નહિ; હું માનું છું કે વૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાન એ આર્યશાસ્ત્રોની અનિવાર્ય સાધનત્રિપુટી છે. બાહ્યાડંબર સાથે અંતર્મુખી સાધકને બહુ ઓછી નિસ્બત હોય છે. સાધનામાં આંતરહેતુ મુખ્ય છે, બાહ્યજીવન કરણી–કહેણી ગૌણ છે. એ વેદોક્ત ધર્મનું અત્યુત્તમ લક્ષ્ય છે બાહ્ય ત્યાગ, શારીરિક તપશ્ચર્યા, નિર્જન એકાન્ત, યદ્વાતદ્વા શ્રદ્ધા કે એવાં દેશકાળને સત્ય માનીને મનને સુધારવા કેળવવાનાં સાધનો ઘણી વાર સત્યલક્ષ્યને મૂકીને એમાં જ–બાહ્યસાધનમાં જ ભલભલા સાધકને ફસાવી દે છે અને ત્યાગી, તપસ્વી, યોગી, એકાન્તસેવી, શ્રદ્ધાળુ ભક્ત જેવાં ઉપાધિયુક્ત વિશેષણોનું દાન આપીને જીવાત્માને અહંકારથી, દેહાધ્યાસથી જડ—વિશેષ જડ બનાવી દે છે. આ છે મારો અંગત અભિપ્રાય.

મારા લેખોમાં આ વિષે સૂક્ષ્મદૃષ્ટિ સાધકને અસંખ્ય સંકેતો મળશે. અત્યારે વિજ્ઞાનવાદને બહાને પોષાતા યંત્રવાદને લીધે મનુષ્ય મનુષ્ય નથી રહ્યો, એ હિંસક પશુ બની બેઠો છે. ઇન્દ્રિયોની ભૂખ એવી પ્રબળ બની બેઠી છે કે પરોપકાર, લોકહિત, જનસેવાને બહાને એની પાસે પશુકર્મ જ કરાવ્યે જાય છે. પણ અસ્તુ! અહીં એનો વિસ્તાર વ્યર્થ છે.

* * * *

ઉત્થાન ચાલુ રાખવામાં હેતુ છે, મારું પોતાનું મનન–નિદિધ્યાસન એને લીધે ચાલુ રહે કે જે આત્મલાભ હું નાનોસૂનો નથી માનતો. "પરિવ્રાજક" વાર્તા લખવામાં સન્તજીવનની વાસ્તવિકતા બતાવવાનો યત્ન છે. "યાત્રાવિહાર"માં તો સ્વજીવનની અન્યને ઉપયોગી થાય એટલી આપવીતી સામગ્રી સંઘરવાનો હેતુ છે. "પત્રજ્યોતિ"માં મને જેવું જે કાળે સમજાયું એટલું

શુભનિષ્ઠાથી મિત્રસાધકોને કહ્યું છે ને કહેવાય છે, એવું પ્રત્યક્ષ કારણ છે. અન્ય લેખોમાં પણ વૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાનનાં અમૂલ્ય સાધનનો સંકેત કર્યે જાઉં છું. નિરપેક્ષ સત્ય જેટલું પ્રખર છે, પ્રબળ છે એટલું જ એ તેજસ્વી છે. જેને એના મૂળસ્વરૂપે અનુભવવું હોય, એણે એની ઉષ્મા સહન કરતાં શીખવું જોઈએ. પતંગ દીપકની જ્વાળામાં પડે છે, એથી આપણને દર્દ થાય છે. કારણ કે સામાન્ય ગરમીથી આપણે તોબાહ પોકારેલી હોય છે. પતંગ તો સ્વભાવગત સ્વાર્પણ કરીને દીપકની જ્યોતિમાં પોતાની પ્રાણજ્યોતિને એકાકાર, તલ્લીન બનાવીને પતંગ-દેહથી મુક્તિ મેળવે-માને છે. સ્વાર્પણ વિના સ્વત્વની પ્રાપ્તિ નથી; એ સ્વત્વ એટલે જ સૌનું સ્વ-રૂપ, સ્વરૂપસ્થ રહેવું એટલે સ્વસ્થ થવું. સ્વસ્થ થવું એટલે શાન્ત થવું; શાન્તિ અને સુખ નિત્ય તૃપ્તિ અપાવે એ છે શાસ્ત્રોનું મહામૂલ્યવાન જ્ઞાનધન. માનવકુળનો, વેદધર્મના અનુયાયીઓનો જન્મસિદ્ધ અધિકારવાળો વારસો. એ મેળવવો હોય, અલબત્ત મેળવવો જ જોઈએ, તો ઋષિઓએ આદરેલાં, આચરેલાં અને ઉપદેશેલાં નિષ્કામ કર્મકાંડથી કાયાને શુદ્ધ કરો; એમની અણિશુદ્ધ આરાધેલી ઉપાસનામાં યોગારૂઢ થઈને દેવ બનો; ઉપનિષદ્‌કાળના ત્રિકાલાબાધિત બ્રહ્મજ્ઞાનને જીવનમાં પ્રાણની સાથે તદાકાર બનાવો. એ વિના અન્ય માર્ગ નથી, નથી પરમાનંદની પ્રાપ્તિ અને દુઃખની નિત્યનિવૃત્તિ.

નાને મોંએ મોટી વાત કરું છું એવું કોઈને લાગશે; લાગવા દો. સાચી સનાતન સાધનાને જીવનમાં ઉતારવા મથનાર, મારા જેવો સામાન્ય માનવી હૃદયની સાચી અનુભવવ્યથા-કથાને આધારે જે કહે એમાં રોકટોક શી? સૌનું સૌને મુબારક અને

ઇષ્ટ છે, તો પછી "હું" એ એમાં ક્ષન્તવ્ય તો ખરો જ ને! જેને ગમે, રુચે તે તે સ્વીકારે; બીજું કોઇ સ્વીકારે કે ન સ્વીકારે એને માટે કયો મૂર્ખ લખતો હશે? લખ્યું છે? કે લખશે?

બ્રહ્માંડમાં સૌ પોતપોતાના આનન્દ માટે જીવે છે, એવું ઉપનિષદ્‌માં યાજ્ઞવલ્કયભાખ્યું સત્ય સનાતન છે; અકાટય યુકિત-સંમત છે અને અનુભવની આકરામાં આકરી કસોટીએ ચડી ચૂકેલું છે.

ઋષિઓ જીવી ગયા, કહી ગયા એ પોતે અનુભવીને, પોતે આનન્દ પામીને; અવતારો અનુભવ ભાખી ગયા એ તત્ત્વસ્વંરૂપે લીલા બતાવીને; આચાર્યો ઉપદેશી ગયા તે પણ અંતઃકરણમાં આપ્તસન્દેશ ઝીલી ઝીલીને; સન્તો સતને પચાવીને દાખવી ગયા કે, હે માનવ! વિશ્વ તારા માટે છે, તું વિશ્વ માટે નથી; વિશ્વ માટે, વિશ્વનાં સર્જન, સંરક્ષણ અને સંહાર માટે તો બ્રહ્માંડ-નાયક વિશ્વેશ્વર નિત્ય જાગ્રત રહીને અવિરત ભાવે સૌને પ્રેરણા કર્યા કરે છે—વિશ્વમાંથી વિશ્વની પેલી પાર તટસ્થરૂપે–સ્વરૂપે એ વિરાજે છે ત્યાં તને પહોંચાડવા માટે; વિશ્વની ચિંતા ન કરતાં તું વિશ્વેશ્વરનું ચિંતવન–સ્મરણ–ધ્યાન કર. તને એની પ્રેરણાથી જ મતિ–ગતિ–કૃતિ સૂઝે છે; એ જ તારો નાયક, વિધાતા અને કર્તા–ભર્તા છે, પોષક છે, પ્રાણેશ છે, પરમ પિતામહ છે. પણ માનવીય અહંકારનું સ્વરૂપ જ એવું છે કે રજોગુણના માર્યો "હું કરું છું." "મેં કર્યું" એવી અભિમાની વૃત્તિને વધારતો વધારતો તપસ્વી, ત્યાગી યોગી, કર્મી, ધર્મી, દેશસેવક, રાજ્યનેતા લોકહિતસ્વી, એવાં એવાં અહંમન્યતાનાં કંટકભર્યા મુકુટમણિ પહેરવાનો શોખ કર્યા જ કરે છે. મુબારક હો સૌને પોતપોતાના એ પદવીધરોના સ્વયંમન્ય ઉપાધિભેદ! વિશ્વેશ્વરનું સિંહાસન ઝૂંટવી

લેવાના પ્રયત્નો ભૂતકાળમાં થઇ ચૂકયા છે, થાય છે અને થશે; અને એ જ છે કુરુક્ષેત્ર-કર્મક્ષેત્ર; અત્યારે એ ધર્મક્ષેત્ર નથી રહ્યું એટલે અધર્મની બોલબાલા છે; રાવણ, કંસ અને કૌરવોનો રાજ્યસમય પરિપકવ થાય ત્યારે પેલો સર્વજ્ઞ વિશ્વેશ્વર રામ, કૃષ્ણ, અર્જુનને બ્રહ્માંડસાગરમાં સત્ત્વગુણનાં પ્રચંડ મોજાંની જેમ ઊભા કરે. એવા અવતારદેહો કુરુક્ષેત્રને ધર્મક્ષેત્ર બનાવશે ત્યારે ભારતવર્ષમાં મુખ્યત્વે અને અન્ય દેશમાં ગૌણરૂપે યતો ધર્મસ્તતો જય થશે. ત્યાં સુધી ૐ આનન્દ ! શાન્તિ ! મૌનમ્ !

(ડીસેમ્બર-૧૯૫૩)

# પ્રાસંગિક તત્ત્વચર્ચા

'ઉત્થાન'નો બધો વ્યવસાય 'આમ્રોલ'થી ભરૂચ લાવવામાં આવ્યો છે અને જ્યાં 'ઉત્થાન' ત્યાં હું એ ન્યાયે ચાલુ વર્ષની ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ભરૂચમાં ઉજવાશે. એની તારીખ છે પંદરમી જુલાઇ અને ગુરુવાર.

જીવનનો મુખ્ય વ્યવસાય જ શ્રવણ, મનન અને નિદિધ્યાસન. એને સહાયક બને એવાં વાચન, લેખન, વિચાર, સત્સંગ કે જિજ્ઞાસુમંડળનો સહવાસ જ મુખ્ય હોવાથી આમ્રોલના અન્ય વ્યવસાયથી ઉત્થાનના વ્યવસાયને જુદો પાડ્યો છે. એને માટે ત્યાં બહુ અગવડો હતી. તારટપાલ ફરી વળવાની તો મુખ્ય, પણ તે ઉપરાંત આગન્તુકોને આવજા કરવામાં તકલીફ વધારે પડતી હતી. લોકસંપર્ક રાખવો અને એકાન્તનો વાસ પસંદ કરવો એ બન્નેનો પુષ્કળ વિરોધ છે એમ અનુભવે સમજાવ્યું અને તેથી જ આ પરિવર્તન.

આવા પ્રસંગને લીધે હિતૈષીઓના પ્રશ્નોની હારમાળા મને પહેરાવાય છે એ પ્રસંગે આ લેખ લખું છું. મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે વાતવાતમાં કાર્યનાં કારણ શોધવાની કલ્પના કર્યા કરે, મનમાન્યાં સમાધાન ગોઠવે અને સ્તુતિનિન્દા કે રાગદ્વેષના થર ચિત્તભૂમિ ઉપર વધાર્યા કરે.

સાંસારિક બુદ્ધિજીવીકોને માનવજીવનનાં કયાંના, કોણ,

કેમ આવાતેવા, વગેરે ઈતિહાસભૂગોળ જેવા પ્રશ્નો પૂછવાનો ખૂબ રસ હોય છે. એ ન્યાયે આબેલથી ભરૂચ કેમ આવ્યા, છોટા-ઉદેપુરથી આબેલ કેમ ગયા, હૃષીકેશ રહેતા હતા ત્યાંના હિમાલયના વાતાવરણને છોડીને છોટાઉદેપુર કેમ પસંદ કર્યું —અને એમ ને એમ કાર્યકારણની પરંપરા શોધવા બુદ્ધિને દોડાવ્યા કરીએ એટલે ગુજરાતનું શરીર હતું તે ગુજરાત છોડીને હૃષીકેશ કેમ જવું પડયું, ગુજરાતમાં કયાં રહેતા હતા, શું કરતા હતા, ગુજરાત છોડવાનું કારણ શું, કેવા સંજોગો હતા, એવા સંજોગો શા માટે ઊભા થયા હતા, કયાં જનમ્યા હતા, સંસારી સંબંધો કેવા હતા, વૈરાગ્ય કેમ આવ્યો,—અરે! રામ! આનો અંત જ નથી. સૌથી મોટો પ્રશ્ન એ જ આવે કે શા માટે જન્મ્યા હતા, અમુક સ્થાને જ કેમ જન્મ્યા, કર્મોએ જન્મ આપ્યો કે ઇશ્વરે—બસ હદ થઈ હવે.

આબેલથી ભરૂચ આવ્યા એટલેથી જ શાન્તિ રાખીને સામાધાન સ્વીકારી લેવામાં મઝા છે. દેહ યથાપ્રારબ્ધ જન્મે, વિકાર પામે, વિચરે, વિહરે અને પછી શાન્ત થાય.

પરિવ્રાજકની વાર્તા લખવા માંડી એમાં જગતના 'અકસ્માત' —સ્વરૂપની સહજ સ્વભાવે થોડી મીમાંસા થઈ ગઇ હતી, એ જ આ બધાનો ટૂંકો પણ સચોટ જવાબ છે. આમ બની ગયું એ પ્રત્યક્ષ વસ્તુસ્થિતિ છે; શા માટે બન્યું એ સૌના મતિભેદનાં અનુમાનો છે. જેને જેવું અનુમાન બાંધવું હોય તેવું બાંધે અને સમાધાન મેળવે, એટલી તો પ્રત્યેક જીવાત્માને સ્વભાવ—સ્થિત મુક્તિ મળેલી જ છે. એ સ્વતંત્ર-મનોભાવને આત્મભાવમાં બદલી નાંખે તો જીવન્મુકિત-તત્ત્વજ્ઞાન પણ સહજસાધ્ય છે.

ઉત્થાનના ચોથા અને પાંચમાં વર્ષ વચ્ચે પાંચ વર્ષનો ગાળો પડ્યો હતો. આજેલ ગયા પછી એનો પુનરારંભ થયો. ત્યાંના સ્થાનનો ખેતી, મંદિરપૂજા વગેરે અટપટો વ્યવહાર માથે પડેલો. ઇશ્વરેચ્છા, પ્રારબ્ધ, કર્મભોગ, સ્વભાવદોષ વગેરે જે નામથી ઓળખાય તે નામ આપીએ પણ એ વ્યવસાય હાથમાં લીધો અને તન-ધનની હાનિ થઈ—અંતરમાં મનમાં તો ખુબ જ આત્મલાભ થયો. મહાદેવનું સુંદર મંદિર હતું. ભક્તિભાવથી પૂજા-ભક્તિ થયાં; સાથે પરિચિત જિજ્ઞાસુવર્ગ સહાયક બનીને રહેતો હતો. અન્ય સન્તસાધુઓ કૃપા કરીને આવતા એમની યથાશક્તિ સેવા થતી.

શરીરને પરિશ્રમ પડતો—અમર્યાદ પડતો. આસપાસનું તામસિક વાતાવરણ ખુબ જ સતામણી કરે તેવું હતું. એના દમન માટે રજોગુણ વાપરવો પડતો—અનિચ્છાએ પણ વાપરીને આટલાં વર્ષ વ્યવસાય ચલાવ્યો, એમાં શરીર ક્ષીણ થતું ગયું. ધનહાનિ થઇ એમ નથી કહેતો, કારણ કે મહાકાળ, સર્વેશ્વર, જ્ઞાનવિજ્ઞાનદાતા મહાદેવની સેવાપૂજામાં અને અતિથિ-સંત-સાધુ-જિજ્ઞાસુ-ભકતોની સેવામાં એ બધું વપરાયું. એનું પુણ્ય તો ગયું શ્રદ્ધાથી આપનારને. જેવું સેવકોએ આપ્યું એવું વપરાયું. નિમિત્ત બનવા જેટલું પણ અભિમાન મારામાં ન પ્રવેશે એટલી ગુરુદેવને પ્રાર્થના છે—અને મને શ્રદ્ધા છે.

જન્મમૃત્યુ સુધીના મહાસ્વપ્નમાં એક નાનું એવું સ્વપ્ન વીતી ગયું. જાગીને વિચાર કરતાં સ્વપ્ન પણ અવનવા બોધ આપી જાય છે; જેવું સ્વપ્ન તેવું મન એટલે સ્વપ્નના પ્રકાર ઉપરથી મનની પરીક્ષા કરવી એ પણ એક સાધનનો પ્રકાર છે.

અને कर्मणा गहनो गति એવું ભ. ગી.ના ચોથા અધ્યાયનું એક

મહાવાક્ય છે એ ખૂબ સમજવા જેવું છે. કર્મ અને અકર્મનું રહસ્ય સમજાવતાં ભગવાન કહે છે કે કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મની દૃષ્ટિ રાખે એ જ બુદ્ધિમાન, એ જ યોગયુક્ત અને એ જ બધાં કર્મ કરનાર છે.

કર્મની ગતિ ગહન છે; ખૂબ જ ઘેરી છે; ઊંડી છે; એના મહાગર્તમાં પ્રવેશ કરનારને એનો તલસ્પર્શ જ થઇ શકે એમ નથી. કારણ કે કર્મ એટલે પ્રાણની નિત્યની ચંચળતા. નિરંતરગતિ એટલે જ કર્મ; ગતિ એ જ કહેવાય કે જે કદી સ્થિર ન થાય તેથી એ ગતિ એટલે જ કર્મ. કર્મ પણ હમેશાં થયા જ કરે છે. આ સ્થૂળ—સૂક્ષ્મ—કારણ જગતમાં જે પંચતત્ત્વો રમ્યા કરે છે, અસંખ્ય નામરૂપે પરિવર્તન થયા કરે છે, એ જ છે ગતિ—એ જ છે કર્મ. એ ગતિ છે ગહન: અને કર્મ પણ ગહન છે; એનું જ્ઞાન પણ ગહન: જ્યાં એ ગતિ નથી ત્યાં કર્મ નથી. ગતિ તો એટલી બધી ગહન છે કે એનું માપ કાઢી શકાય એમ નથી. અનાદિ કાળથી અસ્તિત્વ ધરાવતી, અંધકારથી પરિપૂર્ણ એવી ઊંડી ઊંડી એ એક એવી ખાણ છે કે એમાં પડ્યો પાતાળે જાય, એમ કહેવાય પણ પાતાળનોયે તાગ ન મેળવી શકે; સ્વર્ગે ચડ્યો એમ બોલાય પણ સ્વર્ગમાંયે સ્થિર—નિત્ય ન ટકી શકે. સ્વર્ગથી પાતાળ સુધીના લોકલોકાન્તરમાં નિરન્તર ગતિશીલ રહે એ જ કર્મ. ગતિનું સંસરણ ચાલ્યા કરે એ છે સંસાર. એમાં કર્મશીલ રહેનાર અભિમાની જીવાત્મા કર્તા, ભોક્તા, દેહધારી, સંસારી, કહેવાય.

આખું બ્રહ્માંડ એક મહાન્ ખાણ જેવું છે. ખૂબ જ ગહન છે. અસંખ્ય જીવાત્માઓ ગતિશીલ—કર્મશીલ રહીને એમાં ઊંચેનીચે ઊછળ્યા--કૂદ્યા કરે છે. એ ચંચળ છે, એમાં જે કાંઈ વસ્તુ છે તે દેશ-કાળના પરિચ્છેદમાં રહીને કર્મશીલ જ રહે. એમાં છે કર્મબીજ

એટલે વાસના; કર્મઅંકુરમાંથી દેહવૃક્ષ; દેહભોગ; દેહાધ્યાસ; એવું એવું ચાલ્યા જ કરે. કર્મના વિભાગ પડે; નિત્ય, નૈમિત્તિક, પ્રાયશ્ચિત, નિષિદ્ધ અને કામ્ય; સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ;—એવા એવા વિધિનિષેધના ભાગલા પડે અને જીવાત્મા ત્રણ ગુણવાળો બનીને દ્વંદ્વનાં દોરડાંના આંટા પોતાના જ ગળામાં એક પછી એક બાંધતો -વધારતો જાય. પોતાની મેળે જ પોતે ગળે ફાંસો ખાય એવું છે. આ કર્મની ગતિનું રહસ્ય અનિર્વચનીય છે. માનવબુદ્ધિ એમાંથી પારંગત થઇ શકતી નથી.—પાર પામી શકે એવું છે જ નહિ. એટલા જ માટે આમ કેમ થયું અને આમ કેમ નહીં એવા પ્રશ્ન જ એમાં વ્યર્થ છે.

પણ અધિષ્ઠાન આત્મતત્ત્વ નિશ્ચલ છે; નિશ્ચલ છે તેથી નિષ્કામ છે; નિષ્કામ છે તેથી નિષ્કર્મ છે; નિષ્કર્મ છે એટલે જ ભ. શંકરાચાર્ય અકર્મને આત્મજ્ઞાનનું સ્વરૂપ આપે છે. આ કર્મમાં જે અકર્મ ને જુએ—ચંચળ પ્રાણધારી દેહમાં દેહાતીત નિશ્ચલ આત્માનાં દર્શન કરે એ જ છે જ્ઞાની—એ જ છે યોગી—એ જ છે સમસ્ત બ્રહ્માંડનાં સમસ્ત કર્મને કરનાર, સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ, છતાં સર્વાતીત, નિત્યમુક્ત, નિત્યપ્રબુદ્ધ મહાકર્તા.

ચંચળ પ્રાણ એટલે જ ગતિ અને એ જ છે ક્રિયા-કર્મ; જ્યાં જ્યાં પ્રાણ ત્યાં ત્યાં ગતિ; જ્યાં જ્યાં ગતિ ત્યાં ત્યાં કર્મ—એનું નામ જ સ્વભાવ તથા કર્મ-કૃતિ, પ્રકૃષ્ટ પ્રકારે એ વર્તે ત્યારે એ જ પ્રકૃતિ કહેવાય. પ્રકૃતિવાળું હોય તે પ્રાકૃત; અને પ્રાકૃત હોય તે પ્રાણી, ત્રણ ગુણ પણ એમાં જ પ્રતીત થાય છે; ગુણ, કર્મ અને કર્મફળ બધાંયનું મૂળ છે વાસના; વાસના એટલે જ ચંચળ મનનો તરંગ; માનસિક તરંગ એટલે મનની વિષયકલ્પના; એ કલ્પના સ્થૂળ દેહમાં પ્રવેશે ત્યારે કર્મ; ઇંદ્રિયો

દ્વારા ફળસંયોગ થાય એ કર્મભોગ; એ બધામાં જેવી જેની ભાવના તેવો પ્રાણીમાત્રનો સંસાર.

કર્મના આવા વાસ્તવિક સ્વરૂપને સંપૂર્ણ સમજવાનો દાવો કરવો કે રહસ્ય સમજવાની માથાકૂટ કરવી, એમાં કાર્યકારણનું અનુસંધાન શોધવું કે અસંખ્ય અનુમાન બાંધવાં એ બધું અજ્ઞાન છે; એ અવિદ્યાનો પ્રદેશ છે. કારણ કે એવી શોધાશોધ પણ કર્મના જ પ્રદેશમાં ને? કર્મ કર્મને શોધવા જાય, ગતિ ગતિનું જ માપ કાઢવા જાય તો જાય અકર્મ અને અગતિ એવા આત્મસ્વરૂપમાં. અન્તે ત્યાં થાય લીન અને શાન્ત: પછી બધા પ્રશ્નો, પ્રમાણો, અનુમાનો શોધ્યાં શોધાય જ નહિ—અરે! રહે જ નહિ, નિત્યને માટે. એની અંદર રહીને એની શોધખોળ કરવી, એમાં જ્ઞાનવિજ્ઞાન કરવાં, વિગતવાર વિસ્તૃત મીમાંસા કરવી એ છે મલિન માયાપ્રદેશના કાદવ-કીચડને ચૂંથીને એમાંથી મહારત્ન શોધવાની મિથ્યા માથાફોડ; મિથ્યાત્વ ઉલેચવાનાં ફોકટ ફાંફાં. અસંખ્ય જન્મમરણ ગયાં. અસંખ્ય કર્મફળ થઇ ગયાં, વર્તમાનનો પ્રવાહ ભૂતકાળે બનતો જાય છે, અને ભવિષ્યનો પ્રવાહ વર્તમાનકાળમાં પલટાય છે, પણ એ ત્રિકાળનો અન્ત આવતો નથી—કારણ કે એ ગતિ છે.

એમાં સાર શું? એ છે તદ્દન નિ:સાર; સંસારને એટલા જ માટે નિવૃત્તિધર્મના ઉદ્દેશથી નિ:સાર કહ્યો છે. એ બધાંયની વિસ્મૃતિ અને આત્માની સતત્ સભાન સ્મૃતિ એ છે સાચો સાર, જો શોધાય તો.

તત્ત્વદૃષ્ટિએ જીવન—કોઇ પણ માનવજીવન આમ, આવું, તેવું શા માટે છે, એ પ્રશ્નના સમાધાનમાં બુદ્ધિ અટવાઈને

આંધળી બને એવું છે. એની ગતિ કુંઠિત થઈ જાય એમ છે. એ એવું ગહન છે—એમાં એવું ઊંડાણુ છે. કર્મસ્વરૂપ ચંચળ પ્રાણુના સ્વભાવમાં નિશ્ચલ અગતિ—અકર્મસ્વરૂપ આત્મ-દર્શન કરવું એ છે આત્મજ્ઞાન. એ લક્ષ્ય સિદ્ધ થઈ શકે એવું છે; ગતિમાં રહીને ગતિમાંથી છૂટવાનો કોઈ બીજો માર્ગ નથી. ઉપનિષદ્ સાચું જ કહે છે કે.

नान्यः पन्था विद्यते अयनाय

—આને માટે બીજો કોઇ પન્થ જ નથી—માર્ગ જ નથી—સાધન જ નથી; કારણુ સાધ્યનો વિચાર કર્યા વિનાનાં સાધનકર્મ નિષ્ફળ જાય છે. આત્મામાં કર્મ નથી તેથી એ છે અકર્મ. એવા અકર્મસ્વરૂપ આત્મામાં કર્મ જોવાં એ અજ્ઞાન છે; કર્મ-સ્વરૂપ ગતિમાં આત્મા જોવો એ જ્ઞાન છે. તેથી જ કહ્યું કે કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ જુએ એ જ્ઞાની-

આવી જ્ઞાનદૃષ્ટિ રાખીને જીવાતું હોય ત્યાં કયારે, કયાં અમુક શરીર રહ્યું, જીવન ગાળ્યું, વ્યવહાર કર્યો, કેવાં કર્મ થયાં એ બધાનો વિચાર વ્યર્થ છે એટલું જ નહિ પણ એ અવિવેક છે. નિષ્ફળ જલમન્થન છે. મહામલિન અવિદ્યાગ્રસ્ત ચંચલમનના એ સંકલ્પ-વિકલ્પ છે; અને એ જ સંસાર છે, કલુષિત માનવ-બુદ્ધિની અવિવેકી તર્કજાલ છે.

એવી જ રીતે આ શરીર (લેખક)ના પૃથ્વીગ્રહ, એશિયા ખંડ, ભારતદેશ, મુંબઇ રાજ્ય, સૌરાષ્ટ્ર પ્રાન્ત, અમુક તાલુકો, અમુક ગ્રામ, અમુક શેરી, અમુક ઘર, અમુક ઓરડો, અમુક માતાપિતા, ત્યાં કેમ આવિર્ભાવ થયો. શા માટે જન્મ, પછી દેશવિદેશ ફર્યું, એક જ સ્થાને કેમ ન રહ્યું, શું શિક્ષણુ મેળવ્યું,

સંસારી બન્યું, અસંસારી થયું, અમુક વ્યવહાર કર્યો, અમુક ભણતર મેળવ્યું, અમુક તીર્થયાત્રા કરી, અમુક સન્તશરણ લીધું, અમુક સાધન કર્યું—એ બધી પરંપરામાં આવ્યું છોટાઉદેપુર, વડોદરા, આજોલ અને અત્યારનું ભરૂચ. આ થઇ વર્તમાન સુધીની દેશકાળ પરત્વેની ઇતિહાસ-ભૂગોળગાથા.

ઘણી યાત્રાઓ થઈ; સમસ્ત જીવન એક મહાયાત્રા જ છે ને !? ભિન્નભિન્ન શહેરો અને ગામડાં જોવાયાં; ભિન્નભિન્ન સ્વભાવના જનસંપર્કમાં અવાયું, સંસારી કે સન્તસમૂહનો પરિચય-સંબંધ થયો, જિજ્ઞાસુ ભક્તમંડળોના ટોળામાં મહાલ્યું. કંઇ કંઇ અનુભવો થયા, અને ફળ—ફળ તો જેવા આત્મસંસ્કાર.

જીવાત્માને માટે બે માર્ગ છે અને બે ગતિ; મરણપર્યન્ત સંસારી થઇને રહે; એના એ જ માયાના ખાડામાં, ઊંડી અંધારી ખીણમાં ઊંચેનીચે અથડાયા કરે; એ છે સંસારી ગતિ. પણ જો અથડાતાં ટીંચાતાં પુણ્યકર્મ થાય, પાપમલ ભસ્મીભૂત થાય, તો સંસારનો વૈરાગ્ય પ્રકટે. આત્મતત્ત્વ માટેની પોષક અને શોધક ભક્તિ મેળવે, આ અંધકારપૂર્ણ ખાડામાંથી બહાર નીકળી અનન્ત તેજોરાશિ આત્મતત્ત્વના સ્વાનંદસામ્રાજ્યમાં પ્રવેશ કરે તો ત્યાં પરમ તૃપ્તિ છે, નિત્ય સચ્ચિદાનંદ છે. અમૃત છે. આનન્દ છે; આ છે બીજો માર્ગ.

આવા તત્ત્વસિદ્ધાન્તને સમજવા અને અનુભવવા માટે મારી મનોવૃત્તિ સતત્ જાગ્રત અને પ્રયત્નશીલ રહે એ માટે યાચું છું પરમ કરુણામય ગુરુદેવની અસીમ અને અકારણ દયા. ૐ.

એવી વૃત્તિનું અખંડ સેવન રહે એ છે લક્ષ્ય. વ્યવસાય કે વ્યવહારના પ્રસંગો તો પ્રારબ્ધપ્રાપ્ત છે. એમાં આત્મદષ્ટિ

રહે એજ ઈષ્ટ છે. એવી દૃષ્ટિ હોય ત્યાં ત્રિગુણાત્મક વ્યવહાર માટેના પ્રશ્નો ક્ષન્તવ્ય પણ છે. એમાં વિઘ્ન કે અન્તરાય આવે ત્યાં પ્રાણુના ભોગે પણ ત્યાગ કરવો એ છે સ્વધર્મ. આવી ત્યાગ-દૃષ્ટિથી થતા વ્યવહારમાં, ખાસ કરીને અત્યારના વિષમ અને પ્રપંચી, સ્વાર્થી વાતાવરણમાં સ્થાનફેર થાય કે થયા કરે છે, એની મને પોતાને કશી કીમત—સાંસારિક કીમત નથી. અને પરિવ્રાજકજીવન એટલે જ ભારતને ખૂણેખૂણે તીર્થદર્શન કરતો, પ્રત્યેક પ્રાન્તનો, સમાજના ધર્મ અને મોક્ષ પુરુષાર્થનાં સાધન-સંચય કરતો, અધ્યાત્મ વિશ્વવિદ્યાલયનો સંશોધનકાર્યનો અભૂત-પૂર્વ લ્હાનાર્થી.

એ યાત્રાવિહારમાં નિમિત્ત કોણ ? એવા પ્રશ્નના ઉત્તરમાં કશો મેળ ખાય એમ નથી. હવાપાણી જેવાં જડ તત્ત્વોને દોષ દેવો ઉચિત નથી. આસપાસ આવી મળતાં પામર દશામાં સડતાં માનવપશુઓને નિમિત્ત માનવાનો કંઈ અર્થ નથી. જિજ્ઞાસુ તરીકે તો શાંકરસિદ્ધાન્તનું અદ્વૈત બહુ સુંદર રીતે સંતોષ-સમાધાન આપે એવું છે. દ્વૈતવાદીઓ કરતાં ભિન્ન રીતે એ જગત્ના કારણને માને છે. વેદાન્ત કહે છે કે (૧) પ્રત્યેક જીવ સ્વરૂપથી બ્રહ્મ છે. जीवोऽब्रह्मैव नापरः। (૨) આ જીવ, જગત અને જગ-દીશની ત્રિપુટીનું ઉપાદાન કારણ પણ બ્રહ્મ જ છે. બ્રહ્મમાંથી જ એનાં વિવર્તદૃષ્ટિએ આવિર્ભાવ-તિરોધાન છે. (૩) જેમ ઉપાદાન બ્રહ્મ છે તેમ નિમિત્ત પણ બ્રહ્મ જ છે. એ જ કર્તાહર્તા છે.

બ્રહ્મ એક અને અદ્વિતીય છે એટલે એ જ નિમિત્ત અને એ જ ઉપાદાન કારણ છે. પ્રત્યેક જીવ બ્રહ્મ છે. તો પછી એ બ્રહ્મસ્વરૂપ જીવ પોતાના વિના બીજું છે શું કે કોણ, કે એને નિમિત્ત માનવાની ભયંકર ભૂલ કરે, અજ્ઞાન સેવે, પાપભાગી થાય, દોષ વહોરે અને

પોતે જે નિર્દોષ બ્રહ્મ છે એને સદોષ–દુ:ખિત બ્રહ્મ બનાવે? દોષવાળો થવાથી તો મેલાઘેલા જીવભાવમાં આવીને એ કર્મની કડાકૂટમાં પડયો છે. પરમાત્માએ–બ્રહ્માએ પોતાના માનસપુત્રને, બ્રહ્માંડ (વિશ્વ) વિદ્યાલયમાં એને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જન્મ આપ્યો, લોકલોકાંતરમાં શિક્ષણ નિરીક્ષણ અને દર્શન સત્સંગ માટે વિશ્વવિહારી બનાવ્યો અને અંતે જ્ઞાનસાધનાની પરીક્ષામાં એ ઉત્તીર્ણ થયો. એ જ પોતાના સ્વરૂપમાં એકાકાર થયો. આ છે જીવમાત્રનો ટૂંકો ઇતિહાસ; આ વિના શ્રેષ્ઠ સમાધાન બીજું શું હોય?

બ્રહ્મમાં જગત્ નથી છતાં સદેહી જીવન્મુક્તો, ઋષિઓ, તત્ત્વવિદો, આત્મજ્ઞાનીઓ વ્યવહારકાળે જીવ, જગત અને જગદીશની ત્રિપુટીને વાસ્તવિક માને છે, પરંતુ એથી એમની આંતરિક આત્મનિષ્ઠામાં બાધા આવતી નથી. એમની પાસે સાંસારિક બુદ્ધિવાળા, ત્રિપુટીના સંશયથી ભરેલા જિજ્ઞાસુઓ આવે એમને સમજાવવા પૂરતું જે ત્રણેયનું અસ્તિત્વ સ્વીકારીને બ્રહ્મવિદો વાતચીત કે વ્યવહાર કરે, એ છે એમના તત્ત્વજ્ઞાનની કસોટી. જ્ઞાન દૃઢ છે કે અદૃઢ, નિષ્ઠા જામી છે કે નહિ, સત્યનું જ્ઞાન થયા પછી પણ અસત્યને સત્ય માની લેવાની ભૂલ પાછી ઉખળી તો નથી આવી—એવી એવી કસોટી વ્યવહારમાં જ બની શકે છે. નિરાકાર સત્યને સાકાર સત્ય માનીને એમાં લુબ્ધ થવું એ છે અજ્ઞાન. સાકાર અસત્યને ઉપયોગ પૂરતું સત્ય માનીને વ્યવહાર ચલાવી લેવો અને અંતરમાં વિજ્ઞાન સાચવીને એની વિસ્મૃતિ ન થવા દેવી એ છે જ્ઞાનનિષ્ઠા. ક્ષણે ક્ષણે જ્ઞાનીઓ વ્યવહારપૂરતી સૃષ્ટિ ઊભી કરે છે અને તાત્કાલિક વ્યવહાર પૂરો થતાં એનો પોતાના સ્વરૂપમાં લય કરે છે; આ છે જ્ઞાનીની બ્રહ્મલીલા.

શાસ્ત્રમાં એને અધ્યારોપ—અપવાદ કહે છે. સત્ય ન હોવા છતાં સમય પૂરતું સત્ય માનીને અજ્ઞાનીઓ સાથેનો વ્યવહાર અને જિજ્ઞાસુઓને ઉપદેશ આપના પૂરતું નભાવી લેવું એ અધ્યારોપ અને એવા અલ્પકાલીન વ્યવહારનો અન્ત આવતાં એને ચિત્તમાંથી આત્મજ્ઞાન વડે નિર્મૂળ કરવું એ છે અપવાદ. બાળકોને હાથી, ઘોડા, રેલ્વે, મોટર વગેરેનાં રમકડાંથી રમાડતી વખતે એ બધાં સાચાં છે એમ રમાડનાર પણ માને એ છે અધ્યારોપ; રમનારનું કાર્ય પૂરું થતાં રમાડનારના ચિત્તમાં તો અધ્યારોપ હતો એટલે સહજ સ્વભાવે નીકળી જાય, એ છે અપવાદ.

આવા અધ્યારોપ—અપવાદ જીવનમાં ચાલ્યા જ કરે છે; પ્રત્યેકકર્મના આદિ-અન્તમાં એકનું સ્થાપન કરો અને એનું જ પાછું ઉત્થાપન કરો. આખું કર્મકાંડ કર્મ-ઉપાસનાના વિધિનિષેધથી ભરેલું છે. એઅધ્યારોપ અપવાદ નથી માત્ર સૌના અધિષ્ઠાન, નિશ્ચલ, એક, અદ્વિતીય, પરિપૂર્ણ પરબ્રહ્મસ્વરૂપ આત્મામાં ૐ

હે જીવાત્મા! તું પોતે બ્રહ્મસ્વરૂપ છે, એમ આપ્તવર્ગના ઋષિવર્યો નિશ્ચયાત્મક રીતે કહી ગયા છે. આ જગત્‌નો આવિર્ભાવ તેં જ કર્યો છે કારણ કે તું પોતે જ બ્રહ્મસ્વરૂપ છે. તારા જ ઊભા કરેલા બ્રહ્માંડમાં તું ત્રિગુણાત્મકભાવે વિહરે છે: કર્મમય ગતિમાં રહે છે, તારી ઈચ્છા થાય ત્યાં સુધી ફળાસ્વાદ કરે છે; ફળને મીઠાં માનીને ખાય છે ત્યાં સુધી એમાં જ રહે છે. એની કટુતાનું ભાન થતાં ત્યાગ કરે છે; મિથ્યાત્વ સમજે એટલે નિશ્ચલ આત્માની ભકિત કરે છે; ત્રિપુટીનું પણ મિથ્યાત્વ સમજાય ત્યારે એક, અદ્વિતીય આત્માનું જ્ઞાનવિજ્ઞાન પામીને મુકત બને છે. હવે તને જેમ ઠીક પડે તેમ કર. જગત બંધનમય લાગતું હોય તો એનો અપવાદ કરવો તારા જ હાથની વાત છે, કારણ કે અધ્યારોપ

તેં જ કર્યો હતો. સાચું ન સમજાય ત્યાં સુધી એ રાગદ્વેષમાં ગમ્યા કર; મુક્ત થવાનું મન થાય ત્યારે પુરુષાર્થ કર. મુક્તિ તો તારી સમજણમાં છે—બીજા કોઇનું જ્ઞાન તને તલમાત્ર પણ ઉપયોગમાં આવે એમ નથી. અનુભવીઓ ઉપદેશ આપશે, પ્રેરણા કરશે, બળ આપશે, માર્ગ ચીંધશે, સાધન શીખવશે પણ તારા પોતાના પુરુષાર્થ વિના બધાં નકામાં છે—જેમ એકડા વગરનાં અસંખ્ય મીંડાં. આવી સાદીસીધી વાતને તેં જ ગૂંચવી નાંખી છે; ગુંચવાયેલું કોકડું તારે જ ઉકેલી નાંખવું છે. અવળા ફેર ફર્યો છે, તે સવળા ફરવા માંડ; બેડો પાર.

આ છે પરિવ્રાજક-જીવનની, સ્વભાવિક વણાતા-ગૂંથાતા જીવનપ્રસંગોની અકસ્માત આલેખાતી વિગતોની કથાવાર્તા. બધું સહજ સ્વભાવે બન્યા કરે છે; બનશે; બન્યું હતું. બધાંય નિમિત્તમાં એક જ સાચું નિમિત્ત "હું"-પોતે. એ "હું" નાનોસૂનો નથી. બ્રહ્માંડ ઊભું કરે એવડો એ થઇ શકે છે. સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ પરમાણુ જેવડો હોવા છતાં, મહાનથી પણ મહાન એ છે. એ છે એની અદ્ભુત, અલૌકિક, આશ્ચર્યકારક માયાશકિત. તેથી જ એનો પોતાનો જ એ વિસ્તાર છે. બ્રહ્માંડના આંતરિક સંયોગોનો ઇતિહાસ નાનોસૂનો નથી. કેવી રીતે હોઇ શકે ? કોઇ વિશેષ આસને બેસે એટલે વ્યાસ કહેવાતો ત્રિકાળજ્ઞ બોલવા માંડે, બધા ગણો–વાચાગણોના અધિપતિ ગણપતિ સાક્ષાત્ લખવા બેસે ત્યારે મહાભારત લખાય. એનો મહિમા ગાવા માટેનો પુષ્પદંતના મહિમ્નસ્તોત્રનો પેલો શ્લોક બહુ સુંદર છે —असित गिरि समस्यात् ।

કોઇ પણ માનવપ્રાણીના જન્મજન્માન્તરનો સળંગ ઇતિહાસ વિચારી જુઓ, સંપૂર્ણ અવિશુદ્ધ વર્ણન લખી શકાય એવું છે ? પળપળના મનોવિચાર અને ક્ષણક્ષણની શારીરિક ક્રિયાના કાર્યકારણ

સાથે નોંધ રાખો, વર્ણનો લખો, ખરે જ, તમને હિમાલય જેવડા ઢગલાની શાહી ઓછી પડશે, સમુદ્ર જેવડો ખડીઓ નાનો લાગશે. કલ્પતરુની કલમ ટૂંકી પડશે. પૃથ્વીપટ જેવડો કાગળ કે ભોજપત્ર હશે તોએ પૂરી નોંધ નહીં થાય. પ્રાણસ્વરૂપ સરસ્વતી પણ લખતાં આલેખતાં બોલતાં બોખડાં બની બેસશે—મૌન ધારણ કરશે. કાળનો અંત નહીં આવે. આવું છે આ જીવ—બ્રહ્મ બંનેનું માહાત્મ્ય !

લખતાં કલમ થાકતી નથી, હાથ થાકે છે; બોલતાં વાણી થાકે છે, વૃત્તિઓ વિરામ ઇચ્છે છે, બુદ્ધિ અવળી થઇને—નિવૃત્ત બનીને સ્વરૂપમાં ઢળી – ગળી પડે છે. એ છે મૌનસ્વરૂપ પરમતત્ત્વનું માહાત્મ્ય ! ૐ

*　　*　　*　　*

આજોલથી શા માટે ભરૂચ આવ્યા એ પ્રશ્નના હોઠ એટલા ઉત્તર. જેટલાં અને જેવાં જેનાં મન એવાં અને એટલાં એનાં સમાધાન. આજોલથી 'ઉત્થાન' કાર્યાલય અહીં આવ્યું, એની સાથે પેલું 'જ્ઞાનસાધન આશ્રમ,' એક ગુરુસંતના આદેશથી જેનું નામ પાડયું છે એ પણ આવ્યું અને હું—લેખક—તંત્રી જે કહો તે—આ શરીર—બધા વ્યવસાય સાથે અહીં જ રહેશે.

ગ્રીષ્મે ગ્રીષ્મે પાન ખરે અને વસંતે વસંતે નવાં પાન ખીલે; એ જ રીતે માનવમાત્રને પણ અસંખ્ય સંબંધો બંધાય, જૂના છૂટા થાય, નવા આવી મળે, કોઇ ટકે કે કોઇ ભૂંસાઈ જાય; આવો પ્રારબ્ધપ્રાપ્ત વ્યવહાર સૌનો ચાલ્યા જ કરે છે, એમાં યોગવિયોગના હર્ષશોક શા ? સંસાર એટલે જ આવાગમન અને સંયોગવિયોગરૂપ જીવમાત્રનો ભવવિહાર. માયાના પ્રદેશમાં, ઉપર લખ્યું છે તેમ કાર્ય-કારણની બહુ માથાકૂટ કરવા જેવું જ નથી. અત્યારે વર્તમાનમાં કેમ

છે, કેવું છે, ઠીક છે, આત્મસાધનામાં ઉપકારક અને ઉપયોગી છે એટલું જોવાય એટલે બસ. આત્મજ્ઞાનને પંથે પાછું ડગલું ન ભરાય એટલી જ કાળજી પૂરતી છે. બીજી ભાંજગડ વ્યર્થ છે; પાણી વલોવીને માખણની આશા કરવા જેવું છે. ભૂતભાવીના કર્મવ્યાપારના હિસાબી ચોપડા ઉખેળવા-ઉકેલવા કરતાં વર્તમાનમાં આત્મતૃપ્તિ રાખો એટલે પરમશાંતિ, બધી મહાકાલની લીલાનો અંત.

ઉત્થાન સાથે, અંગત મારી સાથે સંબંધ રાખનારાઓ માટે, જ્ઞાનપિપાસાના તરસ્યા માટે, મુમુક્ષુના મોક્ષસાધન માટે સંકેત પૂરતું આ લખું છું. સ્નેહ, મમતા કે ભક્તિથી મને વર્તમાનમાં જે નિહાળતા હોય; ઉત્થાન, આશ્રમ અને મારા અંગત વ્યવહારને સપ્રેમ વેઠતા-ઉપાડતા હોય, એ બધાંય માટે જ આટલું લખું છું. ગુરુપૂજન નિમિત્તે સૌને આમંત્રણ-પત્રિકાઓ પાઠવું છું. અનુકૂળતા હોય તે આવે છે; નથી આવી શકતાં તે પોતપોતાને સ્થાને એ વિશેષ નિમિત્તે અંતરમાં ગુરુદેવની ભક્તિ ભરીને જીવનને ઉજજવળ કરતા હશે. ધન્ય ધન્ય !

ગુરુદેવ ક્યાં આત્માથી ભિન્ન છે? પરંપરાએ પ્રત્યેક શરીરના પ્રપિતામહ-આદિ પુરુષ જેમ બ્રહ્મા છે, તેમ આપણા સૌના પરંપરાપ્રાપ્ત ગુરુ તો ભ. શ્રી. આદ્ય શંકરાચાર્ય છે. ગુરુપરંપરા તો એથીએ આગળ બ્રહ્મ સુધી પહોંચે છે. બ્રહ્મા સ્વયંભૂ છે કારણ કે જન્મરહિત છે; બ્રહ્મ છે એવું ભાન રાખીને અધ્યારોપની દૃષ્ટિએ બ્રહ્મા પોતે પોતાની મેળે, સ્વેચ્છાથી આવિર્ભાવ પામ્યા છે, તેથી તો એ સ્વયંભૂ કહેવાય છે. એક બાજુ શરીરધારીઓનો સંસારી ક્રમ ઊભો કરી પ્રવૃત્તિધર્મ ચલાવ્યો, બીજી બાજુ વિરક્ત ભક્તોને માટે નિવૃત્તિધર્મની પરંપરા ઊભી કરી. આ છે સનાતન ધર્મના કર્મ-જ્ઞાનનો અવિરત વિશ્વપ્રવાહ.

સૌને પોતપોતાના પ્રત્યક્ષ દેહધારી કે વિદેહી ગુરુદેવ હોય છે. પણ એ બધાની પરંપરાએ તો બ્રહ્મા જ આવીને ઊભા રહે છે. બ્રહ્મા બ્રહ્મસ્વરૂપ છે; જીવ પણ-(શિષ્ય પણ) વસ્તુતઃ બ્રહ્મસ્વરૂપ છે, ત્યારે તો એ જ ફલિત થયું કે તમે પોતે આત્મસ્વરૂપે બ્રહ્મ એટલે ગુરુ છો અને પેલું અશિક્ષિત, અણઘડ, પશુઓમાં પણ મર્કટ જેવું મન એ તમારું શિષ્ય. સંસારના સાક્ષાત્ સ્વરૂપ જેવું મન આત્મગુરુ પાસે સમર્પિત બને, શિષ્યભાવ સ્વીકારે, આત્માના આદેશ, સંદેશ, ઉપદેશ સાંભળે, અનુભવે ત્યારે એ પોતાનું અસ્તિત્વ જ ગુમાવી બેસે. એ પણ એમ કહે કે अहं ब्रह्मास्मि ।

વ્યવહારપક્ષે આપણે વ્યક્તિગત રીતે બધા શિષ્યો જ છીએ, અંતર્યામી આત્મા ગુરુ હોવા છતાં. ઉપદેશ માટે બ્રહ્મવિદ્ શરીરની અનિવાર્ય આવશ્યકતા એટલા માટે છે કે આપણું મન અંતર્યામી આત્માની પ્રેરણા સાંભળી શકે એવું શુદ્ધ નથી હોતું. એ શ્રુતિધર નથી બન્યું. જીવ, જગત અને જગદીશ એ સાંસારિક જીવાત્માઓને ઉપયોગમાં આવતી ધર્મ–કર્મ માટેની વ્યવહાર ત્રિપુટી છે. શિષ્ય, જગત્ અને ગુરુદેવ એ જિજ્ઞાસુ–મુમુક્ષુઓની તત્ત્વજ્ઞાન માટેની સાધનત્રિપુટી છે. જ્યાં સુધી દેહધારી રહીને શિષ્ય, જગત્ અને ગુરુદેવની ત્રિપુટીનો વ્યવહાર કરવાનો છે, ત્યાં સુધી નિષ્કામભાવે કર્મ, નિરભિમાનભાવે ઉપાસના ( ભક્તિ ) અને નિર્લેપભાવે જ્ઞાનનિષ્ઠાની રક્ષા કરવાની છે. સનાતન પ્રણાલિકાનો આ સિદ્ધાંત ન સચવાય તો કર્મ, ઉપાસના, જ્ઞાનમાં ગમે તેટલી ઉપલક-બ્રાહ્ય દેખાતી સિદ્ધિ હોય તો પણ એમાં અહંકારની ગંધ આવી જવાનો ભય રહે છે. એનાથી નિર્ભય રહેવાનો મહામાર્ગ ભ. શંકરાચાર્ય જ સૂચવી ગયા છે કે વ્યવહારપક્ષે ત્રિપુટીને વાસ્તવિક માનીને અજ્ઞાનીઓની વચમાં એમના જેવો જ વ્યવહાર નિભાવી લેવો—અલબત્ત

વર્ણસ્વભાવ અને આશ્રમધર્મ પ્રમાણે; એથી વિપરીત કે સ્વેચ્છાચાર પ્રમાણે નહીં.

ગુરુપૂર્ણિમાને દિવસે વ્યાસપૂજન, આચાર્યપૂજન, ગુરુપૂજન એવું જે થાય છે એની શરૂઆત સંયોગવશાત્ છોટાઉદેપુરના આશ્રમથી થઇ હતી; આજેલમાં પણ ચાલુ હતી, અહીં પણ ચાલુ રાખવી છે. શરીરમાં જ્યાં સુધી શ્વાસોચ્છ્વાસ છે, ત્યાં સુધી વ્યવહાર કરશે, લખશે, બોલશે, અન્નજળની આહુતિ વૈશ્વાનરને આપશે, શીત-ઉષ્ણના નિવારણ તથા લજ્જાની મર્યાદા સાચવવા માટે વસ્ત્રપરિધાન કરશે. એવી બધી દેહક્રિયા જ્યાં સુધી થતી હોય ત્યાં સુધી આ પ્રણાલિકાને વિસર્જિત કરવાનો કશો હેતુ નથી. ગુરુપૂર્ણિમાને યથાયોગ્ય દૃષ્ટિથી જોવાની અને એ દિવસને પરમ પાવક—વિશેષભાવે શોધકદીપક માનીને. તથા પૂજન વિધિને ઉપકારક સમજીને સાચવી રાખવાની આવી મહત્તા છે.

ચતુર્થાશ્રમી પરિવ્રાજક તીર્થે તીર્થે વિચરે, વિહાર કરે ત્યારે એને માટે અનાસક્ત મન તથા વિશુદ્ધ જીવન વ્યવહારની સુરક્ષાના હેતુથી વિહાર શ્રેયસ્કર છે એમ સમજીને કોઇ સન્તે પ્રાકૃત ભાષામાં કહ્યું હશે કે, " વહેતાં પાણી નિર્મળાં. " આસક્તિ અને મમત્વના ત્યાગ માટે વ્રજવિહાર સર્વોત્તમ સાધન છે. આદ્ય શંકરાચાર્યે અસં-ખ્ય દેવસ્થાનોનો જીર્ણોદ્ધાર કર્યો; મઠમંદિરો સ્થાપ્યાં, શિષ્યવર્ગોને એમાં પ્રેરણા કરીને સત્પદે ગોઠવ્યા. ભારતવર્ષનાં તીર્થો ફરી વળ્યા અને સમાધિસ્થ થયા—જ્યાં પ્રારબ્ધ પ્રમાણે દેહને પંચત્વ પામવાનું હશે ત્યાં. જડ અને ચેતનનો એ જ મુખ્ય તફાવત છે ને ? જડ જ્યાંનું ત્યાં પડયું રહે, ચેતન એટલે જ જડમાં વિહાર કરનારું તત્ત્વ. એ તત્ત્વ પ્રાણધારી બનીને મનુષ્યશરીર ધારણ કરે, જડનું પિંજર પામીને લોકલોકાન્તરમાં ભટકયાં કરે, એ છે એની ત્રિવિધ

ગતિ. અજ્ઞાની કે જ્ઞાનીના પ્રારબ્ધભોગમાં બાહ્ય દૃષ્ટિએ કશોયે તફાવત નથી. જે અલૌકિક રહસ્ય છે એ તો એમના આંતરિક જ્ઞાન-વિજ્ઞાનનું છે. સંસારીને ધનનાશ એટલે સર્વનાશ; જ્ઞાનીને ધનનાશ એટલે ઉપાધિનાશ, સંસારીઓને પુત્રદારાની મમતામાં રાગદ્વેષના ક્લેશ થાય. તત્ત્વજ્ઞાનીને ( ગૃહસ્થાશ્રમી જ્ઞાની હોય તો ધન, પુત્ર, પત્ની, સંબંધી ) શિષ્યવર્ગના તાપસંતાપનો ઢગલો એની આગળ ખડકાય તો પણ આત્મશાંતિના શીતળ જળસિંચનથી એ દાવાનળને શાન્ત કરે, સંસારીઓને વ્યાધિ વળગે એટલે મૃત્યુના ભયથી ' વોય મા વોય બાપ ' યાદ આવે; જ્ઞાનીને દેહપીડા થાય તો સર્વસંહારક કાળના પણ મહાકાળ એવા મહેશ્વરનું સ્વાભાવિક સ્મરણ–રટણ થાય. આ રહસ્યને અજ્ઞાની જાણી શકે એવું નથી; સંસારી એનો પાર પામે એવું પણ નથી. " જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ " એ આદિઅનાદિ સત્ય છે. સંસારી અને જ્ઞાની, બન્નેના મનોવ્યાપાર ન્યારા. સાધન જુદાં; સાધનમાં સકામ-નિષ્કામભાવનો આકાશપાતાળ જેટલો તફાવત. આત્મજ્ઞાન આંતરિકભાવ હોવાથી ચિત્તશાંતિ, સ્વરૂપસુખ કે આત્મતૃપ્તિ વગેરે બધાં સ્વસંવેદ્ય છે. બીજો એનું માપ કાઢી જ ન શકે. વધારેમાં વધારે કદાચિત્ કોઇ જ્ઞાની જિજ્ઞાસુને એનો સંકેત કરી શકે, ભક્તને સમજાવી શકે, વસ્તુસ્થિતિનો ફોડ પાડી શકે. ઉપરાંત જિજ્ઞાસુ કે ભક્તને શ્રદ્ધા વડે જે વાત સરળતાથી ગળે ઊતરે, તે અજ્ઞાની સંસારીના ગળામાં પેસતાં હિમાલય જેવડો પથ્થર થઈ પડે. પરાણે ગળામાં જાય તો પણ પચે જ નહિ. આ અવળી રીત અનાદિ કાળથી ચાલી આવી છે અને ચાલ્યા કરશે. જગત્ પાસેથી પ્રશંસા, સ્તુતિ કે સહાનુભૂતિની આશા રાખે તે અજ્ઞાની; જેનામાં જરાયે જ્ઞાનનો અંશ હોય એ તો એનાથી નિઃસ્પૃહ રહે, મુક્ત રહે, સ્વજીવનમાં જ અનુરક્ત રહી, ભગવદ્પરાયણ–આત્મપરાયણ જીવન જીવ્યા કરે.

જિજ્ઞાસુઓ ! જો જ્ઞાનેચ્છા સાચી હોય તો તપશ્ચર્યાથી જ વસ્તુપ્રાપ્તિ છે એ ચોક્કસ માનજો. તપવું એટલે ઈષ્ટ માટેની અંતઃકરણની તીવ્ર ઉત્કંઠા. અત્યાવશ્યક વસ્તુ મેળવવા માટે અંતરમાં ચિંતા, બળતરા, ઉદ્વેગ વગેરે જે થાય એવી મનની તડફડાટ અનુભવતી દશા જ માનસિક તપશ્ચર્યા છે. કશું ન જોઈએ, એક માત્ર આત્મતૃપ્તિ વિના—એવો દૃઢ નિશ્ચય હશે તો પાતાળ ફૂટે ને પાણીનો ધોધ ઊછળી ઉપર આવે, એમ આપોઆપ સ્વરૂપનો આનંદ અંતરના પાતાળમાંથી ઊછળી ઊછળીને પ્રાણ, મન અને ઇંદ્રિયોને તરબોળ કરી દેશે; એવી અગમ્ય તૃપ્તિ થશે કે પુનઃ અતૃપ્તિ, અસંતોષનો અભાવ જ નહિ થાય. જેટલો એ સંવેગ તીવ્ર એટલી પ્રાપ્તિ શીઘ્ર, એમ ભગવાન પતંજલિ કહે છે. જ્ઞાનીઅજ્ઞાની બધાંયને દ્વંદ્વ તો આવે જ છે. અજ્ઞાની એમાંથી છટકબારી શોધે છે; અસત્ય ભાષણ, પ્રપંચ છળકપટ, હિંસકભાવ દાખવીને 'બચ્યો' 'જીત્યો' એમ માને છે, પણ એ વિપરીત બુદ્ધિ છે. ખરી રીતે કોઇ બચી શકતું જ નથી. દૃષ્ટાંત તરીકે કોઈ મનુષ્ય અસત્ય બોલીને કે અન્યથા આચરણ કરીને કોઇની પાસેથી પચાસ રૂપિયા મેળવે અને અહંકારથી ફુલાઇને પોતાની બહાદુરીનાં વખાણ કરે કે અમુકને ઠગીને પચાસ મેળવી આવ્યાનાં બણગાં ફૂંકે, પણ આ મહાન ગંભીર ભૂલ છે, અજ્ઞાન છે. રૂપિયા પચાસ તો પ્રારબ્ધ પ્રમાણે મળવાના હતા તે મળ્યા; પણ એની સાથે ભવોભવમાં અધોગતિ કરાવે એવું પાપ કમાયો એ જ મોટી માનવતા ખોઇ બેસવાની હિમાલય જેવડી ભૂલ. ઉત્થાનમાં અનેક વાર સ્પષ્ટતા કરવાનો પ્રયત્ન કર્યો છે કે અર્થ અને કામનાં સાધનો સ્થૂલ જગતનાં હોઇ, બાહ્ય વ્યવહારમાં પ્રત્યક્ષ રૂપે આપણને જે પ્રાપ્ત થાય છે એ પ્રારબ્ધ-કર્મના ભોગ પ્રમાણે મળે છે; જ્યારે ધર્મ અને મોક્ષ બન્નેનો સંબંધ આંતરિક મનોભાવ સાથે હોઇ, એ પુરુષાર્થ ઉપર આધાર રાખે

છે. ઉપર્યુક્ત દૃષ્ટાન્તમાં રૂપિયા પચાસ પ્રારબ્ધના હતા; જ્યારે અધર્મ એના પુરુષાર્થ રૂપે એ કમાયો. જો અધર્મથી જ ધન મળતું હોય તો પ્રત્યેક ધર્મપરાયણ, નીતિમાન મનુષ્ય નિષ્કાંચન રહીને અન્નજળ માટે ફાંફાં મારતાં છતાં પણ ભૂખ્યો જ રહે છે એવું જણાઇ આવે. પણ એમ બનતું નથી, અર્થ અને કામ તો બન્નેને મળે છે અને તે અકસ્માત્ છે એટલે જ એ પ્રારબ્ધનો વિષય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે જિજ્ઞાસુએ પોતાની સમક્ષ જે જે વ્યવહારનાં કર્મો આવે, એને પૂર્ણ કરવાની આવશ્યકતા સમજાય, ત્યારે એ કરવામાં ધર્મમાર્ગને દૃઢતાથી પકડી રાખવાનો પુરુષાર્થ કરવો જોઈએ. એમ કરવા જતાં અજ્ઞાનીઓનો વિરોધ થશે, પણ તે થોડા કાળ પૂરતો. સંસારડાહ્યાઓ તમને વગોવશે, અર્થ અને કામના ક્ષેત્રમાં કંઇક કદાચિત્ હાનિ થશે, પણ એ બધાં પ્રારબ્ધપ્રાપ્ત માનીને, એમાં એમ જ થવાનું હતું, ઇશ્વરનું એવું જ નિર્માણ હતું, અથવા પ્રારબ્ધભોગ જ એવા હતા, એવું સમાધાન રાખીને કે એમ સમજીને અંતરમાં ધર્મ અને મોક્ષસાધનની દૃઢતા રાખવાનો પ્રયત્ન રાખજો.

એ છે આપણી, જિજ્ઞાસુ મુમુક્ષુની વ્યવહારમાં રહ્યા છતાં પણ પવિત્ર તપશ્ચર્યા. હિમાલયમાં જઇ ગુફામાં એકલા પડયા રહો કે પાંચપંદર લાખની વસ્તીવાળા મોટા શહેરમાં રહો, તમારા મનજી મહારાજ તો બધે સાથે જ છે ને ?! મનમાં અધર્મ હશે, અજ્ઞાન હશે તો વનવગડાના એકાંતમાં પણ પ્રપંચ કરવાનું સૂઝશે. ચિત્ત ત્યાં પણ ક્લેશ કર્યા કરશે. ભગવાન્ યાદ જ નહીં આવે, અને વિષયી મન હશે તો વિષયોનું જ ચિંતવન–સ્મરણ થયા કરશે.

તેથી ઊલટું જો મનોદશા સુધરી હશે. વૈરાગ્ય, ભક્તિ, જ્ઞાન

વગેરેની ઝંખના સાચી હશે તો ભર વસ્તીમાં તમે બધાયને ભગવાનનાં સ્વરૂપ તરીકે ઓળખીને દિવ્ય આનંદ માણી શકશો. સાધના મનને કરવાની છે, શરીરને નહીં; રાફડા ઉપર બહારથી પ્રહાર કરવાથી ઉપરથી માટી તૂટશે, છિદ્ર બંધ થઇ જશે, પણ અંદર સંતાઇ રહેલો વિષધર સર્વ દર બંધ થતાં પણ પ્રાણને ઘૂંટી ઘૂટીને કુંભક કરીને લાંબા કાળ સુધી સજીવન રહેશે અને માર્ગ સાંપડતાં બહાર નીકળશે ત્યારે બમણા જોરથી જીવજંતુનો આહાર કરવા હિંસક બનીને દોડાદોડ કરી મૂકશે.

માટે સાચું માનસિક તપ કરશો, વિચારને જાગ્રત રાખશો, વ્યવહારમાં સાવધ રહેશો, પ્રત્યેક કર્મમાં તટસ્થ રહી શકશો, તો મનજી મહારાજની ખોટીખરી રમત તપાસી શકશો. એની મેલી રમતને પકડી પાડીને સુધારવાની તક મેળવી શકશો અને એ સુધર્યું એટલે જગત સુધર્યા જેટલો આનંદ આવશે.

ઇંદ્રિયો પોતપોતાનો ધર્મ કદી પણ છોડી શકે જ નહિ. ક્ષુધા લાગે ત્યારે ખાવું અને યુકતાહાર કરવો એ સ્વધર્મ છે; પણ સ્વાદને માટે ખાવું એ અધર્મ છે; આંખથી જોવું અને દૃષ્ટિ ભગવદ્‌મય રાખવી એ સ્વધર્મ છે, પણ દોષદૃષ્ટિ કે કુદૃષ્ટિ કરવી એ અધર્મ છે. હાથથી કામ કરવું અને શુભકાર્ય કરવું એ સ્વધર્મ છે, પણ પાપકાર્ય કરવું એ અધર્મ છે.

આ બધાયમાં મુખ્ય સાધન આવે છે સદ્ધર્મની ભાવના અને મનનું વિચારમય પરિવર્તન. ઈંદ્રિયો તો સ્વધર્મમાં જ હોય છે, પણ મન અધર્મી બનીને એ ગોલકોનો દુરુપયોગ કરે છે. આવા સદ્‌વિચાર સૂઝે તો સદ્‌વર્તન થવામાં વિલંબ નથી. શરીરની નિષ્ક્રિ-યતા બ્રહ્મનું સ્વરૂપ નથી; તેમ સક્રિયતા પણ નથી. પણ સદ્ધર્મ-

પરાયણ રહીને શરીર સ્વધર્મ પ્રમાણે સક્રિય રહે, મન એમાં સર્વત્ર ભગવદ્‌ભાવ રાખે તો એ જ સાચું જ્ઞાનસાધન છે.

શરીર દેશકાળ પરત્વે પ્રારબ્ધભોગ પ્રમાણે ક્યારે, ક્યાં જશે, આવશે એનો વિચાર ગૌણ રાખીને મનને સતત ભગવદ્‌ભાવમાં, આત્મનિષ્ઠામાં, ગુરુસ્મરણમાં રખાય તો પરમાત્મા—સચ્ચિદાનન્દ-સ્વરૂપ અંતર્યામી ક્યાં તમારાથી પૃથક્ છે કે એને વિનવવા પડે? એ બહેરો નથી, આપણે બહેરા છીએ; એ આંધળો નથી, આપણી આંખે પડળ આવ્યાં છે, એ મૂગો-બોબડો નથી, આપણે જીભને વિષયો ચાખી ચાખીને કડવી ઝેર જેવી કરી નાંખી છે. એને દૂર દેશમાં જઇને પકડવો પડે એમ નથી, પણ આપણે લૂલાલંગડા છીએ; એ તો હજાર હાથવાળો છે, પણ આપણે ઠૂંઠા છીએ—માટે સાવધાન! એ સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, આનંદકન્દને આત્મસ્વરૂપે ઓળખો—ઓળખવા કમર કસો, એ અત્યંત દયાળુ છે, જેટલી તમારી આરાધના તીવ્ર, તેટલી એની કૃપાદૃષ્ટિ કોમળ, મધુર અને તત્કાળ અમૃત વરસાવે એવી છે.

ઉત્થાન-પ્રેમીઓની, અંગત મિત્રોની, સહાયક સેવાભાવી અને ઉદાર સજ્જનોની ઉન્નતિ ઇચ્છું છું અને આ પુણ્યપ્રસંગે પરમ કૃપાળુ પરમાત્મસ્વરૂપ શ્રી ગુરુદેવને પ્રાર્થું છું કે સૌને આત્મ-કલ્યાણને પંથે સરળતા કરી આપે! માર્ગમાં વેગ વધારે! આ શરીરમાં જ પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે! ૐ

(જુલાઇ-૧૯૫૪)

# આવાહન; ગુરુદેવને!

ગુરુદેવ! વર્ષેવર્ષે આપને નિમંત્રું છું આષાઢી પૂર્ણિમાના પૂજનનિમિત્તે! તે દિવસે આર્યાવર્તના વેદોક્ત સંપ્રદાયની શ્રદ્ધાળુ પ્રજા આપનું—આપની સદેહ પ્રતિભા–પ્રતિકૃતિ–પ્રતિછવિ–પ્રતિચિત્રનું આવાહન, પૂજન કરીને પાવન થવાનો મનમાન્યો લહાવો લે છે.

બ્રહ્મ ભલે નિર્ગુણ નિરાકાર હોય, દેહાતીત હોય, અરૂપી કે અલિંગી હોય, મનવાચાથી અગમ્ય અને અગોચર હોય, પણ એ સચ્ચિદાનન્દના અનુભવ માટે તડફડતો માનવજાતમાં એને બુદ્ધિમાં ઝીલે, અંતરમાં અનુભવે, પ્રાણમાં તૃપ્તિ પામે, ચિત્તમાં શાંતિ સ્થાપે, ઇન્દ્રિયોને નિયમમાં લાવે તે પહેલાં તો એ બધાંયની ઝંખના પ્રત્યક્ષ સદેહ બ્રહ્મના દર્શનની જ હોય ને! એ વિના ઉપદેશ આપે કોણ?

આપ સદેહે હતા હવે વિદેહ છો, એમ વ્યવહારપક્ષે સત્ય હોવા છતાં એવું બોલવું ગમતું નથી. આપને વળી સદેહ – વિદેહનો ભેદ ક્યાં વળગાડું? જે ભેદમાં હું જીવભાવે અથડાઉં ત્યાં આપને એવા માયાગર્તમાં શા માટે ખેંચી જાઉં? अहंब्रह्मास्मि સાવ સાચું કારણ કે આપે तत्त्वमसि એમ સંભળાવ્યું છે. अयमात्मा ब्रह्म પણ નગ્ન સત્ય છે કારણ કે આત્મામાં ચિત્–પ્રભા છે તેથી આપે प्रज्ञानं ब्रह्म એમ ઉપદેશ્યું છે. અને नेहनानास्ति किंचन એમ કહીને નામરૂપમય વિવિધભેદ નથી એવી સ્પષ્ટતા કરી આપી છે, તથા જ્ઞાનકળશ-સો

એવો ભરી આપ્યો છે કે જ્યારે આપે કશાયે अस्ति--नास्ति, वेद--अवेद, अहं-त्वम् જેવા ભેદ ઓગાળીને કહી નાંખ્યું કે सर्वं खल्विदं ब्रह्म.

એને આપ્તવાક્ય ન માનું તો મારી શ્રદ્ધા કાચી; એ વિના અન્યને મનમાં રાખું તો મારો વૈરાગ્ય ઊણો, એમાં હૃદયને ન ગાળું તો મારી ભક્તિ આંધળી; એ નિદિધ્યાસન હું ન કરું તો મારો અનુભવ દંભભર્યો.

પણ આ જીવભાવ જ એવો છે કે જે હંમેશાં પૃથક્ વ્યક્તિત્વને જ મહત્તા આપે. ન હોય ત્યાંથી હુંપણું ઊભું કરે; ક્ષણે ક્ષણે એના ભાવ બદલાય; અભાવ, ભાવ અને ભાવાતીતનાં પગથિયાં તો ઘણાં જ શાસ્ત્રીય છે, પણ સ્વરૂપાનંદના અભાવમાં જ પડેલો સડેલો માનવી એમાં જ મઝા માણે છે; કલ્પિત સુખની શોધમાં વાસ્તવિક દુઃખ ભોગવે છે, ભાવી સુખની આશામાં વર્તમાનમાં દ્વંદ્વના ભયંકર કોયડા ખમે જાય છે. કર્મના કીચડને ખૂંદતો ખૂંદતો અવનવા ઘાટ ઘડવાની તરંગી કલ્પનાઓ દોડાવતો, સંસારચક્ર ઉપર જન્મેજન્મે નવા પિંડ બનાવે છે અને પોતાનું અલિંગી, અજાતિ બ્રહ્મ સ્વરૂપ મૂકીને-ભૂલીને ઘાટ ઘડવાનો કુંભારિયો ધંધો સ્વીકારે છે ત્યારે એટલા જ માટે એ બને છે–બ્રહ્મા, પુરુષ વાચક તત્ત્વ. તેની સાથે સાથે પોતાનામાંથી ઊભી કરેલી પ્રકૃતિને માટી બનાવી-પંચ-તત્ત્વને મૃત્તિકા માની, એમાંથી પિંડ મૂકીને શરીરોના ઘાટ ઘડવા માંડે છે, ત્યારે એ કહેવાય છે પ્રજાપતિ.

બ્રહ્મમાં અજ્ઞાત સ્વભાવગત ઇચ્છા થાય છે ઘાટ ઘડવાની. અને અમસ્તી જ અકારણ ઇચ્છા કાંઈ થોડી જ થાય છે! ઈચ્છાની પીઠમાં હેતુ તો રમતનો; લીલાનો; ક્રીડાના આનંદનો એટલે આનન્દ માટે ઘાટ ઘડે છે. થોડી વાર આમતેમ ફેરવે છે, રમે છે

ત્યાં સુધી એને પંપાળી પંપાળીને સાચવી રાખે છે. જ્યાં સુધી રસ પડે છે ત્યાં સુધી એની સાથે રાસ રમે છે; અને જ્યાં સુધી એ રમત–રાસ–લીલા–ક્રીડા એને ગમે છે ત્યાં સુધી એનું રક્ષણ કરીને ચાલુ રાખે ત્યારે એવા સંરક્ષક તરીકે એ જ વિષ્ણુ કહેવાય છે. જીવ–બ્રહ્મનો અભેદભાવે વિચાર કરતાં બ્રહ્મમાં અહીં ઈચ્છાનો અધ્યારોપ કર્યો છે, એ ‘ માયા–અવિદ્યા ’ શબ્દનો પર્યાય જેવો શબ્દસંકેત છે.

પણ એથીયે પાછો એ કંટાળે છે; કોઇ ઘાટમાં એને સચ્ચિદાનન્દ નથી મળતો. પ્રત્યેક ઘાટ પરિચ્છિન્ન છે, મર્યાદિત છે, એને જોઇએ છીએ ઘાટમાં પણ અપરિચ્છિન્ન, અમર્યાદ આનંદ; કંટાળો આવે અને અનેક ઘાટની ઉથલપાથલ જોઇ લે; હેરવેફેરવે અને કયાંય પણ સચ્ચિદાનન્દ ગુપ્ત–સુષુપ્ત હોય તો જગાડી, પ્રકટ કરીને એને માણે પણ. જ્યાં મૂળમાં જ અવિદ્યાગ્રસ્ત છે—અજ્ઞાન છે, જ્યાં એ પોતાનું જ ભાન ભૂલી બેઠો છે, ઘાટ ઘડવાની શક્તિ સાચવી બેઠો, પણ શા માટે ઘાટ ઘડવા છે એનું અજ્ઞાન ધારણ કરીને ઘાટ ઘડવાનો ધંધો લઇ બેઠો, એટલે સચ્ચિદાનન્દ ભૂલવાની શરૂઆત કરી હતી. પ્રત્યેક પળે એ ભૂલ બેવડાતી જાય છે. પોતે જ સચ્ચિદાનન્દ બ્રહ્મ છે એવું ભૂલીને હું બ્રહ્મ છું, હું વિષ્ણુ છું એવું માનીને પ્રત્યેક ઘાટને જૂદાં જૂદાં નામ આપ્યાં, બ્રહ્માંડ બનાવ્યાં; એમાં દેવ-દેવતાનાં અંગપ્રત્યંગ ગોઠવ્યાં, એમાં રમવા માંડયું, સાચવી સાચવીને રમ્યા કર્યું; પણ મૂળની ભૂલ ન ગઇ. મૂલાવિદ્યામાંથી તૂલાવિદ્યા આવીને ઊભી રહી. એકમાંથી અનેક થયા; સૌ સ્વરૂપ ભૂલ્યા; ગડમથલ વધી પડી; કોઇને સંતોષ નહીં; તૃપ્તિ નહીં; કંટાળ્યા; રાગદ્વેષ હતા તેમાંથી રાગ પણ ન ગમ્યો; આવ્યો વૈરાગ્ય અને સ્વરૂપશોધની ધગશ જાગી. એના તરફ મન વળ્યું. લગની લાગી એટલે ભકિત વધવા માંડી. પછી ચાલી એ ઘાટની ભાંગફોડની

પ્રવૃત્તિ. એ મહા ક્રૂર બન્યો. રુદ્ર બન્યો; મહાકાળ થયો; સંહારક થયો; બધુંય ભસ્મીભૂત કરી નાંખવાનો ધંધો લઈ બેઠો, તપાસી જોવા માટે કે આ અસંખ્યનો સંહાર કરું તો શેષ કંઈ રહે છે કે નહિ!

સંહાર શરૂ થયો; પુરુષ અને પ્રકૃતિ, જડ અને ચેતન, અજ્ઞાન અને જ્ઞાન, અવિદ્યા અને વિદ્યા, બધા ભેદ ભૂંસી નાંખીને એણે શેષ શોધવા બધું ભસ્મીભૂત કર્યું. અને પછી ?—

પછી તો ચમત્કાર ! શેષ રહ્યું. પોતે, આપોઆપ, એકલું અને અજોડ. એને ભાન થયું કે હું જ મંગલમય છું, હું જ શિવ છું ! એ કહેવાયા મહેશ્વર ! સંહારક ખરા પણ અજ્ઞાનના, મહાકાળ ખરા પણ કાળના. શિવ ખરા પણ બધા શવના, શંભુ ખરા અને તે પોતે જ શમ્ કલ્યાણમય અસ્તિ—છું એવા જ્ઞાનમાત્રથી રહેલા બધા શેષના શેષ. બધા ઘાટના ઘડવૈયા, બધા રાસના રસિયા, છેવટે બધા નૃત્યના નટરાજ બન્યા ખરા, પણ કેવળ બધાંનો સંહાર કરવા માટે —અનુભવવા માટે કે : **બાકી હું કેવલ એકલો શિવ જ છું.**

तदेकोऽवसिष्ठः शिवः केवलोऽहम् ।

*　*　*　*

બ્રહ્મા ! વિષ્ણુ ! મહેશ્વર ! ત્રણ ભાવનાં ત્રણ સ્વરૂપ જ્યાં ઓગળી જાય એવું જે બ્રહ્મ તે જ આ બધું છે, એવું આપે હે ગુરુદેવ ! શ્રવણ કરાવ્યું; કાચું ન રહી જાય માટે સમજાવી સમજાવીને ગળે ઊતરાવ્યું; અને પછી આજ્ઞા કરી કે तत्वमसि તે તું જ છે એટલે મેં માન્યું, નિદિધ્યાસન કર્યું અને તૃપ્તિના ઉદ્‌ગાર—આનંદના ઓડકાર નીકળ્યા કે अहंब्रह्मास्मि. પ્રાકૃતમાં પણ કહેવત છે કે "જેવું

અન્ન તેવો ઓડકાર. " અને બ્રહ્મનો જ ભોગ ભોગવ્યો હોય તો બ્રહ્મનો જ ઓડકાર—ઉદ્દગાર નીકળે એમાં આશ્ચર્ય શું ?

ત્યારે પછી આપના સદેહ-વિદેહનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? આપ જ દેહધારી બનીને બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વરરૂપે લીલામૂર્તિ બન્યા હતા, તે કેવલ આપની જ ઈચ્છાથી; વિદેહે જે બ્રહ્મસ્વરૂપ છો, તો સદેહે શા માટે નહિ ? આપના अहंब्रह्मास्मिના, शिवोऽहम्ના ઉદ્દગાર આ શરીરની શ્રવણેન્દ્રિયથી જ સાંભળ્યા છે—પ્રકૃતિ, પંચતત્ત્વ, પચીસ તત્ત્વ, અસંખ્ય તત્ત્વ, એ બધાંય અન્તે તો આપની જ ઈચ્છામાંથી સ્વયંભૂ ઊભાં થયેલાં વિવિધ નામરૂપ.-બધા ઘાટ ઘડ્યા પણ માટી તો આપ પોતે જયારે સપિંડ થયા ત્યારે આપના જ પિંડમાંથી નીકળીને જુદી, આપે એને ઓળખાવી ત્યારે જ એ માટી-પ્રકૃતિ કહેવાઇ ને ?

આપે ભણાવ્યું એવું હું ભણ્યો છું. અને આદિ દેવ બ્રહ્માએ પોતાના માનસપુત્રોને જેવું ભણાવ્યું, તે જ પરમ્પરાએ આપ ભણ્યા હતા, એવું આપનું બ્રહ્મવાક્ય હતું. ઉપનિષદ્ પણ એમ જ કહે છે ને! પરમ તત્ત્વ વિદ્યા-અવિદ્યા, સંભૂતિ-અસંભૂતિથી પર છે એવું જયારે ઈશોપનિષદ્ કહે છે ત્યાં એમ જ કહ્યું છે કે :

इतिशुश्रुम धीराणां येनस्तद् विचचक्षिरे ।

**અર્થ** :—એવું અમે ( સાંભળનાર શિષ્યોએ ) બુદ્ધિ-(જ્ઞાન) માન પુરુષો પાસેથી સાંભળ્યું છે, જેઓએ અમને એની વ્યાખ્યા ( એવી જ ) કહી સંભળાવી છે.

ત્યારે આપનું, પેલા કે આ ઋષિનું, અત્યારના કે પરાપૂર્વના અનુભવીનું, બધા સન્તોનું કહેવું તો એમ જ થયું કે અમારા અનુભવીનું પ્રમાણ એ જ કે આ પરમ સત્ય, પરમ તત્ત્વ પરંપરાએ

મેળવાય છે. અને એ જ તમને કહેવાય છે; મારું, અમારું, અમારી બુદ્ધિનું વ્યક્તિગત અહંકારથી રંગાયેલું આ મન્તવ્ય નથી. જ્યાં વ્યક્તિ વ્યકત નથી થતી–રહેતી જ નથી, એવા એ અવ્યકતથી પણ પરના પ્રદેશની અનુભવવાચા છે.

તેથી આપ સદેહ–વિદેહ એક જ સ્વરૂપે છો! સદેહ થયા હતા, વિદેહ થયા, એવા કાળભેદ હું શા માટે ઊભા કરું? આપ બ્રહ્મસ્વરૂપ છો, છો અને છો જ.

ત્યારે આ આવાહન કેવું? શા માટે? પૂજનનો હેતુ શો? દેશકાળની મર્યાદામાં આવીને શા માટે આવા વિધિનિષેધના ખંડ-ભેદ, સમયભેદ પાડું–કદાચ એમાં અટવાઈ પડું તો?

ભય? શા માટે? સદેહે આપે વિદેહી બ્રહ્મતત્ત્વ મારા અંતરમાં ઠાંસી ઠાંસીને ભરવાના મનોભાવ સેવ્યા છે, "હું નહિ પણ તું" "તું નહિ પણ હું." "હું–તું તે બધુંય નહિ" "નહિ છે એવું પણ નહિ" એવું મૌન સેવીને આપે મનવાણીથી પરનો અનુભવ ઉપદેશીને સિદ્ધ કરી આપ્યું છે કે, અનુભવ સૌથી મોટી વસ્તુ છે; એ જ મહાલાભ છે; અને સદેહ હોય ત્યારે દેહવ્યવહાર થાય, એમાં અંતઃકરણના વૃત્તિ વિભાગ જણાય, ઈંદ્રિયભેદ દેખાય, વિષયભેદનું ભાન થાય, એ બધા ભેદમાં તારું વિજ્ઞાન અખંડ, અભેદ, અદ્વૈત ભાવે ચિરસ્થાયી રહે, માટે 'ગુરુ ગુરુ' જપજે; ચિત્તમાં એનું સ્મરણ કરજે, મનમાં એનું મનન ગોઠવજે; બુદ્ધિમાં એની સમજણ ભરી રાખજે, વ્યકિતગત અહંકારને વિશુધ્ધ શિવસ્વરૂપ સમજજે, અને દેશકાળના ક્ષણભંગુર વ્યવહારમાં પ્રત્યેક ક્ષણે વ્યકિત સમષ્ટિનો ભેદ ભૂલવા માટે आचार्यवान् पुरुषो वेद એ ન્યાયે ગુરુદેવ–બ્રહ્મદેવને એ રીતે વ્યવહારમાં નિત્ય આવાહન કર્યા કરજે.

આવાહન કરજે બ્રહ્મનું; અને વિસર્જન ? કર્મકાંડના વિષયમાં દેવદેવતાનું પૂજન કરતી વખતે વિશેષ ભાવે આવાહન વિસર્જનની પદ્ધતિ ચાલે છે. પણ અહીં ?—અહીં તો માત્ર આવાહન ગુરુદેવનું; અને વિસર્જન અહમ્‌નું બસ એ જ સત્ય !

પધારો ગુરુદેવ ! આષાઢ માસની પૂર્ણિમા આવી. ચંદ્ર સોળે કળાએ ખીલીને પૂર્ણ બન્યો છે; આપની પણ સોળે કલા સંપૂર્ણ રીતે બ્રહ્મભાવે ખીલી હતી.

પંચ પ્રાણ, પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ કર્મેન્દ્રિયો અને સોળમું અંતઃકરણ બધામાં બ્રહ્મભાવ ભરાયો હતો. દેહભાવનું વિસર્જન થતાં જ એમાં બ્રહ્મભાવ આપોઆપ સ્વયંભૂ વિલસતો હતો. પ્રાણની ક્રિયાઓ, જ્ઞાનેન્દ્રિયનાં જ્ઞાન, કર્મેન્દ્રિયનાં કર્મો તથા અંતઃકરણના ભાવ ભાવાતીત બ્રહ્મમાં તાદાત્મ્ય પામ્યાં હતાં.

અને પછી એનું થતું શું ? એની અમારા જેવા જ્ઞાનપિપાસુ ઉપર વૃષ્ટિ થતી; જાણે અમીરસની સતત્ સરતી દેવનદી ભાગીરથી. આષાઢ બેસે અને વર્ષા આવે; ઉનાળો તપે અને આવાહન થાય; શિયાળો અન્નનો પરિપાક આપે.

જિજ્ઞાસુનું અંતર બ્રહ્મામૃત માટે ઝંખના કરે; તપે; તપશ્ચર્યા કરે; બળેઝળે—જેમ નીરવિહોણું માછલું મેઘમંડળનું આવાહન કરે; પ્રાર્થના કરે ! એ છે એનો ઉનાળો.

સૂર્યનારાયણ સાંભળે; ચંદ્રદેવને આજ્ઞા કરે; વરુણદેવ પ્રસન્ન થાય; મેઘમંડળ ગર્જના કરે; અને થાય સહસ્રધારાએ વૃષ્ટિ, પૃથ્વી ઝીલે; એમાં રોપાય બીજ; વધે, ફળે, ફાલે, પરિપાક થાય.

જિજ્ઞાસુના આવાહન-તપથી બ્રહ્મદેવ-ગુરુદેવ પ્રસન્ન થાય;

ચંદ્રસત્ય અંતઃકરણ દ્રવે; ઉપદેશામૃતની વૃષ્ટિ થાય; જ્ઞાનકરણનું બીજારોપણ થાય; અનુભવના અંકુર ફૂટે, ઉદ્‌ગારની તૈયારી થાય.

શિયાળો; ચોમાસાના જલસિંચનથી અને કૃષિકારના બીજારોપણથી વનસ્પતિ ફળે, ફાલે, અન્ન તૈયાર થાય અને પરિપાક થાય. કૃષિકાર એને લણે, ભોગવે, તૃપ્ત થાય, પોષણ પામે, જીવન ધન્ય માને.

ગુરુદેવની કરુણામય ઉપદેશવૃષ્ટિ; શિષ્યની સંતપ્ત ચિત્તભૂમિમાં એનો સ્વીકાર; તત્ત્વબીજનું રોપણ, જ્ઞાનાંકુર ઊગે, વિજ્ઞાનવનસ્પતિ ખીલે, ફળે, ફાલે, અનુભવફળનો પરિપાક થાય—શીતળતા આવે અને તૃપ્તિ, પુષ્ટિ, તુષ્ટિ બધું સોળે કળાએ ખીલે. જેવું ગુરુદેવનું તેવું જ શિષ્યનું ખીલે—અંતઃકરણ કૃતકૃત્ય અને ધન્ય ધન્ય ! ૐ

ઉપનિષદ્ પ્રત્યક્ષ બ્રહ્મનો મહિમા ગાય છે; મુણ્ડકોપનિષદ્ કહે છે કે:

ब्रह्मैवेदममृतं पुरस्ताद् ब्रह्म
पश्चाद् ब्रह्म दक्षिणतश्चोत्तरेण ।
अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्म
एवेदं विश्वमिदं वरिष्ठम् ॥

**અર્થ** : આ બ્રહ્મામૃત આગળ છે, બ્રહ્મ જ પાછળ છે, બ્રહ્મ જ ડાબી તથા જમણી બાજુ છે, નીચેઉપર બ્રહ્મનો જ વિસ્તાર છે. ( આમ આ બ્રહ્મ જ છએ દિશાઓમાં ભરેલું છે. એ વિના બીજું કાંઇ છે જ નહિ. ) આ સર્વ જગત્ સર્વશ્રેષ્ઠ બ્રહ્મ જ છે. ( મુંડક ૨-૨-૧૧. )

આવું બ્રહ્મ પ્રત્યક્ષ દર્શન વિના કેવી રીતે સિદ્ધ થાય ? કેવી

રીતે અને કોણ અનુભવે ? સદેહ રહીને એનો અનુભવ કરવાનું આ આપ્તવાક્ય છે. ઊંચે, નીચે, આગળ, પાછળ, ડાબું, જમણું એવા ભેદમાં અભેદ અનુભવે એ સદેહી જ હોય ને ? સદેહીને પ્રત્યક્ષ દર્શન પણ દેહમાં જ કરવાનાં, એથી એ હે ભગવાન્ ! આપ સદેહ હતા ત્યારે પણ બ્રહ્મસ્વરૂપ; કારણ કે સદેહ વિદેહીનો અનુભવ પોતે માણ્યો અને મને મનાવ્યો, ભણાવ્યો, શીખવ્યો.

અત્યારે હું સદેહ છું; મારા અંતઃકરણમાં બ્રહ્માકારવૃત્તિ-સ્વરૂપ આપ સદેહ, સાક્ષી, દ્રષ્ટા, તટસ્થ સ્વરૂપે નિત્યનિરન્તર જાગ્રત છો, એને જ બાહ્ય પ્રત્યક્ષ બનાવવા આવાહન કરું છું, પ્રતિકૃતિરૂપે પધરાવીને પૂજન કરું છું. ઉપચારથી પૂજન કરીને પ્રસન્ન કરવા માટે આરાધના કરું છું; આપનો એ ચિત્તપ્રસાદ તો બ્રહ્મપ્રસાદ જ છે; એને આરોગીને હું બ્રહ્મ-તૃપ્ત થાઉં છું; એમાંથી ઉદ્ભવે છે તત્કાળ અને સહજ, સ્વાભાવિક અને સરળ–अहंब्रह्मास्मिનો પ્રત્યક્ષ ઉદ્ગાર !ॐ

अहम्નું વિસર્જન કરવાનું કાર્ય અઘરું છે; अहम् ને नाऽहम्થી વિસર્જન કરું, પણ કયો દેશકાળ બ્રહ્મથી ખાલી છે કે મારું આ અંતઃકરણ नाऽहम् અનુભવીને ખાલી રહે ! બ્રહ્મભાવ ભરાય ત્યારે જ અહંભાવ ખાલી થાય. બ્રહ્મનું આવાહન થાય અને અહમ્નું વિસર્જન થાય. ભિન્નભિન્ન બોલાતી ક્રિયા વસ્તુતઃ તો એક જ છે. પ્રકાશ લાવતાંજ અંધકાર જાય, એમાં જેવી રીતે બે ભિન્ન ક્રિયાઓ નથી તેમ આવાહન વિસર્જન પણ બે જુદી ક્રિયાઓ નથી. આવાહન એટલે જ આપનું અનન્ય ભાવે પ્રાર્થના–સ્તવન–ચિંત્વન; એ જ ઇષ્ટભક્તિ અને એ જ અનિષ્ટનો વૈરાગ્ય. એક સાધો અને બીજું આપોઆપ સિદ્ધ થાય. એકના વિજ્ઞાનથી બધું ઓળખાય એ સાવ સાચી વાત. બ્રહ્મને જાણો અને બ્રહ્માંડનું જ્ઞાન થાય; ઈશ્વરને પ્રત્યક્ષ

કરો અને વિશ્વનું રહસ્ય સમજાય; જગદીશને જુઓ એટલે જગતનો આભાસ સમજાય.

ગુરુદેવ ! દયાળુ છો ! કૃપાનિધિ છો !અમૃતના અમૂર્ત સરોવર છો ! સહસ્રધારાએ બ્રહ્મસુધા વરસાવો છો, જાણે સહસ્રજીવ્હા શેષનારાયણની સાક્ષાત્ મૂર્તિ ! નિર્ગુણ બ્રહ્મનું વર્ણન તો ત્રણેય વાણી થાકીને—પાછી વળીને પરામાં પહોંચે ત્યારે પૂર્ણ થાય. સંદેહલીલા તો ત્રિગુણાત્મક; સોળ કળાયુકત; કળાએ કળાએ, ક્ષણે ક્ષણે. પ્રસંગે પ્રસંગે, સ્થળે સ્થળે એમાં અલૌકિકતા દેખાય. કર્મમાં નૈષ્કર્મ્ય શીખવાની એ મહાશાળા; જડતામાં ચૈતન્યભરી ભકિત માણવાનું એ પ્રેમમન્દિર ! અજ્ઞાનમાં જ્ઞાનવિજ્ઞાનનું અવલોકન કરવાનો એ જ્ઞાનપ્રદીપ; નૈષ્કર્મ્ય સિદ્ધિનો શુદ્ધિસ્તંભ, અહૈતુકી પ્રેમભકિતનો આનન્દકુંભ, સર્વોપરિ અભેદભાવનો એ જ્ઞાનપુંજ; બધું એક જ દેહમાં દેખાડીને આપે ત્રિગુણની ભસ્મ બનાવી આપી; ખરેખર प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ।

મેં त्वम् ब्रह्म ગોખ્યું-જાણ્યું-માણ્યું, આપે अहम्-ब्रह्म શીખવ્યું, ભણાવ્યું-ઓળખાવ્યું. વાહરે ! આપની ઉદારતા ! समत्वं योग उच्यते સિદ્ધ કરી બતાવ્યું. હું-તું-તે બધા સમાન; બધેય સમદૃષ્ટિ કરો એ જ છે બ્રહ્મજ્ઞાન; એ સમત્વયોગ એટલે જ જ્ઞાનયોગની સર્વોત્તમ સાધના અને એ જ સાધ્ય-સાધકના અભેદની સિદ્ધિ ! આપ વિના બીજો કોણ એવો, પોતાનો अहं-ભાવ ત્યાગીને त्वम् ને अहम्‌ના જેટલું અને જેવું જ મહત્ત્વ આપે ! આપનો એ જ અપ્રતિમ મહિમા ! આપનું માહાત્મ્ય એટલે જ બ્રહ્મનું માહાત્મ્ય ! પોતે પોતાની વાત કરે એ તો મૂર્ખ ! અને એથી બ્રહ્મવિદ્ પરમ્પરાપ્રાપ્ત મૌનથી જ પરિપૂર્ણ બ્રહ્મનો ઉપદેશ આપી ગયા છે. જે વર્ણન ભર્યાં છે એ તો બ્રહ્મવિદ્‌ના શિષ્યની શુશ્રૂષાથી પ્રસન્ન થયેલા બ્રહ્મવિદ્‌ના અંતઃ-

કરણુમાંથી-બ્રહ્માકારવૃત્તિમાંથી ઊતરેલી સ્વભાવસિદ્ધ પ્રેરણા. પ્રાણમાં બ્રહ્મવાચા સ્ફૂરે-સરે, બ્રહ્માંડ પણ બ્રહ્મ જ છે એવી પરિચ્છિન્ન વાગ્ધારા વહે એ છે બ્રહ્મનું વર્ણન—અપૂર્ણ જાણે. એ જ છે બ્રહ્માની પુત્રી—બ્રહ્મમાંથી સરતી નિત્યકૌમાર્ય સેવતી, સરસ્વતી. એ છે બ્રહ્મચારિણી, કારણ કે એની સમસ્ત ચર્યા બ્રહ્મને મૂકીને બીજે ઢળે કયાં ? એ છે બ્રહ્મવાદિની, ઉપનિષદ્‌કાળની બ્રહ્મદેવતા ઉમા.

ઊતરો નાથ ! આનન્દમય કોષમાં પ્રવેશીને અન્નમય સુધી તૃપ્તિ ભરો. જાગો પ્રભુ ! તુર્યાથી પ્રકટીને જાગ્રત સુધી ચૈતન્યનો પ્રકાશ પાથરો ! નિરખો દેવ ! મહાકારણથી સ્થૂલ શરીર સુધી બ્રહ્મદૃષ્ટિ ફેરવો. તારો તારકદેવ ! ત્રિગુણાત્મક ભવસાગરમાંથી કેવળ આપની નિર્દેશ-અનિમેષ દૃષ્ટિ માત્રથી; એ જ છે મારી જીવનનૌકા.

આવાહન વિસર્જન, ભાવાભાવ, ભેદાભેદ, સદેહવિદેહ,સગુણ-નિર્ગુણ, સવિકલ્પ-નિર્વિકલ્પ બધા ભેદભાવ ભૂલું ; ભૂલું આ વિલાસ ! જાય બધો અવસ્થાક્રમ; લીન થાય આપ-અમાપમાં આ હું-હું કરતું આપ ! અને પછી ? પછી તો ૐ શાન્તિ ! શાન્તિ ! શાન્તિ !

( જુલાઈ-૧૯૫૪ )

# પરમગુરુ રામતીર્થ

## ( જયંતી અને અર્ઘ્ય )

વિક્રમસંવત બદલાય છે, દીવાળી આવે છે, તરત જ નવું વર્ષ શરૂ થાય છે, અને અમને—મને અનન્ત તેજોરાશિ જ્ઞાનભાસ્કર સમા પરમહંસ રામતીર્થનાં, એમનાં જીવન-કવનનાં, અંગત રીતે સ્વજીવનમાં ઉતારવા આરભેલાં કે કંઈક તે પ્રમાણે અનુભવેલાં સંસ્મરણો સ્વાભાવિક રીતે જ જાગ્રત થાય છે.

વિક્રમસંવત ૧૯૩૦, કાર્તિક શુદિ ૧; ઈ. સ. ૧૮૭૩, તા. ૨૨મી ઑકટોબર અને બુધવાર એ એમના સ્થૂલ શરીરનો જન્મદિન.

પૂરાં ૩૩ વર્ષના આયુષ્યની સીમા બાંધીને સ્થૂલ શરીરે જલ-સમાધિ લીધી એ દિવસ આવે છે આસો વદ અમાવાસ્યાનો.

વિક્રમસંવત ૧૯૬૨ આસો વદ ০)) બુધવાર, તદનુસાર ઇ. સ. ૧૯૦૬ તા. ૧૭ ઑકટોબર; એ દિવસ છે દેહવિલયનો.

તેત્રીસ વર્ષ ! કેટલું ટૂંકું આયુષ્ય !—પણ નહિ ! ભ. શંકરા-ચાર્ય પણ એટલું જ દેહદર્શન આપી ગયા હતા. સન્ત જ્ઞાનેશ્વરની શરીરસ્થિતિ તો એકવીસ વર્ષ, ત્રણ માસ અને પાંચ દિવસ જ ભૂલોકવાસી રહી હતી. પરન્તુ કારણ અને કાર્યના સિદ્ધાન્તનો વિચાર કરીએ તો સ્થૂલ બ્રહ્માંડનું, આ વિરાટ બ્રહ્મલીલાનું નિરંજન, નિરાકાર, નિર્વિકાર કારણ જે પરમતત્ત્વ છે એ તો અણુથી પણ સૂક્ષ્મ

જેવું છે, જયારે આ અનન્ત બ્રહ્માંડસ્વરૂપ કાર્ય, આપણને જાગ્રત દશા અને સ્થૂલ શરીરની દૃષ્ટિએ કેવું, કેવડું, કેટલું મહાનથી પણ મહાન લાગે છે! સૂક્ષ્માતિસૂક્ષ્મ કારણને શોધતાં શોધતાં જન્મ-જન્માન્તર વીતી જાય છે કારણ કે કાર્યનો પ્રદેશ ખૂબ જ વિસ્તૃત લાગે છે. ખસખસનું બીજ અત્યંત સૂક્ષ્મ હોય છે, પણ વૃક્ષ એનાથી હજારગણું મોટું થાય છે. કાર્યપ્રદેશમાં ભટકતો જીવાત્મા એટલો જડબુદ્ધિ, સ્થૂલભોગી તથા વિરાટદૃષ્ટા હોય છે તેથી મહાનથી મહત્તમ એવા કાર્યપ્રદેશ–સંસારમાં સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, અણુના પણ અણુ એવા કારણ–બ્રહ્મને શોધી કાઢતાં એને ભવોભવની યાત્રાઓ કરીને પોતાને હોમાઇ જવું પડે છે.

મહાપુરુષોની લીલા એટલા જ માટે મહિમાવન્તી છે કે અજ્ઞાનીઓના ૧૦૦-૧૨૫ વર્ષના આયુષ્યમાં એકાદ વર્ષ પણ ભાગ્યે જ જીવનસાર્થકતા જોવા, નિહાળવા કે માનવા મળે, જયારે લોકોત્તર મહાત્માઓના એક એક દિવસનો જીવનપ્રકાશ પણ એક એક શતક કે સહસ્ર વર્ષ સુધી અન્યને પથપ્રદર્શક બનીને સાર્થકતા સિદ્ધ કરી આપે છે.

વેદકાળના ઋષિઓ, અવતારપુરુષો, આચાર્યગણો, સન્તસાધુઓ, તપસ્વીઓ, રાજયધુરન્ધરો, લોકરક્ષક—એવા, જેણે જેણે કૈંક આત્મપ્રતિભાનાં દર્શન કર્યાં અને કરાવ્યાં છે, એનાં સ્મરણ-કીર્તન અત્યારે પણ આપણને—માનવવંશના વારસોને—જ્ઞાનદીપક થઇ પડયાં છે.

વિક્રમસંવતના વર્ષારંભે જન્મીને વર્ષાન્તે દેહના આવિર્ભાવ-તિરોધાન દેખાડનાર એ બ્રહ્મ.વદ્દ આશ્ચર્યકારક જીવનલીલા રમી ગયા છે. નિર્ધન પણ પવિત્ર ગોસ્વામીકુલમાં જન્મ, બાલ્યા-

વસ્થામાં જ નિરક્ષર પણ બહુશ્રુત એવા વ્યાયામયોગી ધન્નાભગતનું શિષ્યભાવે શરણસૌભાગ્ય, નિર્દોષ વિદ્યાર્થીઅવસ્થા, અવિરત અભ્યાસપ્રેમ, અલૌકિક વિદ્યાવ્યાસંગ અને ત્યાર પછી ગુરુભક્તિ, ભગવદ્ભક્તિ, વિદ્યાદાન, વૈરાગ્ય, ત્યાગ, સંન્યાસગ્રહણ, અદ્વૈતજ્ઞાનનિષ્ઠા, એકાન્તસેવન, દેશવિદેશ ભ્રમણ, સમયોચિત સ્વદેશપ્રેમ, સંપૂર્ણ બ્રહ્મનિષ્ઠાભર્યો ઉપદેશ અને ગુરુ કે શિષ્યભાવનાં દ્વંદ્વને પણ યથાર્થ શાસ્ત્રોક્ત વિધિથી અનુભવસુધામાં ઘોળીને તૃપ્તિપાન કરનાર એ ચિદાકાશ વિહારી પરમહંસ હતા.

વિદ્યાર્થી તરીકે એમણે વિદ્યાવ્યાસંગનું અનુકરણીય દૃષ્ટાન્ત આચરી આપ્યું.

શિષ્ય તરીકે, પોતે વિદ્વાન્ હોવા છતાં નિરક્ષર, સવર્ણ કરતાં શૂદ્રવર્ગમાં ગણી શકાય એવા બહુશ્રુત વેદાન્તપ્રેમીને ગુરુપદ આપીને ગુરુશરણાગતિનું સ્વરૂપ સમજાવ્યું.

અધ્યાપક તરીકે અભ્યાસીઓને. વિદ્યાર્થીઓને ઉદાર હાથે વિદ્યા, પુસ્તક તથા અન્ય સહાયત આપીને શિક્ષક અને શિક્ષાર્થીના સંબંધનો મર્મ ઓળખાવ્યો.

પરમહંસ બ્રહ્મવિદ્વરિષ્ટ, સંન્યાસી તરીકે, ત્યાગ, વૈરાગ્ય, અવિરત બ્રહ્મચિંતન, અનાત્મવિસ્મરણ અને એકાન્તસેવન કરીને ચતુર્થાશ્રમની સાર્થકતા સિદ્ધ કરી બતાવી.

તપશ્ચર્યા વિના વિદ્યાપ્રાપ્તિ નથી; ત્યાગ વિના આત્મજ્ઞાન નથી; વૈરાગ્ય વિના દ્વંદ્વમુક્તિ નથી; નિષ્ઠા વિના નિરંકુશ તૃપ્તિ નથી—એવાં એવાં શાસ્ત્રવિધાનોની ક્ષણે ક્ષણે સાધકને, જિજ્ઞાસુને,

કે મુમુક્ષુને સાવધાન કરે એવી ગુરુકૂંચીઓ આપી ગયા. ધન્ય એ પરમહંસ! ધન્ય એ બ્રહ્મવિદ્—બ્રહ્મલીન—બ્રહ્મસ્વરૂપ!

* * * *

એમની ભગવદ્ભક્તિમાં કેટલી વિરહભરી તીવ્રતા હતી! ? હૈયાફાટ રુદને એમની પથારી પલળી જતી. શ્રીકૃષ્ણપ્રેમના એ અપૂર્વ રસિયા હતા. પરમતત્ત્વને સાકાર-સગુણમાં ઉતારીને, હૃદયમાં ભગવાનનું અવતરણ કરીને, એમણે દર્શનતૃપ્તિ પણ સિદ્ધ કરી હતી.

એમનું પ્રણવગાન અદ્ભુત હતું. ઓમ્ ૐના અદ્ભુત ગુંજનમાં અહોનિશ એમની ચારેય વાચા અવિરત ઓતપ્રોત રહેતી. બાલ્યાવસ્થાથી માંડીને જળસમાધિ પર્યન્તના છેલ્લા શ્વાસ સુધી ઓમ્ ઉચ્ચારણ એમણે છોડયું નથી. શાસ્ત્ર કહે છે તેમ ૐ જ બ્રહ્મ અને બ્રહ્મ એટલે જ ૐ–ઓમ્–એવો અનુભવ કરીને આપણા જેવા સાધકોને ઉપદેશ પાઠ આપી ગયા છે. ઉપનિષદ્ના ઋષિઓ ભિન્નભિન્ન પ્રસંગે ૐનો મહિમા ગાતાં થાકયા નથી; યોગદર્શનકાર પતંજલિ એને ઇશ્વરનું નામ કહે છે. ઇશ્વરને પોકારવો હોય, પ્રાર્થના કરવી હોય, અંતરમાં એનો અનાહત નાદ સાંભળવો હોય, અલૌકિક આનંદથી હૃદયને તરબોળ કરવું હોય તો ૐ–ૐ–ૐ બોલીને પ્રાણને થકવી નાખો. ફલતઃ ઈષ્ટસિદ્ધિ સ્વાભાવિક છે.

ગુજરાતનો મહાજ્ઞાની અખો "શબ્દપરિચય અંગ"ની સાખીઓમાં કહે છે કે:

**"કોઇ જ્ઞાની જાનત જ્ઞાન યે, જિનું લક્ષ્ય લિયા ૐકાર;**
**શબ્દ એકમેં નીપજે અખા! કયું પચી મરે સંસાર!"**

ખરેખર! અનુભવી જ્ઞાની જ એ રહસ્યને સમજી શકે છે. લક્ષ્ય તરીકે ૐને જેણે સ્વીકાર્યો, અને એમાં બ્રહ્મભાવ ભરીને, આત્માની સાથે અભેદ અનુભવતાં એના રસનું આસ્વાદન કરતાં કરતાં એ એક જ શબ્દનું અવલંબન રાખ્યું, એ શબ્દબ્રહ્મનું નામસ્મરણ કર્યા કર્યું, એને સ્વરૂપસાક્ષાત્કાર સરળ, સહજ અને સ્વભાવસિદ્ધ થઈ ગયો. શા માટે સંસારીઓ એ મહાનામને મૂકીને બીજાં ડાળપાંખડાં જેવાં નામનો આધાર લેતાં હશે! ?—અખાજીને એ માટે ખરેખર આશ્ચર્ય થાય છે.

*　　*　　*　　*

પંજાબની પ્રચલિત ભાષા ઉર્દૂમાં એમણે ચમત્કારભર્યા લેખો લખ્યા; વિદેશમાં અંગ્રેજી ભાષામાં ઉપદેશો આપ્યા; ઉત્તર પ્રદેશનાં વિખ્યાત શહેરોમાં ભાષણો આપીઆપીને દેશભકતોને જાગ્રત કર્યા; ઈ. સ. ૧૯૦૦થી ૧૯૦૬ સુધી કેવળ છ વર્ષનો સંન્યાસઆશ્રમ શોભાવી ગયા.

મદ્રાસની ગણેશ કંપની–પુસ્તક વિક્રેતાએ પહેલવહેલું અંગ્રેજીમાં એમનું ઉપદેશપુસ્તક પ્રકટ કર્યું; કાનપુરથી એકાદ હિન્દી પુસ્તક છપાયું; લાહોરથી થોડાં ઉર્દૂ વ્યાખ્યાનો બહાર પડયાં; મરાઠીમાં થોડા અનુવાદો પ્રકટ થયા; અને ત્યાર પછી એમના સત્સંગ-પ્રસંગથી પ્રેરિત થયેલા, સસ્તું સાહિત્યવર્ધક–સંસ્થાના આયોજક ભિક્ષુ–સ્વામી અખંડાનંદજીએ ગુજરાતી ભાષામાં એમનો ઉપદેશ-પ્રસાદ વહેંચવાની શરૂઆત કરી. એ હશે ઈ. સ. ૧૯૦૯–૧૯૧૦ની સાલની વાત.

એમનું પુણ્યશાળી, પ્રસન્નગૌરવભર્યું પુણ્યનામ મેં પ્રથમ સ્વા. અખંડાનંદજી પાસેથી સાંભળ્યું. પોતાને થયેલા અનુભવ

પ્રસંગો એમણે કહી સંભળાવ્યા; ઇ. સ. ૧૯૦૫થી ૧૯૦૯ સુધીના મારા અધ્યાત્મમાર્ગના મનોમન્થનમાંથી જાણે મને નવનીત સાંપડ્યું. પરમહંસ રામતીર્થ એટલે મારે મન જીવનોદ્ધારક દેવ દેખાયા.

ઈ. સ. ૧૯૧૨માં એમના અંગ્રેજી ગ્રન્થોનો સ્વાધ્યાય સાંપડ્યો. વાંચતાંવેંત પ્રાણમાં ચેતના પુરાઇ—રણતરસ્યાને ગંગાજળ સાંપડ્યું જાણે. પૂર્વપૂણ્યનાં ફળ પ્રત્યક્ષ થયાં, અદૃષ્ટ આત્મશ્રેયની —મોક્ષમંદિરની અભેદ્ય લાગતી દીવાલોનાં દ્વાર ઊઘડ્યાં, સદ્‌ભાગ્યનું કલ્પવૃક્ષ વસંત વહોરી બેઠું; માગો ને મળે છે, ઇચ્છો અને પ્રત્યક્ષ થાય છે, ડગલે ડગલે પૂણ્યપંથ છે, શ્વાસે શ્વાસે પ્રાણતૃપ્તિ છે-ૐ-એવું એવું થયું; શું વર્ણન કરું, એ સમયનું ?! અધ્યાત્મજીવનના શ્રીગણેશ કરવાના દિવ્ય સત્પથનું !?

* * * *

ત્યારથી અત્યાર સુધી ૧૯૧૦થી ૧૯૫૪ આ લેખ લખાય છે તે સમય સુધીનાં ચોત્રીસ વર્ષના ગાળામાં અનેક સંતોનાં દર્શન થયાં, ચરણ સેવ્યાં, બ્રહ્મવિદ્ દ્વારા બ્રહ્મસંબંધ થયા, બ્રહ્મસમર્પણ થયાં, કૃપાપ્રસાદ ઝીલ્યા, સતસંગસેવાનો દુર્લભ લાભ મળ્યો, દિવ્ય-જીવનની સૌરભ પ્રાપ્ત થઇ, બ્રહ્મવિદ્‌નાં, સિદ્ધ યોગીરાજોનાં, વિદ્વાન્ તત્ત્વવિદ્‌નાં, ભકતશિરોમણિ સંતોનાં, અભેદદર્શી સાધુપુરુષોનાં પ્રત્યક્ષ દેહદર્શનની લહાણી લીધી છે, પણ આ વિદેહબ્રહ્મવિદ્‌ના અક્ષરદેહે અલૌકિક શબ્દબ્રહ્મે, દિવ્યજ્ઞાનોપદેશે, પ્રતિભાશાળી લેખ-સંગ્રહે અંતરને જે પ્રેરણા આપી છે, પ્રોજ્જ્વળ પ્રાણ પૂર્યા છે, અધ્યાત્મમાર્ગે અવિરત ઊર્ધ્વગતિ કરાવી છે—એ ?—એ તો न भूतो न भविष्यति! અલૌકિક જેવી જ અનુપમ; અદ્વિતીય જેટલી જ

અગાધ, અમાપ જેટલી જ ઉદાત્ત અને પરિપૂર્ણ જેટલી જ પરિતૃપ્ત લાગી છે એમની બોધામૃતની વર્ષાધારા !

યથામતિ વેદાન્તશાસ્ત્રનું અધ્યયન કર્યું છે; અન્ય ભાષામાં પણ મળ્યું તેવું વાંચ્યું વિચાર્યું છે, અન્યને કહ્યું સંભળાવ્યું છે, લખ્યું છે ને લખું છું, પણ એ બધામાં જે કાંઇ છે, એ જાણે એમના શબ્દબોધનો જ પ્રતિધ્વનિ છે ! વિદ્વત્તા કે પાંડિત્ય નહીં. પણ મનન તથા નિદિધ્યાસનની અનિવાર્ય આવશ્કતા માટે એમણે વારંવાર ચેતવણી આપી છે; મનન પૂરતા તર્કને એમણે યોગ્ય સ્થાન આપ્યું છે, પણ 'ખબરદાર ! યત્કિંચિત્ પણ અનુભવ કર્યા પછી જ બુદ્ધિને એ માર્ગે દોડાવશો એટલે જાણશો—પ્રત્યક્ષ પ્રમાણ બનશે કે જેને તેઓ 'વેદાન્ત' કહીને ઓળખાવતા એ અદ્વૈત સિદ્ધાંત, એ બ્રહ્મવાદ, એ અજાતવાદનો અપૂર્વ સાધનમાર્ગ નિર્ભ્રાન્ત, અદ્વિતીય અને એક માત્ર છે એમ સમજાશે.'

માર્ગ વિકટ છે કે સરલ છે એમ કહેવું અશક્ય છે, કારણ કે એ તો સાધકના અધિકારભેદનો પ્રશ્ન છે. જે ભૂમિકા ઉપર સાધક આવીને ઊભો હોય, તેવી એની દૃષ્ટિ અને સાધના કરવાની શક્તિ. સિદ્ધાંત, સાધ્ય અને સાધન નવાંજૂનાં થયાં નથી, થવાનાંય નથી, પણ સાધકની બુદ્ધિમાં યુગપ્રભાવના અવનવા રંગ ચડેલા હોય છે. પીપળાના પાન જેવું એમનું ચિત્ત ચંચળ હોય છે; અમાવાસ્યાની ઘનઘોર મધ્યરાત્રિ જેવું એમનું હૃદય માયામાલિન્યથી અંધ બનીને જડવત્ બની બેઠું હોય છે. એમને સરળતામાં વિપરીત ભાવ સૂઝે; સહજસાધ્યમાં અસંભવની ભ્રાંતિ થાય; માયામોહનાં આકર્ષણ જ એવાં છે કે સંસારમાં રસાસ્વાદ જેને આવ્યા કરતો હોય, દ્વૈત સંસારની દૃશ્યભૂમિમાં જ વિહાર કરવાની વાસના વળગેલી હોય, દૃશ્યપ્રપંચને જ સત્ય માનીને એમાં ધનવૈભવ, સુતદારા કે કીર્તિ, માન, હર્ષ વગેરેનાં સ્વપ્નોની તરંગમાળા પહેરી રાખવાનો શોખ

હોય, એને ?–એને તો એ માર્ગ કઠિન, મહાકઠિન, મહાકષ્ટસાધ્ય, અસંભવિત અને અશક્ય જ લાગવાનો. મનોમુખને વિપરીત દિશામાં ફેરવી બેસીને જ એવા પામર જીવાત્માઓ પોતાની મેળે જ છતી આંખે આંધળા બની બેસે છે !

કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ માટેનાં કર્મમાં, જીવાત્માની શક્તિનો પ્રથમ વિચાર કરવાનો હોય છે; વસ્તુની ઇચ્છા કરવી અને પ્રાપ્તિ માટેનાં કર્મફળ મેળવવાં એ બન્ને ભિન્ન વસ્તુસ્થિતિ છે; ભક્તિ કરવી છે એટલી શુભેચ્છા વાસ્તવિક છે ખરી, પરંતુ એને માટે જેવું શુદ્ધ ચિત્ત, બુધ્ધિનો દૃઢ સંકલ્પ, હું–પણાની સર્વસ્વભાવે શરણાગતિ, જીવનના સમસ્ત વ્યાપારમાં ઇશ્વરસેવાનું જ નિમિત્ત માનવાની પરિપક્વ સમજણ, ઇશ્વરાર્પણ જીવનમાં ક્યાંય પણ પાપસંસ્કાર ન પેસી જાય એવી સદા જાગ્રત મનોદશા,—આવું આવું કેટકેટલું જીવનભાથું હોય ત્યારે ભગવાન ભેટે અને સ્વરૂપ સાક્ષાત્કાર કરવાનો અધિકાર પ્રાપ્ત થાય. આ તો જીવનમરણનો ખેલ છે; ખાંડાની ધાર પર દોડવાનું છે, ચાલવાનું નહિ.

અને એક બીજી વાત ખૂબ જ અગત્યની છે. લોકપરલોકના ભોગવિષયો માટેનાં કર્મ કરવામાં પ્રાણ ખપી જાય તેટલો સમય જાય છે, ત્યારે અસંખ્ય ભોગવિષયમાંથી એકાદ ભોગ ક્યારેક-અણધાર્યો પ્રાપ્ત થાય છે. ઉપરાંત પ્રાપ્ત કર્યા અને ભોગવ્યા પછી પરિણામ તો વિપરીત જ આવે છે; ચિત્તની ભોગેચ્છામાં ઉમેરો થાય છે, કર્મ કરવાની તાલાવેલી ઊપડે છે, અશાંતિ વધે છે, સંસારનાં જડચેતન પદાર્થપ્રાણીઓ સાથે રાગદ્વેષ કરવા પડે છે, હર્ષશોકનાં વાવાઝોડાં વેઠવાં પડે છે અને વળી પાછી અનિત્ય ભોગપ્રાપ્તિને લીધે મનની મૂંઝવણ, મોહ, મમત્વ, આસક્તિ, મારું-તારું એવાં એવાં અશાંતિમાં આળપંપાળ આવી ઘેરે છે એ જુદાં. જીવન—માનવીય જીવન

આવી મિથ્યા ઉથલપાથલ કે ગડમથલમાં વીતે, એમાં કશો નવીન પ્રયત્ન નથી: સંસારની સત્યતા, ભોગની ઇચ્છા, કર્મ કરવાની આવડત, મારાતારાની વાડાબંધી, રૂપગુણ અને ઐશ્વર્યનું અભિમાન લઇને તો સૌ જન્મે છે, અને કશુંય નવું શિક્ષણ ન મળે, તો પણ પૂર્વ-સંસ્કારના ધક્કા ખાઇખાઇને જીવનસંપતિ વેડફી નાંખે છે. જન્મ-જન્માન્તરમાં જે કરતો આવ્યો છે, મન અને ઇંદ્રિયોનાં ગુલામીખત માયાદેવી સાથે લખતો આવ્યો છે, યમરાજનાં નિત્યનાં નોતરાં સ્વીકારીને જન્મમૃત્યુના ભોગ માણવાની તૈયારી કરતો હોય છે —એવો આ જીવાત્મા જન્મીને પશુપક્ષી, કીટપતંગ કે ભૂચર, ખેચર, જલચર, વનચર, જેવું જ જીવી જાય એમાં એણે નવું શું મેળવ્યું? નવું શું શીખ્યો? અનિત્ય બનીને અનિત્યમાં રખડયા કરવું, એવી રમત તો ભવોભવથી શીખતો, આચરતો આવ્યો છે, પણ શરીરે ઘરડો થતાંયે, મનથી જાણે હમેશાં જુવાનજોધ ગોધા જેવો વિષયવાસનાના જોરથી નાચ્યાકૂદ્યા કરે છે! ધન્ય છે માયાદેવીને—એ અવિરત નર્તિકાને કે પોતે નાચીને જીવસમૂહોને અહોનિશ નચાવ્યા જ કરે છે.

આ માયા આવી ક્યાંથી? ક્યાં રહે છે? કોઇને આશ્રયે રહે છે કે તદ્દન સ્વતંત્ર સત્તાવાળી છે? સ્વેચ્છાવિહારી છે કે પરસત્તાથી નાચ્યા–નચાવ્યા કરે છે?

અલ્યા જિજ્ઞાસુ! ભક્ત! મુમુક્ષુ! સાધક! તને આવો પ્રશ્ન સહજ સ્વભાવે, આંતરપ્રેરણાથી—અંતરમાં ઊભો થાય છે કદી? જોજે હો! પુસ્તકમાંથી વાંચીને, કથા સાંભળીને, કોઇ પાસેથી શીખી-ભણીને કે કુતૂહલ દૃષ્ટિથી પોપટ બનીને કોઇને પૂછીશ તો એમાં તારું કાંઈ વળવાનું નથી, એટલું જ નહિ પણ ઊલટું વિશેષ નુકસાન થવાનું છે. માયાને ચીડવવા–ખીજવવાનો તમાશો થઇ

પડશે. એથી એ વધારે દ્ધ થશે અને તારી હેરાનગતિ વધશે. એ એમ ઓળખાય એવી નથી. પોતાના ખેલ બંધ કરે એમ પણ નથી. એનું સ્વરૂપ ઓળખાય અને કોઈ માયામુક્ત ઓળખાવે ત્યારે એ હઠીલી પીછો છોડે એમ છે. કોઇ મલિન ભૂતપ્રેત કોઈના શરીરમાં પેસીને જેમ બકવાદ કરાવે, તેવા તારા બકવાદ જ્ઞાનીઓ પાસે ગણાશે; ઉપરાંત એ માયા ત્રણેય ગુણ વાપરે એવી છે, એટલે કેવળ સત્ત્વગુણથી, સાચા હૃદયથી, ખરેખરી જિજ્ઞાસાથી એ મહાદેવીને ઓળખી–જાણી–રીઝવી નમસ્કારપ્રણામ કરીને જો પ્રસન્ન કરીશ, તો એ પોતાનો સત્ત્વગુણ વાપરશે, દૈવીસંપદ્ બનશે ત્યારે તને સ્વયંભૂ વરદાન આપશે કે, "જા, જીવડા! અહેતુકી ભક્તિ કર ભગવાનની અને એમની ચૈતન્યમૂર્તિ જેવા જ્ઞાની સંતોની કે જ્યાં મારા વિષેના બધા પ્રશ્નોનું તને સમાધાન મળશે. હું છું, છું તો કેવી છું? ક્યાં નિવાસ્થાન છે? કોનો આશ્રય છે? કોની સત્તાથી નાચું–નચવું છું, એ બધું તો એ મહાપુરુષો જાણે છે એટલે તને કહેશે, સમજાવશે અને મારી સત્તાનો સાચો વિચાર કરાવશે. બાકી તો હું છું ને તું છે; સામસામી રમત છે, તું તો મારો દાસ બનીને આપત્તિમાં સંપદ્ માને છે, દુઃખમાં સુખ શોધે છે, અનિત્યમાં નિત્ય માટે ફાંફાં મારે છે, એ તું મને નથી ઓળખતો અને તે પણ વાસ્તવિક સ્વરૂપે, તેથી જ તું હેરાન થાય છે. તારે દુઃખે હું દુઃખી નથી; તારે સુખે મને સુખ નથી; તારા શરીરને વ્યાધિ આવે, મન મૂંઝાય, ત્યારે તારી છાયાને કંઇ થાય છે ખરું કે મને એવું કશું થાય?

માયા, કાયા, છાયા–એ ત્રણેય એક જ છે; સમજ જીવડા, તું પોતે જ માયા છે, કારણ કે તું કાયાને હું માનીને, છાયાને મારી માનીને–જીવવાનો શોખ રાખી બેઠો છે. હું તારી છું કારણ કે તેં પોતે જ તારી જાતને મને સોંપી દીધી છે; તું મારો છે એમ તું પોતે જ માને છે, તેથી હું તારી સાથે ભવોભવ રહું છું, પણ તારાં

ચિન્તા, ક્લેશ, દુઃખ મને સ્પર્શતાં નથી. કારણ કે "એ તારાં પોતાનાં છે-મારાં નથી—નથી—નથી જ."

ઉપર કહ્યા તેવા પ્રશ્નો અંતરથી સ્વયંભૂ ઊભા થવા જોઇએ; તે વિનાના, ઉપર કહ્યું તેમ ભણેલા ગોખેલા પ્રશ્નો તો નાટકી ઢંગના કહેવાય—બહુરૂપીના ખેલ જેવા. એથી પરમાત્મા ભોળવાય એમ નથી; એમના જ અભિન્ન સ્વરૂપ જેવા સંતસાધુઓ ઠગાય એમ નથી, કારણ કે હાનિલાભથી પર રહેતા એ વિરક્તોને તારાથી લાભ પણ જોઈતો નથી—ત્યાં હાનિની વાત જ ક્યાં રહી ?

સ્વતંત્ર વિચારક, શાસ્ત્રવિશારદ, તત્ત્વવિવેચક, અનુભવપૂર્ણ સન્તોનો મહિમા પૃથ્વી પરનાં મનુષ્યોને અજ્ઞાત નથી. એમનાં ઋચાઓ, સૂત્રો, કવનો, મંત્રો, ઉપદેશો, આખ્યાનો, સંકેતોએ માનવસમૂહને ભૂતકાળમાં શાંતિ આપી છે, વર્તમાનમાં આપ્યાં કરે છે, ભવિષ્યમાં પણ એમના જ જ્ઞાનદીપકો શાંતિને નિશ્ચય અને નિર્ભય સત્પથે દોરશે—અજવાળાં પાથરશે.

અંતરમાં પ્રશ્ન ઊઠયા અને સદ્‌ભાગ્યે કોઇએ સમાધાન કર્યું પણ એથી બુદ્ધિ નિત્યને માટે શાંત થઇ ? સમાહિત થઇ ? કૃતનિશ્ચય બની ? વૃત્તિમાં પણ કંઈ પરિવર્તન થયું ? અવળે માર્ગે જતા હતા ત્યાંથી ઊલટા ફરીને સીધે, સરલ, સવળે માર્ગે જવાનો આરંભ કર્યો ? પૂછી-તપાસી જુઓ તમારા અંતઃકરણના સમસ્ત વૃત્તિ-સમૂહને; નિહાળો અંતરનાં અંધારાં—અજવાળાં; આત્મજયોતને પ્રકટાવો અને કલ્પિત અંધારાનો નાશ કરો; શાસ્ત્રો તમારાં જ્ઞાનચક્ષુ છે, ગુરુકૃપા તમારૂં શાસ્ત્રાસ્ત્ર છે.

સમજણ અને આવડત, જ્ઞાન અને વિજ્ઞાન, પરોક્ષ જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાન, સિદ્ધાન્ત અને અનુભવ, આવા આવા વિષયજ્ઞાન કે

તત્ત્વજ્ઞાનમાં બે વિભાગ છે, કોઇપણ જાતની કલાનું બૌધ્ધિક જ્ઞાન મેળવવું એ છે પરોક્ષ જ્ઞાન; એ જ વિષયનું અનુભવ જ્ઞાન કેળવવું એ છે અપરોક્ષ જ્ઞાન; એ જ છે જ્ઞાન અને વિજ્ઞાન. મેળવણી અને કેળવણી એવાં નામ આપીએ તો પણ ચાલે.

* * * *

સ્વા. રામતીર્થનું સમગ્ર જીવન વિચારી જુઓ. જેવું બોલ્યા તેવું આચર્યું. "જેવી ઈશ્વરની તેવી જ ગુરુદેવની ભકિત" એ ઉપનિષદ્‌નું સૂત્ર તો અદ્‌ભુત રીતે સાર્થક કર્યું.

यस्यदेवे पराभक्तिर्यथादेवे तथा गुरौ ।

એમણે એટલે સુધી પ્રમાણભૂત માન્યું કે જન્મસ્થાન મુરારિવાળા છોડીને આગળ અભ્યાસ માટે ગુજરાંવાળા ગયા, ત્યાં એમના પિતાશ્રીના ઓળખીતા, અક્ષરજ્ઞાન વિનાના, કુસ્તીનો અખાડો ચલાવતા, વાસણ–ભંગારનો ધંધો કરતા, ખત્રી જાતના, પરંતુ યોગવાસિષ્ઠ જેવા વેદાન્તના ગ્રન્થમાંથી "હું બ્રહ્મ છું" "બધું બ્રહ્મ છે" એવું સૂત્ર શીખીને એને અનુભવમાં ઉતારવાનો પુરુષાર્થ કરનારા, અવિવાહિત હોવા છતાં ભાઇભત્રીજાના કુટુંબનો મમતાથી નિર્વાહ ચલાવનારા, ધનારામ નામના સજ્જનને ગુરુસ્થાને સ્થાપ્યા. સ્થાપ્યા તો ખરા, પણ છેવટના શ્વાસ સુધી એમના પ્રતિ બ્રહ્મવિદ્‌નો સદ્‌ભાવ રાખ્યો. એમને પત્ર લખે ત્યારે "શ્રી મહારાજ ! સચ્ચિદાનન્દસ્વરૂપ સર્વશકિતમાન, સર્વજ્ઞ, નિત્ય, વિભુ, અનન્ત, બુધ્ધ, પૂર્ણજી" એવાં સંબોધન કરે. ઇ. સ. ૧૯૦૦માં સંન્યાસ ગ્રહણ કર્યો ત્યાં સુધી એમના બધા પત્રોમાં એ જ સંબોધન ચાલુ રહ્યું છે અને ભાવ પણ એવો જ રાખ્યા કર્યો છે. એટલું જ નહિ પણ દેહસમાધિના એક મહિના પહેલાં, પોતાના શિષ્ય પૂર્ણસિંહ દ્વારા જયારે ભગત-

જીનો કુશળસંદેશ મળ્યો, ત્યારે સ્વહસ્તે પત્ર લખવાની શરૂઆત કરતાં, પૂર્વોક્ત સંબોધન જ લખાઈ ગયું હતું. આવી હતી એમની ગુરુભક્તિ કે બ્રહ્મવિદ્‌ની ઉપાસના, જે ઇ. સ. ૧૯૦૦ પછી અહંગ્રહ ઉપાસનામાં વળતાં એમને આત્મસાક્ષાત્કાર થયો,

વિદ્યાર્થી અવસ્થામાં ખૂબ જ ધનાભાવ રહેતો હતો. સાદામાં સાદાં કપડાં, થોડામાં થોડો અને જેવો મળે તેવો આહાર, સસ્તા-ભાડામાં મળે તેવાં, સર્પનાં દર જેમાં હોય એટલું જ નહિ પણ નાગદેવતા ઘૂમતા હોય એવા જર્જરિત મકાનમાં રહેવાનું, કસરત કરવા માટે ખાટલો ઊંચેનીચે ઉપાડીને શરીરને વ્યાધિમુક્ત કરવું, રાત્રે વાંચવા માટે ફાનસ કે દીવો પણ ન મળે તો ઇશ્વરચિંતવનમાં લાગી જવાની ભક્તિ—આવાં આવાં દિવ્ય તપશ્ચર્યાનાં તાપણાં તપીતપીને એ તપસ્વી બન્યા; વિદ્યાભ્યાસ કરીને વિદ્વાન્ બન્યા; બ્રહ્મઅભ્યાસ કરીને બ્રહ્મવિદ્‌ થયા અને અધ્યાપક બનીને જ્યારે પરમ હંસ સંન્યાસી બન્યા ત્યારે સમર્થ પ્રેરણાપૂર્ણ ઉપદેશક બન્યા.

અંગત શિષ્યવર્ગને કઠોર કસોટીથી કસી કસીને શિષ્યધર્મનું પાલન કરાવ્યું. ત્યાગ, એકાન્તસેવન અને બ્રહ્મચિંતવન એમનાં સાંગોપાંગ અને શુધ્ધ સ્વભાવનાં લક્ષણ હતાં. એમના ગુરુદેવ ઉપરના પત્ર વાંચો એટલે તમને એક નિર્દોષ સીધાસાદા, વિદ્યાર્થી અને ગુરુભક્તનાં દર્શન થશે; અધ્યાપક તરીકેની રહેણીકરણી તપાસો જેમાં વિદ્યાર્થીઓને પુસ્તકોની ઉદાર સહાયતા કરવાની સેવા જોવા મળશે; ત્યાગને પંથે વિચરતાં, હૃષીકેશ, ગંગોત્રી, જમ્નોત્રી, બદરિ-કેદાર વ્યાસઆશ્રમ, વસિષ્ઠગુફા કે એવાં એવાં હિમાલયનાં અરણ્યોમાં દર્શન કલ્પના કરો, એમની જીવનકથા વાંચો, તમને વેદાન્તકેસરીની જ્ઞાનગર્જનાઓ સંભળાશે.

ઉપદેશ કરતી વખતે કૂટપ્રશ્નોના ઉત્તર સરલતાથી, પ્રેમથી,

આત્માના અનુભવથી, આનન્દની ઝલકથી અને એવા સહૃદય સદ્‌ભાવથી આપતા કે ભલભલા નાસ્તિકો, પંડિતો, વિલાસીઓ કે બહિર્મુખ વૃત્તિવાળાઓ પણ આશ્ચર્યમુગ્ધ બનીને એમના અભેદ-પ્રેમમાં તરબોળ બની જતા. આત્મદર્શનને પ્રેમ કે અદ્વૈત એવાં નામ આપીને ઊર્દૂની દિવ્યપ્રેમની મસ્તીભરી કવિતાઓ એમને કંઠસ્થ થઈ હતી, પ્રેમભક્તિના દિવ્ય સોપાન ઉપર આનંદમગ્ન થઇને એમણે અદ્વૈતજ્ઞાન મેળવ્યું હતું એટલે વ્યાખ્યાન આપતી વખતે ઘણીવાર ૐનું ગર્જન, ભાવનાભરી વાણી, પ્રેમભર્યો આનંદ અને માનસસરના લહેરાતા તરંગોનાં જ્ઞાનસિંચનથી શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જતા.

એમના પ્રેમરંગથી રંગાયેલા શિષ્યોનાં દર્શન મેં કર્યાં છે, અત્યારે પણ એમાંના ગણ્યાગાડચાં હયાત હશે, બધા એમના અનુભવ ઉપદેશથી તૃપ્ત થઈને 'રામ, એટલે અદ્વૈત અને અદ્વૈત એટલે રામ' એવી અભેદબુદ્ધિથી 'રામ', 'રામ' કહીને એમના નામસ્મરણથી દ્વૈતવિસ્મરણ કર્યા કરે છે.

આત્મજ્ઞાન, બ્રહ્મદર્શન, આત્મસાક્ષાત્કાર, અનુભવ એવા એવા શબ્દો વડે વેદાન્તશાસ્ત્રો મોક્ષમહિમા વર્ણવે છે અને એવી પ્રશંસા કરે છે કે મોક્ષનું નામ લયભગ પ્રત્યેક મનુષ્યને પ્રલોભન ઉપજાવે છે: જૂનાં પુસ્તકો અસંખ્ય છે, અને અત્યારે પણ લખાતાં જાય છે; તત્ત્વબોધ ગુરુશિષ્યપરંપરા અને પ્રણાલિકાથી જ થતો અને અત્યારે પણ થતો હશે, પણ સમયની વિપરીતતાને લીધે (૧) સાધન અને સાધનાની ઉપયોગિતા, (૨) શ્રોતાના અધિકારનો વિચાર (૩) તથા ઉપદેશકોના ઉપદેશનો પ્રભાવ એ ત્રણેયની સ્થિતિ વિલક્ષણ થઇ પડી છે.

(૧) શીખેલાં–સાંભળેલાં સાધન પ્રમાણે સાધના થવી જોઇએ;

સાધના કરીને જિજ્ઞાસુ સાધન-સંપત્તિ જેમ જેમ વધારતો જાય, વિવેકથી માંડીને નિદિધ્યાસનના અધિકાર સુધી પહોંચવાનાં પગથિયાં ચડતો જાય, તેમ તેમ અંતઃકરણ અંતર્મુખ થતું જાય છે. સાધ્યનો નિર્ણય, તથા અનુભવની યોગ્યતા વધતી જાય છે. તેને બદલે, વાચિક શબ્દજ્ઞાનને લીધે સાધ્ય જે બ્રહ્મ છે તેની અલૌકિતા. સ્વરૂપ, આનંદ, મોક્ષ, વગેરેથી સિદ્ધ થતી જીવન્મુક્તની દશાનું વાણીજ્ઞાન જો વધી જાય. ચિત્તશુધ્ધિ અને ચિત્તનિરોધની સાધના ન કરી હોય, તો જિજ્ઞાસુ ઘણીવાર ઉતાવળીયો-આંધળો બનીને બાહ્ય ત્યાગ, સંન્યાસ; નિવૃત્તિ, એકાન્તસેવન જેવાં બાહ્ય-નિમિત્તવાળાં સાધનમાં પ્રવૃત્ત થઇ જાય છે; આંતરિક વિવેક, વૈરાગ્ય વગેરેના અભાવે, જીવન મનોમુખી બની જાય છે; શબ્દજ્ઞાન જ હોય તો એવો જિજ્ઞાસુ શ્રોતા મટીને વેદાન્તનો પ્રસિધ્ધ વકતા, ઉપદેશક કે આચાર્ય થઇ પડે છે, અને લોકવાસના તથા શાસ્ત્રવાસનાની જાળમાં બંધાઈને અદ્વૈત વેદાન્તનો અપ્રતિમ મહિમાવન્તા માર્ગને દૂષિત કરવામાં નિમિત્ત બને છે.

(૨) ઉપર બતાવ્યું તેવી લોકસ્થિતિ થાય ત્યારે વેદાન્તના ઉપદેશમાં અવ્યવસ્થા ઊભી થાય છે. વેદાન્તનો સર્વોચ્ચ સિદ્ધાન્ત છે સમસ્ત દ્વૈતભાવનો નિર્મૂળ નાશ. ઇશ્વર અને જીવ તથા ગુરુ અને શિષ્યનાં દ્વંદ્વ પણ વ્યવહાર પૂરતાં જ સત્ય છે એવી મિથ્યાજ્ઞાનનો પ્રચાર વધી જાય ત્યારે સ્વતંત્ર વૃત્તિઓથી રંગાયેલો જિજ્ઞાસુ સ્વચ્છંદ બનીને વિહાર કરવા ઉતાવળો થઇ જાય છે; પરિણામ એ આવે છે કે જેવો વકતા તેવો શ્રોતા બની જતાં શાસ્ત્રમર્યાદા નભતી નથી. રજોગુણ અને તમોગુણી અહંકારને સત્ત્વગુણી બનાવનારી ઇશ્વરભકિત કે ગુરુભકિત, નમ્રતાની પરાકાષ્ટાએ પહોંચવા માટેની સેવાશુશ્રુષા,—એવું એવું શાસ્ત્રમાં સ્પષ્ટ રીતે વર્ણવેલું હોવા છતાં

સંપ્રદાયશુદ્ધ જ્ઞાન વિરલ થઇ પડે છે, કોઇ કોઇનો અધિકાર જોઇ શકતું નથી; અને કોઈ સદ્‌ભાગી સાચો જ્ઞાની જિજ્ઞાસુના અધિકારને દીવા જેવું સ્પષ્ટ જોઇ શકતો હોય છતાં શ્રોતા સ્વતંત્ર વૃત્તિમાં ઢળી પડેલો હોવાથી એને સત્ય કહેવાની હિંમત કરતો નથી અને કહેવા જાય તો શ્રોતાને રુચતું નથી તેથી વિપરીત મનોદશા પેદા થાય છે. કોઇ કોઇને માટે સદ્‌ભાવ રાખતું નથી; કોઇ કોઇને સ્પષ્ટ કહી શકતું નથી. સ્વેચ્છાચાર વધે છે, અને આંતરિક જ્ઞાનને બદલે બાહ્ય વાણીવિલાસ, આંતરિક વૈરાગ્યને બદલે બાહ્ય ત્યાગ, આંતરિક નિવૃત્તિને બદલે બાહ્ય પ્રમાદ, સેવા કરવાને બદલે સેવા કરાવવાની ઇચ્છા-આવાં આવાં અવળાં લક્ષણોથી વેદાન્ત વગોવાય છે. મર્યાદાનો લોપ થતો જાય છે, કારણ કે ગુરુભકિત નહિવત છે, ઇશ્વર-ભકિતનો અભાવ છે, અને વેદાન્ત કેવલ વાણીવિલાસ, પુસ્તકપઠન અને સ્વેચ્છાચારી વિહારમાં ઊતરી પડયું છે.

(૩) ઉપર પ્રમાણે એ સ્થિતિમાં વિકાર ઊભો થયો એટલે ઉપદેશકોનો વાસ્તવિક પ્રભાવ શ્રોતાવર્ગ ઉપર પડતો નથી. મૂળમાં જ જયાં અદ્વૈતજ્ઞાનના અધિકારી હજારોમાં એક હોય, ત્યાં વેદાન્તની કથાઓ ગામેગામ થવા માંડે, ત્યારે એમાં શ્રોતાની સાધનસંપત્તિ કેટલી છે, એની સ્પષ્ટતા કોણ કરે? અને શા માટે કરે? જિજ્ઞાસુ -સાધકની સાધના આત્મનિરીક્ષણની હોય છે; વિવેકવૈરાગ્યની સાધના કરતી વખતે, પૂર્વસંસ્કારનાં વારસામાંથી મળેલાં (૧) વિવેકને બદલે અવિવેક, (૨) વૈરાગ્યને બદલે મોહ, મમતા અને આસક્તિ, (૩) શમને બદલે અશાંતિ, (૪) દમને બદલે ઇન્દ્રિયોનું વિષયભોગ પ્રતિનું વલણ કે સ્વેચ્છાચાર, (૫) ઉપરતિને બદલે વિષયપ્રીતિ, (૬) તિતિક્ષાને બદલે દ્વંદ્વ આવી પડતાં ઊભો થતો વિક્ષેપ, ઉદ્વેગ અને કલેશ, (૭) શ્રધ્ધાને બદલે શાસ્ત્ર અને ગુરુવાકયમાં

શંકાકુશંકા, (૮) સમાધાનને બદલે અહંમન્યતાવાળો મિથ્યાજ્ઞાનનો આગ્રહ, (૯) મુમુક્ષત્વને બદલે વિષયોમાં રાચ્યા રહેવા છતાં ક્ષણિક સુખની આશાતૃષ્ણા, આવાં આવાં બહિરંગ સાધનનાં જ્યાં સ્વપ્ન પણ ન હોય, ત્યાં ત્યાર પછીનાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનનાં અંતરંગ સાધન વડે થતી સાધના અને જ્ઞાનયોગની બાહ્યસમાધિને પણ સિધ્ધ કરેલા જ્ઞાની તત્ત્વવિદ્‌નાં દર્શનની ઇચ્છા કરવી જ વ્યર્થ છે.

ઉપર વર્ણવેલી સ્થિતિ તદ્દન નવી નથી; અત્યારે અવ્યવસ્થા અને મર્યાદાભંગનું પ્રમાણ વધી ગયું છે એટલું જ. સ્વા. રામતીર્થના જીવનમાં એમની સાધનસંપત્તિની સમૃધ્ધિ, સાધનાની વિપુલતા અને ઉપદેશસામગ્રીની સચોટ કલા જે જોઈએ છીએ, તેની સાથે એમણે અંગત સેવામાં રહેતા શિષ્યોને ત્યાગ વૈરાગ્યની સાધના માટે આગ્રહભર્યો ઉપદેશ આપ્યો છે એ બહુમૂલ્ય છે. એમના જીવનમાંથી તો જ્ઞાનયોગની બધી સાધનસામગ્રી મેળવી શકાય તેમ છે; જોઇએ કેવળ આપણી નિર્મળ અને સાચા હૃદયવાળી દૃષ્ટિ.

* * * *

દીવાળીનો દિવસ એમની સંવત્સરીનો; કારતક સુદ પડવાનો બેસતાવર્ષનો દિવસ તે એમની જન્મજયન્તી ! જન્મ કે મૃત્યુનું ભાન કરાવનાર સ્થૂલ શરીર, પૂર્વાશ્રમમાં ગોસ્વામી તીર્થરામ એમ. એ. અને ઉત્તરાશ્રમમાં પરમહંસ સ્વામી રામતીર્થ આદર્શ અનુભવ-સિદ્ધ, તત્ત્વવિદ્‌ –બ્રહ્મનિષ્ઠ ઉપદેશક, અંતેવાસીઓના વાત્સલ્યપૂર્ણ સદ્‌ગુરુ, એવા અનેક ઉપાધિભેદ જોતાં–વિચારતાં મુખ્ય હેતુ તો એ જ રહે છે કે જ્યાં સુધી આપણે સદેહ વિચરીએ છીએ, વ્યવહાર-દશાનું ભાન રાખીને શ્રવણ, મનન અને નિદિધ્યાસનનાં અંતરંગ સાધનમાં તત્પરતા રાખીએ છીએ, તત્ત્વચિંતનને જીવનનો મુખ્ય વ્યવસાય સમજીને અધ્યાત્મવિદ્યાને પોષક–પ્રેરક રહે એવો સત્સંગ

રાખવાના આગ્રહી છીએ, ત્યાં સુધી ઇશ્વર અને જીવ, ગુરુ અને શિષ્ય, કર્મ એટલે સંતસેવા કે ગુરુસેવા, ભક્તિ એટલે ઇષ્ટોપાસના કે ગુરુભક્તિ; અને જ્ઞાન એટલે શાસ્ત્ર તથા ગુરુવાક્યમાં શ્રદ્ધા રાખીને ઋતું આત્મચિંત્વન એ આપણાં અનિવાર્ય સાધન છે. ભગવાન્ શંકરાચાર્ય અનેક સ્થલે સ્પષ્ટતા કરે છે કે વ્યાવહારિક દશામાં ગુરુ કે જ્ઞાની સંતો સાથે અદ્વૈતભાવ અંતરમાં કેળવવો, પણ વ્યવહારની ક્રિયામાં તો હંમેશાં દ્વૈતભાન રાખીને શાસ્ત્રમર્યાદા સાચવવી. ઉપરાંત આયુષ્યના છેલ્લા શ્વાસ સુધી વેદાન્તશાસ્ત્ર, જ્ઞાનદાતા સદ્‌ગુરુ અને કૃપાપ્રસાદ વરસાવનાર વિરાટસ્વરૂપ ઇશ્વરને હમેશાં પૂજ્યભાવે જ નિહાળવા, વંદવા અને પૂજ્ય માનવા; જ્ઞાન થયા પહેલાં જ્ઞાનપ્રાપ્તિ માટે, અને જ્ઞાનોત્તરદશામાં અહંકારની સાત્ત્વિકતાના રક્ષણ માટે, જેથી કૃતઘ્નતાનો દોષ ન લાગે.*

એમની જીવનલીલાનું સાહિત્ય છપાઇ ચૂક્યું છે, ઉપદેશસંગ્રહો પણ સર્વપ્રાપ્ય છે, અને એમણે જે શાસ્ત્રોક્ત સાધનમાર્ગ બતાવ્યો છે, એ પ્રમાણે સાધના થાય તો એ પોતે જ કહે છે કે આત્મજ્ઞાન સહજસાધ્ય છે; સાધના સરલ છે, સંતકૃપા, ગુરુકૃપા, ઇશ્વરકૃપા એ બધી કૃપાના મૂળમાં જે આત્મકૃપા એટલે સ્વપ્રયત્ન છે, એ ક્યાં કોઈ બીજાની પાસેથી આશા–ઇચ્છા રાખવાનો વિષય છે કે એને માટે

---

* यावदायुस्त्रयो वंद्या वेदान्तो गुरुरीश्वरः ।
आदौ ज्ञानप्रसिद्ध्यर्थं कृतघ्नत्वापनुत्तये ॥

**અર્થ**—જ્યાં સુધી શરીરનું આયુષ્ય હોય ત્યાં સુધી વેદાન્તશાસ્ત્ર, જ્ઞાનદાતા ગુરુ અને ઇશ્વર ત્રણેય વંદન કરવા યોગ્ય છે. પહેલાં જ્ઞાનની પ્રાપ્તિ માટે, અને પછી કૃતઘ્ન (ઉપકારહીન) થઇ જવાના દોષના નિવારણ માટે. (કારણ કે ઉપકારવૃત્તિ ન હોય તો અહંકાર આવી જાય છે જેનાથી દેહાધ્યાસ, રાગદ્વેષ તથા અભિનિવેશ વધતાં ક્લેશભર્યું જીવન બની જાય છે.)

દીનતાભરી પ્રાર્થના કરવી પડે ! "આત્મા જોઇએ છે" એમ કહેનાર-સાંભળનાર કેટલા બધા અજ્ઞાની કહેવાય ? પણ એ માટે વિશુદ્ધ અંતઃકરણ જોઇએ. આત્મા અને અનાત્માનો વિવેક જોઇએ; આત્માની ભક્તિ અને અનાત્માનો વૈરાગ્ય જોઇએ; આકાશપાતાળ એક થવા જેવી ભયંકરતા ઊભી થવા છતાં ચિત્ત શાંતિ સ્થિર રહેવી જોઇએ; વ્યવહારને ગૌણ માનીને પરમાર્થ માટે પ્રાણાર્પણ કરવાનો ત્યાગ જોઈએ; પ્રારબ્ધપ્રાપ્ત જીવનયાત્રામાં સંતોષ જોઈએ, અને આવું આવું જોઇએ એવા બધા સરવાળાનો એક શબ્દમાં સમાવેશ કરવો હોય તો આત્મતૃપ્તિ જોઇએ; એ વિના કશુંયે ન જ જોઇએ.

કૃતનિશ્ચય થઈએ એટલે કૃતકૃત્ય થવાશે; દૃઢવતી થઇએ એટલે દૃઢ અપરોક્ષ જ્ઞાન મેળવાશે; જેટલો આપણો સંવેગ એટલી એની પ્રાપ્તિ. એ પ્રમાણે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો સમન્વય જોઇએ. પરમકૃપાળુ ગુરુદેવને પ્રાર્થીએ કે એમની કૃપાપ્રસાદની વર્ષા કરીને આપણાં ચિત્તસરોવરમાં ભરતી લાવે ! ૐ

(ઑકટોબર-૧૯૫૪)

# સાધન-શોધન

* દૃષ્ટાંતો નૈવ દૃષ્ટસ્ત્રિભુવન જઠરે સદ્ગુરોર્જ્ઞાનદાતુ: ।

પરસ્પરની લેવડદેવડમાં જે વસ્તુઓની આપલે થવાની હોય, તેમાં અવ્યવસ્થા, સેળભેળ કે ઉણપ હોય તો એમાં કાર્યસિદ્ધિ થતી નથી એવો પ્રત્યેક વ્યવહારૂ મનુષ્યને અનુભવ હોય છે.

બજારમાં એક મણ ઘઉં લેવા જઇએ ત્યારે ઘઉંના તોલ, માપ કે તોળી આપવાની સગવડ, એમાં હલકી જાતની સેળભેળ તથા માપમાં ઘટ હોય તો એ અયોગ્ય ગણાય છે. તેવી જ રીતે નાણાં આપનાર પાસે પૂરતાં નાણાંની સગવડ, નાણાંના સિક્કા ખોટા ન હોવાની ખાતરી કે અધૂરાં નાણાં હોય તો "ઘઉં" લાવવાની જે ઇચ્છા હતી,—ઇષ્ટપદાર્થ ઘઉંની પ્રાપ્તિની આકાંક્ષા હતી તે ફલીભૂત થતી નથી.

તેવી જ રીતે આત્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર, બ્રહ્મજ્ઞાન, મોક્ષ, નિરંકુશ તૃપ્તિ વગેરે શબ્દોથી ઓળખાતી, વેદાન્તની પરિભાષામાં જે જીવન્મુક્તિની સર્વોત્તમ સ્થિતિનું મોહકરોચક વર્ણન આવે છે, એ કેવળ વાંચીને કે સાંભળીને વાતો કરવાથી કાંઇ ધ્યેયસિદ્ધિ થવાનો સંભવ નથી.

---

*જ્ઞાનનો ઉપદેશ કરનારા શ્રી સદ્ગુરુનું દૃષ્ટાંત ત્રણ લોકની અંદર ક્યાંય પણ જોયું જ નથી.

**શ્રી શંકરાચાર્ય**

ઇષ્ટ વસ્તુ આત્મા કે બ્રહ્મનું સ્પષ્ટ શ્રવણ મનન થવું જોઇએ એ પ્રથમ વાત છે. ત્યાર પછી યથાવત્ નિદિધ્યાસન અને પરોક્ષ જ્ઞાનને અંતે પ્રથમ અદૃઢ અપરોક્ષ જ્ઞાન થયા પછી દૃઢ અપરોક્ષ જ્ઞાન થાય, ત્યારે જીવન્મુક્તિનું અલૌકિક સુખ અનુભવી શકાય, એવું વેદાન્તના નાનામોટા પ્રત્યેક ગ્રન્થમાં સયુક્તિક મંડન કરેલું છે. વેદાન્તમાં ( ૧ ) વિવેક ( ૨ ) વૈરાગ્ય ( ૩ ) શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન ( ૪ ) મુમુક્ષત્વ ( ૫ ) શ્રવણ ( ૬ ) મનન ( ૭ ) નિદિધ્યાસન અને ત્યાર પછી કોઈ કોઇ ગ્રન્થમાં સમાધિને આઠમું સાધન માનેલું છે. પણ આ વાત આટલું ગોખી વાંચીને બોલવા માત્રથી પતી જતી નથી.

ભ. શંકરાચાર્ય વેદાન્તસૂત્રના ભાષ્યની શરૂઆતમાં જ બ્રહ્મ-જિજ્ઞાસાના અધિકારીનું વર્ણન કરતાં ( ૧ ) વિવેક ( ૨ ) વૈરાગ્ય ( ૩ ) શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન ( ૪ ) મુમુક્ષત્વનું સ્પષ્ટીકરણ કરે છે. આટલું છતાં પણ વિવેકાદિ સાધનનો ઉદય તથા ત્યાર પછી આત્માનુભવ કેવી રીતે થાય તેનો યથાર્થ વિચાર કરવો જોઈએ.

વેદાન્તસાર નામના ગ્રન્થમાં અધિકારીનું વર્ણન કરતાં શ્રી સદાનન્દ કહે છે કે જેના મલવિક્ષેપ દૂર થયા હોય તે વેદાન્તશાસ્ત્રના શ્રવણનો અધિકારી છે. ભ. શંકરાચાર્યના વિવેકચૂડામણિ, અપરોક્ષાનુભૂતિ, ઉપદેશસાહસ્ત્રી વગેરે પ્રકરણગ્રન્થોમાં વિવેકાદિ સાધનનો ઉલ્લેખ આવે છે, તેના પહેલાં અંતઃકરણના વાસનામલથી શુદ્ધ થયેલો અને બહિર્મુખવૃત્તિના વિક્ષેપથી મુક્ત થયેલો હોય તે જ વિવેકાદિ સાધન સંપત્તિનો અધિકારી બને છે એ મુદ્દો ભૂલવા જેવો નથી.

આની સામે એવો કલ્પિત સંતોષ વ્યકત કરવામાં આવે છે કે

પૂર્વજન્મમાં નિષ્કામ કર્મથી ચિત્ત શુદ્ધ થયું હોય, ઉપાસનાથી ચિત્ત નિશ્ચલ થયું હોય, તો આ જન્મમાં જ વિવેક વૈરાગ્યના સાધનથી શરૂઆત થઇ શકે છે; આ સમાધાન ઉત્તમ અધિકારી માટે યોગ્ય હોવા છતાં, જ્યારથી આચાર્ય ઉપદેશપદ્ધત્તિનો આરંભ કરે, તે વખતે શિષ્યની પરીક્ષા કરવાની ભારે જવાબદારી એને શિરે નાંખેલી છે. ભ. શંકરાચાર્યના વિદ્વાન્ શિષ્ય શ્રી સુરેશ્વરાચાર્યકૃત નૈષ્કર્મ્ય-સિધ્ધિમાં આ અદ્વૈતજ્ઞાન કોને ન આપવું એની ચેતવણી આપે છે.

नाऽविरक्ताय संसारान्नाऽनिरस्तैषणाय च ।
न चाऽयमवते देयं वेदान्तार्थ प्रवेशन[ ॥

અર્થ:— જે સંસારથી વિરક્ત ન હોય, જેની એષણાઓ નિવૃત્ત ન થઇ હોય, યતિ (શમ, દમ સાધનયુકત) ન હોય, તેવાઓને વેદાન્તના વિષયમાં પ્રવેશ કરાવવા માટે, ગુરુજનોએ સાવધાન રહેવું જોઇએ; ઉપદેશ પણ ન કરવો જોઇએ.

બીજે કયાં જોવા જઇએ; સર્વપ્રસિધ્ધ, ઘેર ઘેર પાઠ, વાચન, સ્વાધ્યાય કે અભ્યાસ તરીકે પ્રચલિત થયેલી શ્રી. ભ. ગીતામાં પણ કેવી ચેતવણી આપી છે તે જુઓ.

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥

અ. ૧૮–૬૭

અર્થ : આ (ગીતામાં સમજાવેલું ઉપદેશજ્ઞાન) તપ રહિતને, અભકતને, સાંભળવા નહિ ઇચ્છનારને તથા જે મારામાં દોષદૃષ્ટિ કરે છે તેને તારે કદી ન કહેવું.

આવાં પ્રમાણો તો ઉપનિષદોમાં જેટલાં જોઇએ તેટલાં ભર્યાં પડચાં છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સાધનની સુયોગ્ય પ્રાપ્તિ કર્યા વિના પોતાની જાતને સાધક કહેવરાવવાની ભ્રમણા ન થવી જોઇએ. એ જ સાધક કહેવાય કે જેની પાસે શુધ્ધ અને પૂર્ણ સાધન સંપત્તિ (ધન) હોય, અને એવો સાધક જ સાધ્ય વિષેનો યથાર્થ નિર્ણય કરી શકે છે; નહિ તો સાધન અને સાધ્યમાં અવ્યવસ્થા, અપૂર્ણતા અને સંશય રહી જાય છે.

(૧) મલ અને (૨) વિક્ષેપ દૂર થયા પછી જે અવિદ્યાનું આવરણ રહે છે, અને જેને લીધે આત્મસાક્ષાત્કારમાં ભેદબુધ્ધિ વિપરીત ભાવ ભજવે છે, તે આવરણને સમજવા, દૂર કરવા, તથા એ માટે શ્રવણ, મનન, નિદિધ્યાસનના અધિકારી બનવા માટે જેમ વિવેકાદિ ચાર સાધનની અનિવાર્ય આવશ્યકતા છે, તેટલી જ આવશ્યકતા વિવેકાદિ ચાર સાધનની પ્રાપ્તિ પહેલાં સાધકને વિશુધ્ધ, નિઃસ્વાર્થ, નિષ્કામ ચિત્તની અને જીવન વ્યવહાર કરતાં આવી પડતાં અનિવાર્ય દ્વંદ્વોથી થતા વિક્ષેપના અભાવવાળા અંતઃકરણની છે. કર્મ અને ઉપાસનાના યથાશાસ્ત્ર પાલન વિના મલવિક્ષેપ જતા નથી. અને એ દૂર થયા વિના વિવેક, વૈરાગ્ય વગેરેની શરૂઆત કરવા જતાં ઊલટી ચિત્તમાં અવ્યવસ્થા ઊભી થાય છે. એક એવી પણ માન્યતા છે કે વિવેકાદિ સાધનથી ચિત્તશુદ્ધિ થાય છે, કારણ કે વિવેકથી નિત્ય પરમાત્મા અને અનિત્ય સંસારની સમજણ આવે છે, અનિત્યના વૈરાગ્યથી ચિત્ત શુધ્ધ થાય છે, શમથી માનસિક શાન્તિ આવે છે, દમથી ઈંદ્રિયોનો સંયમ વધે છે, ઉપરતિથી અનાસક્તિ કેળવાય છે, એ ચારેયના પાલનથી માનસિક, શારીરિક સહનશક્તિ વધે તેવી તિતિક્ષા આવે છે, ગુરુ અને વેદાન્તશાસ્ત્રમાં શ્રધ્ધા રાખવાથી વિક્ષેપ દૂર થાય છે, અને સમાધાનથી નિશ્ચલતા વધે છે; ત્યાર

પછી મુમુક્ષત્વ તીવ્ર બને છે. આ બધાંનો ઉલ્લેખ કરીને વેદાન્તશાસ્ત્રો અધિકારી માટે નિર્ણય બાંધે છે ખરા, છતાં જે પ્રાચીન આચાર્યોક્ત શાસ્ત્રો છે, અનુભવીઓની વાણી અને પ્રણાલિકાશુધ્ધ વિદ્વાન્ બ્રહ્મવિદના લખેલા પ્રાસાદિક ગ્રન્થો છે, એ બધા સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં લખાયેલા હોવા છતાં, એક સરખી રીતે એમાં કહેલું છે કે ચિત્ત વિશુધ્ધ અને એકાગ્ર ( નિરુધ્ધ ) થયા વિના વિવેક વૈરાગ્યનો ઉદય થવો અસંભવિત છે.

હવે બીજી બાજુ જે પક્ષ છે, અને જેનો ઉપર ઉલ્લેખ કર્યો છે એ વિષે વિચાર કરીએ. વેદાન્તશાસ્ત્ર પ્રમાણે સાધન સંપત્તિ મેળવવામાં, ગુરુશરણ વિધાનની અનિવાર્ય આવશ્યકતા કહેલી છે, એમનાં સેવા, તથા શ્રધ્ધાભક્તિથી જ બધાં સાધન તથા સાધ્ય ( આત્મજ્ઞાન ) મેળવી શકાય છે. વિદ્વાન્ સંત સાધુઓ પાસે જઇને કથા શ્રવણ કે વેદાન્ત શ્રવણ કરવું, સત્સંગ કરવો, ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓનું જ્ઞાન મેળવવું, પરસ્પર સહધર્મી સાથે એ વિષે ચર્ચા કરવી, તીર્થભ્રમણ, એકાન્તસેવન, અહંગ્રહ ઉપાસના, વગેરે વેદાન્તના અદ્વૈત સિધ્ધાન્તનાં પુસ્તકોમાં જે સાધનો બતાવ્યાં છે, તે પ્રમાણે કરવાથી ચિત્તશુધ્ધિ થાય છે, અને મહાવાક્યના ઉપદેશનોપ્રભાવ ચિત્ત ઉપર જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ નિરુધ્ધ થયેલું ચિત્ત અને એમાં ઉદ્ભવ પામેલી બ્રહ્માકાર વૃત્તિ આવરણભંગ કરવામાં સમર્થ બને છે.

આને માટે મહારાષ્ટ્રના સંતોનાં પ્રાસાદિક લખાણો વિચારવા જેવાં છે. શ્રી જ્ઞાનેશ્વર, તુકારામ, એકનાથ અને રામદાસ, એ તત્ત્વજ્ઞચતુષ્ટય તથા મુકુન્દરાજ, હંસરાજ, જેવા સન્તોએ સંસ્કૃત ગ્રન્થો ઉપર વિસ્તૃત વિવેચનો તથા પ્રાકૃતમાં સ્વતંત્ર ગ્રન્થો લખીને જે સાધન-સાધ્યનો વેદોક્ત-શાસ્ત્રીય માર્ગમાં પ્રોજ્વલ પ્રકાશ પાડ્યો છે, એવો ઇતર પ્રાંતના વેદાન્તીઓએ ભાગ્યે જ માર્ગ ગ્રહણ કર્યો હશે.

વેદાન્તમાં અદ્વૈતવાદ સિદ્ધ કરવાની, અદ્વૈતવાદ નિષ્ઠા દૃઢ કરવાની, સ્વતંત્ર મુકતાવસ્થાના વિહારની યુકિતઓ પ્રયુકિતઓ તથા ઉકિત –સૂક્તિઓ અન્યપ્રાંતીય વેદાન્તીઓના ગ્રન્થોમાં હશે, પરંતુ જે નિર્મળ, નિરભિમાન અને અણિશુધ્ધ સાધન-સાધનાનું ભાન આપણને મહારાષ્ટ્રીય સંતોના અદ્વૈત ગ્રન્થના સ્વાધ્યાયથી થાય છે, ચિત્તમાં સાત્ત્વિક, નિરભિમાન અદ્વૈતભાવનાની સુધા-વરસાવતી આનંદધારા પ્રકટે છે, એ અલૌકિક છે; સંત-ગુરુના અનુભવનો પ્રસાદ સ્વભાવતઃ એમાંથી પ્રાપ્ત થાય છે.

ભ. શંકરાચાર્યજીનો લઘુવાકય વૃત્તિ નામનો કેવળ અઢાર શ્લોકનો નાનો એવો પ્રકરણ ગ્રન્થ છે, જેમાં નિદિધ્યાસન વિષે સાધનાનો અલૌકિક સંકેત અને ઉપદેશ છે. મહારાષ્ટ્રમાં શ્રી હંસ-રાજ સ્વામી નામે એક સન્ત થઈ ગયા છે, જેમણે સંવત ૧૯૦૫માં એ અઢાર શ્લોક ઉપર ૫૬૦૦ ઓવી લખીને ગુરુશિષ્યના સંવાદ રૂપે, અનુભવપૂર્ણ વિવેચનવાળી વિસ્તૃત ટીકા લખી છે. વેદાન્તની સમસ્ત પ્રક્રિયાનો એમાં સમાવેશ થાય છે એટલું જ નહિ પણ આત્મજ્ઞાનને માટે જે જે ઉપયોગી અને આવશ્યક અભ્યાસ તથા યુકિતઓ એમાં ભરી છે, એ અત્યંત સુયોગ્ય તથા સહજ-સાધ્ય છે. ગુરુ-શિષ્યનો સંવાદ જેમ જેમ આગળ વધતો જાય છે, ૨૬૦૦ જેટલી ઓવીઓનો વિસ્તાર થવા આવે છે, નિદિધ્યાસન માટેનું વિવેચન ખૂબ જ પ્રક્રિયાપૂર્ણ થવા માંડે છે, તેમાં શિષ્યની બુદ્ધિનો પ્રવેશ અટકી જાય છે. ગુરુદેવ સહજ સમાધિનું સાંગોપાંગ સુરસ સુરેખ વર્ણન કરે છે. જે સાધકને ઉપદેશમાત્રથી, અદ્વૈતજ્ઞાનનાં પ્રતિપાદક મહાવાકયના શ્રવણમાત્રથી અપરોક્ષ જ્ઞાન થાય તે ઉત્તમ અધિકારી કહેવાય છે એવો સિધ્ધાન્ત છે. અને વેદાન્તશાસ્ત્રના ગુરુમુખ શ્રવણથી વિચાર દ્વારા જેને અભેદ જ્ઞાન થાય, તે નિઃસંશય

ઉત્તમ અધિકારી છે એવું સાંભળતાં શિષ્ય થોડો સ્તબ્ધ બને છે; અંતરમાં આત્મપ્રકાશ સ્પષ્ટ અને વેધક રીતે પડતો હોય એમ એને લાગતું નથી; શિષ્યની આવી મનોદશા જોતાં જ ગુરુ કહે છે કે :

"હે શિષ્ય ! તું સાવધાન થઇને આ આત્મજ્ઞાનમાં તારો અધિકાર છે કે નહિ તેનો વિચાર કરી જો. મેં તને અનેક પ્રકારે વિવેચન કરીને સમજાવ્યું, પ્રાંજલપણે ઉપદેશ આપ્યો, હસ્તામલકવત્ વસ્તુદર્શન કરાવ્યું, પણ તને સમાધાન થતું હોય એમ મને લાગતું નથી; તું મંદબુદ્ધિવાળો છે, એથી લાગે છે કે વિશુદ્ધ તત્ત્વવિચારરૂપ આત્મજ્ઞાનના સાધનમાં તારો અધિકાર લાગતો નથી તેથી તું કર્મ અને ઉપાસના કરવા માંડ."

ગ્રન્થમાં આ વિષે ખૂબ જ વિસ્તાર છે. શિષ્ય હતાશ-નિરાશ થઇ જાય છે, એનું આક્રંદભર્યું વર્ણન છે; એના અંતરમાં મોટી ભાંજગડ ઊભી થાય છે. કારણ કે વેદાન્તશાસ્ત્ર સંબંધે પરોક્ષ જ્ઞાન તો એને થઇ ચૂકયું છે; અદ્વૈત જ્ઞાનનો, આત્મ-સાક્ષાત્કારનો, જીવનમુકિતનો, અદ્દ્ભુત મહિમા એના અંતરમાં સ્થિર થઈ ગયો છે, શાસ્ત્રોકત બધી પ્રક્રિયાઓનું રહસ્ય સાંભળી ચૂકયો છે, અને અત્યાર સુધી સત્સંગ-શ્રવણનો લાભ ગુરુદેવના પ્રત્યક્ષ સાંનિધ્યથી મેળવી ચૂકયો છે, એથી આવું સાંભળતાં એની મૂઝવણ બેવડી વધે છે.

કર્મથી મોક્ષ નથી, ઉપાસના દ્વૈતમૂલક છે, એ બન્ને કર્તૃતંત્ર છે એટલે કે કર્મ તથા ઉપાસનામાં કર્તા કે ઉપાસક જેટલો પ્રયત્ન કરે તેટલી પ્રાપ્તિ છે; કર્તામાં કર્તુંમ અકર્તુમ્-ભાવ હોય છે તેથી જેવું કર્મ તેવું ફલ એ દૃષ્ટિએ કર્તાની ઈચ્છાનો, તેમ જ પ્રકૃતિના સ્વભાવનો ધર્મ હોવાથી કર્તા, કર્મ તથા કર્મફલ બધાં પરિચ્છિન્ન અને ભેદમય છે, એ બધું દ્વૈતમય લોક-પરલોકની અંતગતિ છે તેથી સંસારીભાવવાળું છે, એમ આ શિષ્ય સમજે છે.

ઉપાસનામાં પણ સગુણ-સાકાર લોક-પરલોકમાં ઇષ્ટદેવનાં

દ્રષ્ટા, દર્શન-દશ્યની ત્રિપુટિના લોકાલોક છે, અને દેવ દેવતાના મૂર્તિ-વિગ્રહનો ભેદાભેદ છે, ત્યાં ત્રિગુણાત્મક વિકારીભાવનો તથા ઉપાસકના ભાવાભાવવાળા સંસ્કારનો પ્રભાવ હોવાથી ઉત્પત્તિ-નાશનો ભય રહેલો છે; આવી રીતની સમજણ શિષ્યે મેળવેલી હોવાથી કર્મ તથા ઉપાસનામાં પ્રવૃત્તિ થવાની વાત તો બાજુએ રહી પણ એમાં રુચિ થવાનો યે સંભવ નથી, એમ સમજવાથી શિષ્ય તદ્દન નિરાશ બની જાય છે.

પરન્તુ આચાર્યનો મહિમા અલૌકિક છે; કર્મ તથા ઉપાસનાનો આદેશ કરવાથી શિષ્યનો એ નિરાદર કરતા નથી, કારણ કે ભકિત ભાવથી એ શરણે આવેલો છે. " હે ગુરુદેવ ! હું આપનો છું " એવું હૃદયની સાચી નિષ્ઠા અને અનન્ય શરણાગતિથી કહેલું વાકય ગુરુદેવના ચિત્તમાં એવી તો કરુણા ઉત્પન્ન કરે છે કે શિષ્યનો અધિકાર તપાસીને સાધના બતાવે છે. બુદ્ધિની મંદતા નીકળી જાય, આત્મ-વિચાર કરવામાં અસમર્થ જણાતા શિષ્યને યોગ્ય સાધનમાર્ગ મળી જાય અને પરિણામે વેદાન્તનો સર્વોચ્ચ સિદ્ધાન્ત શિષ્યના-જીવનમાં સફળ થાય, એવો એમનો ઉદ્દેશ હોય છે.

વેદાન્તના અદ્વૈત સિદ્ધાન્તમાં યોગ અને જ્ઞાન, (ધ્યાન ધારણા અને આત્મવિચાર) એ બે મુખ્ય સાધન છે એમ યોગવાસિષ્ઠ રામાયણમાં ખૂબ જ વિસ્તારપૂર્વક વાસિષ્ઠજી સમજાવે છે; એ કહે છે કે " ચિત્તનાશના યોગ અને જ્ઞાન એવા બે ક્રમ છે; યોગ એટલે વૃત્તિઓનો નિરોધ અને જ્ઞાન એટલે સમ્યક્ આત્મદર્શન " "કોઇને યોગ અસાધ્ય લાગે છે તો કોઇને આત્મજ્ઞાનનો નિશ્ચય કઠિન લાગે છે; આ ક્રમ અનાદિ કાલથી ચાલ્યો આવે છે."* આ વિષે પંચદશીના ધ્યાનદીપ પ્રકરણમાં પણ સ્પષ્ટીકરણ કરેલું છે.

*લઘુ યોગવાસિષ્ઠ. ૨૭-૭૨ અને ૨૯-૬૦

ઉત્થાનના લેખસંગ્રહમાં અનેકવાર લખી ચૂકયો છું કે બીજા બધા સંપ્રદાયોની વાત ન કરીએ, તો યે અદ્વૈત-સિદ્ધાન્તના અનુભવમાં જે સાધન પ્રણાલી છે, તેમાં સદ્‌ગુરુશરણની મહત્તા અનિવાર્ય અને આવશ્યક છે. 'સ્વાત્મ નિરૂપણ' નામના પ્રકરણ ગ્રન્થમાં ભ. શંકરાચાર્ય લખે છે કે "આત્મા નિત્ય પ્રકાશમાન હોવા છતાં પણ આચાર્યની કૃપાથી રહિત પુરુષોથી અખંડ ( આત્મ ) અર્થનું પ્રતિપાદન કરનાર શ્રુતિનાં વાકયો ( ના શ્રવણ માત્ર ) થી જ આત્મ-સાક્ષાત્કાર કરી શકાતો નથી."*આ વિષે બીજી કેટલીએક વિશેષ સ્પષ્ટતા એ જ ગ્રન્થમાં આગળ વર્ણવેલી છે. "વિવેક ચૂડામણિ" નામના ગ્રન્થમાં લખ્યું છે કે "(આ મોક્ષ મેળવવાની ઈચ્છા પ્રથમ) મંદ કે મધ્યમ પ્રકારની હોય તો પણ વૈરાગ્ય વડે, શમાદિ વડે તથા **સદ્‌ગુરુની કૃપા** વડે તે સારી રીતે વધીને આત્મજ્ઞાન રૂપ ફલ ઉપજાવે છે.×કહેવાનું તાત્પર્ય એ છે કે મુમુક્ષુનું ધ્યેય, લક્ષ્ય, પ્રાપ્તવ્ય કે મોક્ષ જે કહો તે અપરોક્ષ છે, પ્રત્યક્ષ છે, કાલાન્તરે કે દેશાન્તરે નથી. આત્મા-બ્રહ્મની વ્યાખ્યા જ એવી છે કે એ વિના બીજું કાંઇ છે જ નહિ, એ એક તથા અદ્વિતીય હોવાથી એનો અનુભવ તો તાત્કાલિક જ થવો જોઈએ. એ સર્વ વ્યાપક છે તેથી એને માટે જયાં મુમુક્ષુની સ્થિતિ હોય ત્યાં એનું દર્શન-સાક્ષાત્કાર થઇ શકે છે. ગુરુદેવ બ્રહ્મવિદ્ છે એટલે સાક્ષાત્ બ્રહ્મ છે એ દૃષ્ટિએ પ્રથમ બ્રહ્મ-દર્શન ત્યાં જ થવું જોઇએ એ વિધાન છે. ગુરુદેવમાં બ્રહ્મદર્શન કરીને એમને શરણે જવું એટલે જ નિરભિમાન ભાવે બ્રહ્મને સમર્પણ થવું -સાક્ષાત્ સગુણ બ્રહ્મને શરણે જવું એવો અર્થ ફલિત થાય છે.

અદ્વૈતવાદની દૃષ્ટિએ ગુરુદેવ બ્રહ્મવિદ્ છે એટલે બ્રહ્મદર્શી છે;

---

×સ્વાત્મ નિરૂપણ શ્લોક ૪૧

* વિવેક ચૂડામણિ શ્લોક. ૨૮

સર્વત્ર, સર્વમાં, સર્વને બ્રહ્મ સ્વરૂપે અનુભવ કરનાર ગુરુદેવ જે શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ છે, એવા આચાર્યને શરણાગત થયેલા ભક્ત-શિષ્યને પણ બ્રહ્મ સ્વરૂપે જ જુએ એમાં શું આશ્ચર્ય ? ! શિષ્ય પોતાના પૂર્વાધ્યાસને લીધે વારંવાર ઉપદેશ શ્રવણ કર્યા છતાં પણ, આચાર્યના-"તું જ બ્રહ્મસ્વરૂપ છે" એવા ઉપદેશને ઝીલી ન શકે એમાં એના ચિત્તના દોષ જ કારણભૂત હોય છે. વૈરાગ્ય હોય તો ચિત્ત શુદ્ધ હોવું જોઇએ; ભક્તિ હોય તો ચિત્ત એકાગ્ર હોવું જોઈએ. અને રહ્યો માત્ર દેહાધ્યાસ કે જેના આવરણને લીધે જીવ-બ્રહ્મની એકતા ન સમજાય તો એમાં બુદ્ધિની-વિચાર શક્તિની મંદતા જ કારણભૂત હોય છે.

એવો જ બીજો પ્રસંગ હંસરાજ સ્વામીએ ચિત્તર્યો છે. શિષ્ય સાધનસંપન્ન છે, પરંતુ જ્ઞાનમાર્ગની સાધનામાં અગ્રસર બનવા મથતો શિષ્ય એટલી સૂક્ષ્મ બુધ્ધિ પામી શક્યો નથી કે આચાર્યના જીવ-બ્રહ્મની એકતા પ્રતિપાદન કરનારાં વાક્યોના શ્રવણમાત્રથી સ્વરૂપનો યથેચ્છ આનંદ મ્હાણી શકે. બુધ્ધિમાં કંઇક કચાશ કંઇક અલ્પસ્વલ્પ જડતા રહી હોય, કંઇક, કયાંક આવરણ આડે આવતું હોય, તો એનો અર્થ એવો થાય છે કે શિષ્યની વિચારશક્તિ મંદ છે અને તેથી આચાર્યના સૂક્ષ્મ ઉપદેશને એકાગ્ર ચિત્તથી શ્રવણ કર્યા છતાં, એનું મનન-નિદિધ્યાસન એનાથી થઇ શકતું નથી. બધી સાધનસંપત્તિ વ્યર્થ નીવડે છે; ઉપાસનાનું બધું બળ શિથિલ થઇ જાય છે. અંતરમાં કંઇક એવી મલિનતા જામી બેઠી છે કે સાક્ષાત્ બ્રહ્મા આવે તો પણ આચાર્યનો ઉપદેશ સાંભળવા છતાં ન સાંભળવા જેવો રહે છે, અને ઉપનિષદ્‌માં કહ્યું છે તેમ એકના જ્ઞાનથી બધું જ્ઞાન થઇ જાય એ સત્ય વાસ્તવિક હોવા છતાં અસંભવિત અને અશકય થઇ પડે છે.

કિંવદન્તી એવી છે કે જૂના જમાનામાં પોપટને પાળીને જ્યારે

એની પાસે મનુષ્ય પોતાની ઇચ્છા પ્રમાણે બોલતાં શીખવતાં, ત્યારે અલ્પપ્રયત્ને એકબે વાર બોલી સાંભળાવવાથી પોપટ યાદ રાખી લે એને માટે એક યુક્તિ અજમાવતા. પોપટને પકડીને પાંજરામાં રાખીને એકની એક વાત દરરોજ બોલાવવાની યુક્તિ સાચી હોવા છતાં એમાં પોપટ બહુ લાંબે વખતે શીખી શકે છે, કારણ કે આખો દિવસ એ બીજું પણ સાંભળ્યા કરે છે. જલ્દી શીખવવા માટે શીખવનાર એક માટલાને તળીએ શબ્દ જાય એવું નાનું છિદ્ર પાડતા. વહેલી સવારે, ઉષઃકાળે, જગતનો કોલાહલ શરૂ થાય તે પહેલાં, પોપટને પાંજરામાંથી કહાડીને જમીન ઉપર રાખી એના ઉપર પેલું માટલું ઊંધુ વાળી દેતા. ત્યાર પછી પોપટ જ્યારે ભયનો માર્યો પાંખો ફફડાવીને થાકીને શાન્ત થાય ત્યારે પેલા છિદ્ર પાસે મુખ રાખીને એને જે શીખવવાનું હોય તે શીખવનાર ધીરેથી બેચાર વાર બોલી જતા. પોપટને માટલા નીચે જવાનું થાય એટલે જીવન-નાશના ભયથી, માટલામાંથી નીકળવાનો કોઈ માર્ગ ન દેખાવાથી, પેલા છિદ્રમાંથી જે શબ્દ આવે એના તરફ સ્વાભાવિક રીતે એના કાન જાય એટલે બોલનારના શબ્દ એ સાંભળે અને ત્યાર પછી માટલું ઉપાડી લે ત્યારે એને એમાંથી મુક્તિ મળે; પેલા સાંભળેલા શબ્દો બહાર નીકળ્યા પછી શીખવનાર બે પાંચ વાર બોલે એટલે પોપટ તરત જ ઝીલી લઇને યાદ રાખે, પછી આખો દિવસ બોલ્યા કરે.

મૃત્યુના ભયને લીધે પોપટની પાંખો, કે બીજી ઇંદ્રિયો છુટવા માટે ઉપયોગમાં આવે એવી નથી એમ એને લાગવાથી મનની અસ-હાય સ્થિતિને લીધે મૃત્યુના મુખમાંથી બચવા સિવાય બીજી કોઇ ઈચ્છા સ્વાભાવિક રીતે રહેતી નથી; છિદ્રવાટે શબ્દ સાંભળતી વખતે એનાથી મને છૂટવાનું મળશે, એ છોડવનાર હશે, એટલે સંપૂર્ણ

એકાગ્રતાથી એને સાંભળે છે તેથી એના સ્મરણપટમાં, ચિત્તપ્રદેશમાં બે પાંચ વાર સાંભળવાથી બોલનારના શબ્દ અંકિત થઇ જાય છે.

તેવી જ રીતે જન્મમરણાદિ દ્વંદ્વના ત્રાસથી છૂટવા ઇચ્છતો, સંસારની બધી મલિન કામનાને છોડીને એક માત્ર મોક્ષેચ્છાને જ ચિત્તમાં રાખીને કોઇ જિજ્ઞાસુ બ્રહ્મવિદ્‌ને શરણે આવે, ત્યારે જે કાંઇ કહેશે, સમજાવશે, શીખવશે, એ બધું મારા હિતને માટે છે, એવી શ્રદ્ધા રાખીને, ભક્તિવડે એકાગ્રતા સાધીને એક ચિત્તે શ્રવણ કરે તો, વિશુદ્ધ, વિરક્ત, અને એકાગ્ર થયેલી વિવેક બુધ્ધિમાં જીવ-બ્રહ્મની એકાત્મભાવના પૂરેપૂરી અંકિત થતાં, અંતર્મુખતા સ્વાભાવિક રીતે જ પ્રકટે છે, અને બ્રહ્માનન્દના પ્રસાદથી અંતઃકરણ તથા ઇંદ્રિયો તૃપ્ત, તરબોળ થતાં સહજ ભાવે સમાહિત બને છે.

આચાર્ય-ઉપાસના, ગુરુશરણ વિધાન, શ્રોત્રિય બ્રહ્મનિષ્ટ પુરુષ પાસેથી ઉપદેશશ્રવણ, વગેરે આત્મસાક્ષાત્કારને માટે વેદાન્તના સાધન માર્ગમાં અનિવાર્ય માન્યાં છે. એમાં રહસ્ય એ છે કે બ્રહ્મવિદ્ સાક્ષાત્ બ્રહ્મ છે; શિષ્ય સાધનસંપન્ન અધિકારી છે; ગુરુદેવને સગુણ નિર્ગુણ બ્રહ્મમૂર્તિ તરીકે સ્વીકારીને શિષ્ય જીવ-બ્રહ્મનો અભેદભાવ પોતાના અંતઃકરણમાં ઉદ્‌બુધ્ધ કરવા એને શરણે જાય છે; વેદાન્ત-શાસ્ત્ર અને ગુરુવાકચને અવિચારે સત્ય સ્વીકારી લેવું એનું નામ શ્રધ્ધા છે, એવી શ્રધ્ધા જીવનવ્યવહારમાં સિદ્ધ કરી ચૂકયો હોય, ત્યારે આચાર્ય જે અભેદ બોધ આપે, તેવી જ રીતે શિષ્ય એ ઝીલે અને સૂર્યની સામે આગિયા કાચને રાખીએ ત્યારે એમાંથી આરપારનું કિરણ જેમ અગ્નિનો તણખો વેરીને વસ્તુને સળગાવી મૂકે છે, તેવી જ રીતે સર્વવ્યાપક, એક, અદ્વિતીય, નિર્ગુણ, નિરાકાર, સચ્ચિદાનન્દ, બ્રહ્મજ્ઞાન વિષે છે; ગુરુદેવનું અંતઃકરણ પેલા આગીઆ કાચ જેવું છે; એમાંથી અભેદ બોધ, તેમ જ સાધન-સાધનાના

તણુખા નીકળ્યા કરે છે; એની સમક્ષ જે કોઇ શિષ્યભાવે આવે, એના અંતરમાં સાધન અને સાધના સાથે બ્રહ્માગ્નિ પ્રકટ થાય છે અને સમસ્ત અજ્ઞાન-અંધકાર નહિવત્ બનીને દેહભાવે જીવતો જીવાત્મા દેહાધ્યાસ ત્યજીને બ્રહ્માભ્યાસ વડે બ્રહ્મવિદ્ બને છે; ઉપનિષદ્ કહે છે એમ બ્રહ્મવિદ્ એટલેજ સાક્ષાત્ બ્રહ્મ છે; એટલે એ રીતે આ વ્યવહારના જગતમાં ગુરુ શિષ્યની પરમ્પરા અનાદિ-કાલથી—બ્રહ્માથી અત્યાર સુધી ચાલી આવે છે.

આ સિદ્ધાન્ત સમજવામાં કેવળ તર્ક કે યુક્તિ નકામાં છે; શાસ્ત્ર વાકયોમાં શ્રદ્ધા, અને અનુભવને પંથે સાચી જિજ્ઞાસાથી જે ડગલાં રાખી-ભરીનેગુરુભકત બનીને કૃપાપ્રસાદનું આસ્વાદન જેણે ઓછેવત્તે અંશે કર્યું હશે, એને માટે આ લેખ ઉપયોગી છે. બીજાને આમાં જૂનવાણીપણું લાગે, અંધશ્રદ્ધા લાગે—લાગવા દો.

* * * *

હંસરાજ સ્વામી પેલા શિષ્યને કહે છે કે તું હવે કર્મ કે ઉપાસના કર; સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ એવું આત્મતત્ત્વ તારી બુધ્ધિમાં પ્રવેશ કરી શકે એટલી એ સૂક્ષ્મ નથી-તીવ્ર નથી. એવું સાંભળતાં શિષ્ય કહે છે કે “હે ગુરુદેવ ! મને વિચારરૂપ જ્ઞાનનો અધિકાર નથી તેથી મારે કર્મ અને ઉપાસના કરવા આપે કહ્યું; પણ મારાથી હવે એ કેવી રીતે બની શકે ? જેનાથી આત્મજ્ઞાન તો થવાનું નથી એમાં મારી શ્રધ્ધા કેવી રીતે બેસે ? મારૂં સર્વસ્વ તો આપ જ છો; હું મંદમતિ હોઉં કે તીવ્રમતિ, પણ હવે તો આપ જ મારો ઉધ્ધાર કરો”

ગુરુદેવ ત્યાર પછી એને થોડું રહસ્ય સમજાવે છે. તીવ્રબુધ્ધિ સાધક શ્રવણમાત્રથી અપરોક્ષજ્ઞાન પામે છે; મંદબુધ્ધિ સાતક ધીરે ધીરે અભ્યાસ કરતો કરતો એ સ્થિતિએ પહોંચે છે. વિચાર અને

અભ્યાસ એટલે પહેલાં જે જ્ઞાન અને યોગ કહી ગયા તે જ અહીં, સમજવાનું છે. આપણે મર્મ સમજવાનો પ્રયત્ન કરીએ.

**ઉપાસના:**—બ્રહ્માત્મા અને હું—એ બન્નેનું ઐક્ય સમજીને, એને જ લક્ષ્ય બનાવીને નિદિધ્યાસનરૂપ અનુસંધાન કરવું એ છે ઉપાસના.

**અભ્યાસ:**—નિદિધ્યાસનરૂપ જે ધ્યાતા અને ધ્યાન છે, તે જ કર્તાના પ્રયત્ન પ્રમાણે ફલ આપનારી એટલે કર્તૃતંત્રરૂપે હોવા છતાં નિર્ગુણ ઉપાસના છે. આમાં લક્ષ્ય બ્રહ્માત્માનું ઐક્ય છે.

આવું સમજાવીને શિષ્યને કહે છે કે "તું જો આવી ઉપાસના -નિર્ગુણ ધ્યાનરૂપ અભ્યાસ ન કરી શકે તો તું કર્મ ઉપાસના કર એમ કહ્યું હતું; મુમુક્ષુ માટે જે કર્મ તથા ઉપાસના છે એનું રહસ્ય જુદું જ છે. તારી મંદબુદ્ધિમાં હજુ એ ઊતર્યું હોય એમ લાગતું નથી; સાંભળ કહું છું" "શરીરની ક્રિયા, મન અને દસે ઇંદ્રિયો ગુરુદેવને અર્પણ કરી દીધાં, એ જ અહીં કર્મનું રહસ્ય છે. અર્પણ કર્યા પછી એના દ્વારા જે જે પવિત્ર કાર્ય થાય એ બધાં ગુરુસેવારૂપ કર્મ છે. બધાં કર્મ કરતાં કરતાં (બ્રહ્માર્પણ) ગુરુદેવને અર્પણ કર્યાનો ભાવ જાગ્રત રહે, ગુરુદેવનું માનસિક સ્મરણ રહે—એ છે ભક્તિ. તન-મન-ધન ગુરુદેવનાં છે એ છે આત્મનિવેદન સ્વરૂપ સર્વોત્તમ ભક્તિ-ઉપાસના. વાસ્તવિક રીતે કાયિક, વાચિક અને માનસિક જે જે કાંઇ કર્મ થાય એ ગુરુસેવા છે એવું જ્ઞાન રાખવું. એવું જ્ઞાનભાન રહે એટલે એ બધાં શુદ્ધ, પવિત્ર, યથોચિત કર્મ જ કરે એવી સાવધાની રાખવાથી બુદ્ધિમાં સૂક્ષ્મતા આવે છે; શુભ અને અશુભ વિચાર તથા કર્મનો વિવેક ઊગી નીકળે છે; અશુભના ત્યાગ માટેનો વૈરાગ્ય જન્મે છે; શુભના સ્વીકારથી ચિત્તમાં શમ (શાન્તિ) રહે છે; ચિત્તમાં

શમ રહે એટલે અશુભ તરફ ઈંદ્રિયોને ન જવા દેવાનો યથોચિત્ત દમ (દમન) સાધી શકાય છે; શમ, દમ પ્રાપ્ત થતાં વિષયોમાં જે રતિ (પ્રીતિ, મોહ) હતી તે રહેતી નથી તેથી ચિત્તમાં ઉપરતિ (ઉપરામ મનોદશા) આવે છે; ચિત્તમાં વિષયોથી ઉપરતિ આવી એટલે સ્વધર્મ કર્મ કરતાં પ્રતિકૂલ સંયોગો આવે. તો સહન કરવાની તિતિક્ષા સ્વાભાવિક થઈ પડે છે; જેમ જેમ ગુરુસેવામાં આગળ વધતા જવાય તેમ તેમ ગુરુ સંનિધિનું જ્ઞાન ભાન રહેતાં અને કૃપાનો અનુભવ થતાં ચિત્તમાં જે અલૌકિક સાત્ત્વિક આનંદ આવે એટલે શાસ્ત્ર તથા ગુરુવાકયમાં શ્રદ્ધા વધે છે અને એ બધાના પરિણામે જીવનમાં જે જે પ્રસંગો પ્રારબ્ધવશાત્ બને તેમાં મન ઊંચું નીચું થાય ત્યારે, સંસાર-ક્રમની દ્વંદ્વ પૂરિત ઉથલપાથલ તો સંસારસ્વભાવની મિથ્યા કલ્પના માત્ર છે એવું ચિત્તનું સમાધાન થાય છે.

આ સાધનામાં કર્મ અને ભકિત (ઉપાસના) બન્નેનો સમાવેશ થઇ જાય છે. જેમ જેમ બ્રહ્મવિદ્‌નું સાન્નિધ્ય વધતું જાય છે, તેમ તેમ જીવ-બ્રહ્મની એકતાનો ઉપદેશ, બ્રહ્મવિદ્‌ના જીવનવ્યવહારમાં દેખાતા વ્યવહારમાંથી શીખાતો પ્રારબ્ધકર્મના રહસ્યનો ઉકેલ, મનોવૃત્તિ અને કાયિક કર્મ વચ્ચેના ભેદાભેદની સમજણ, દેહાધ્યાસથી અને આત્મભાવનાથી ચાલતા જીવન-વ્યવહારને ઓળખવાની સૂક્ષ્મ-બુદ્ધિ, શાસ્ત્ર અને ગુરુવાકયમાં શ્રદ્ધા રાખવાની આવશ્યકતા તથા આજ્ઞાપાલનમાં સંશય વિપર્યયને દૂર કરવાની સહજ સાધ્ય સાધના સિધ્ધ થાય છે—અરે, નિશ્ચયાત્મક અનુભવ થાય છે.

અને સૌથી મહત્ત્વનો આત્મજ્ઞાનનો લાભ તો એમાં છે જ. કેવલ મંત્ર ગ્રહણ કરવા માટે, શાસ્ત્રની કથા સાંભળવા માટે, યુકિત પ્રયુકિતથી અદ્વૈત સિધ્ધાન્તને સમજવા માટે, સંન્યાસ આશ્રમ ગ્રહણ કરવો હોય તો તે વિષેનાં કર્મકાંડ કરાવી લેવા માટે, ગુરુશરણ

છે એમ કહેવાનો વેદાન્તશાસ્ત્રનો આશય નથી. કારણ કે મંત્રદાન કરવામાં મંત્રચૈતન્ય જોઇએ એ ગુરુચૈતન્યનું કાર્ય છે. કથાશ્રવણમાં શ્રોતામાં આત્મભાવની જાગ્રતિ થાય એવી શ્રવણ કરાવનારમાં શબ્દશકિત જોઇએ. મનન કરાવવામાં કેવલ યુકિત નહીં, પણ શાસ્ત્ર-પ્રમાણનું સામાર્થ્ય જોઈને તેની સાથે અનુભવ પ્રમાણનું બલ જોઇએ. સંન્યાસ આશ્રમનાં કર્મકાંડ તો વિદ્વાન્ બ્રાહ્મણ કરાવે છે અને સંન્યાસ ગ્રહણ કરવા માટે સંન્યાસી ગુરુ જોઈએ એ વ્યવહાર પૂરતું ઉપયોગી હોવા છતાં, મહાવાકયના શ્રવણની મહત્તા જે શાસ્ત્રમાં વર્ણવી છે, એનો સાથે સાથે વિચાર કરવો જોઇએ. પંડિત બનીને શાસ્ત્રોનાં પ્રમાણોનો ઢગલો શ્રોતા પાસે ઠલવી દેવો, એ તો કેવળ શાસ્ત્રોને કંઠસ્થ કરી લેવાની સ્મરણશકિતનું કાર્ય છે. એમાં અનુ-ભવતત્ત્વનો પ્રવેશ હોતો નથી. આચાર્ય શ્રોત્રિય હોવા જોઈએ એનો અર્થ શાસ્ત્રપંડિત નહીં, પણ અનુભવી સંતો કે ગુરુદેવ પાસેથી એમણે સ્વપરિચિત ભાષામાં સત્સંગ દ્વારા સાંભળી સાંભળીને ધારણા શકિતમાં સ્વાભાવિક રૂપે જે ઉપદેશ ભર્યો હોય તે છે. એને બહુશ્રુત શબ્દથી પણ ઓળખાવી શકાય છે. અનેક સંતો નિરક્ષર હોવા છતાં સચોટ ઉપદેશ આપીને શિષ્યની સમસ્ત શંકાઓનાં સમાધાન કરી ગયા છે. એ વાત ઇતિહાસમાં ભરી પડેલી છે.

તેવું જ બ્રહ્મનિષ્ઠ શબ્દ માટે છે; બ્રહ્મના સચ્ચિદાનન્દના અનુભવનો જ્ઞાન–ભાસ્કર ચિત્તપ્રદેશમાં સંપૂર્ણ કલાથી ખીલી નીકળતો હોય, પ્રારબ્ધ ભેદે જીવનવ્યવહારનો ભેદ હોવા છતાં, ઉપદેશમાં એકવાકયતા હોય, વ્યવહારને ગૌણ–તુચ્છ માનીને પરમ તત્ત્વને જ મુખ્ય અને અનુભવલક્ષ્ય માનીને જેઓ જીવનયાપન કરતા હોય, એ બ્રહ્મનિષ્ઠ છે.

વર્તમાનમાં શ્રદ્ધાભક્તિ કરતાં તર્કમનન વધી પડયાં છે.

આવા બુદ્ધિયુગના જિજ્ઞાસુઓ જો સચેત ન રહે તો વિવેકીને બદલે સ્વયંમન્ય, વિરક્તને બદલે દ્વેષદષ્ટિવાળા, શમદમાદિ સાધનસંપન્નને બદલે વિક્ષિપ્ત ચિત્તવાળા, અને ડગલે ને પગલે કર્મ, ઉપાસના જેવાં સાધનનું રહસ્ય ન સમજતાં ધ્યાન, ધારણા કે સમાધિનાં અંગોનો દ્વેષબુદ્ધિથી તિરસ્કાર કરતા જોઇને આશ્ચર્ય થાય એવું છે.

એકાદ અનુભવ પ્રસંગ લખીને આ લેખ પૂરો કરું. ઇ. સ. ૧૯૧૨ની સાલની વાત છે. જેમની પાસેથી મેં સંન્યાસઆશ્રમની દીક્ષા લીધી તે પૂ. સ્વામી નારાયણ તીર્થનાં દર્શન મને ઈ. સ. ૧૯૧૨ માં થયાં; મે મહિનો હતો; સાહસિક સ્વભાવ પ્રમાણે મેં એમનું શરણ લીધું, અને એમની સાથે દિલ્હીથી શિમલા, જુબલ, તથા ડેહરાડૂન થઇને પાછા દિલ્હી સુધીની ત્રણેક માસની યાત્રા કરી. પરમહંસ સ્વા. શ્રી. રામતીર્થના એ શિષ્ય; એમની પાસેથી તે વખતે છપાયેલા રામતીર્થના ઉપદેશોનું મને વાચન થઇ ગયું હતું. શિમલા વગેરે સ્થાનોમાં ફરીને અમે ડેહરાડૂન આવ્યા, સ્વા. રામતીર્થના અનન્ય ભક્ત શિષ્ય શ્રી. પૂરણસિંહજી તે વખતે ત્યાં રહેતા હતા, એમના અમે અતિથિ બન્યા. સ્વા. નારાયણતીર્થ, અને એકવાર સંન્યાસ લઇને સ્વા. પૂર્ણ તીર્થ બન્યા પછી પ્રારબ્ધવશાત્ ગૃહસ્થાશ્રમી બનીને રહેતા સરદાર પૂરણસિંહ, એ બન્ને વ્યક્તિઓમાં મને ત્યાં રામનાં દર્શન થયાં.

બન્નેના સ્વભાવ અને તે પ્રમાણે સાધનાનાં ભિન્ન ભિન્ન ક્ષેત્ર મને જોવા મળ્યાં. સ્વા. નારાયણ તીર્થને બાલપણથી આર્યસમાજના સિદ્ધાન્ત તથા આચારવિચારનો સંપર્ક હોવાથી સમાજસુધારણા, સમાજમાં દ્વેષદષ્ટિ, ગુરુપરમ્પરામાં કેવળ સ્વા. રામતીર્થના વ્યક્તિત્વના પ્રભાવથી ઉપજેલી ગુરુભક્તિ, અદ્વૈત સિદ્ધાન્તમાં પ્રેમ ઉપજવાથી થયેલી આગ્રહબુદ્ધિ, કર્મના પ્રદેશમાં લોકસેવા, જનસેવા

વગેરેમાં ચિત્તનો સ્વાભાવિક રહેતો વેગ, એવી એવી વ્યવહારપ્રધાન પ્રકૃતિ હતી. જયારે શિખ ધર્મમાં ઉછરેલા પૂરણસિંહમાં સ્વભાવ-સુલભ સંતભકિત, ગુરુભકિત, આવેશપૂર્ણ શ્રદ્ધા, જપ, ભજન ધ્યાન અને એ રીતે ભગવદાનન્દના અનુભવ રસથી તરબોળ થયેલાં ઉન્મત ભક્તિનાં નૃત્ય, કીર્તન તથા ગુરુસેવા વગેરેનાં લક્ષણોવાળી ઉપાસનાની પ્રણાલીનો રંગ દેખાતો હતો. એક નિષ્કામ કર્મપ્રધાન જ્ઞાની, જયારે બીજો અનન્ય ભકિતપ્રધાન અદ્વૈતનિષ્ઠા મેળવવા મથતો ગુરુભકત. શ્રી. પૂરણસિંહ મસ્ત કવિ હતા, સુંદર રમણીય ભાષા, અલંકારપૂર્ણ ભાવાવેશ, અને ગુરુભકિતમાં નિમગ્ન રહીને એ દૃષ્ટિથી સ્વા. રામતીર્થના જીવનને નિહાળતા હતા. કેવી રીતે બન્ને વચ્ચે વાતચીતનો પ્રસંગ નીકળ્યો એ પૂરેપૂરૂં યાદ નથી પણ સ્વા. રામ-તીર્થનું જીવન ચરિત્ર લખવાનું સ્વા. નારાયણતીર્થે જયારે શ્રી. પૂરણ-સિંહને કહ્યું ત્યારે એ ખૂબ જ ભકિતભાવમાં આવી ગયા.

"નારાયણ ! તમે જાણતા નથી એ રામની અદ્‌ભુત સાધના અને એના રહસ્યને ! એ ભકત હતા; એમની ગુરુભકિત અદ્વિતીય હતી. ધનાભગત જેવા અભણ, ભંગારનો જ ધંધો કરનારા એ સામાન્ય કસરતબાજને એમણે ગુરુ માન્યા; બ્રહ્મસ્વરૂપે માનીને એમની તન–મન–ધનથી સેવા કરી, ઉપાસના કરી, એનો રંગ એમના જીવનમાં ઊતર્યો હતો, એમની મસ્તીની એ કુંચી હતી.

"નવેક વર્ષની નાની ઉમરથી એમણે ૐ-પ્રણવ શબ્દને એવો અવિરત ભાવે ઘૂંટયો, જીવનની પ્રત્યેક ક્ષણે એનો માનસિક જપ ચાલુ રાખ્યો, અંતિમ શ્વાસ સુધી ૐ–ૐ–ૐનું ગુંજન એમનો સ્વભાવ જ બની ગયો, એ અભ્યાસના પરિણામે એ આનન્દમગ્ન રહેતા હતા.

"પુસ્તકોનું પઠન એમણે ગૌણભાવે કર્યું હતું. વિદ્વત્તાને

એમણે શોધી નહોતી; પ્રસંગ પડતાં પુસ્તકો હાથમાં આવતાં એ વાંચી જતા. એમની ગુરુકુંચી તો ગુરુભક્તિ અને પ્રણવના અભ્યાસની હતી. એમની સમસ્ત સિદ્ધિમાં સતત્ આત્માના આનન્દની સાધના હતી. હિમાલયની એકાન્તમાં એમણે નાચી નાચીને પ્રાણ થાકી જાય ત્યાં સુધી શિવોઽહમ્ પોકાર્યું છે.

"સ્વદેશભક્તિનાં વ્યાખ્યાનો આપ્યાં છે, બીજા લૌકિક પ્રશ્નો પણ અમેરિકામાં ચર્ચ્યા છે, પણ એતો બધા પેલા સર્કસવાળા એમને ત્યાં લઈ ગયા હતા, તેના સંપર્કનો પ્રભાવ હતો, એમનો મુખ્ય સ્વભાવ તો અહંગ્રહ ઉપાસનાથી રંગાઈ ચૂકયો હતો."

આટલું બોલતાં બોલતાં એ ખુરશી ઉપરથી ઊભા થઈ ગયા. અને "ૐ ગુરુ ૐ ગુરુ" બોલતા બોલતા નાચવા માંડયા. નિજાનન્દના આવેશમાં એમનો ચહેરો લાલચોળ થઈ ગયો. સ્વા. નારાયણ તીર્થ ખાટલા ઉપર બેઠા હતા ત્યાં આંખો બંધ કરીને શાન્ત અને ધ્યાનસ્થ બન્યા. હું નીચે જમીન ઉપર બેઠો બેઠો એક જ પરમહંસનાં બે હંસ બાલકોને, અથવા એક જ હંસની કર્મ–ઉપાસના, જ્ઞાન–ભક્તિ જેવી બે પાંખો વડે જાણે સ્વા. રામ પ્રત્યક્ષ થતા હોય, એમ મૂક–મૂઢશો સ્તબ્ધ બનીને અંતરમાં પ્રોજ્વળ પ્રકાશ ઝીલવાનો પ્રયત્ન કરતો હતો.

* * * *

આ હતી સ્વા. રામતીર્થના જીવનની સાચી સિદ્ધિ અને પ્રણાલિકાશુદ્ધ સાધના. એમની ગુરુભક્તિ અનન્ય હતી. જે અહંગ્રહ ઉપાસના એમના ગુરુદેવે ઉપદેશી હતી, એનો અંતિમ શ્વાસ સુધી સ્વભાવસિધ્ધ અભ્યાસ ચાલુ રહ્યો અને વેદાન્તનું અદ્વૈત આત્મસાક્ષાત્કારનું લક્ષ્ય એમણે પ્રાપ્ત કર્યું, એવું આપણે એમની જીવન-

કથામાંથી જોઈ શકીએ છીએ—સ્પષ્ટ અને પ્રમાણસિધ્ધ. એ વિદ્વાન હતા, છતાં પંડિતાઇનો પાશ નહોતો લાગ્યો. ગુરુભકિતનો આધાર અને આશ્રય એમણે પ્રણાલિકાશુધ્ધ ન્યાયે લીધો અને સાંગોપાંગ પાર ઊતર્યા. અદ્વૈતનિષ્ઠામાં ગુરુઉપદેશ પ્રમાણે શ્રધ્ધા રાખી અને આત્મસાક્ષાત્કારમાં સિધ્ધ થયા. આનંદ—આનંદ—આનંદ જ એમના શબ્દે શબ્દે, શ્વાસે શ્વાસે, રોમે રોમે ૐના ગુંજન દ્વારા, આનંદની ચિનગારીઓની પેઠે પ્રકાશ ફેંકતો હતો. મને દેહદર્શન થયાં નથી, પણ આ બે મહાત્માઓનાં દર્શને મારી આંખો ઉઘાડી કે વેદાન્તનાં શાસ્ત્રો સત્યદર્શી છે; સાધન–સાધનાનો માર્ગ અનુભવ-સિધ્ધ છે, અને કર્મ, ઉપાસના અને જ્ઞાનનો ક્રમમાર્ગ વાસ્તવિક છે, એટલું જ નહિ, પણ એ બધાનો આધાર ગુરુકૃપા છે; ગુરુશરણ આવશ્યક અને અનિવાર્ય છે; એક રૂપીઆમાં જેમ સોળ આના, ચોસઠ પૈસા, અને એકસો બાણું પાઇ છે, એટલે રૂપીઓ હાથમાં આવે ત્યારે એક જ લાગે છતાં એમાં એકસો બાણું પાઇ આપોઆપ આવી જાય છે, તેવી જ રીતે શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુશરણમાં, (ગુરુભકિત, ગુરુસેવા,—વગેરેથી) બધાં સાધન, સાધના અને સિધ્ધિ આવી જાય છે. એકમાં અનેકનું દર્શન થઇ જાય છે.

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।

એવું ભગવદ્ગીતાનું મહાવાકય, ખરે જ અલૌકિક રહસ્યથી ભરેલું છે, "એક સાધે સબ સધાય" એકના જ્ઞાનથી બધાયનું જ્ઞાન થાય," એ પરમ સત્ય છે, એમાં જરાયે અતિશયોકિત નથી, ઉલટું એમ કહેવું જોઇએ, કે આવું કહેતાં પણ કયાંક અશ્રદ્ધા પાછી આવીને છાનીછપની આંતરગૃહમાં પ્રવેશ ન કરી બેસે. ૐ

* * * *

વેદાંત–અદ્વૈત વેદાન્ત, શાંકર સિદ્ધાન્ત, સાધન અને સાધના, સંતોની પ્રાસાદિક વાણી, અનુભવીઓના ઉદ્‌ગાર, એ બધું સત્ય છે–પરમ પ્રમાણપૂર્ણ છે; જો ક્યાંય, કોઇ જાતની અપૂર્ણતા હોય તો તે છે આપણા ચિત્તની. એનું માર્જન થાય શોધન થાય, તો બ્રહ્મ દૂર નથી, પૃથક્ નથી, કારણ કે ગુરુદેવ બ્રહ્મવિદ્ છે એટલે બ્રહ્મ પ્રત્યક્ષ છે; એ ઉપદેશે છે કે તું બ્રહ્મસ્વરૂપ છે એટલે પૃથક્ નથી; તું જ એક અદ્વિતીય છે, એમ નિશ્ચય કરાવે છે, નિદિધ્યાસન કરાવે છે–અનુભવ કરાવે છે એટલે મારા–તારા–તેના ભેદ નથી તેથી અભેદ છે. ૐ

એક ઉલ્લેખ કરીને આ લેખ પૂરો કરીએ, સાચા ખોટાના દંભને ચીરીને પરમસત્યને પ્રત્યક્ષ કરવા માટે શબ્દોના વજ્રપ્રહાર કરતા આપણા ગુજરાતના જ સન્તશિરોમણિ અખાજી અનુભવના નીચોડ જેવી, પાકટ અવસ્થાએ આલેખેલી અખેગીતામાં પ્રત્યેક પદ તથા કડવામાં પૂર્ણ સત્ય જેવી, પૂર્ણાહૂતિ કરતાં "સેવો હરિગુરુ સંતને" એમ કહ્યા કરે છે. ભકિત, જ્ઞાન અને વૈરાગ્યનું માહાત્મ્ય સમજાવતાં તો લખે છે કે.

"વિરહ વૈરાગે જેહનું મન તપેજી;
તે રૂંરૂંમાંહે હરિહરિ જપેજી.
સદ્‌ગુરુ ચરણે આપોપું અરપેજી;
પરબ્રહ્મ રહે અને પોતે ખપેજી;

પરબ્રહ્મ રહે ને પોતે ખપે, તેહનો ભેદ કહું તે સુણો;
તે વચન માને ગુરુતણું, ભાવ ભરોંસો અતિ ઘણો.
ગુરુ કહે રામ રમે સકલમાં, સર્વાવાસ સ્વામી ભર્યો;
એવું સાંભળતાં મહાવચન માન્યું, અને ભકિત ઉપર આદર કર્યો.

* * * *

**સદ્‌ગુરુનાં વચન સુણીને, ભકિત જેહને ઉપજે,**
**અચિરકાલે તે પામે આત્મા, સદ્‌ગુરુવચને જો ભજે.**
**ભાઇ ભકિતરૂપી પંખણી, જેને જ્ઞાનવૈરાગ્ય બેઉ પાંખ છે;**
**ચિદાકાશ માંહે તે જ ઉડે, જેને સદ્‌ગુરુ રૂપી આંખ છે.**

આવું આવું તો શું પ્રાકૃત કે શું સંસ્કૃત, બધા ગ્રન્થોમાં ભારોભારભર્યું છે, પણ જેને સાચી સાધના કરવી હોય તેને માટે; બાકીનાને તો—શું કહેવાય ? જેને જે જોઇએ તે આ ભવસાગરમાં મનમાન્યું રમવાનું, મનમાન્યાં રમકડાં, મનમાન્યા ખેલ, મનમાન્યા ભોગ, કલ્પના કરતાં વેંત સાંપડે છે, પરમાત્મા આપણને સૌને —અરે ! મુખ્યત્વે મને પોતાને સન્માર્ગી શિષ્ય બનવાની સાવધાનતા આપે ! ૐ !

( ડીસેમ્બર–૧૯૫૪ )

# વર્ત્તમાન ધર્મ જાગ્રતિ

આ ‘ ઉત્થાન ’ નામનું અદ્વૈતજ્ઞાનનાં સાધનસાધ્યની યથાશકિત મીમાંસા કરતું માસિક પત્ર, જુલાઇ ૧૯૪૧ થી શરૂ કર્યું તે, એ વખતના યુદ્ધકાલના કપરા સંજોગને લીધે, ચાર વર્ષ ચાલીને જુન ૧૯૪૫માં બંધ થયું. વળી પાછું સંયોગો અનુકૂળ લાગતાં જાનેવારી ૧૯૫૦થી શરૂ થયું અને માર્ચ ૧૯૫૫થી બંધ થાય છે. ઇ. સ. ૧૯૪૧ માં એની પ્રથમ શરૂઆત થઇ, ત્યારે ગુજરાતી ભાષામાં ધાર્મિક સાહિત્યનાં માસિક પત્રો બહુજ થોડાં હતાં, પણ છેલ્લાં પાંચદસ વર્ષમાં એ દિશામાં ઘણાં માસિકપત્રો પ્રગટ થવા માંડયાં છે; અને સૌ પોતપોતાની મતિગતિ પ્રમાણે કાર્ય કર્યે જાય છે. લોકરુચિ આત્મજ્ઞાનનાં સાધનસાધ્યમાં વધતી હોય એમ જણાય છે ખરી, પરંતુ મારા અત્યંત વિનમ્ર મત પ્રમાણે જે લોકસમૂહ “મોક્ષ”ના મોહક—રોચક શબ્દના આકર્ષણથી મુગ્ધ બનીને એ દિશામાં વેદાન્તના નામ પાછળ ધસ્યો જાય છે, એમાં વિવેકની ઊણપ દેખાય છે.

પંજાબના પ્રદેશે ગુરુનાનક અને એમની શિષ્યપરમ્પરા દ્વારા સારી એવી સન્તસંખ્યા આપી; ઉત્તર પ્રદેશે તો કાશી, પ્રયાગ, અયોધ્યા અને અને વૃન્દાવન જેવાં સમસ્ત ભારતીય જનસમૂહને પૂજ્ય—આરાધ્ય એવા ભગવાન્ મહાદેવ તથા વિષ્ણુ અને અવતાર પુરુષો શ્રી રામચંદ્ર તથા શ્રી કૃષ્ણચંદ્રનાં તીર્થમંદિરો આપીને ભકિતપ્રવાહ વહેવરાવ્યો, અને કાશીને વિદ્યાધામ બનાવ્યું; બંગાળમાં શકિતસંપ્રદાયનાં મંત્રયંત્રના ઉપાસના યોગમાંથી અસંખ્ય શકિતશાલી મહાપુરુષો ઉદ્‌ભવ્યા; અવતારમન્ય ગણાતા શ્રી ગૌરાંગ પ્રભુએ

ભકિતની પ્રોજ્વળ પણ શીતલ પ્રેમચંદ્રિકા પ્રગટાવી; બિહાર, ઉત્કલ, મધ્યપ્રદેશમાં પણ અનેક સન્તોએ પોતપોતાની ભગવદ્ભાવની સુગંધથી જનતાને સુવાસિત કરી હશે; ઠેઠ દક્ષિણમાંથી તો આદ્ય-આચાર્ય ભગવાન્ શ્રી શંકરાચાર્યથી માંડીને છેલ્લા આચાર્ય શ્રી વલ્લભ પ્રભુને પ્રગટાવીને ભારતભરમાં જ્ઞાન-ભકિતભરી પુણ્ય-યાત્રાઓથી પોતપોતાના સિધ્ધાન્ત પ્રમાણે જ્ઞાન-ભકિતનાં જાગ્રત આંદોલનો ફેલાવ્યાં; મહાત્મા કબીરે સંપ્રદાયમુકત યોગ-જ્ઞાનની સ્પષ્ટ અને સચોટ અનુભવવાણી વિસ્તારીને એવી અનોખી શૈલી કરી આપી કે એમના પછી થયેલા દાદુ, ગરીબદાસ, પલટુ વગેરે સન્તોના શબ્દસમૂહને પણ "વાણી" એવું જ નામ મળ્યું. મારવાડ, મેવાડ, સિંધ, તેમજ તદ્દન દક્ષિણના લોકસાગરમાં સમયે સમયે જ્ઞાન-ભકિતના પ્રચંડ સન્ત-તરંગો ઊભા થયા છે, અને અન્ય લઘુ-તરંગોને પરમાત્માના અખંડ સ્વરૂપાનંદનો રાસ રમાડી शिवोऽहम् ભાન કરાવી ગયા છે.

આપણે મહાગુજરાતની વાત કરીએ; 'સ્વામિનારાયણ' નામના સંપ્રદાયના સંસ્થાપક શ્રી સહજાનંદ સ્વામીએ સ્વભાવે જ કઠોર એવી કાઠિયાવાડની કાઠી જાતને વ્યસનમુકત બનાવી એટલું જ નહિ પણ ખાનપાનની શુદ્ધિ તથા આચારમાં નિર્દોષતા લાવીને જે કેળવી કેળવીને કૂણી બનાવી એ અદ્ભુત ચમત્કારનો પ્રસંગ છે. સત્સંગ અને ભક્તિનાં એમણે વચનામૃતો પાયાં, સામાન્ય લોકસમૂહ માટેના સ્વભાવસુલભ પ્રતિમા ઉપાસનાના માર્ગને સુદૃઢ કરવા ઠેક-ઠેકાણે મંદિરો ઊભાં કરીને સંપ્રદાયનાં તીર્થધામો બનાવ્યાં. એ પહેલાં શ્રી વલ્લભપ્રભુના સંપ્રદાયનો પ્રચાર ગુજરાતમાં થોડો નહોતો; એમના પ્રભાવથી 'વાણીઆ' એટલે જ 'વૈષ્ણવ' એવો સામાન્ય પ્રચાર થઇ ગયો હતો. બ્રાહ્મણવર્ગ કેંક સ્વેચ્છાથી તો કેંક પૂજારી તરીકેના વ્યવસાયને લીધે એ બન્ને સંપ્રદાયમાં શામિલ થયો

હતો. આ બન્ને સંપ્રદાયોનો પ્રભાવ અત્યારે, ધર્મસમયના ઓસરતા પૂરમાં પણ સચવાઇ રહ્યો છે.

મહારાષ્ટ્રના સંત જ્ઞાનેશ્વર, રામદાસ, એકનાથ, તુકારામ વગેરેના વાઙમયની અસર ગુજરાત ઉપર ખૂબ જ પડેલી છે, તેની સાથે રાજસ્થાનના ગરીબદાસ તેમજ દાદુ સંપ્રદાયનાં તો મંદિરો પણ ઘણે સ્થાને છે. નરસિંહ મહેતાની જ્ઞાનભક્તિ, મીરાંની વૈષ્ણવ-ભક્તિ, ધીરો, ભોજો, છોટમ વગેરેની જ્ઞાનભક્તિ, અને સૌથી ટોચે વિરાજે એવા અખાજીની જ્ઞાનવાણી અદ્‌ભુત પ્રભાવ પાડી ગઇ છે. પ્રીતમની શાંત પણ સચોટ વાણી તો હૃદયને આર્દ્ર બનાવીને જ્ઞાન-રસમાં તરબોળ કરે એવી છે.

ગુજરાતના જ્ઞાન-ભક્તિના પ્રવાહો પ્રબલ અને વેગવન્તા રહ્યા કર્યા છે. વલ્લભાચાર્ય અને શ્રી સહજાનંદ સ્વામીના શુદ્ધાદ્વૈત અને વિશિષ્ટાદ્વૈતના સંપ્રદાયોનાં મંડળો ચાલુ રહ્યાં છે, પોતપોતાની મર્યાદામાં રહીને ભક્તિના પંથે ચાલ્યા જાય છે, તેની સાથે જ્ઞાની-ભક્તોનાં ભજનોના સંગ્રહો જોતાં; જણાશે કે ગુજરાતી ભાષાની સાથે હિન્દી ભજનોની છાયાનું પણ એમાં મિશ્રણ છે. છેલ્લા શતકની વાત કરીએ તો બે ધર્માચાર્યોએ ઠીક ઠીક અધ્યાત્મલાભ ગુજરાતને આપ્યો છે. દ્વારકાપીઠના શંકરાચાર્યોમાં સ્વા. શ્રી રાજરાજેશ્વરાશ્રમ અને ત્યાર પછી સ્વા. માધવતીર્થ (શંકરાચાર્ય)નો સમય વર્ણ-આશ્રમનો પક્ષપાતી રહીને વેદોક્ત કર્મ ઉપાસનાની શુધ્ધિ માટે ખૂબ જ પ્રયત્નો કરી ગયો છે. ત્યારપછી પણ એ સ્થાને અન્ય વિદ્વાન્ સંન્યાસીઓ આરૂઢ થયા છે પણ જેટલું કાર્ય સૌરાષ્ટ્રમાં શ્રીમન્ નથ્થુરામ શર્મા અને વડોદરાના શ્રીમન્ નૃસિંહાચાર્ય અને એમના શિષ્યવર્ગદ્વારા થયું છે એ વિશેષ મૂલ્યવાન છે. પોતાનો સ્વતંત્ર વાણીવિસ્તાર કરીને શ્રી. નૃસિંહાચાર્યના શિષ્યોએ ધર્મપ્રેરણા

આપી છે, અને શ્રીમન્ નથ્થુરામ શર્માએ તો બ્રહ્મસૂત્ર, યોગદર્શન, સાંખ્યદર્શન, ઉપનિષદ્, ભગવદ્ગીતા, તથા સાધનામાં ઉપયોગી થાય તેવાં પુસ્તકોનું પ્રકાશન કરીને વેદોક્ત સાધનાનો માર્ગ પ્રકાશવંત કર્યો છે.

છેલ્લી પચ્ચીસીમાં મંડળેશ્વરો અને મહામંડળેશ્વરોએ અમદાવાદને પોતાનું ઉપદેશકેન્દ્ર બનાવ્યું છે. હરદ્વાર-કાશીનો વિદ્વાન્ સંન્યાસીવર્ગ ગુજરાત-સૌરાષ્ટ્રમાં યાત્રા કે ઉપદેશ નિમિત્તે પ્રથમ પણ આવતો. ગીતાના વિદ્વાન લેખક સ્વા. ચિદ્ઘનાનંદજી ભાવનગરમાં આવીને રહેતા, ત્યારે ત્યાંના દીવાન શ્રી ગૌરીશંકર ઓઝાને શ્રવણ કરાવતા, અને ત્યાં પુસ્તકો લખાએલાં છે એના પ્રભાવથી ભાવનગરમાં થોડા વેદાંતી લેખકો પણ ઉદ્ભવ્યા છે; ઉપરાંત મોરબીમાં શ્રી શંકરલાલ મહેશ્વર તથા હાથીભાઈ શાસ્ત્રી જેવા વિદ્વાનોએ વેદાંત અને વેદમાર્ગને બહુ સારી રીતે સુરક્ષિત રાખ્યો છે.

છેલ્લા શતકમાં જેમ શ્રી. નથ્થુરામ શર્મા તથા શ્રી નૃસિંહાચાર્યનો વિધિબદ્ધ સંપ્રદાય ચાલતો હતો કે ચાલવાની તૈયારીમાં હતો તેની સાથે થિયોસોફિવાળાં શ્રી. એની બેસન્ટ પણ ગુજરાત સૌરાષ્ટ્રમાં આવતાં અને એનાં મંડળો પણ મુખ્ય મુખ્ય શહેરોમાં સ્થપાયાં છે, જે પોતાની શકિત પ્રમાણે હજુયે ચાલ્યા કરે છે. પરંતુ અંગ્રેજી શિક્ષણના સ્વતંત્ર વિચાર શકિતના પરિણામે તેમ વર્ણ, આશ્રમ, તથા સંપ્રદાયના કડક વિધિ નિષેધોના વણસમજ્યા સાધનમાર્ગ સામે શરૂઆતમાં જે સુધારાનો વંટોળ ઊભો થયો, એમાંથી સમસ્ત ભારત વર્ષમાં અસંખ્ય સુધારક મંડળો ઊભાં થયાં. બંગાળની બ્રાહ્મસમાજ અને એના નામાન્તરવાળી મુંબઈ-અમદાવાદની પ્રાર્થના સમાજ એનું પરિણામ છે. તે જ વખતે સ્વા. દયાનન્દ સરસ્વતીનો આર્યસમાજ પણ અસ્તિત્વમાં આવ્યો, અને

એણે વેદોનું અધ્યયન, સંસ્કૃતભાષાનો અભ્યાસ, મૂર્તિપૂજાનું ખંડન, નિરાકાર એકેશ્વરવાદ, તેમ જ ચાર જ વર્ણને મુખ્ય માની વર્ણભેદના મિથ્યા આગ્રહોને તોડવાની સુધારણાને જબરદસ્ત વેગ આપ્યો. ગુજરાતમાં પણ એનો પ્રભાવ પડયો, અને ગુરુકુલોની તથા આર્યસભાની સ્થાપનાઓ થઇ; એમનો ધીમો પણ ઉપયોગી પ્રચાર હજુએ ચાલુ છે.

સન્ત સાધુઓનાં ભજનો, વ્યક્તિગત ઉપદેશ, સાંપ્રદાયિક રીતે ચાલતાં સમજ્યાં-વણસમજ્યાં થતાં કર્મઉપાસના તથા અન્ય પ્રદેશના આગન્તુક સંન્યાસીઓના સત્સંગથી થતો અધ્યાત્મપ્રચાર રૂઢિ-રિવાજ પ્રમાણે ચાલુ હતો, તેમાંથી સંતોની વાણીઓ છપાવા માંડી. ભજનોના ભંડાર પ્રકટ થવા માંડયા, વેદાન્તના હિન્દી વિચારસાગર, વિચારચંદ્રોદય, તત્ત્વાનુસંધાન વગેરે ગ્રન્થોનો પરિચય વધતો ગયો, તેની સાથે સાથે ગુજરાતમાં એક વિચારશીલ વિદ્વાન્ વર્ગ ઊભો થયો કે જેણે પૂર્વ પશ્ચિમની વિદ્વત્તાની સમતુલ દૃષ્ટિ કેળવીને અપૂર્વ અધ્યાત્મ સાહિત્ય આપ્યું.

શ્રી. નૃસિંહાચાર્યના બે વિદ્વાન્ શિષ્યોનાં નામ ખુબ આગળ તરી આવે એવાં છે. એક શ્રી નર્મદાશંકર દેવશંકર મહેતા અને બીજા શ્રી જેકીશનદાસ જે. કણીઆ. બન્ને વિદ્વાનોએ શ્રેયસ્સાધક અધિકારી વર્ગ તરફથી પ્રકટ થતી સદુપદેશ શ્રેણીમાં ગહન વિષયોના વિદ્વત્તાભર્યા લેખો લખ્યા છે. શ્રી કણીઆનું લખેલું પાતંજલયોગ-દર્શનનું પુસ્તક હજુએ એ માર્ગના અભ્યાસીઓ શોધી શોધીને વાંચવાની ઇચ્છા રાખે એવું છે. શ્રી. નર્મદાશંકર મહેતાનાં હિન્દ-તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ ( બે ભાગ ) શકિતસંપ્રદાય વગેરે પુસ્તકો અમૂલ્ય છે. ઉપરાંત એક વિરલ વ્યકિતત્વ ધરાવનાર વ્યકિતએ જે પ્રકાશ પડાચો છે તે તો અલૌકિક અને અદ્‌ભુત છે. એમનું ધન્યનામ

છે શ્રી. મણિલાલ નભુભાઇ દ્વિવેદી. સિદ્ધાન્તસાર, આત્મનિમજ્જન, ભગવદ્‌ગીતાનો અનુવાદ, વૃત્તિપ્રભાકરનો ગુજરાતી અનુવાદ વગેરે પુસ્તકો એમણે આપ્યાં છે અને શરૂમાં પ્રિયંવદા તથા પાછળથી નામ ફેરવીને સુદર્શન માસિક દ્વારા જે સેવા કરી છે એ અદ્વિતીય છે. શ્રી. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવે 'વસન્ત' માસિક પત્ર ચલાવ્યું હતું, અને સ્વતંત્ર વિચારશકિતનો વિવેકી સાર સારવીને પીરસ્યો હતો. 'આપણો ધર્મ' નામનું એમના લેખસંગ્રહનું પુસ્તક એનું પરિણામ છે.

અને ધાર્મિક પુસ્તકોને લોકસમુદાયને સરલ સગવડવાળી સસ્તી કીમતે પહોંચાડવાનો યશ તો ભિક્ષુ (સ્વામી) અખંડાનંદજીને ફાળે જાય છે.. અસંખ્ય પુસ્તકો પ્રકટ કરીને એમણે અખંડ જાગ્રતિ અપાવી છે. મુંબઇમાં વેદધર્મ સભા દ્વારા મહાભારત, ભાગવત, રામાયણ તથા બીજાં ધાર્મિક પુસ્તકો પ્રકટ થયાં હતાં, તેમ જ ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ પણ ચંદ્રકાન્ત, પંચદશી, (અનુવાદ) ચિદ્‌ઘનાનંદી ગીતા, જ્ઞાનેશ્વરી ગીતા, વિવેકાનંદ વ્યાખ્યાનમાળા, વગેરે પુસ્તકો પ્રકટ કર્યાં હતાં.

આ તો એક સામાન્ય રૂપરેખા છે. આ ઉપરાંત બીજાં ઘણાં પ્રકાશનો થયાં હશે. શ્રી. અરવિન્દના લેખસંગ્રહો છપાયા છે ને ત્રૈમાસિક પણ પ્રકટ થાય છે. ગાંધીયુગના સાહિત્યભારતીઓએ અવનવું સાહિત્ય પીરસ્યું છે જેમાં કંઇક ધાર્મિક કે કંઇક અધ્યાત્મભાવનાને પોષણ મળે એવું ઉત્સાહી સાહિત્ય છે. બીજા વિદ્વાન્ સંતસાધુઓનાં પુસ્તકો પણ છપાયાં છે અને છપાય છે. સંખ્યા વધતી જાય છે અને માસિકપત્રો પણ વધવા માંડયાં છે.

*       *       *       *

ઉત્થાનની શરૂઆત ઇ. સ. ૧૯૪૧ના જુલાઈ માસથી કરી. બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું અને કાગળ ઉપર નિયમન આવ્યું એટલે ઇ. સ. ૧૯૪૫માં એને નિરુપાયે બંધ કરવું પડયું: એની સાથે સાથે તે વખતે ત્રિપુરારહસ્યજ્ઞાનખંડ, પરમામૃત, ભાવાર્થસિન્ધુ, લઘુવાસુદેવમનન, અદ્વૈતજ્ઞાનનૌકા, સદ્‌ગુરુસ્તુતિશતક, સદ્‌ગુરુ-શિક્ષાશતક, મીરાં અને રાણો, કિરણકલાપ, ભર્ગદર્શન, જ્ઞાન અને અને ધ્યાન, માયા ( અંગ્રેજી ) પુસ્તકો પણ પ્રકટ થયાં હતાં.

ત્યાર પછી મારા અંગત પ્રારબ્ધજીવનમાં પલટો આવ્યો. છોટાઉદેપુરથી નીકળી, થોડું વડોદરા રહી, મહેસાણાપ્રાંતના વીજા-પુર તાલુકાના આજોલ ગામના બોરીઆમહાદેવના સ્થાનમાં ઈ. સ. ૧૯૪૮થી ૧૯૫૪ સુધીમાં રહેવાનું થયું, ત્યારે ઉત્થાનને ઇ. સ. ૧૯૫૦ ના જાન્યુઆરીથી પાચમું વર્ષ ગણીને પુનઃ પ્રકટ કરવાનું સાહસ કર્યું: દરમ્યાન પરમામૃત, અદ્વૈતજ્ઞાનનૌકા, બન્ને શિક્ષાશતકો, મીરાં અને રાણો, વેદાંતસંજ્ઞાર્થસંગ્રહ, સાધનઝાંખી, પરમામૃતનો અંગ્રેજી અનુવાદ તેમજ ઉત્થાનમાં લખેલા શ્રવણ, મનન અને નિદિધ્યાસન નામના લેખનો અંગ્રેજી અનુવાદ વગેરે પુસ્તકો પ્રકટ થયાં.

'ઉત્થાન'ના ઉદ્દેશ તથા લેખપદ્ધતિ વિષે આટલા નવ વર્ષમાં હું ઘણું લખી ચૂકયો છું એટલે વિશેષ લખવાનો અર્થ નથી, પણ એના સંચાલનમાં મુખ્ય હેતુ હતો ભ. શંકરાચાર્યના સિધ્ધાન્તનું વિવેકબુધ્ધિથી અન્વેષણ, પ્રતિપાદન, સ્વતંત્ર મનન, તથા સાધકને અનુભવને પંથે ઉપયોગી થાય એવી સાધન–સાધ્યની શોધનપદ્ધતિ. એની સફલતા નિષ્ફલતાનો પ્રશ્ન એટલા માટે નથી ઉદ્‌ભવતો કે એનું મુખ્ય ધ્યેય આત્મલક્ષી રહ્યું છે. એ નિમિત્તે મારો સ્વાધ્યાય સુરક્ષિત અને શોધિતવર્ધિત રહ્યો છે અને મારી સાથે અંગત

પરિચય રાખનારો મિત્રવર્ગ, તથા અપરિચિત એવો વાચક વર્ગ પણ એનાથી સંતુષ્ટ રહીને એને ચાલુ રાખવાનો પ્રેમભર્યો આગ્રહ કર્યા કરતો હતો અને કરે છે, એ જ મારે પોતાને માટે આત્મસંતોષ છે.

ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં એક કરતાં વધારે સંન્યાસ આશ્રમો સ્થપાયા છે, તેમ જ શ્રી રામકૃષ્ણ મિશનની પણ મુંબઈ, રાજકોટમાં શુભ પ્રવૃત્તિઓ ચાલુ થઇ છે. લોણાવલાના મુખ્ય કેન્દ્રમાં ઉદ્‌ભવ પામેલી સ્વામીશ્રી કુવલયાનંદજીના શ્રી. માધવદાસ યોગ વિદ્યાલયની પ્રવૃત્તિઓનો ગુજરાતને લાભ મળે છે અને મુંબઇ તથા રાજકોટનાં કેન્દ્રોમાં યોગાંગોનું શિક્ષણ તથા અધ્યાત્મ માર્ગનાં પ્રકાશનોનો લાભ મળ્યા કરે છે. મુંબઈનો વિરલે-પારલે સંન્યાસ આશ્રમ, ભરૂચનો અશોક (સંન્યાસ) આશ્રમ, અમદાવાદનો એલિસબ્રિજ, તથા ગોમતીપુરના સંન્યાસ આશ્રમ, ગીતામંદિર તથા વેદમંદિરની પ્રવૃત્તિઓ પણ નાની સૂની નથી. તે ઉપરાંત પણ ગુજરાતનાં નાનાં મોટાં શહેરો કે ગામડાંમાં વિદ્વાન્ સંન્યાસીઓ વિચરે છે, અને પોતપોતાના સ્વભાવ, શિક્ષણ અને પદ્ધતિ પ્રમાણે જ્ઞાન–લાભ આપ્યા કરે છે.

વળી ભક્તોની ભજનમંડળીઓ પણ ખૂબ જ ઉપયોગી પ્રચાર કરે છે, અને છેલ્લાં દસેક વર્ષથી તો ભાગવત પારાયણો કરનારો વિદ્વાન્ શાસ્ત્રી વર્ગ ઊભો થયો છે, એ સૌથી મહત્ત્વનો લાભ છે. ગુજરાતનો ધર્મપ્રચાર આમ વેગ પકડતો જાય છે. પ્રચારક, પ્રચારનાં સાધનો તરીકે કથા, ઉપદેશ, સત્સંગ, ભજનો, યજ્ઞો, પારાયણો, ઉત્સવો, પુસ્તકો, માસિક પત્રો, અને હવે તો દૈનિક કે સાપ્તાહિક પત્રોમાં ધર્મ વિભાગના લેખો છપાય છે, એ બધું બતાવી આપે છે કે સાધનોની વિપુલતા વધતી જાય છે.

પ્રજાને એ બધાથી કેટલો લાભ થાય છે એની મીમાંસા કરવી

કઠિન છે; છતાં જે રીતે પ્રચાર થાય છે, અને જે દૃષ્ટિએ એ થવો જોઇએ એ વિષે પ્રબલ મતભેદ વર્ત્તે છે. શ્રી. કેદારનાથજી, તથા શ્રી. મશરૂવાળાનાં પ્રકાશનો એનાં દૃષ્ટાન્તો છે. વિચારકો એવો અભિપ્રાય દર્શાવે છે કે જેમ દેશના રાજકીય, આર્થિક તથા સામાજિક ધારાધોરણમાં ક્રાન્તિ તથા ઉત્ક્રાન્તિનો યુગ ચાલે છે, તેવો જ ધર્મ તથા મોક્ષ વિષયક ક્ષેત્રમાં ઊભો થયો છે. કયાંક ભૂલ હોવાનો, રૂઢિઓના ચાલુ પ્રવાહને વિવેક ભરી રીતે યોગ્ય દિશામાં વાળવાનો સંભવ હશે, કે હોય પણ ખરો. સરકાર આપણી છે, આપણામાંના જ ઉદ્યમી શક્તિશાળી પુરુષો રાજ્યધુરાને ચલાવી રહ્યા છે. મંદિરો, મઠો, સંસ્થાઓ, તેમ જ બધાંનું ઉત્તરદાયિત્વ જેને શિરે આરોપી શકાય એવો સંત-સાધુ વર્ગ કઇ દિશામાં લોકોપયોગી થાય છે, એનું અવલોકન ચાલી રહ્યું છે; એમાં પણ ધારાધોરણ હોવાં જોઇએ, સંત સાધુઓમાં સંગઠ્ઠન હોવું જોઇએ, વર્ત્તમાનયુગને ઓળખીને, જે જનસમૂહનો એમની સાથે સંબંધ બંધાય છે, એમને સર્વોપયોગી જીવનવ્યવહાર કરવાનું શિક્ષણ આપવાનો માર્ગ સન્ત સાધુઓએ ગ્રહણ કરવો જોઇએ, એવું બધો વિવેકી વર્ગ માનવા લાગ્યો છે. અસ્તુ !

* * * *

શારીરિક સ્વાસ્થ્ય સર્વાંગી હોય તો જ માનવશરીર નીરોગી માની શકાય, તેવી રીતે ધાર્મિક મનુષ્ય સૂક્ષ્મશરીરને શુદ્ધ અને સ્વસ્થ રાખી કે બનાવી શકે તો જ ધર્મનું એના જીવનમાં યથાર્થ પાલન થયું છે એમ કહી શકાય. શરીરનું એકાંગી સ્વાસ્થ્ય એ સ્વાસ્થ્ય નથી; धर्मो रक्षति रक्षितः એટલે રક્ષણ કરેલો ધર્મ રક્ષણ કરનારનું રક્ષણ કરે છે એ સૂત્ર આપણે પરાપૂર્વથી સાંભળતા આવ્યા છીએ. ધર્મ શબ્દનો વ્યાપક અર્થ ધારણ કરવું એવો થાય છે. મનુ-

ષ્યધર્મ એટલે માનવશરીરધારી પ્રાણીને મનુષ્યત્વના ધર્મ ધારણ કરાવે તે માનવ ધર્મ. મનુસ્મૃતિને એટલા જ માટે માનવધર્મશાસ્ત્ર કહ્યું છે.

એક સત્સંગનો પ્રસંગ મને યાદ આવે છે. ઋષીકેશ નિવાસ દરમ્યાન એક જિજ્ઞાસુભકત, એક પ્રસિદ્ધ વિદ્વાન્ અને વિવેકી સન્ત પાસે વેદાન્ત શીખવા ગયા ત્યારે એ સન્તે એને પહેલાં મનુસ્મૃતિ શરૂ કરાવ્યું. ઋષીકેશ એટલે તો પરમહંસોનું પુણ્યધામ. વેદાન્તનું જ જાણે સાક્ષાત્ ઉપદેશકેન્દ્ર; બધે એનાં જ શ્રવણ–ઉપદેશ ચાલ્યાં કરતાં હોય. સંસ્કૃત જાણતા હોય તે શ્રી. શંકરાનન્દની ટીકાવાળી ભગવદ્‌ગીતા, ઉપનિષદ્ ભાષ્યો, ભગવદ્‌ગીતા ભાષ્ય, વેદાન્તસાર જેવાં પુસ્તકોનો અભ્યાસ કરે, ત્યારે હિન્દીભાષીઓ પંચીકરણ, વિચારચંદ્રોદય, વિચારસાગર, તત્ત્વાનુસંધાન, વૃત્તિપ્રભાકર જેવા ગ્રન્થો ભણીને વેદાન્તવિદ્ બનવાનો અધિકાર માને. એવા વેદાન્તના સર્વવ્યાપી વાતાવરણમાં એક અનુભવવૃદ્ધ સન્ત, મનુસ્મૃતિનું વાચન–મનન કરવાનું શરૂઆતમાં કહે તેથી મને આશ્ચર્ય થતાં પૂછયું ત્યારે ઉત્તર મળ્યો કે મનુસ્મૃતિ એ માનવધર્મશાસ્ત્ર છે. સંસારના વિશુધ્ધ ધર્મોના પાલનમાં કષ્ટકર પ્રસંગો આવે એટલે મોક્ષ મેળવવા માટે અધીરા બનીને દોડયા આવતા અસંખ્ય ઋષીકેશવાસી ચતુર્થાશ્રમીઓએ પહેલાં માનવધર્મનું રહસ્ય સમજવું જોઇએ. સાદી ગામઠી ભાષામાં એમણે કહ્યું કે આ સૌથી પહેલાં પશુ અને મનુષ્યના મિશ્ર સ્વભાવવાળો વર્તમાન મનુષ્ય પોતાના પશુસ્વભાવનો ઉચ્છેદ કરીને વિશુધ્ધ મનુષ્ય બને, પછી દેવભાવની વાતો કરે તો કંઇક મોક્ષનું રહસ્ય સમજાય. તે પહેલાં વેદાન્તનાં શાસ્ત્રો ગોખી ગોખીને દેશભરમાં ફરશે, નિશાળના માસ્તરોની પેઠે એકદેશી પંડિત–પંતુજી બનીને જેમનાં ભિક્ષાન્ન–વસ્ત્ર લેશે, એમને વેદાન્તની વાતો કરતાં શીખવશે, અને "અહો ગુરુ! અહો શિષ્ય!" જેવી વાહ વાહ બોલાવતા કેવળ

વ્યવહારશૂન્ય બનીને પ્રત્યક્ષ થતા સગુણબ્રહ્મ ઇશ્વરને માયા કહીને નિન્દા કર્યા કરશે. એમનામાં પહેલાં માણસાઇ જોઇએ, વ્યવહાર-જ્ઞાન જોઈએ, योगः कर्मसु कौशलम् જોઇએ; જે જે કરે એ બધામાં ઇશ્વરની ઉપાસનાનો યોગ સુરક્ષિત સાચવી રાખવાની, પ્રત્યેક દિનચર્યામાં ઇશ્વરનું સતત્ સમર્પણ રાખીને સમસ્ત જીવન ઇશ્વરાર્પણ છે એવી નિષ્કામ બુદ્ધિ-શુદ્ધિ જોઇએ; સ્વપિંડની જ આળપંપાળ જેવી સેવાને બદલે લોકસેવા, જનસેવા અને ઇશ્વરસેવા ને ત્યાગ જોઈએ; અરે કેટલું કહીએ ! જે સમર્થ આદ્ય આચાર્યે ब्रह्मसत्यं जगन्मिथ्या કહેવા છતાં પોતાના લોકાનુગ્રહી યોગસામર્થ્ય અને તત્ત્વ પ્રાસાદિક જ્ઞાનભાસ્કરથી ભારતમાં વેદધર્મનું પુનરુદ્ધરણ કર્યું, બત્રીસ વર્ષના દેહને શ્વાસેશ્વાસે કર્મ કર્યા કર્યું છતાં અકર્તા -અભોક્તા રહીને ब्रह्मसत्यम्‌ને સાર્થક સિધ્ધ કરી બતાવ્યું, એમના જ્ઞાનનું એક કિરણ પણ ઝીલવા જેવી માનવબુધ્ધિ પહેલાં આવે તો પરમાર્થ ચિંત્વનમાં ઉપયોગી થાય એવું અંતઃકરણ એમના સદ્-ભાગ્યમાં પ્રકટ થાય.

પહેલાં મનુસ્મૃતિ વાંચે, જીવનનો મર્મ સમજે, ધર્મનાં લક્ષણો જાણે અને એ પ્રમાણે આચરે. જીવનવ્યવહાર માટે વિવેકબુધ્ધિ કેળવે, ઉપાસના વડે ચિત્તનું સામર્થ્ય કેળવે, અદ્વૈત સિધ્ધાંતના સ્વાધ્યાય માટે શિષ્યત્ત્વ સ્વીકારે, પછી કોઇને એ શબ્દ કહેવા યોગ્ય લાગે તો કહે-તે પહેલાં હું બ્રહ્મ-તું બ્રહ્મ, બધું બ્રહ્મ-બકવાથી મુક્તિ તો સો યોજન દૂર નાસતી ફરશે એટલું જ નહિ પણ મનુષ્યને બદલે પશુધર્મ જ એમના પ્રારબ્ધમાં જન્મોજન્મ માટે લખાઇ જશે.”

ભાષા કડક હતી; પણ સત્યથી ભરપૂર હતી. એ સંતનું નામ હું જાણી જોઇને નથી લખતો, પણ એ ઋષીકેશના જ્ઞાનમુકુટ હતા. વિદ્રાન હતા, લોકસેવાનાં મહાન્ કાર્યો એમના દ્વારા થયેલાં છે અને

લાલા લજપતરાય, પંડિત માલવીયજી જેવા કર્મવીરોને મેં એમના ચરણ પાસે બેસીને પ્રેરણા ઝીલતા જોયા છે.

આ સ્થિતિ આજથી ચાલીસ વર્ષ પહેલાંની હતી. વિદ્વાન્ સંન્યાસીઓની ખોટ નથી, આશ્રમો કે મંદિરોની બોલબોલા છે, પણ વેદાન્તનું અદ્વૈતજ્ઞાન જે પ્રખર જીવનપ્રભા પ્રકટાવે છે, એની દર્શન-ઝાંખી કરવી દોહ્યલી થઇ પડી છે. સમય વિષમ છે, અને જ્યાં સુધી ચિત્ત શુદ્ધ તથા વિક્ષેપ-મુકત ન થાય ત્યાં સુધી મોક્ષનાં સ્વપ્ન સેવવાથી તો ઉભયભ્રષ્ટ થવાના પ્રસંગો ઊભા થવાનો ભય રહે છે-વધે છે.

નમ્રમાં નમ્ર સાધક તરીકે મને આટલી વયે અને ભારતભરની યાત્રા-સત્સંગના અનુભવે જે લાગ્યું છે એ નિર્ભય બનીને લખું છું. ઘણાનો કોપ વહોરી લેવાશે, કેટલાયે અહંમન્ય જીવન્મુકતો કટાક્ષ કરશે, પણ થાય શું ? સત્યને તો હમેશાં બધાંયે તલવારની ધાર જેવું કહ્યું છે; અને શ્રી કેદારનાથજી તથા મશરૂવાળાને પણ જે કહેવું -લખવું પડયું છે, એ પણ સ્વતંત્ર વિચારકોની દર્દભરી મનોદશા જ સૂચવે છે.

सत्यं ब्रूयात् प्रियम् ब्रूयात्ના વાકયમાંથી सत्यम् શબ્દનો લોપ થઇને प्रियम् ब्रूयात् જ વ્યવહારમાં રહી ગયું છે, કારણ કે સત્ય પ્રિય જ હોય એવું માનવા આચરવા જતાં, રખે કોઇને ખોટું લાગે એ ભયમાં લોકનિન્દા વહોરી લેવાના ભયથી લોકપ્રશંસાની પ્રબલ વાસના પ્રજાના મનમાં ઘર કરી બેઠી છે. "આપણે શું ? કરશે તે ભોગવશે" ની સ્વાર્થ પરાયણતાએ ધર્મોદ્ધારના પાયા જેવા દેશોદ્ધારને નેવે મૂકવા માંડયો ત્યારપછી ધર્માચરણ જડ બન્યાં. મોક્ષકથા શુકકથા બની અને માનવજીવનનો વ્યવહાર શિવજીવનને બદલે શવજીવન જેવો જડ, શૂન્ય અને પાશવીય બની બેઠો છે. ૐ મૌનમ્.

*            *            *            *

સાધકે, સાચા જિજ્ઞાસુએ, સહૃદયી મુમુક્ષુએ સૌથી પ્રથમ હૃદયમાં શુધ્ધ આત્મજિજ્ઞાસા પ્રકટાવવા બધી લોકવાસનાઓથી દૂર રહીને, એકાન્તમાં કે વ્યવહારની દશામાં પરમાત્માનું અસ્તિત્વ સ્વીકારીને નિર્મળ ભક્તિ અને નિષ્કામ સેવાકર્મ કરવાં જોઈએ. પોતાના દેહપોષણ માટે યુકતાહારના નિયમ પ્રમાણે વિશુધ્ધ અન્ન-જલ તથા તડાકતડકો અને લોકલજ્જાના નિવારણ માટે વસ્ત્રપરિધાનનો અનિવાર્ય ઉપયોગ કરવો જોઈએ. જેટલી વિદ્યા, જેટલું વ્યવહારજ્ઞાન અને જેટલી આવડત હોય, તેવાં ભકિતકર્મ વડે ઇશ્વરના જ આવિર્ભાવ જેવા પ્રત્યક્ષ જગતનાં પ્રાણી પદાર્થોને કેમ ઉપયોગી થવાય, કઇ રીતે વધારેમાં વધારે એ બ્રહ્મયજ્ઞમાં પોતે હોમાઇ શકે એવી શુભેચ્છા રાખવી જોઈએ; આવી રીતે વ્યાવહારિક બુદ્ધિનો પ્રથમ વિકાસ થવો જોઇએ.

પરમગુરુ સ્વા. રામતીર્થજી પશ્ચિમની યાત્રા કરીને આવ્યા પછી એક વિલક્ષણ સત્યદર્શન ભાખી ગયા છે. આપણે એ વાંચીએ. એમનાં અંગ્રેજી વ્યાખ્યાનોને વ્યવસ્થિત રીતે ગોઠવી આપનાર અને અંગ્રેજીમાં જીવનકથા લખનાર એમના વ્હાલસોયા શિષ્ય શ્રી. પૂરણસિંહે એમને એક પ્રશ્ન કર્યો :—

" સ્વામીજી ! આપ એમ માનો છો કે આપ જે વેદાન્તનો ઉપદેશ આપો છો તેનું ભારતના કરતાં અમેરિકામાં વિશેષ પાલન થાય છે ? "

સ્વા. રામતીર્થજીએ અનોખી ભાષામાં કહ્યું :—

" નહિ, અમેરિકા તો વેદાન્તનો કેવળ ભૌતિક જગતમાં જ વ્યવહાર કરે છે. રામ ઇચ્છે છે કે ભારતની સમસ્ત પ્રજાઓ આ

પરમ સત્ય ( વેદાન્ત )નો માનસિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ઉપયોગ કરે. અમેરિકા તથા સમસ્ત પશ્ચિમની પ્રજા બાહ્ય દૃષ્ટિથી ચારે તરફ વિકાસ સાધી રહી હોય એમ લાગે છે, પણ અંદરથી તો પૂરેપૂરી ભીંસ ભોગવે છે, જ્યારે ભારત વર્ષ અનેક શતાબ્દિઓથી બૌદ્ધિક ( માનસિક ) પ્રદેશમાં જ એટલો બધો સંકુચિત બની બેઠો છે કે એનો એ રોગ કોઈ પણ પશ્ચિમના દેશ કરતાં વધારે ભયંકર છે. એની અધોગતિ પરાકાષ્ઠાએ પહોંચી છે. ભારતવર્ષે એક આજુ આધ્યાત્મિક વિકાસનું બારણું બંધ કરી રાખ્યું અને બીજી બાજુ બૌદ્ધિક ક્ષેત્રમાં અંદર ને અંદર જડ બનીને જકડાઇ બેઠું. ઉઘાડી રહી માત્ર ભૌતિક ક્ષેત્રની એક ઉદરનિર્વાહ પૂરતી નાની એવી બારી, જેનાથી અત્યારે મુશ્કેલીથી તે શ્વાસોચ્છ્વાસ લઈ રહ્યું છે. વેદાન્ત એટલે તો પરમ સત્ય–સંપૂર્ણ સત્ય–કેવલ સત્ય જ; બીજું કાંઇ નહિ. એનું જો સંપૂર્ણ રીતે પાલન થઇ શકે નહિ તો એ જ એને મરણતોલ કરશે. બેમાંથી એક જ વાત બની શકે, કાં તો સંપૂર્ણ સત્યપાલન અથવા મૃત્યુ; આ સનાતન સજીવન સત્યના પાલનમાં કોઇ સત્ય અને અસત્યના મિશ્રણનો બીજો મધ્યમ માર્ગ નીકળી શકે એમ છે જ નહિ. રામ એમ નથી કહેતો કે ભારતવર્ષના હૃદયમાં સત્યની જિજ્ઞાસા કે ઝંખના નથી, પણ એ તો અજીર્ણથી પીડાતા કોઈ રોગીને ખોટી ભૂખ લાગે એના જેવી છે. ભારતવર્ષમાં એક જાતનું દર્શનશાસ્ત્રોનું અજીર્ણ થઇ ગયું છે. આપણી બધી રૂઢિઓ, રીતરિવાજો, નાતજાતની વાડાબંધીઓ, અવિચારી શ્રધ્ધા, વિશ્વાસ, ધાર્મિક માન્યતાઓ, વગેરે બધું આપણા આધ્યાત્મિક વ્યાધિઓનું ભાન કરાવે છે કે જેમાં હવે જીવન-ચેતન રહ્યું નથી. અસંખ્ય વર્ષો સુધી પોતાની અહંમન્યતાઓ, માનસિક ધર્મભાવનાઓ તથા દર્શનશાસ્ત્રોની આંટીઘૂંટીઓ અને વાદવિવાદોમાં જ રચ્યાપચ્યાં રહેવાથી, એનો આરંભ-આદિ સમય ગમે એટલો સુંદર અને સત્ય-

પરાયણ હશે, પણ અત્યારે તો ભારતની પ્રજાનો જીવનવ્યવહાર સ્વાર્થમય, સંકુચિત્ત દૃષ્ટિવાળો અને અધ્યાત્મવાણીમાં છુપાઈ રહેલો કેવલ ભૌતિક જીવનનો વેશપલટો જ છે. બધે આત્મવંચક અજ્ઞાન વ્યાપી રહ્યું છે અને આંતરબાહ્ય-મનસા-વાચા-કર્મણાની એકવાક્યતાને બદલે કેવલ શબ્દઘોષણા-પાંડિત્યમાં જ બધું સમાઈ બેઠું છે.''

આવું નગ્ન સત્ય સ્વામી રામે જ કહ્યું છે એમ નથી. ઉપનિષદોમાં અજ્ઞાનીઓ ઉપરના પ્રહાર કઠોર વજ્ર જેવા છે. ભગવદ્‌ગીતામાં પણ એવાં જ પ્રખર વાક્યો છે; પ્રત્યેક યુગના સત્યદર્શીઓએ યુગેયુગે પ્રજાને અજ્ઞાનનાં આસુરી બાલકો જેવાં દંભ, સ્વાર્થ, આત્મવંચના, સંકુચિત દૃષ્ટિ વગેરેના હુમલાથી બચવા માટે ચેતવણી આપ્યા કરી છે અને છેલ્લી અર્ધશતાબ્દીના ભારતવર્ષના પ્રેરણાપોષક પથપ્રદર્શકોએ વાસ્તવિક વિદ્યા પ્રતિ વાળવા માટે પ્રજાને પ્રખર ચેતનાઘોષથી જગાડવાનાં શબ્દબાણ માર્યાં છે.

અને જ્ઞાનદૃષ્ટિથી તો આ બધાનું સરળ અને સચોટ સમાધાન છે જ. જગત્ તરફ દૃષ્ટિ કરીએ ત્યારે વિશેષ ભાવે સત્યપરાયણ રહેતી પ્રજામાં સત્યુગથી શરૂ થતાં થતાં અત્યારે કલહપૂર્ણ કલિયુગ જ વ્યાપી રહ્યો છે, એમ દેખાય છે; પણ આ પરિવર્તનશીલ જગતની પીઠમાં તો પરમસત્ય એવું અધિષ્ઠાન બનીને બેઠું છે કે એનાં દર્શનમાં—અનુભવમાં કશું પરિવર્તન, પરિણામ કે વિકાર છે જ નહિ. ગામઠી ભાષા પણ બોલી રહી છે કે જગત તો કૂતરાની પૂછડી જેવું વાંકું જ છે. પત્થર નીચે દાબી રાખો ત્યાં સુધી સીધી, પછી પોતાના મૂળ સ્વરૂપમાં જ આવી જવાની. એવું જ આ વિશ્વની બાબતમાં છે; કોઈ યુગપુરુષ આવીને ચેતના આપી જાય, સત્યને પંથે વાળી જાય, અને એનો યુગપ્રભાવ રહે ત્યાં સુધી જગતનો બહુ-

રૂપી સમાજ સીધો અને સરળ ચાલે છે એમ લાગે, અને પ્રભાવનાં પૂર કાલબળે ઓસરે ત્યારે વળી પાછો એવોને એવો જ. જાણે યુગપુરુષોની સત્યસત્તાથી જ ચાલતાં શીખે એવા સ્વભાવવાળો બની બેસે છે. આ જગત તો છે સ્વાર્થ અને ભોગમાં નીચે ને નીચે અસત્યના અંધારપ્રદેશમાં ઘસડાઈ જતો અંધવિશ્વાસથી ભરેલો અસંખ્ય માનવદેહધારી પૂતળાંનો ગાડરિયા પ્રવાહ જેવો બનેલો પ્રાણીસમૂહ.

ભારતની પ્રજાએ બધા રંગ જોયા છે અને વર્તમાન પ્રજાએ બધો ઇતિહાસ ભણી લીધો છે. ભૂતકાળના ગર્ભમાં ભાવી ભરેલું છે; વર્તમાનનું સ્વપ્ન જાગ્રતના જેવું લાગે છે, પણ એની અનિત્ય ધારાવાહિની કાળગતિ તો ભૂતભાવીની સર્જનલીલા રમ્યા જ કરે છે; માનવપ્રાણી સત્યદર્શી ન બને ત્યાં સુધી અસત્ય-સત્યની મિશ્રદૃષ્ટિથી આવી ગુણદોષની દૃષ્ટિદુગ્ધાથી પીડાયા જ કરવાનો.

જે મહાપુરુષો સત્યને વરી ચૂકયા હતા તે પરમ સત્યસ્વરૂપે વ્યક્ત-અવ્યક્તરૂપે વિચારવાનને સદાસર્વથા પ્રત્યક્ષ છે; અવિવેકી અને અંધવિશ્વાસુને ભાવી સુખની કલ્પનાસૃષ્ટિમાં જ આનંદ આવ્યા કરે છે. ભૂત અને ભાવીની રમત રમાડનાર કાળભગવાન —સાક્ષાત્ મહાકાળ-મહેશ્વર ત્રિનેત્રથી વિશ્વલીલાનાં સર્જન-વિસર્જન અને પરમ સત્યનાં દર્શન કરાવે છે—કોઇ વિરલ, વિવેકી અને વિદ્યુત્‌વેગી માનવપ્રાણીને; અને એ મહાદેવ મહાકાળનાં પૂજનઅર્ચન, ભાવભક્તિ, સેવાસુશ્રુષા, ભજનકીર્તન અને સ્વરૂપ ચિંતવન જ માનવજીવનનું પરમ ધ્યેય છે, એવા જ્ઞાનનો વેદમાર્ગી ભારતીય પ્રજાતંત્ર તો પરંપરાથી વારસો પામી ચૂકયું છે. એ જ એનો શાંતિમંત્ર છે, જ્ઞાનસૂક્ત છે, જીવનધર્મ છે; પ્રાણધન છે.

*　*　*　*

ગુજરાતને જ્ઞાનજ્યોતિનાં દર્શન કરાવનાર ભૂતકાળમાં થઈ ગયા, એના કરતાં અત્યારે મહાપુરુષોના જ્ઞાનપ્રકાશનો લાભ વિશેષ ભાવે મળે એવા સંયોગો છે. આચાર્યો, મંડળેશ્વરો, સંતસાધુઓ, પુસ્તકો, ઉપદેશો અને કીર્ત્તનો વડે જીવનમાં ધર્મ પ્રાણ પૂર્યા જ કરે છે. સૌ એનો અમૂલ્ય લાભ લે—સાચાં સાધન અને સતત્ સાધના વડે, એવી સહૃદય વિનંતી છે. ૐ

( માર્ચ-૧૯૫૫ )

# શુદ્ધિપત્ર

( જે તે પૃષ્ઠપંક્તિમાં અશુદ્ધિ હોય ત્યાં શુદ્ધ પાઠ મૂકવાનો છે )

| પૃષ્ઠ-પંક્તિ | શુદ્ધ | પૃષ્ઠ-પંક્તિ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ – ૮ | રાખવું | ૭૧– ૮ | ઉખડી |
| ૮ – ૩ | વિલાસવાસનાને | —૨૨ | પ્રચાર |
| —૧૪ | પ્રકટ્યા | ૭૪– ૧ | વિષયવાસનાઓને |
| —૧૫ | જોઈએ | —૧૯ | ગાંડું |
| ૧૧– ૫ | ધૈર્ય | ૭૮–૧૩ | બાહ્ય |
| ૨૦–૧૦ | प्रविलयमिति | ૭૯–૧૬ | સ્વાભાવિક |
| ૨૨–૧૯ | જીવ– | ૮૩–૧૨ | સુધારક, ઉપદેશક, |
| ૨૭–૨૦ | વિરોધ | ૮૮–૧૯ | પાસામાં |
| ૩૫–૧૮ | માર્ગ કહ્યો | —૨૨ | ભાડાં |
| ૪૧– ૧ | અંતઃકરણમાં | ૮૯– ૬ | ભાડાં |
| ૪૨– ૯ | રાગદ્વેષ | ૯૧– ૧ | આંકડાબાજી |
| —૨૦ | ભાવાતીત | —૧૭ | ભાવિક ભક્તો |
| —૨૧ | ભાવાસક્તિ | ૯૨–૧૪ | વિનયનો |
| —૨૧ | ભાવદ્વૈતમાં | ૧૦૪–૧૪ | ટકાવારી |
| ૪૪– ૨ | ક્રિયાદ્વૈતનું | ૧૦૮– ૬ | આચાર્ય-શિષ્ય |
| —૧૧ | ક્રિયાભેદમાં | —૧૨ | मातृदेवो भव। पितृदेवोभव। |
| ૪૬–૧૨ | આવી રીતે એ ક્રિયાનું | ૧૧૦– ૩ | લક્ષ્યાર્થનો) |
| | | — ૬ | અદ્વૈત જ્ઞાન |
| ૪૯– ૭ | દેવાધિદેવ | ૧૧૨–૧૫ | વિચરતા |
| ૫૨–૧૮ | नचाशुश्रूषवे | ૧૨૪– ૬ | અંધ |
| ૫૬– ૫ | ઓળંગી | ૧૨૫–૧૧ | હું-તું-તેનો |
| ૫૭–ટિપ્પણી-૧ | દોહાસોરઠાનું | ૧૨૮–૧૭ | વિચારદ્વારા |
| ૫૮–ટિપ્પણી–૯ | અનાથદાસજીને સંદેશો | —૨૩ | અહંકાર શુદ્ધ |
| ૫૯– ૩ | શિખસંપ્રદાયના | ૧૩૪–૧૨ | ખારીમોળી |
| ૬૨–છેલ્લી | બુદ્ધિમાં | ૧૩૯– ૧ | સૂચનાઓ |

| પૃ–પંક્તિ | શુદ્ધ | પૃ–પંક્તિ | શુદ્ધ |
|---|---|---|---|
| —૭ | પ્રાકૃતિક | ૨૧૦–૧૩ | (છેલ્લો શબ્દ) |
| —છેલ્લી | લોકસમૂહમાં | | અકર્મને |
| ૧૪૭– ૫ | નિર્મૂળ | | |
| | | ૨૧૧–૨૨ | શોધાય |
| ૧૫૦–૧૪ | યુગલમાં | ૨૧૩–૧૪ | ટીચાતાં પુણ્ય |
| ૧૫૬–૧૫ | કર્મો | ૨૧૬–૧૩ | એ અધ્યારોપ |
| —૧૫ | સંકલ્પબીજ કે | ૨૧૭–૧૦ | સ્વાભાવિક |
| ૧૫૯–૧૩ | બન્નેમાં | ૨૨૦–૨૧ | ઉપલક–બાહ્ય |
| ૧૬૦–૧૦ | અમે | ૨૨૨–૨૫ | અનુરક્ત |
| ૧૬૩– ૧ | ધર્માદાય | ૨૨૩–૧૦ | ભાવ |
| ૧૬૬–૧૯,૨૦ | શંભૂ | ૨૨૪– ૧ | રૂપિયા |
| ૧૬૮–૧૫ | આકાશ | ૨૨૫– ૧ | તો ભરવસ્તીમાં |
| ૧૭૪– ૯ | ચિત્તરૂપે | —૫ | સર્પ |
| ૧૭૬–છેલ્લી | એમ | ૨૩૪– ૧ | જ્ઞાનકિરણનું |
| ૧૭૭– ૫ | મોહ કામનાની | —૧૫ | दक्षिणतश्चोत्तरेण |
| ૧૮૨– ૧ | તત્ત્વની | —૧૬ | अधश्चोर्ध्वं |
| —છેલ્લી | જય હો! જય હો! જય હો! | ૨૩૫–૧૯ | એક જ છે. |
| | | ૨૩૬–છેલ્લી | શુશ્રૂષાથી |
| ૧૮૩–૧૫ | પરમ્પરાનાં | ૨૪૦–૧૫ | સહાયતા |
| ૧૮૪–૧૨ | ઉપનિષદ્‌સંગ્રહ | ૨૫૧–૧૮ | લગભગ |
| —૧૨ | ઉપનિષદ્ | ૨૫૨– ૬ | અલૌકિકતા |
| —૨૦ | વાસ્તવિકતા | —છેલ્લી | સેવાશુશ્રૂષા |
| ૧૮૮– ૨ | દૈવીસંપદનું | ૨૬૧–૧૭ | ઉપદેશનો પ્રભાવ |
| ૧૮૯– ૮ | વ્યક્તિ | ૨૪૫–૧૯ | વસિષ્ઠજી |
| ૧૯૩–૧૭ | કક્ષામાં | ૨૬૫–૧૫ | આત્મા–બ્રહ્મની |
| ૧૯૬– ૭ | અધ્યાત્મ— | ૨૬૯–૨૨ | સાધક |
| ૨૦૧–૨૦ | એટલે | ૨૭૨– ૫ | સામર્થ્ય |
| ૨૦૨– ૫ | છે. | ૩૮૫–છેલ્લી | શોધિતવર્ધિત |